२५२६०
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

પાંચમી ચોપડી

સા વિદ્યા યા વિમુક્તયે
અમદાવાદ
ગુજરાત વિદ્યાપીઠ

66 ग
825

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ...... 66 ग / 4325

पञ्जिका संख्या 24352

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ -૧૫

વિદ્યાપીઠ વાચનમાળા

પાંચમી ચોપડી

स्टॉक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973
Initial ......

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

પહેલી આવૃત્તિ, સન ૧૯૪૧
સુધારેલી બીજી આવૃત્તિ, સન ૧૯૫૪

ડેમી ઑક્ટેવો — ૩૬ રતલી કાગળમાં

આ પુસ્તક ગૂજરાત વિદ્યાપીઠે પોતે તૈયાર કરાવ્યું છે
અને તેના સર્વ હક્ક એને સ્વાધીન છે.

એક રૂપિયો બે આના નવેમ્બર, ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમી ચોપડી

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૬	૧૫	એ તો	એમને તો
૩૧	૨૦	જુઓ.	જુઓ. (પાઠ ૩૪ મો)
૩૯	૩૦	આગળ પાઠ	આગળ (૪૨ મો) પાઠ
૭૦	૧૦	જરથુસ્ટ્ર	જરથુષ્ટ્ર
૯૮	૯	કાવ્યના	કાવ્યના (પાઠ ૨૪ મો)
૯૮	૨૪	धात = धाव	धाव = धा
૧૦૭	૨૩	છટ્ઠી ચોપડીમાં	સાતમી ચોપડીમાં
૧૧૬	૧૧	जांख	आंख
૧૫૮	૧૭	भात	भ्रात
૧૫૯	૬	तने	मने
૧૭૧	૨૧	યુવાની ઢબનું	યુનાની ઢબનું
૧૭૧	૨૯	મીઠડાં લેવાં	મીઠડાં (લેવાં)
૧૯૪	૧૦	હરિશ્ચંદ્રના	હરિશ્ચંદ્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ વાચનમાળાની ધોરણ ૫, ૬, ૭ માટેની ત્રણ ચોપડીઓનું આ નવું સંસ્કરણ બહાર પાડતાં આનંદ થાય છે. ઈ. સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ કરેલી તેની પહેલી આવૃત્તિ આજ સુધી ગુજરાતની અનેક પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ચાલે છે.

એમ મળેલાં તે વિષેનાં અનુભવો તથા સલાહ-સૂચનાઓ ઉપરથી, અને ખાસ કરીને હવે સ્વતંત્રતા આવી તે એક મોટા ફેરફારને લઈને, એ વાચનમાળા સુધારવી ઘટે. આ વિચારથી વિદ્યાપીઠ મંડળે તે કામ તેના સેવકો શ્રી ગોપાળદાસ પટેલ, અને તેમની મદદમાં શ્રી મુકુલભાઈ કલાર્થી, ને સોંપ્યું. તેમણે વાચનમાળાની પહેલી ચાર ચોપડીઓના અનુસંધાનમાં તથા તેમની સળંગસૂત્ર ક્રમિકતા ધ્યાનમાં રાખીને, તથા સરકારે એમના સંપાદન તથા પ્રકાશનને અંગે આપેલી વિગતવાર સૂચનાઓ મુજબ, આ કામ પાર પાડયું છે. તેમાં અનેક જણે તેમને મદદ કરી છે. આ સૌનો વિદ્યાપીઠ વતી આભાર માનું છું.

આ પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ, તથા વિષયની એકસૂત્રતા અને સંવાદિતા વગેરે સાચવવાનાં હોય છે. એ જો ધ્યાનમાં ન રહે, તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણીશક્તિ હણાય. આ ચોપડીઓમાં આ ગુણ સાચવવાનો ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીઓના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ એ પૂરો પાડવો એટલો જ તેમનો હેતુ નથી. ભાષાના ક્રમિક શિક્ષણની સાથે સાથે, એ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાઓ પ્રેરે, ઉમદા ટેવોનાં બીજ વાવે, અને તેમના જ્ઞાનમાં વધારો કરે તથા તેમનાં સંસ્કાર–સુરુચિ કેળવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. આ ચોપડીઓમાં તેમને માટે સારી રીતે સૂચનાઓ છે. વ્યાકરણના પાઠો પણ વાચનમાળામાં જ મૂકવા જોઈએ એવી સરકારી સૂચના પરથી, તે પણ તેમાં ગોઠવવામાં આવ્યા છે. આ બધું સૂચક દાખલા રૂપે છે. તે પરથી શિક્ષકો ઘટતાં મનોયત્નો, સવાલ જવાબ વગેરે પોતે ઉમેરી લેશે, એવી કલ્પના રાખી છે.

ગઈ આવૃત્તિ કરતાં ચિત્રોની સંખ્યામાં તથા વિવિધતામાં સારો સુધારો થયો છે. એમ, સારાંશે આ આવૃત્તિ સારી પેઠે સુધરીને બહાર પડે છે. આશા છે કે, ગુજરાતના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને તે ગમશે.

ગૂ૦ વિ૦ કાર્યાલય
૧૦–૧૧–'૫૪

મગનભાઈ પ્ર૦ દેસાઈ
મહામાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

[કવિતાના પાઠનું નામ નાગરી લિપિમાં દર્શાવ્યું છે.]

૧.	ગ્રામસેવક મધ	૧
૨.	વાડીમાંનો ચરુ ૧–૨	૬
૩.	सुभाषितो	૧૧
૪.	વિલિયમ ટેલ	૧૩
૫.	याहोम करीने पडो	૨૪
૬.	બુદ્ધનો ગૃહત્યાગ ૧–૩	૨૬
૭.	नागदमन	૩૩
૮.	'પહેલું સુખ તે જાતે નર્યા'	૩૬
૯.	અવલોકન કરવાની ટેવ	૪૦
૧૦.	सागर	૪૪
૧૧.	વિનોદી ટુચકા ૧–૭	૪૭
૧૨.	મધ્યમ	૫૨
૧૩.	शामळना छप्पा	૬૨
૧૪.	અષો જરથુષ્ટ્ર અને જરથોસ્તીઓ ૧–૨	૬૫
૧૫.	आ दिव्य अमारो देश !	૭૧
૧૬.	ગણેશચતુર્થી	૭૪
૧૭.	પુત્રવધૂઓની પરીક્ષા	૭૮
૧૮.	मीरांबाई	૮૨
૧૯.	અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ	૮૫
૨૦.	લડાઈ	૯૧
૨૧.	तलवारनो वारस	૯૬
૨૨.	દાદાનો શિષ્ય	૯૯
૨૩.	જેલના દોસ્તો	૧૦૪
૨૪.	बार जणा	૧૦૮
૨૫.	ગિરિરાજ આબુ	૧૧૧
૨૬.	'दीठो आज आवु गिरिराज एवो'	૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭. ગામડું એટલે ઉકરડો ? ૧૧૯
૨૮. તને એ નહિ સમજાય ૧–૨ ૧૨૩
૨૯. નિયમિતતા અને સમયપાલન ૧૨૯
३०. कहाननी वांसळी ૧૩૩
૩૧. દયાળુ રાજકુમાર ૧૩૫
૩૨. બિરબલનો ચુકાદો ૧૩૮
३३. त्रण दृष्टांतो ૧૪૩
૩૪. પરોપકારી મનુષ્યો ! ૧૪૬
३५. रामबाण ૧૫૦
૩૬. આપણાં અણગણ્યાં સહવાસીઓ ૧–૨ ૧૫૨
३७. सहाध्यायीओ ૧૫૮
૩૮. વહાણવટાનાં સાહસ ૧–૪ ૧૬૨
૩૯. ખુરાસાનનો બાદશાહ ૧૬૮
४०. बार बार वरसे नवाण गळाव्यां ૧૭૨
૪૧. કુદરતનું હળ ૧૭૫
૪૨. ભગવાન બુદ્ધ અને રાજા પ્રસેનજિત ૧૭૯
४३. एक घा ૧૮૨
૪૪. હેલન કેલર ૧–૨ ૧૮૫
४५. तो एकलो जा ने रे ૧૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ગ્રામસેવક મઘ

મગધ દેશનો રાજા ભારે આરામી હતો. લોકોનાં સુખદુઃખની કશી વાત જોવી-સૂકવી નહિ, તેમની પાસેથી બને તેટલા કરવેરા ઉઘરાવવા, અને મહેલમાં બેસી મોજ કર્યાં કરવી, એટલું જ એનું કામ!

આપણામાં કહેવત છે, 'જેવો રાજા, તેવી પ્રજા.' રાજાનું જોઈને તેની પ્રજા પણ તેવી થવા લાગી. લોકો ખાઈ-પીને બેસી રહેનારા જ થતા ગયા. થોડી વાર આમ તેમ કાંઈ કરે કે ન કરે; બાકી નવરા પડે એટલે ભેગા થઈને ગામ-ગપાટા હાંકે, નિંદા-કૂથલી કરે, અથવા નશો ચડાવીને પડ્યા રહે.

આની અસર જણાયા વગર રહે? ગામના રસ્તા પર કચરાના ઢગ થવા લાગ્યા. જ્યાં ત્યાં ગંદવાડ, એઠવાડ અને કચરો ગંધ મારે; કૂવા-તળાવ કાદવ-કીચડથી ખદબદે; અને ચોરા-ચબૂતરા તો ખંડેર જેવા જ થઈ ગયા.

એ દેશમાં એક સુખી ઘેર એક છોકરાનો જન્મ થયો. તેનું નામ મઘ પાડવામાં આવ્યું. છોકરો નાનપણથી જ પોતા કરતાં બીજાની દરકાર પહેલી રાખતો. રસ્તે જતાં કોઈને ઠેસ વાગે તેવું વચમાં પડેલું જુએ, તો બાજુએ કરે. ગાડાને કે બળદને અડચણ પડે તેવો ખાડો જુએ, તો પૂરી લે. ખેતરના રસ્તાની આજુબાજુનાં ઝાંખરાં બહુ નીચાં નમ્યાં હોય, તો છાંટી નાંખે. કૂવે ઢોળાતા પાણીને નીકો વડે વહેવડાવી દે. ચોતરા-ચબૂતરા વાળીઝૂડી સાફ કરે અને સમારે; તથા આવતા-જતા માટે ત્યાં પાણીનું માટલું પણ ભરી મૂકે.

મઘનાં આવાં કામ જોઈને ગામલોક હસે: "ભારે મૂરખ છે! પારકાની સેવા કરવા નીકળ્યો છે! થાકીને એની મેળે થોડા દહાડામાં ઠેકાણે આવશે."

પણ મઘ તો પોતાનું કામ કર્યાં જ કરે. તેનું જોઈ ગામના કેટલાક જુવાનિયાઓ અવારનવાર તેની સાથે એ બધાં કામોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડાવા લાગ્યા. ધીમે ધીમે એની ટોળી જામી અને તેમાં ત્રીસ જણ થયા. તે સૌ પોતપોતાના ઘરનું કામ પણ સંભાળે, અને નવરાશનો વખત મઘની સોબતમાં ગ્રામ-સેવાનાં કામ કરવા જાય.

મઘની આ ગ્રામસેવક ટુકડીની અસર આજુબાજુનાં ગામોમાં પણ ફેલાવા લાગી. જ્યાં ત્યાં લોકો તેમને અનુસરવા લાગ્યા. મઘ અને તેના મિત્રો નીચેના પાંચ નીતિનિયમો ધર્મ માનીને પાળતા: (૧) હિંસા ન કરવી, (૨) ચોરી ન કરવી, (૩) પરસ્ત્રી સામે કુદૃષ્ટિ ન કરવી, (૪) જૂઠું ન બોલવું, અને (૫) નશો ન કરવો. લોકોને તેમનો આ સીધો સાદો ધર્મ ગમવા લાગ્યો. તેઓ પણ તેનું પાલન કરવા લાગ્યા.

આ બધું જોઈને મઘના ગામનો મુખી ચોંકી ઊઠ્યો. એ પ્રદેશનો દારૂનો ઇજારો તેની પાસે હતો. તેમાં તેને સારું મળતર હતું. વળી દારૂ પીને લોક અનીતિ, તોફાન તથા મારામારી કરે, તેમાં પણ તેને મારી ખાવાનું મળે. લોકો દારૂ પીતા બંધ થવા લાગ્યા, એટલે તેની આ બધી આવક ઘટવા લાગી.

મુખી આ કેમ સાંખી લે? તે ભારે મોટું નજરાણું લઈને રાજધાનીમાં ઊપડ્યો. નજરાણાને પ્રતાપે તરત તેને રાજાની મુલાકાત મળી. તેણે અરજ કરી:

"મહારાજ, મઘ નામનો એક તોફાની જુવાનિયો પોતાની ટોળી જમાવી અમારા ગામને તથા આજુબાજુના પ્રદેશને ભારે રંજાડ કરે છે. સૌ ધંધારોજગાર બંધ પડી ગયા છે, અને રાજ્યને પણ મહેસૂલમાં ભારે ઘટ આવી છે."

રાજાએ તરત હુકમ કાઢ્યો કે, મઘ તથા તેની બળવાખોર ટોળીને પકડી લાવો. તરત જ મઘને અને તેના મિત્રોને પકડીને રાજા આગળ રજૂ કરવામાં આવ્યા. તેમને કશું પૂછ્યા કર્યા વિના, ગુસ્સામાં રાજાએ તે સૌને પોતાના મહેલના આંગણામાં જ હાથીને પગે દેવાનો હુકમ કર્યો.

મઘે પોતાના સાથીઓને કહ્યું, "ભાઈઓ, આપણે જીવન દરમિયાન આપણી ફરજ સમજીને ધર્મ પાળ્યો છે તથા લોકસેવા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. દરેકને છેવટે મોત આવે જ છે; આપણને લોકસેવા કરતાં કરતાં મોત આવ્યું છે. તે માટે મુખી, રાજા કે હાથી તરફ મનમાં કશો રોષ ન કરતા. બધા લોકો ધર્મ સમજે અને આચરે, એવી શુભેચ્છા જ અંત સમયે મનમાં રાખજો."



રાજાના માણસો હાથીને લઈ આવ્યા. મઘ વગેરેને એકસાથે આંગણામાં સુવાડવામાં આવ્યા. મહાવતે હાથીને તેમના ઉપર થઈને ચલાવવા હાંકવા માંડ્યો. હાથી તેમની નજીક સુધી ગયો, પણ પછી અટકીને ઊભો રહ્યો. મહાવતે આગળ ચલાવવા તેને ખૂબ અંકુશ માર્યા; છતાં તે તો ત્યાંથી પાછો જ ફરી ગયો! બીજો હાથી લાવવામાં આવ્યો, પણ તેણેય તેમ જ કર્યું. પછી ત્રીજો, ચોથો, એમ એક પછી એક સાત હાથી લાવવા છતાં કાંઈ વળ્યું નહિ.

આ તે કેવું વિચિત્ર કહેવાય? એ આશ્ચર્યની વાત રાજાને પહોંચાડવામાં આવી. તે જાણી રાજા નવાઈ પામ્યો. તેણે મઘ વગેરેને પોતાની પાસે બોલાવ્યા અને તેઓ હાથીને વશ કરવાનો કંઈ જાદુમંતર જાણે છે કે શું, એમ તેમને પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મઘે જવાબ આપ્યો: “મહારાજ! અમે બીજો કશો જાદુમંતર જાણતા નથી; પરંતુ ધર્મ સમજીને પાંચ શીલ પાળીએ છીએ તથા સૌ પ્રાણીઓની બને તેટલી સેવા કરીએ છીએ. કદાચ એથી હાથીઓ પાછા ફર્યા હોય એમ બને.”

દરમિયાન, મઘ અને તેના મિત્રોને પકડવામાં આવ્યા છે તે સમાચાર બધે ફેલાતાં જ લોકો રોકકળ કરતા ટોળે વળીને રાજા પાસે આવી પહોંચ્યા. રાજા તેની કારકિર્દીમાં પહેલી વાર તે બધાને જાતે મળ્યો. મઘ વગેરેનાં સેવાકાર્યોની સાચી હકીકત તેમને મોંએ તેણે સાંભળી. આવા નિરપરાધી લોકોને પોતે અજાણમાં મારી નંખાવવા તૈયાર થયો હતો એ જાણી, તેને બહુ લાગી આવ્યું. તેણે તરત પેલા મુખીને પકડી કેદમાં નંખાવ્યો; તેની બધી મિલકત જપ્ત કરાવી; તથા મઘને ગામનો તથા આજુબાજુના પ્રદેશનો અધિકારી બનાવ્યો. છેવટે રાજાએ મઘને કહ્યું:

“ભાઈ, તેં અને આ હાથીઓએ મને પણ મારી ફરજનું ભાન કરાવ્યું છે. હવેથી હું પણ રાજા તરીકેની મારી ફરજ બરાબર બજાવીશ. તારું કલ્યાણ થાઓ.”

સ્વાધ્યાય

૧. મગધ દેશ ક્યાં આવ્યો? હાલના બિહાર પ્રદેશમાં પટના પાસેનો પ્રદેશ તે હતો. બુદ્ધ-કાળમાં તેનું નામ મગધ હતું. ત્યાં બોલાતી પ્રાચીન ભાષાને માગધી કહેતા.

૨. મઘની આ વાત બુદ્ધના સમયની છે. બુદ્ધના પૂર્વજન્મની કથાઓ જાતક-કથાઓ કહેવાય છે. મઘની વાત પણ એ જાતની જાતક-કથા છે. એવી બીજી જાતક-કથાઓ મેળવીને વાંચો.

૩. હાથી સમજણું પ્રાણી ગણાય છે. તેની સમજણને લગતી ઘણી વાતો પ્રચલિત છે, તે જાણો.

૪. મઘની પેઠે ગામ કે શેરીની સફાઈ-મંડળી રચો ને કામ કરો.

પ્રશ્નો

૧. મઘ ક્યાં પાંચ શીલ પાળતો હતો?
૨. મઘને રાજાએ શું કામ પકડ્યો?
૩. ગામનો મુખી મઘની સામે શું કામ થયો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. મુખીને રાજાએ શું કામ પકડ્યો?
૫. રાજા ઉપર મઘના કામની છેવટે શી અસર પડી?

વ્યાકરણ

૧ તમે બોલો છો તેને ભાષા કહેવાય. તે ભાષાનું નામ શું છે? તમે જે પ્રદેશમાં રહો છો તેનું શું નામ છે?

૧ બીજી કોઈ ભાષાનું નામ જાણો છો?

૧ તમે બીજી કોઈ ભાષા જાણો છો? કઈ? તે ભાષા ક્યાંના લોકો બોલે છે?

૧ નીચેના પ્રદેશોનાં નામ સાથે તેમની ભાષાનું નામ લખ્યું છે:—

મહારાષ્ટ્ર — મરાઠી	તામિલનાડ — તામિલ
બંગાળ — બંગાળી	કાશ્મીર — કાશ્મીરી
આંધ્ર — તેલુગુ	પંજાબ — પંજાબી
આસામ — આસામી	કર્ણાટક — કાનડી
મલબાર — મલયાલમ	ઓરિસા — ઊડિયા

શિક્ષકોને

૧. હિંદના નકશામાં મગધ, ગુજરાત, તથા બીજા પ્રદેશો બતાવો.

૨. હિંદ બહારની કેટલીક પરદેશી ભાષાઓનાં નામ બાળકોને પૂછો. અંગ્રેજી, ચીની, જાપાની, જર્મન, ફ્રેંચ વગેરે.

૩. શાળાની સફાઈ વગેરે માટે ટુકડીઓ રચી કામ કરવાનું શીખવો.

૪. નીચે અઘરા શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. એ અર્થ સિવાય પણ કોઈ શબ્દના બીજા અર્થ થતા હોય છે. જેમ કે, 'છાંટી નાંખવું' એ શબ્દ. એ બાબત વિદ્યાર્થીના ધ્યાન ઉપર લાવવી.

તત્સમ શબ્દોની વ્યુત્પત્તિ કૌંસમાં બતાવી છે. તેના સંકેતો નીચે પ્રમાણે છે. તે શબ્દો મૂળ તે ભાષામાંથી આવેલા છે, એમ વિદ્યાર્થીઓને સમજાવવું.

[સં.] = સંસ્કૃત	[ફા.] = ફારસી
[ઇં.] = ઇંગ્રેજી	[અ.] = અરબી

અઘરા શબ્દો

ફૂથલી = ખોટી બદગોઈ

છાંટી નાંખવું = ઉપર ઉપરથી કાપી નાંખવું

કુદૃષ્ટિ [સં.] = ખરાબ – મોહની નજરે જોવું તે

ઇજારો [અ.] = અમુક ઠેકાણે અમુક વેપાર કરવાનો એકહથ્થુ પરવાનો

મળતર = આવક

નજરાણું = ભેટ; બક્ષિસ

પગે દેવું = પગ નીચે કચડી નંખાવવું

શીલ [સં.] = સદાચાર; સારી ચાલચલગત

કારકિર્દી [ફા.] = કારભાર દરમ્યાનનો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

વાડીમાંનો ચરુ

૧

નાથુ કરીને એક ગરીબ ખેડૂત હતો. તેને વારસામાં ફળઝાડની વાડી મળી હતી. પણ તેમાંથી ઝાઝી આવક થતી ન હોવાથી નાથુને સંતોષ થતો નહિ. તે હંમેશ દુઃખી રહેતો.

એક દિવસ તેણે સાંભળ્યું કે, તેના પડોશી છગનને રૂપિયાનો દાટેલો ચરુ જડ્યો. પછી તો નાથુ પણ પાસેનાં જૂનાં ખંડેરોના ખૂણા અને એવી બીજી અવાવરુ જગાઓમાં કોદાળી લઈને ભમવા લાગ્યો. સવારથી સાંજ સુધી બીજું કાંઈ કામ જ ન કરે! લોકો તેનું આ ગાંડપણ જોઈ, તેનું ટીખળ કરવા લાગ્યા. એક દિવસ તેની સ્ત્રીએ પણ કહ્યું: "તમે ક્યાં સુધી આમ કર્યા કરશો? એમ તે કદી ચરુ મળતા હશે? મળવાનો હોય તો એ તો એની મેળે મળે."

એક દહાડો સવારે નાથુ અને એની સ્ત્રી નાસ્તો કરતાં હતાં. આજ નાથુના મોં પર આનંદ જણાતો હતો. નાથુ એની સ્ત્રીને કહે, "હવે જગા મળી ગઈ. નક્કી ચરુ મળ્યો જાણ."

સ્ત્રી — ખરેખર! ક્યાંથી? ક્યાંથી?

નાથુ — વાત એમ છે કે, કાલે રાતે મને સ્વપ્નું આવ્યું કે, આપણી વાડીના એક ઝાડના મૂળમાં તે દટાયેલો પડ્યો છે. નાસ્તો કરીને ખોદી લાવું એટલી જ વાર.

ઝટ ઝટ નાસ્તો કરી લઈ નાથુ અને એની સ્ત્રી હાથમાં પાવડો ને કોદાળી લઈને વાડીમાં પહોંચ્યાં. સ્ત્રી પૂછે, "ક્યા ઝાડના મૂળમાં?"

નાથુ માથું ખંજવાળતો આભો બનીને ઊભો રહ્યો. ઝાડ સામે તાકી રહીને તે ગણગણ્યો, "કોણ જાણે!"

સ્ત્રી અધીરી થઈને તાડૂકી, "પણ સ્વપ્નામાં કયું ઝાડ હતું? ધ્યાન દઈને જોવાનું ભાન હતું કે નહિ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુ—બરાબર જોયું હતું. સ્વપ્નામાં તો સ્પષ્ટ ઝાડ દેખાતું હતું. પણ એવાં તો આપણી વાડીમાં બધાં દેખાય છે!

નાથુ ને તેની સ્ત્રી થોડી વાર તો વિચારમાં પડી ગયાં: જાણે કે હાથ આવેલો ચરુ ગયો! પછી નાથુ કહે, "પણ વાંધો નહિ. હું એમ ઓછો હારું એવો છું? ઝાડે ઝાડે ખોદી વળું; પછી એ ચરુ ક્યાં ઢંકાઈ રહેવાનો હતો! हिंमते मर्दा तो मददे खुदा."

વાડીનાં એંસી-સો ઝાડ ક્યારે ખોદાય અને ક્યારે એ હાથવેંત આવેલો ચરુ જડે! આ વિચારથી સ્ત્રી નાસીપાસ થઈ. પણ નાથુએ તો કોદાળી લઈ ખોદવા માંડ્યું. સ્ત્રી નિસાસાભેર એટલું જ બોલી, "અરે, પણ જોજો મૂળ ન કાપો; નહિ તો ઝાડેય જશે."

નાથુ—ઊંહ! મોટાં ઝાડ ન જોયાં હોય તો! મારા બાપાના જમાનામાં તો ઝાડ દીઠ કોથળો ફળ ઊતરતાં. આજ તો બધાં થઈનેય એટલાં નથી ઊતરતાં. એવાં ઝાડ તો ગયાં તોય શું ને રહ્યાં તોય શું? એ તો હવે ઈંધણાં જોગ જ રહ્યાં છે.

સ્ત્રી—સસરાજી તો ઝાડોનું કેટલું જતન કરતા; ત્યારે તમે તો ચરુ શોધવા આમ તેમ ભટક્યા જ કરો છો!

નાથુ—ના રે ના! આપણી પેઠે આ ઝાડ પણ હવે ઘરડાં થયાં છે.

અને એમ કહીને એ તો કામે લાગ્યો. પહેલે દહાડે તો રાત સુધીમાં ચરુ ન દેખાયો. થાકીને લોથ થઈ રાતે તે ઘેર ગયો. સવારે ખાઈપીને પાછો ખોદવા મંડ્યો. રસ્તે આવતા જતા લોક જોવા લાગ્યા કે, નાથુએ આ શું માંડ્યું છે! કોઈ કોઈ તો ઊભા રહીને પૂછે, "એલ્યા નાથુ, હવે વળી વાડીમાં શી ખોદાખોદ માંડી છે?" પણ નાથુ તો એક જ ધ્યાન રાખી ખોદ્યા જ કરે, ને ન કાંઈ બોલે કે ચાલે.

૨

કેટલાંક અઠવાડિયાં બાદ બધું ખોદકામ પૂરું થયું: વાડીના દરેક ઝાડનાં મૂળિયાં નાથુએ જોઈ કાઢ્યાં. આખી વાડી ખાડા ખાડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મટોડાના ટેકરા ટેકરા થઈ ગઈ. પણ પેલા ચરુનો પત્તો ન લાગ્યો! એટલે પાછો એ તો પહેલાંની પેઠે નસીબને ગાળ દેતો દુઃખી થઈ ખિન્ન ચહેરે ફરવા લાગ્યો. રસ્તે મળતા લોકો તેને હસવા લાગ્યા. તેમણે એની વાડીનું નામ પાડ્યું, 'મૂર્ખાની વાડી'. નાથુને થયું, "આ તો 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ' જેવા મારા ઘાટ થયા: ચરુ તો ન મળ્યો તો ન મળ્યો, પણ હવે તો ગામ-લોકોને પણ હસવાનું થયું!" એટલે એક દહાડો નાથુ એની સ્ત્રીને કહે, "સાંભળ્યું કે? આપણે તો આ ગામ છોડીને બીજે ક્યાંક જતાં રહીએ. આ લોકથી તો હું કાયર થઈ ગયો."

આ સાંભળી સ્ત્રી ગળગળી થઈ ગઈ: "એ તે કેવી રીતે બને! જે ઘરમાં ને જે ગામમાં આપણો આખો જનમારો ગયો, તે છોડી બીજે કેમ જવાય? ત્યાં રહેવાનું ગમે પણ કેમ? સુખે-દુઃખે દહાડા ખેંચી કાઢીશું. લોક ક્યાં સુધી આમ બોલ્યા કરશે? એમનેય બીજો ધંધો હશે કે નહિ? પણ તમારે એ ખાડા તો પૂરી દેવા જોઈએ, એટલે લોકોને બોલવાનું કારણ તો ન રહે!"

નાથુ—એ કરવા તો મારા હાથ કે પગમાં હવે જરાકે જોર નથી. ખોદતી વેળા તો મનમાં એમ હતું કે, આ ઘડીએ ચરુ આવ્યો, આ ટચકો પડ્યો ને ચરુ જડ્યો! પણ પૂરવાનું તો મારાથી કેમે કર્યું નહિ બને.

આમ આખી ઉનાળાની મોસમમાં મહિનાઓ સુધી, ખોદાઈને તળે ઉપર થયેલી એ જમીને વા અને તાપ ખાધાં. અને ત્યાં સુધી લોકો એ 'મૂર્ખાની વાડી'ને ન ભૂલ્યા. પછી નાથુને થયું, 'કાંઈ નહિ તો ખાડા તો પૂરું જ, જેથી મૂર્ખાનો ઉખાણો તો ટળે.' થોડા દહાડામાં એણે આખી વાડી સરખી કરી દીધી.

બીજી વસંત ઋતુ આવી. એક દહાડો નાથુ સ્ત્રીને કહે, "અરે, આ વર્ષે આપણી વાડીમાં તે કાંઈ મોર બેઠો છે! આવો મોર તો મેં મારા જનમારામાં પણ નથી જોયો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મોર ખરીને મરવા આવ્યા. કાળે કરીને ફળ થયાં. દર ઝાડે એને ઠલોઠલ કોથળો ભરીને ફળ ઊતર્યાં. અને પછી પણ ઓછુંવત્તું એમ જ વરસોવરસ ચાલ્યું. વરસોથી બાઝી ગયેલી જમીન તળે ઉપર થઈને તાપ ખાધાથી નવી થઈ હતી. નાથુનો ચરુ ભરાવામાં એ જ બાકી હતું. તે થતાં, ખરેખર, નાથુને ઝાડના મૂળમાંથી ચરુ જડી ગયો! હવે નાથુ ખિન્ન નથી રહેતો; હવે એની વાડી એક ઉદ્યમી ખેડૂતની વાડી તરીકે પંકાય છે.

સ્વાધ્યાય

૧. વાડીમાં ઝાડ વગેરેના મૂળમાં ખોદકામ શાથી આવશ્યક છે તે સમજો. વાવવા પહેલાં ખેતરમાં ખેડ એટલા માટે જ કરાય છે. જમીન ખોદાઈને તળે ઉપર થાય તો તેને સૂર્યનો પ્રકાશ મળે, અને તે ફળદ્રુપ બને.

૨. કોઈ વાર પર્યટને જાઓ, તો વાડીવાળાને પૂછજો કે, તે અવારનવાર જમીન ખોદે છે? શા માટે?

૩. નસીબ ઉપર આધાર રાખવાને બદલે જાતમહેનત કરવાથી કેવાં રૂડાં ફળ મળે છે, તેની બીજી વાતો જાણવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. લોકો નાથુને હસતા હતા શું કામ ?

૨. નાથુ જ્યાં ત્યાં શા માટે ખોદ ખોદ કરતો હતો ?

૩. પછી નાથુને ચરુ જડ્યો ? જડ્યો તો ક્યાંથી જડ્યો ? એમાંથી શું મળ્યું ?

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

પાઠમાં આવતા **પૂર્ણવિરામ** ચિહ્ન તરફ વિદ્યાર્થીનું લક્ષ ખેંચો. પૂછો કે, તે શા માટે હોય છે ? વાંચતી વેળા તે વંચાય છે ? વિદ્યાર્થીઓને સમજાવો કે, એ ચિહ્ન એમ દર્શાવે છે કે, જે એક વાત કહેવી છે, તે ત્યાં પૂરી થાય છે. એમ પૂરી કહેવાયેલી અમુક વાતને **વાક્ય** કહે છે. વાક્યને અંતે (.) આવું ચિહ્ન લખાય છે. તે પરથી આપણે ત્યાં આગળ થોભીને પછી બીજું નવું વાક્ય આગળ વાંચીએ છીએ. એ ચિહ્ન આપણને એ રીતે વાંચવામાં તથા વાક્ય ક્યાં પૂરું થાય છે તે દર્શાવવામાં મદદ કરે છે.

પાઠમાંથી વાક્ય શોધીને કહેવા વિદ્યાર્થીઓને પૂછો.

[૨. ઇતર]

૧. અવારનવાર વાડી કે ખેતરમાં પર્યટન ગોઠવવાં. તથા ત્યાં થતાં ખેડકામ, ખોદકામ વગેરેનું પ્રયોજન સમજાવવું.

શાળાની આસપાસ બગીચા જેવું હોય ત્યાં આ જાતનું ખોદકામ કરાવવું અને તે નિહાળવા પ્રેરી તેનું મહત્ત્વ સમજાવવું.

૨. જૂના વખતમાં ચોરી–લૂંટ વગેરેથી બચવા લોકો સોનુંરૂપું વગેરે ચરુમાં ભરી જમીનમાં દાટી રાખતા. તેથી કોઈ કોઈ વાર જૂનાં મકાનો કે નગરોનાં ખંડેરોમાં ખોદકામ કરતાં આવા ચરુ મળી આવે છે, એ વિદ્યાર્થીઓને કહેવું.

અઘરા શબ્દો

ચરુ [સં.] = પહોળા મોંનું દેગડા જેવું વાસણ

આભું = ચકિત; દિંગ

નાસીપાસ [ફા.] = નિરાશ

ઈંધણાં = બાળવાનાં લાકડાં

જોગ = યોગ્ય; લાયક

જતન = સંભાળ; સાચવણી

લોથ = મડદું; લાશ

પૂત = પુત્ર

ખસમ = ધણી; પતિ

ઘાટ = દશા; લક્ષણ

કાયર = કંટાળેલું

મોસમ = ઋતુ

ઉખાણો = કહેવત; દાખલો

પંકાવું = વખણાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુભાષિતો

[અનુષ્ટુભ]

भणे, लखे अने जुए, उपासी गुरुने पूछे;
तेनी तो सूर्यना तेजे, बुद्धि पंकजशी खीले. १

क्षणे क्षणे साधवी विद्या, कणे कणे धनने लहो;
क्षण-त्यागी नहीं विद्वान, कण-त्यागी नहीं धनी. २

लोभ छे पापनु मूळ, स्वाद छे मूळ व्याधिनुं;
दुःखनुं मूळ आसक्ति, सुखी जे त्रणने तजे. ३

सर्पनु विष छे दंते, माखीनु मुखमां रहे;
वींछीनु विष छे पुच्छे, सर्वांगे रहे दुष्टमां. ४

सज्जनो सूपडा पेठे, दोष त्यागे, गुण ग्रहे;
दुर्जनो चाळणी पेठे, ग्रहे दोष, तजे गुण. ५

खारुं पाणी पीए मेघ, वर्षे छे मधुरुं जल;
संतो पण कडवा शब्दो, सुणीने मधुरुं वदे. ६

राई जेवां परच्छिद्रो, दुर्जनो बहु देखता;
आतमछिद्रो बीलां जेवां, जुए तोये नहीं जुए. ७

सुलभ छे विश्वमां लोको, हंमेशां प्रिय जे वदे;
कटु पण पथ्यना वक्ता, श्रोताये छे दुर्लभ. ८

गौरव पामशो दाने, ना कदी धनसंचये;
जुओ ऊंचा रहे मेघो, नीचो छे जलसागर. ९

चालतां चालतां कीडी, कापे छे शत जोजन;
समडी पण जो रहे बेसी, डगलुं एके नहीं खसे. १०

[દોહરા]

ताप-टीप-कस-कापथी, हेम-परीक्षा जेम;
त्याग-शील-गुण-कर्मथी पुरुष-परीक्षा तेम. ११

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऊगतो अवगुण टाळीए, ते ज टाळवा जोग;
वळे नहीं व्यापी गयो, रग रगमां जे रोग. १२

लोभे लक्षण लक्षधा, पळमां नासी जाय;
मृग संगीतना लोभथी, मृत्यु मुख पळाय. १३

सुखदुख सम करीने गणे, सम हरख ने शोक;
धीरज, धर्म चूके नहि, एवा नर तो कोक. १४

સ્વાધ્યાય

૧. સુભાષિત ૨ માં જે હકીકત કહી છે તેને મળતી બીજી કહેવતો તમે જાણો છો? 'ગયો અવસર આવે નહિ, ને ગયા ન આવે પ્રાણ.' 'ટીપે ટીપે સરોવર ભરાય, ને કાંકરે કાંકરે પાળ બંધાય.'

૨. માખીનું ઝેર મુખમાં હોય છે, તેનો શો અર્થ? માખી ગમે ત્યાં બેસી રોગનાં જંતુ સાથે લેતી આવે છે, અને ફેલાવે છે. આગળ 'ગામડું એટલે ઉકરડો?' એ પાઠમાં એનું દૃષ્ટાંત પણ છે.

૩. સોનાનો કસ કાઢવો એટલે શું? ચાર રીતે સોનાનો કસ કઢાય છે: ૧. તપાવીને, ૨. ટીપીને, ૩. કસોટીના પથરા પર ઘસીને, ૪. કાપી જોઈને. આમ ચાર રીતે કસી જોનાર તે 'ચોકસી'. એ અટક તે ઉપરથી આવેલી છે.

૪. સુભાષિતો મોતી કે રત્નના જેવાં ગણાય. આપણી પાસે જેટલાં વધારે હોય તેટલી આપણી ભાષા વધારે સમૃદ્ધ બને.

પ્રશ્નો

૧. વિદ્યા મેળવવાના ઉપાયો કયા?

૨. લોભને પાપનું મૂળ શા માટે કહ્યું છે? તમને લોભિયાની વાત આવડે છે?

૩. સજ્જનને સૂપડા સાથે શા માટે સરખાવ્યા છે? સૂપડું અને ચાળણી એ જુદાં કામ માટે છે, તે સમજ્યા?

૪. મેઘ ખારું પાણી પીએ છે અને મધુરું વર્ષે છે, તે શી રીતે? તાપથી પાણી વરાળ થઈને વાદળ બંધાય છે, એ તમે જાણો છો?

૫. સજ્જન અને દુર્જનનાં લક્ષણોમાં શો ફેર છે તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

૧. સુભાષિતો સારી સંખ્યામાં મોઢે કરાવવાં. આગળની ચાર ચોપડીઓમાં આવી ગયેલાં સુભાષિતો વિદ્યાર્થીઓની પાસે બોલાવવાં.

૨. સુભાષિતોમાં જે દૃષ્ટાંતો આપ્યાં છે તે લાગુ કરી બતાવવાં. તેમને લગતી વાતો પણ કહેવી.

અઘરા શબ્દો

ઉપાસવું = સેવા કરવી; ભક્તિ કરવી
પંકજ [સં.] = કમળ
લહેવું = મેળવવું; પ્રાપ્ત કરવું
આસક્તિ [સં.] = અતિશય સ્નેહ;મોહ
પરચ્છિદ્ર [સં.] = પારકાનાં છિદ્રો; પારકાના દોષ
પથ્ય [સં.] = હિતકારી; લાભદાયક
વક્તા [સં.] = બોલનાર
શ્રોતા [સં.] = સાંભળનાર
કસવું = કસોટી કરવી; કસોટીના પથરા ઉપર ઘસી જોવું
લક્ષધા [સં.] = અનેક રીતે

૪

વિલિયમ ટેલ

[સ્થળ : શહેરનો એક ભાગ. વચમાં એક ઊંચો વાંસ રોપેલો છે. તેના ઉપર એક ટોપી છે. બે સિપાઈઓ ચોકી કરે છે.]

૧ લો સિપાઈ — આપણને અહીં ખાલી વખત બગાડવા જ રાખ્યા છે. કોણ અહીં આવવાનું હતું અને ટોપીને સલામ ભરવાનું હતું? પહેલાં તો અહીં માણસો માતાં નહોતાં. પણ જ્યારથી આ ચાડિયો અહીં ચડાવ્યો છે, ત્યારથી ચકલુંયે ફરકતું નથી.

૨ જો સિપાઈ — કેટલાક રખડેલ મવાલીઓ આવે છે, અને આઘેથી પોતાની ફાટેલ-તૂટેલ ટોપી હલાવી આપણને ચીડવે છે એ જ. બાકી સૌ સારા માણસો તો અરધું શહેર ફરીને જાય છે, પણ ટોપીને સલામ ભરવાનું ટાળે છે.

૧ લો સિપાઈ — પણ બપોરે કચેરીમાંથી પાછા જતાં તો લોકોને અહીંથી જ જવું પડશે ને! ત્યારે આપણે ઘણાને પકડી શકીશું. ટોપીને સલામ ભરવાનું કોઈને સૂઝશે પણ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ જો સિપાઈ — જો દોસ્ત, હું તને મારા મનની વાત કહું છું. મને તો અહીં આમ ઊભા રહીને લોકો પાસે સલામ ભરાવવી એ શરમભરેલું લાગે છે. ખાલી ટોપીની તે કોઈ ચોકી કરતું હશે? સૌ કોઈ આપણી મશ્કરી કરતા હશે. સૂબાનો આ હુકમ તો સાચે જ બેવકૂફના જેવો છે.

[વૉલ્ટરને આંગળીએ વળગાડી ટેલ પ્રવેશ કરે છે.]

વૉલ્ટર — બાપુ, ડુંગર જ ન હોય એવો કોઈ દેશ હશે?

ટેલ — હા. આપણે જો આ ઘાટ ઊતરીને પેલી મેર ચાલ્યા જઈએ, તો ત્યાં સપાટ પ્રદેશ આવે. ત્યાંની નદીઓ પણ શાંત મંદ ગતિએ વહેતી હોય; અને ચારે બાજુ નજર કરીએ તો ધાન્યથી ભરેલાં ખેતરો પથરાયેલાં દેખાય. આખો દેશ બગીચા જેવો લાગે.

વૉલ્ટર — હેં બાપુ, તો પછી આપણે શું કામ ત્યાં રહેવા જતા નથી?

ટેલ — તે પ્રદેશ તો ખૂબ સુંદર છે, ફળદ્રુપ છે. પણ ત્યાંના લોકો પોતાની મહેનતનાં ફળ ચાખવા પામતા નથી.

વૉલ્ટર — તેનું શું કારણ?

ટેલ — તે પ્રદેશમાં બધી જમીન રાજાની મિલકત ગણાય છે.

વૉલ્ટર — લોકો વનમાં શિકાર તો કરી શકતા હશે ને?

ટેલ — ના, વનનાં પશુપંખી પણ બધાં રાજાનાં કહેવાય.

વૉલ્ટર — પણ નદીમાંથી માછલાં તો પકડી શકતા હશે ને?

ટેલ — નદી દરિયો બધું જ રાજાનું.

વૉલ્ટર — ત્યાં તો હું ગોંધાયો હોઉં એમ જ મને તો લાગે. તેના કરતાં આપણા આ ડુંગરામાં બરફમાં પડી રહેવું સારું.

ટેલ — ખરું છે, બેટા; તેવી જગાએ રહેવા કરતાં અહીં બરફનાં તોફાન વેઠવાં સારાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૉલ્ટર — બાપુ, પેલી ટોપી તો જુઓ, વાંસ પર લટકાવી છે તે!

ટેલ — આપણને એની શી પડી છે! આપણે ચાલો આપણે રસ્તે.

[બંને જણુ ચાલતા ચાલતા ચોકમાં આવે છે.]

૧ લો સિપાઈ — બાદશાહકા હુકમ હૈ. ખડે રહો!

[ટેલ પોતાનો ભાલો સંભાળે છે.]

ટેલ — શું છે, રોકે છે શાનો?

૨ જો સિપાઈ — તમે હુકમનો ભંગ કર્યો છે. તમે સૂબાસાહેબની ટોપીને સલામ ભરી નથી. ચાલો અમારી સાથે.

ટેલ — દોસ્ત, જવા દેને હવે.

૧ લો સિપાઈ — જવાનું હવે જેલમાં. જેલમાં ચાલો.

વૉલ્ટર — બાપુને જેલમાં? દોડો, દોડો, ઓ ભાઈ, આમ આવો, આમ આવો; આ લોકો મારા બાપુને જેલમાં લઈ જાય છે!

[કેટલાક નગરજનો આવે છે.]

૧ લો શહેરી — શું છે

૨ જો શહેરી — તમે એને કેમ પકડો છો?

૧ લો સિપાઈ — એ રાજદ્રોહી છે.

૧ લો શહેરી — તારી ગેરસમજ થાય છે, ભાઈ. આ તો ટેલ છે — આબરૂદાર આદમી છે, સદ્‌ગૃહસ્થ છે.

વૉલ્ટર — દાદા, દાદા, જલદી આવો. આ લોકો બાપુને પકડી જાય છે.

૧ લો સિપાઈ — ચાલો આની સાથે જેલમાં. જલદી કરો.

દાદા — ઊભા રહો. હું જામીન થાઉં છું. ટેલ, આ શી ધમાલ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨જો સિપાઈ—એણે સૂબાસાહેબની ટોપીને સલામ ભરી નથી.

દાદા—અને એટલા માટે તમે એને જેલમાં લઈ જાઓ છો? ભાઈ, હું એનો જામીન થાઉં છું. એને જવા દો.

૨જો સિપાઈ—તમે તમારા જ જામીન થાઓ એટલે બસ છે. અમે તો અમારે હુકમ બજાવવાના. ચાલો, લઈ ચાલો એને.

૧લો શહેરી—આ તો ભારે કહેવાય!

૨જો શહેરી—આ આપણાથી નહિ જોઈ રહેવાય.

૩જો શહેરી—આપણે કંઈ જઈએ એમ નથી. કોણ એને લઈ જનાર છે? આપણે બધા સંપીને ઊભા રહો.

૧લો સિપાઈ—સૂબાના હુકમની સામે આ કોણ બોલે છે?

[કોઈ બોલતું નથી. ત્રીજા બે જણ આવે છે.]

બે જણ—અમે બોલીએ છીએ. શું છે? ઠોકો—નાખો હેઠા!

ટેલ—એ તો હું એકલો પહોંચી વળું એમ છું. જાઓ ભાઈઓ, પાછા જાઓ. તમે શું એમ ધારો છો કે, મારે એમને હાથ જ બતાવવો હોય, તો મને એમના ભાલાની બીક લાગવાની હતી?

સિપાઈઓ—અમારા હાથમાંથી એને છોડાવી જવાની કોની તાકાત છે?

લોકો—શાંત થાઓ, ભાઈઓ, શાંત થાઓ!

સિપાઈઓ—બળવો! બળવો! રાજદ્રોહ!

[દૂરથી રણશિંગાનો અવાજ આવે છે.]

લોકો—સૂબો આવ્યો! ગેસ્લર આવ્યો!

સિપાઈઓ—બળવો! ખૂન! દોડો, દોડો!

દાદા—આ પેલો સૂબો આવ્યો! અરેરે! હવે શું થશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ લો શહેરી—રસ્તો મૂકો, રસ્તો મૂકો; સૂબાસાહેબને સારુ રસ્તો મૂકો.

[ગેસ્લર ઘોડે ચડીને આવે છે. સાથે થોડા અનુચરો છે.]

ગેસ્લર—મદદ માટે કોણ બૂમ પાડતું હતું? [કોઈ બોલતું નથી.] કોણ હતું એ? મારે જાણવું છે.

૧ લો સિપાઈ—સાહેબ, આ માણસ ટોપીને સલામ ભરવાની ના પાડે છે, એટલે અમે એને પકડ્યો છે.

ગેસ્લર—ટેલ, તું બાદશાહનું અને મારું અપમાન કરવા માગે છે? તારે ટોપીને સલામ નથી ભરવી?

ટેલ—[શાંત અવાજે] સૂબાસાહેબ, કોઈનું અપમાન કરવાનો મારો ઇરાદો ન હતો. મને કશા હુકમની ખબર જ ન હતી.

ગેસ્લર—[થોડી વાર ચૂપ રહીને] હં . . . તને નિશાન તાકતાં સારું આવડે છે, ખરું ટેલ? મેં તો એવું સાંભળ્યું છે કે, તું કદી નિશાન ચૂકતો નથી.

વૉલ્ટર—સાચી વાત છે, સાહેબ. મારા બાપુ સો ડગલાં આઘેથી ઝાડ પરનું લીંબુ તોડી પાડે છે.

ગેસ્લર—આ તારો દીકરો કે ટેલ?

ટેલ—જી સાહેબ.

ગેસ્લર—તારે બીજાં છોકરાં છે?

ટેલ—બીજા બે દીકરા છે, સાહેબ.

ગેસ્લર—એમાં વધારે વહાલું કોણ છે?

ટેલ—મારે તો ત્રણે સરખા.

ગેસ્લર—ટેલ, તું સો ડગલાં આઘેથી ઝાડ પરનું લીંબુ તોડી પાડે છે ને? તો મારે તારી હોશિયારીનું પારખું જોવું છે. ઉપાડ તારું ધનુષ્ય અને તારા છોકરાના માથા પર હું લીંબુ મૂકું છું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંધવા તૈયાર થા. જોજે, પહેલે જ તીરે લીંબુ વીંધાવું જોઈએ. નહિ તો તારું માથું ઊડ્યું જાણજે.

[બધા ભયથી કંપી ઊઠે છે.]

ટેલ—સૂબાસાહેબ, આપે શો કોપ કરવા ધાર્યો છે? મારે મારા પોતાના દીકરાના માથાનું જ નિશાન તાકવાનું? ના, ના, સાહેબ. તમારા કહેવાનો ભાવાર્થ એવો નહિ હોય. તમે બાપ પાસે એવું કરાવો એ બને જ નહિ!

ગેસ્લર—તારે તારા છોકરાના માથા પરના લીંબુને વીંધવું જ પડશે. મારો હુકમ છે. તારે એ કરવું જ પડશે.

ટેલ—મારે લીંબુ વીંધવું જ પડશે? મારા છોકરાના માથા પર મૂકીને? તો હું મરવાને તૈયાર છું.

ગેસ્લર—વીંધ્યા વિના છૂટકો નથી. નહિ તો તું અને તારો દીકરો બંને મોતના મોઢામાં ગયા સમજ.

ટેલ—મારે મારા દીકરાના ખૂની થવું? સાહેબ, તમને પણ બાળક હશે. તમને પિતાના હૃદયની લાગણીની ખબર નથી શું?

૧ લો શહેરી—સાહેબ, આ લોકોની આમ મશ્કરી શું કરવા કરો છો? જુઓને, બિચારા કેવા ફિક્કા પડી ગયા છે! એમને શી ખબર કે તમે મશ્કરી કરતા હશો?

ગેસ્લર—કોણ કહે છે કે હું મશ્કરી કરું છું? [ઝાડેથી તોડીને] આ રહ્યું લીંબુ. ચાલો જગ્યા કરો. અંતર માપો—સો ડગલાં ભરો. ઓછાંયે નહિ ને વત્તાંયે નહિ. ચાલ ટેલ, તાક નિશાન; ચૂકતો નહિ.

૧ લો શહેરી—છોકરા, સૂબાસાહેબને પગે લાગ અને જીવતદાન માગ!

૨ જો શહેરી—સાહેબ, હવે બહુ થયું. એને ઘેર જવા દો.

ગેસ્લર—ચાલો, ચાલો, જલદી કરો. તું ઊભો શું કરવા રહે છે? હું તારું ભાવિ તારા જ હાથમાં સોંપું છું. પછી તો તું મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર નહિ કહે ને? તું જાતે જ કહે છે કે તું જબરો બાણાવળી છે. તો સાબિત કરી આપ. વીંધી નાખ લીંબુને. તારા છોકરાને ઈજા કરવાનું તને કોણ કહે છે?

દાદા — [ઘૂંટણિયે પડી] સૂબાસાહેબ, અમે તમારી સત્તા કબૂલ કરીએ છીએ. તમારી દયાના ગુણ ગાવાનો પ્રસંગ અમને આપો, દયા કરો. મારી અરધી મિલકત લઈ લો, બધી લઈ લો; પણ આ છોકરાના બાપને જીવતો જવા દો.

વૉલ્ટર — દાદા, એ દુષ્ટને પગે શું કરવા લાગો છો? મારે ક્યાં ઊભા રહેવું તે મને બતાવો. મને લગારે બીક લાગતી નથી. મારા બાપુ તો ઊડતાં ચકલાં પાડે છે. તીર મને અડવાનું સુધ્ધાં નથી.

૧ લો શહેરી — નામદાર, આ બાળકની નિર્દોષતાની પણ તમારા મન પર અસર થતી નથી?

૨ જો શહેરી — અરે, એટલો તો વિચાર કરો કે, આપણાં કર્મનો હિસાબ લેનાર ઈશ્વર માથે બેઠો છે!

ગેસ્લર — એ છોકરાને પેલા ઝાડ સાથે બાંધો.

વૉલ્ટર — મને બાંધશો? ના. હું નહિ બંધાઉં. હું મારી મેળે સ્થિર થઈને ઊભો રહીશ.

૧ લો શહેરી — ભાઈ, તારી આંખો બાંધવા દે.

વૉલ્ટર — મારી આંખો બાંધવાની શી જરૂર છે? તમને શું એમ લાગે છે કે હું બીઉં છું? જલદી કરો, બાપુ, તમારી નિશાનબાજી બતાવી આપો. આ જુલમગારને વિશ્વાસ નથી આવતો કે, તમે લીંબુ વીંધી શકશો. ચલાવો તીર!

[ટેલ તીર લઈને ચડાવે છે.]

૩ જો શહેરી — અરે ટેલ, તું તાકવાનો એમ? ના, ના, તું ધ્રૂજે છે. તારા હાથ થરથરે છે. તારા પગ ગળતા લાગે છે.

[ટેલ ધનુષ્ય નીચું નમાવી દે છે અને બોલે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલ — મારી આંખે અંધારાં આવે છે; મને કાંઈ સૂઝતું નથી.

લોકો — અરે ભગવાન !

ટેલ — માફ કરો સાહેબ, મને તાકવાનું ન કહેશો. આ રહી મારી છાતી. [પહેરણ ખોલે છે.] બોલાવો તમારા સિપાઈઓને, મને વીંધાવી નાખો.

ગેસ્લર — મારે તારો જીવ લેવો નથી. મારે તો તારું નિશાન જોવું છે. તને કશું અસાધ્ય નથી, ટેલ. લોકો તો કહે છે કે, તું કશાથી ડરતો નથી; ગમે તેવાં તોફાનોથી પણ તું ગભરાતો નથી. તારે જો કોઈ માણસને બચાવવો હોય, તો ગમે તેવા તોફાનમાં પણ તું વહાણ ખેડી શકે છે. તેં બીજાઓને બચાવ્યા છે, હવે તારી જાતને બચાવ.

[ટેલ એકાએક જાણે ઊંઘમાંથી જાગી ઊઠે છે, ટટ્ટાર બને છે. તેની આંખો ચમકી ઊઠે છે. ભાથામાંથી બીજું તીર લે છે અને કમરપટામાં ખોસે છે.]

વૉલ્ટર — મને લગારે બીક નથી લાગતી. તીર ચલાવો, બાપુ !

ટેલ — બેટા, એમ જ હિંમત રાખવી જોઈએ.

૨ જો શહેરી — સૂબાસાહેબ, બસ કરો. હવે વાત આગળ ન ખેંચશો. તમારે કસોટી કરવી હતી તે થઈ ગઈ. હવે વધુ ન ખેંચો. તમે હદ વટાવો છો.

ગેસ્લર — ચૂપ રહો. વગર પૂછ્યે વચમાં બોલશો નહિ.

૨ જો શહેરી — જરૂર બોલીશ. કેમ ન બોલું ? મને પણ બાદશાહની આબરૂ વહાલી છે. તેઓ કદી આવું ન જ થવા દે. લોકોની સાથે આવો વર્તાવ ન શોભે. અને આ રીતે વર્તવાનો તમને કશો હક્ક નથી.

ગેસ્લર — એમ ! જરા મોં સંભાળીને બોલો.

૨ જો શહેરી — અત્યાર સુધી હું ચૂપ રહ્યો, પણ હવે નહિ રહું. બેલાશક, બોલાવો તમારા સિપાઈઓને. મારી પાસે પણ તલવાર છે. અને જે મારી સામે આવશે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

6691
४२ (५)
२८३६०
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

સિપાઈઓ — [મોટેથી] લીંબુ વીંધાયું, લીંબુ વીંધાયું! છોકરો તો ખાસો હસે છે!

લોકો — લીંબુનાં બે ફાડિયાં જ થઈ ગયાં છે.

ગેસ્લર — એણે વીંધ્યું ખરું! શી રીતે વીંધ્યું, પાગલે!

વૉલ્ટર — આ રહ્યું લીંબુ, બાપુ. મને તો ખબર જ હતી કે તમે મને વાગવા ન જ દો.

[ટેલ નમી પડે છે, પુત્રને ભેટે છે.]

૧ લો સિપાઈ — નિશાન તે આનું નામ! વરસો સુધી લોકો આને નહિ ભૂલે.

૧ લો શહેરી — લોકો યાવચ્ચંદ્રદિવાકરૌ ટેલનાં અને તેની ધનુર્વિદ્યાનાં ગુણગાન ગાયા કરશે.

ગેસ્લર — સાચે જ લીંબું વચમાંથી વીંધાઈ ગયું છે. એનાં વખાણ કર્યા વિના ચાલે એમ જ નથી. ટેલ, આમ આવ.

ટેલ — શો હુકમ છે, સાહેબ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેસ્લર — તેં તારા કમરપટામાં એક બીજું તીર ખોસી રાખ્યું હતું, એ મેં બરાબર જોયું હતું. એનું શું કારણ?

ટેલ — એવો અમારો રિવાજ જ છે.

ગેસ્લર — ના, ટેલ. મને ઉડાવવાની વાત ન કરીશ. હું તને અભયદાન આપું છું. તું સાચું બોલ. જલદી કર. એ બીજું તીર તેં શા માટે લીધું હતું?

ટેલ — તમે મને અભયદાન આપો છો તો સાંભળો. જો હું નિશાન ચૂકી ગયો હોત અને મારા છોકરાને ઈજા થઈ હોત, તો આ બીજું બાણ તમારા ઉપર જ છોડત. એ તીર તમારે માટે જ રાખ્યું હતું.

સ્વાધ્યાય

૧. સ્વિટ્ઝર્લૅન્ડ દેશ ક્યાં આવ્યો? યુરોપના નકશામાં જુઓ. કયા પહાડો ત્યાં આવ્યા? તેમની ઊંચાઈ ઇ૦ કહો. ત્યાંનાં ઘડિયાળ વખણાય છે.

૨. આ કથાનું આગળનું શિક્ષક પાસેથી જાણો. છેવટે વિલિયમ ટેલ અને તેના દેશભાઈઓ જુલમી ગેસ્લરની સામે લડ્યા હતા, અને તેની સત્તાનો અંત આણ્યો હતો.

૩. જર્મન લેખક શીલરે આ કથાનું નાટક લખ્યું છે. તે વાંચવા ઇચ્છો તો તેનો ગુજરાતી અનુવાદ થયો છે.

પ્રશ્નો

૧. વિલિયમ ટેલ વૉલ્ટરના કહ્યા પ્રમાણે દૂરના સુંદર પ્રદેશમાં જવાની કેમ ના પાડે છે?

૨. ગેસ્લર વૉલ્ટરના માથા પર લીંબુ મુકાવીને વીંધવા શું કામ ટેલને કહે છે?

૩. વિલિયમ ટેલે ભાથામાંથી વધારાનું બીજું તીર શા માટે લીધું હતું?

૪. તમને બીજી કોઈ બાણાવળીની વાત આવડે છે? એકલવ્યે પાંડવોના કૂતરાને બાણથી ભસતો અટકાવેલો. દ્રોણાચાર્યે કૂવામાંથી દડો બાણ વડે કાઢી આપેલો. આંધળા પૃથ્વીરાજે શાહબુદ્દીન ઘોરીને ઘાયલ કરેલો. અર્જુને મચ્છવેધ કર્યો હતો, ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ પાઠમાંથી વાક્યો કાઢી બતાવવા વિદ્યાર્થીઓને કહો.

¶ નીચેના શબ્દોનું વાક્ય બને છે? કેમ બને છે કે કેમ નથી બનતું તેનું કારણ પૂછો:—

(૧) આપણે જો ઘાટ ઊતરીને પેલી મેર ચાલ્યા જઈએ, તો ત્યાં
(૨) આખો દેશ બગીચા જેવો
(૩) બાદશાહનો હુકમ છે.
(૪) જેલમાં ચાલો.
(૫) આવજો.

¶ નીચેનાં વાક્ય અધૂરાં છે તે પૂરાં કરો:—

(૧) કાંતિ આજે વર્ગમાં મોડો . . .
(૨) શિક્ષક વિદ્યાર્થીઓને . . .
(૩) ટેલે . . . ના માથા પરનું . . .

ખાલી જગા એકથી વધુ રીતે ભરી શકાય તો તેમ કરવા વિદ્યાર્થીઓને પ્રેરવા.

[૨. ઇતર]

૧. સ્વિટ્ઝર્લૅન્ડ દેશ આજુબાજુનાં મોટાં બળવાન રાજ્યોની વચ્ચે આવેલો છે, તેનો ખ્યાલ યુરોપના નકશા ઉપરથી આપવો.

૨. આઝાદી માટે લડનાર બીજા દેશોની પ્રજાઓની વાત કહેવી. જેવી કે હૉલૅન્ડની, અમેરિકાની, હિંદની, હિંદીચીનની, ઇંડોનેશિયા વગેરેની.

અઘરા શબ્દો

ચાડિયો = પંખી–વાંદરાં વગેરેને બિવ-રાવવા માટે ઊભો કરેલો માણસ જેવો આકાર
મવાલી [ફા.] = ગુંડો; બદમાશ
સૂબો [અ.] = ઇલાકા કે પ્રાંતનો હાકેમ
પેલી મેર = પેલી તરફ; પેલી બાજુ
રાજદ્રોહી [સં.] = રાજા કે રાજ્યની સામે થનાર
જામીન [અ.] = પકડાયેલા માણસને અદાલતમાં કામ ચાલે ત્યાં સુધી છૂટો કરાવવા તેની જોખમદારી પોતાને માથે લેનાર
પારખું = પરીક્ષા
નિશાનબાજી = નિશાન તાકવાની કુશળતા
અસાધ્ય [સં.] = સાધી ન શકાય તેવું
ભાથો = બાણ રાખવાની કોથળી
બેલાશક = સંકોચ રાખ્યા વિના
યાવચ્ચંદ્રદિવાકરૌ [સં.] = ચંદ્ર અને સૂર્ય રહે ત્યાં સુધી; હંમેશને માટે
અભયદાન = સલામતી બક્ષવી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાહોમ કરીને પડો

[લાવણી]

सहु चलो जीतवा जंग, ब्यूगलो वागे,
याहोम करीने पडो, फतेह छे आगे. टेक

केटलांक करमो विषे, ढील नव चाले,
शंका भय तो बहु रोज, हामने खाळे;
हजी समय नथी आवियो कही दिन गाळे,
जन बहानुं कर्ये नव सरे, अर्थ को काळे;
झंपलाववाथी सिद्धि जोई बळ लागे. याहोम० १

साहसे कर्यो परशुए पूरो अर्जुनने,
ते परशुराम परसिद्ध, रह्यो निज वचने;
साहसे इंद्रजित शूर, हण्यो लक्ष्मणे,
साहसे वीर विक्रम, जगत सहु भणे;
थई गर्द जंगमां मर्द हक्क निज मागे. याहोम० २

साहसे कोलंबस गयो, नवी दुनियामां,
साहसे नेपोल्यन भीडचो यूरप आखामां;
साहसे ल्यूथर ते थयो पोपनी सामां,
साहसे स्कॉटे देवुं रे, वाळचुं जोतामां;
साहसे सिकंदर नाम अमर सहु जागे. याहोम० ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

साहसे ज्ञातिना बंध कापी झट नांखो,
साहसे जाओ परदेश, बीक नव राखो;
साहसे करो वेपार, जमे बहु लाखो,
साहसे तजी पाखंड, ब्रह्मरस चाखो;
साहसे नर्मदा देश दुःख सहु भागे. याहोम० ४

નર્મદાશંકર

સ્વાધ્યાય

૧. સાહસ બે પ્રકારનાં છે: સારું અને ખરાબ. તે જાણો છો? માત્ર અવિચારીપણે કરેલા કામ માટે શામળે કહ્યું છે:—

'સાહસકર્મ કર્યાં થકી, હોય હર્ષનો નાશ.'

કવિ નર્મદ એના કરતાં જુદા પ્રકારના સાહસની વાત કરે છે.

૨. સાહસથી સિદ્ધિ મેળવ્યાનાં જે દષ્ટાંતો કવિએ આપ્યાં છે તેમની કથાઓ જાણો.

૩. કોલંબસે નવી દુનિયા — અમેરિકા — શોધ્યાની વાત 'વહાણવટાનાં સાહસ' એ પાઠમાં આગળ આવે છે, તે વાંચવી.

પ્રશ્નો

૧. યુદ્ધ શરૂ થતાં બ્યૂગલો વાગે તે શા માટે?

૨. યુદ્ધની વેળાએ લડવૈયાઓ શા શા પોકારો કરે છે, તે જાણો છો? 'યા હોમ', 'અલ્લા હો અકબર', 'હર હર મહાદેવ'.

૩. કવિ આ કવિતામાં કયાં કામોમાં સાહસ કરવા કહે છે?

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ ભાષા વડે આપણે આપણા વિચાર બીજાને દર્શાવીએ છીએ. એ વિચાર દર્શાવવા આપણે વાકયો વાપરીએ છીએ. એ વાત વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર હવે આવી ગઈ કે નહિ તે જોવું.

¶ એક વાકયમાં એક મુદ્દો પૂરો કહેવાય છે. વિચાર લાંબો હોય તો તે દર્શાવવા ઘણાં વાકયો વાપરવાં પડે. એ વસ્તુ દાખલા આપીને સમજાવવી.

[૨. ઇતર]

૧. કવિતામાં જણાવેલી દૃષ્ટાંતકથાઓ વિશે વિદ્યાર્થીઓને પૂછવું–કહેવું.

૨. સંસારસુધારો, ધર્મસુધાર, પરદેશગમન વગેરે જે બાબતો માટે કવિ સાહસ કરવા કહે છે, તે વિદ્યાર્થીઓના લક્ષમાં આવ્યું કે નહિ, તે પ્રશ્નો પૂછીને જોવું.

૩. કવિ નર્મદાશંકરની ઓળખ તાજી કરાવવી. (જુઓ ચોથી ચોપડી 'ના હઠવું' એ પાઠ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

યાહોમ = કુરબાની અથવા બલિદાન વખતનો પોકાર
બ્યૂગલ [ઇં.] = રણશિંગાને મળતું એક વિલાયતી વાજું
હામ = હિંમત
પરશુ [સં.] = કુહાડી; ફરસી
ગર્દ [ફા.] = ધૂળ; રજ
ભીડવું = ઝૂઝવું
પોપ [ઇં.] = રોમન કૅથલિક નામે ખ્રિસ્તી ધર્મ-સંપ્રદાયનો વડો ધર્મગુરુ
પાખંડ [સં.] = દંભ; ઢોંગ
બ્રહ્મરસ [સં.] = ઈશ્વરપ્રાપ્તિનો સાચો આનંદ

૬

બુદ્ધનો ગૃહત્યાગ

૧

ઇસવી સન પૂર્વે છઠ્ઠા સૈકામાં હિમાલયની તળેટીમાં કેટલાંક પ્રજાસત્તાક રાજ્યો હતાં. તેમાં શાકય નામના ક્ષત્રિયોનું એક પ્રજાસત્તાક રાજ્ય હતું. કોસલ દેશના રાજાએ ધીમે ધીમે તેની સત્તા ઓછી કરી દીધી હતી, અને તેને પોતાનું ખંડિયું રાજ્ય બનાવી દીધું હતું. શાકયોના રાજ્યમાં બધા શાકયો રાજા કહેવાતા, અને તેમનો અધ્યક્ષ મહારાજા કહેવાતો. શાકયોની રાજધાનીનું નામ કપિલવસ્તુ હતું.

કપિલવસ્તુમાં શુદ્ધોદન નામે શાકય રાજા રહેતો હતો. તેને ત્યાં પુત્રનો જન્મ થયો ત્યારે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું કે, જો તે ગૃહસ્થાશ્રમી થશે તો ચક્રવર્તી રાજા થશે; અને જો તે સંન્યાસી થશે તો બુદ્ધ થઈને જગતનું અજ્ઞાન દૂર કરશે. તે પુત્રનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું.

રાજાએ નાનપણથી જ તે કુમારને ભોગવિલાસમાં ઉછેરવા માંડ્યો, જેથી તેને સંન્યાસી થવાનું મન જ ન થાય. તેને જોઈતી સર્વ વસ્તુઓ તેને ઘરમાં જ પૂરી પાડવામાં આવતી હતી, જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બહાર જવાનું જ ન રહે. તે મોટો થયો ત્યારે યશોધરા નામની રાજકુમારી સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું.

૨૯ વર્ષની ઉંમર થતાં, એક વખત સિદ્ધાર્થ કુમારને રાજધાની જોવાનું અને નગર બહારના બગીચામાં ફરવા જવાનું મન થયું. તેથી રથમાં બેસી તે પોતાના સારથિ સાથે નીકળ્યો.

રસ્તામાં, ઘડપણથી વાંકો વળી ગયેલો એક માણસ સિદ્ધાર્થના જોવામાં આવ્યો. તેને જોઈ તેણે સારથિને પૂછ્યું : 'પેલું સામે જે પ્રાણી જાય છે, તે મનુષ્ય છે કે કોણ છે? એના વાળ આવા ધોળા કેમ છે? તેને દાંત નથી કે શું? તેની આંખો આવી ઊંડી કેમ ઊતરી ગઈ છે? તથા તે પીઠેથી વાંકો કેમ વળી ગયો છે? અને ચાલતી વખતે આટલો ધ્રૂજે છે કેમ?'

સારથિએ કહ્યું : 'હે કુમાર, એ બીજું કોઈ પ્રાણી નથી, પરંતુ માણસ જ છે. વૃદ્ધાવસ્થાને લીધે તેની આવી દશા થઈ છે. જ્યારે તે તરુણ હતો, ત્યારે તેના વાળ આપના જેવા જ કાળા હતા, તથા તેણે રણસંગ્રામમાં તેમ જ મલ્લયુદ્ધોમાં ઘણા યોદ્ધાઓનો પરાભવ કર્યો હતો. વૃદ્ધાવસ્થામાં સઘળાં મનુષ્યોની આવી જ દશા થાય છે.'

આ સાંભળી સિદ્ધાર્થની બગીચો જોવા જવાની ઇચ્છા મંદ પડી ગઈ. તેણે સારથિને કહ્યું: 'તું રથ પાછો વાળ; મને હવે બગીચામાં સહેલ કરવા જવાની હોંશ રહી નથી.'

ઘેર જઈને સિદ્ધાર્થ કુમાર મહેલને એક ખૂણે એકલો જ બેઠો. તેને વિચાર આવવા લાગ્યો કે, 'જો અંતે મારા જુવાન શરીરની વૃદ્ધાવસ્થાને લીધે પેલાના જેવી જ દુર્દશા થવાની હોય, તો આ બધાં સુખો ભોગવવાં શા કામનાં?' આ વિચારથી રાજમહેલનાં સર્વ સુખો ઉપરથી તેનું મન ઊઠી જવા લાગ્યું.

૨

ઘણા વખત પછી ફરી એક વાર સિદ્ધાર્થ કુમાર ઉદ્યાનમાં જવા માટે રથમાં બેસીને નીકળ્યો. આ વખતે રસ્તામાં એક રોગી માણસ તેને સામો મળ્યો. તેને જોઈ કુમારે સારથિને પૂછ્યું : 'ભાઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માણસ વળી કોણ છે? પેલા વૃદ્ધની પેઠે તેના વાળ ધોળા થયા નથી, કે તેના દાંત પણ પડચા નથી. છતાં આ તો તેના કરતાં પણ અધિક અશક્ત દેખાય છે!'

સારથિએ કહ્યું : 'કુમાર, એ માણસને વ્યાધિ થયેલા છે. તેથી તે વૃદ્ધના કરતાં પણ વધુ અશક્ત દેખાય છે. જુવાન શરીર પણ, વ્યાધિના પંજામાં સપડાતાં, આમ ખખળી જાય છે.'

તે દિવસે પણ સિદ્ધાર્થ કુમારે માર્ગમાંથી જ રથ પાછો ફેરવાવ્યો. તેને મન રાજમહેલનાં સર્વ સુખો હવે પહેલાં કરતાં પણ ખારાં થઈ ગયાં.

થોડા વખત બાદ તે ફરીથી એક વાર રથમાં બેસીને નીકળ્યો. તે વખતે એક જગાએ મડદું સુવાડેલું તેના જોવામાં આવ્યું. તેની આજુબાજુ કેટલાક માણસો રડતા રડતા તેને માટે ઠાઠડી તૈયાર કરતા હતા. સિદ્ધાર્થે સારથિને પૂછ્યું : 'આ માણસ આમ આંખો મીંચી, લાકડાની પેઠે જડ થઈને કેમ પડચો છે? આ બધા માણસો રડતા રડતા આ શું કરે છે?'

સારથિએ કહ્યું : 'આ માણસ મરી ગયો છે; હવે તે ફરીથી આંખ ઉઘાડી શકશે નહિ, કે હાલી-ચાલી શકશે નહિ. તેનું શરીર હવે થોડા વખત બાદ સડી જશે તથા ગંધાવા લાગશે. તેથી આ માણસો ઠાઠડી તૈયાર કરી, તેના ઉપર એને બાંધીને સ્મશાનમાં લઈ જશે અને તેને બાળી કે દાટી દેશે. દરેક માણસને એક વાર એ પ્રમાણે મરવાનું જ છે.'

એ સાંભળીને તો કુમાર બહુ જ વિચારમાં પડી ગયો, અને તેણે રથ ઘર તરફ પાછો ફેરવાવ્યો. કુમારને વિચાર આવવા લાગ્યો કે, અંતે જો વ્યાધિથી રિબાઈને કે વૃદ્ધાવસ્થામાં સપડાઈને માણસે આ પ્રમાણે જ મરી જવાનું છે, તો પછી સુખ માટેના આ બધા પ્રયત્નો તથા તેને માટેના આ બધા કજિયા શા કામના છે? આ બધાં સુખ છેવટે તો માણસને વ્યાધિ, વૃદ્ધાવસ્થા કે મૃત્યુના મોંમાંથી બચાવી શકવાનાં નથી; તો પછી તે સુખોમાં બંધાઈ રહી, વ્યાધિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા-મૃત્યુના મુખમાં સપડાઈને નાશ પામવું, એમાં શી માણસાઈ છે? માણસે તો આ દુઃખપરંપરામાંથી નીકળી જવું જોઈએ; અને જેનો કશાથી નાશ જ ન થાય એવું સુખ પ્રાપ્ત કરવા મથવું જોઈએ.

થોડા વખત બાદ કુમાર ફરીથી ઉદ્યાને જવા નીકળ્યો. આ વખતે રસ્તામાં, ભગવાં વસ્ત્ર પહેરી, ઝાડની નીચે બેઠેલા એક સાધુને તેણે જોયો. તેને જોઈ સિદ્ધાર્થે સારથિને પૂછ્યું: 'આ માણસ કોણ છે? તથા તેણે આવાં વસ્ત્ર કેમ પહેર્યાં છે?'

સારથિએ કહ્યું: 'કુમાર, એ માણસ ઘરબાર છોડીને સાધુ થયો છે. જગતનાં સૌ સુખો ઉપર તેને વૈરાગ્ય આવ્યો છે, તેથી તેમનો ત્યાગ કરી તે સાચું મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટે આ પ્રમાણે સંન્યાસી બન્યો છે. ઘણા વિચારવંત મનુષ્યો, સંસારનાં સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું સુખ શોધવાને અર્થે, આ પ્રમાણે સાધુ થાય છે.'

આ સાંભળી સિદ્ધાર્થ કુમારને મનમાં વિચાર આવ્યો: 'હું પણ આ પ્રમાણે આ બધાં તુચ્છ સુખોમાં બંધાઈ રહેવાને બદલે, સાચું મોક્ષસુખ શોધવા માટે સાધુ થાઉં, તો કેવું સારું!' એમ વિચાર કરતો કરતો સિદ્ધાર્થ કુમાર પોતાને મહેલ પાછો ફર્યો. ત્યાં જ તેને સમાચાર મળ્યા કે, તેની પત્ની યશોધરાએ પુત્રને જન્મ આપ્યો છે. એ સાંભળી સિદ્ધાર્થ મોટેથી બોલી ઊઠ્યો, 'આ તો બંધન આવ્યું; આ તો રાહુ પેદા થયો.'

૩

સિદ્ધાર્થના પિતાએ પૌત્રજન્મને કારણે મોટો ઉત્સવ કરાવ્યો. પરંતુ સિદ્ધાર્થને વિચાર આવવા લાગ્યો કે, 'પુત્રજન્મ થયો એને માટે પિતાજી મોટો ઉત્સવ કરે છે; પણ તે પુત્ર તેમ જ આપણે સૌ નાશવંત છીએ, એ વાત તેઓ ભૂલી જાય છે, એ કેવી દુઃખની વાત છે! આ બધાં સુખોનું પરિણામ અંતે દુઃખમાં જ આવે છે. મારે તો એવું શાશ્વત સુખ શોધવું છે, જેથી મને તેમ જ આ મારાં સગાંસંબંધી તથા આખી મનુષ્યજાતિને ફરી દુઃખી થવાપણું ન રહે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ રાત્રે, ઉત્સવની ધમાલથી થાકીને બધાં ઊંઘી જાય ત્યારે, મહેલ છોડીને નીકળી જવાનો સિદ્ધાર્થે વિચાર કર્યો. રાત્રે જતા પહેલાં પોતાના નવા જન્મેલા પુત્રનું મોં જોવાનો વિચાર કુમારના મનમાં વારંવાર આવવા લાગ્યો; અને તે યશોધરાના ઓરડા સુધી ગયો પણ ખરો. પરંતુ પુત્ર યશોધરાની સોડમાં



હોવાથી તેનું મોં જોઈ શકાયું નહિ. વધુ નજીક જતાં યશોધરા કદાચ જાગી ઊઠે અને પછી પોતાનું જવાનું બંધ રહે એ બીકે, છેવટે પુત્રનું મોં જોયા વિના જ સિદ્ધાર્થ કુમારે ઘર છોડયું.

માનવજાતિનાં દુઃખનો ઉપાય શોધવાને રાજકુમાર સિદ્ધાર્થે કરેલો એ ગૃહત્યાગ 'મહાભિનિષ્ક્રમણ' નામે ઓળખાય છે. એમ તો અનેકે પોતાનું દુઃખ દૂર કરવા કે સુખ શોધવા ગૃહત્યાગ કર્યો હશે; પરંતુ સિદ્ધાર્થ કુમારના આ ગૃહત્યાગે અનેક સ્ત્રીપુરુષનાં હૃદય જેટલાં હલાવી મૂક્યાં છે, તેટલાં બીજા કોઈના ગૃહત્યાગે હલાવી મૂક્યાં નથી. તેથી તેને મળેલું 'મહાભિનિષ્ક્રમણ' નામ યોગ્ય જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહત્યાગ બાદ સિદ્ધાર્થે શું શું કર્યું તથા અંતે કેવી રીતે ‘ બોધિ ’ એટલે કે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તે ‘ બુદ્ધ ’ બન્યા, તેની કથા પણ રસિક છે. મોટા થઈને તે કથા જરૂર વાંચજો.

સ્વાધ્યાય

૧. રાજાસત્તાક, પ્રજાસત્તાક, સરમુખત્યારશાહી વગેરે રાજ્યપદ્ધતિઓનો ભેદ સમજો. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં લિચ્છવી વગેરેનાં કેટલાંય ગણસત્તાક રાજ્યો હિંદમાં અસ્તિત્વમાં હતાં.

૨. બૌદ્ધધર્મ અને જૈનધર્મ એ બંને ધર્મો લગભગ સાથે જ મગધ તરફ પ્રવર્તતા હતા. જૈનધર્મના પ્રવર્તકનું નામ જાણો છો ? સાતમી ચોપડીમાં તીર્થંકર મહાવીર વિષે પાઠ છે.

૩. બૌદ્ધધર્મ આજે ક્યાં ક્યાં પ્રચલિત છે ? મુખ્યત્વે હિંદની બહાર – ચીન, સિલોન, બ્રહ્મદેશ વગેરે દેશોમાં તે હજી પ્રચારમાં છે.

૪. શ્યેનચાંગ, ફાહ્યાન વગેરે ચીની મુસાફરો બૌદ્ધ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા હિંદ આવેલા. ચોથી ચોપડીમાં શ્યેનચાંગ વિષે પાઠ છે.

પ્રશ્નો

૧. શુદ્ધોદન રાજા સિદ્ધાર્થ કુમારને શું બનાવવા ઇચ્છતો હતો ?

૨. સિદ્ધાર્થ કુમારને ગૃહત્યાગ કરવાનું શા માટે મન થયું ?

૩. સિદ્ધાર્થે પોતાના કુમારને ‘ રાહુલ ’ નામ શા માટે આપ્યું ?

૪. કપિલવસ્તુ, કોસલદેશ, બુદ્ધગયા વગેરે જૂનાં સ્થળો ક્યાં આવેલાં હતાં ? છઠ્ઠી ચોપડીમાં આપેલા નકશામાં તે સ્થળો જુઓ.

વ્યાકરણ

¶ તમે ઘર બંધાતું જોયું છે ? ઈંટો એક ઉપર એક ગોઠવીને તે ચણીને તેની ભીંતો બનાવાય છે. પરંતુ ઈંટોનો જેમ તેમ ખડકલો કર્યો હોય તો ઘર બને ?

¶ એવું જ વાક્યની રચનાનું પણ છે. ઘર બનાવવામાં જેમ ઈંટ વપરાય છે, તેમ વાક્ય બનાવવામાં શું વપરાય છે ? શબ્દો. પરંતુ એ શબ્દો ગમે તેમ ખડક્યા હોય તો વાક્ય બને ખરું ? નીચેના શબ્દો જુઓ :—

શુદ્ધોદન કપિલવસ્તુમાં નામે રાજા હતો રહેતો.

એમાંથી કશું સમજાય છે ?

હવે નીચેના શબ્દો જુઓ :—

કપિલવસ્તુમાં શુદ્ધોદન નામે રાજા રહેતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંના જ શબ્દો અહીં પણ છે. છતાં આ શબ્દો વડે અર્થ કે વિચાર સ્પષ્ટ દર્શાવાય છે. એટલે એને વાક્ય કહે છે. શબ્દોના ગમે તેવા ખડકલાને વાક્ય ન કહેવાય.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ વિદ્યાર્થીઓને શબ્દોના ગમે તેવા ખડકલા કહેવા, જેમ કે — કેરી, મનુ, નિશાળ, લોઢું, ટોપી, રમત.

આવા ખડકલાઓમાંથી કશો અર્થ નીકળે જ નહિ, એ સમજાવવું.

¶ ત્યાર પછી તેઓને એક આખા વાક્યના શબ્દોને અવ્યવસ્થિતપણે મૂકીને કહેવા, તથા તેમાંથી વ્યવસ્થિત વાક્ય બનાવવા કહેવું.

¶ નીચેના શબ્દોના ખડકલાઓમાંથી વાક્યો બનાવો :—

(૧) કુમારને સિદ્ધાર્થ એક બગીચામાં વખત જવાનું થયું મન ફરવા.

(૨) કહ્યું ઘરબાર સારથિએ માણસ સાધુ એ છોડીને છે થયો.

આ રીતે શબ્દો ગોઠવીને વાક્ય બનાવવાની રમત રમવા તેમને પ્રેરો.

[૨. ઇતર]

૧. બુદ્ધના ગૃહત્યાગનો હેતુ માત્ર પોતાના સુખ માટેનો નહિ પણ માનવજાતિના દુઃખનો ઉપાય શોધવા માટે હતો, એ વાત વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજાવવી. તેથી બુદ્ધના ત્યાગને મહાભિનિષ્ક્રમણ કહે છે.

૨. ઈસવી સન પૂર્વે એટલે શું, તે વિદ્યાર્થીઓને સમજાવવું. અત્યારે ઈસુ ખ્રિસ્તના જન્મથી શરૂ થયેલો સન સામાન્ય રીતે વપરાય છે. ઈસુના જન્મ પહેલાંના કાળને ઈ. સ. પૂર્વે કહીને દર્શાવાય છે. વિક્રમ સંવત અને ઈસવી સન વચ્ચે કેટલાં વર્ષનો ભેદ છે, તે પણ સમજાવવું.

૩. ચક્રવર્તી રાજા એટલે શું, તે સમજાવવું. અશ્વમેધ, રાજસૂય વગેરે યજ્ઞો પાછળ પણ એ ભાવ હતો તે અહીં બતાવી શકાય.

અઘરા શબ્દો

પ્રજાસત્તાક રાજ્ય [સં.] = જે રાજ્યમાં તેની પ્રજાની સત્તા કે તેનું ચલણ હોય તે

અધ્યક્ષ [સં.] = મુખ્ય અધિકારી; પ્રમુખ

ચક્રવર્તી [સં.] = અનેક દેશો ઉપર રાજ્ય કરનાર

પરાભવ [સં.] = પરાજય; હાર

વ્યાધિ [સં.] = રોગ; પીડા

ઠાઠડી = શબને ઉપાડી જવાની વાંસની બનાવટ

જરા [સં.] વૃદ્ધાવસ્થા; ઘડપણ

રાહુ [સં.] = એક ગ્રહ; તે ચંદ્રને ગળે છે તેથી ગ્રહણ થાય છે એમ મનાય છે

પૌત્ર [સં.] = પુત્રનો પુત્ર

શાશ્વત [સં.] = સનાતન; હંમેશ ટકનારું; કાયમી

મહાભિનિષ્ક્રમણ [સં.] = મહા–મોટું અભિનિષ્ક્રમણ – બહાર નીકળવું તે; મહાન ગૃહત્યાગ

બુદ્ધ [સં.] = જાગેલો; જેને બોધ – જ્ઞાન પ્રાપ્ત થયું છે તે; જ્ઞાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

નાગદમન

[ગોકુળ પાસે યમુના નદીમાં એક મોટા ધરામાં કાળીનાગ રહેતો હતો. તે એવો ઝેરી હતો કે ધરાનું પાણી પણ ઝેર ઝેર થઈ ગયું હતું. આ તો ત્રાસ જ કહેવાય, કેમ કે ગોવાળિયા અને તેમની ગાયો ત્યાંથી પાણી પીએ તો મરી જાય. તેથી શ્રીકૃષ્ણે કાળીનાગને ધરામાંથી કાઢવા મનસૂબો કર્યો, અને ધરામાં પડતું મૂક્યું. નાગ તે વખતે ઊંઘી ગયો છે; તેની નાગણ, નાગથી બચવું હોય તો, બાળક કૃષ્ણને નાસી જવાનું કહે છે; ત્યાંથી આગળની વાત નરસિંહ મહેતાના આ સુંદર કાવ્યમાં છે, તે હવે ગાતા જાઓ ને જાણો.]



जळकमळ छांडी जाने बाळा, स्वामी अमारो जागशे;
जागशे तने मारशे, मने बाळहत्या लागशे. जळ० १

कहे रे बाळक, तुं मारग भूल्यो ? के तारा वेरीए वळावियो ?
निश्चे तारो काळ ज खूटयो; अहींयां ते शीद आवियो ? जळ० २

नथी नागण, हुं मारग भूल्यो, नथी मारा वेरीए वळावियो;
मथुरा नगरीमां जूगटुं रमतां, नागनुं शीश हुं हारियो. जळ० ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रंगे रूडो, रूपे पूरो, दीसंतो कोडीलो कोडामणो;
तारी माताए केटला जनम्या, तेमां तुं अळखामणो ? जळ० ४
मारी माताए बेउ जनम्या, तेमां हुं नटवर नानडो;
जगाड तारा नागने, मारुं नाम कृष्ण कहानडो. जळ० ५
लाख सवानो मारो हार आपुं, आपुं रे तुजने दोरियो;
एटलुं मारा नागथी छानुं, आपुं तुजने चोरीओ. जळ० ६
शुं करुं नागण, हार तारो ? शुं करुं तारो दोरियो ?
शाने काजे नागण, तारे करवी घरमां चोरीओ ? जळ० ७
चरण चांपी, मूछ मरडी, नागणे नाग जगावियो;
ऊठोने बळवंत, कोई बारणे बाळक आवियो. जळ० ८
बेउ बळिया बाथे वळगिया, कृष्णे काळीनाग नाथियो;
सहस्र फेणा फूंफवे, जेम गगन गाजे हाथियो. जळ० ९
नागण सौ विलाप करे जे, नागने बहु दुःख आपशे;
मथुरा नगरीमां लई जशे, पछी नागनुं शीश कापशे. जळ० १०
बेउ कर जोडीने वीनवे, स्वामी, मूको अमारा कंथने;
अमे अपराधी कांई न समज्यां, न ओळख्या भगवंतने. जळ० ११
थाळ भरीने नागणी सर्वे, मोतीडे श्रीकृष्णने वधावियो;
नरसैंयाना नाथ पासेथी, नागणे नाग छोडावियो. जळ० १२

નરસિંહ મહેતા

સ્વાધ્યાય

૧. યમુના, મથુરા, દ્વારકા, અને નરસિંહ મહેતાનું જન્મસ્થાન — જૂનાગઢ એ સ્થળો નકશામાં જુઓ.

૨. કાળીનાગની પેઠે લોકોને પજવતા કેટલાય અસુર જેવા દુષ્ટોને શ્રીકૃષ્ણે નાનપણમાં માર્યા હતા; તે બધી રસિક વાતો તમે જાણો છો ? ભાગવત-પુરાણના દશમ સ્કંધમાં એ બધી કથાઓ આવે છે.

૩. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંની પેઠે આને પણ મોઢે કરીને ગાવાની મજા પડશે.

પ્રશ્નો

૧. કાળીનાગના ધરામાં આવવાનું કારણ શ્રીકૃષ્ણે શું બતાવ્યું ?

૨. નાગણોએ શ્રીકૃષ્ણ જેવા સુંદર બાળકને ધરામાં આવવાનાં શાં કારણ કલ્પ્યાં હતાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ નીચેનાં વાક્યો વંચાવો —

(૧) તું મારગ ભૂલ્યો.
તું મારગ ભૂલ્યો?

(૨) છગને આજે ખાધું નથી.
છગને આજે ખાધું નથી?

તેવાં બીજાં વાક્યો કહેવા વિદ્યાર્થીઓને પ્રેરો.

¶ તે વાક્યો બોલવામાં કે વાંચવામાં થતા ફેર તરફ તથા તેથી નીપજતા અર્થફેર તરફ પ્રશ્નો દ્વારા ધ્યાન દોરો.

¶ એ વાક્યોમાં શબ્દો એ ને એ જ છે. છતાં ફેર કેમ? બે વાક્યો લખવામાં શો ફેર છે? પૂર્ણવિરામ ક્યાં છે? બીજા વાક્યને અંતે શું છે? — આમ ધ્યાન ખેંચી **પ્રશ્નાર્થચિહ્ન**નો પરિચય આપો.

¶ અંતે પ્રશ્નાર્થચિહ્નવાળું પણ વાક્ય કહેવાય? તેનાથી પૂરેપૂરો અર્થ સમજાય છે?

¶ પ્રશ્નાર્થચિહ્નવાળા વાક્યના દાખલા આપવા કે લખી લાવવા વિદ્યાર્થીઓને કહો.

¶ પ્રશ્નાર્થ વાક્યના આવા દાખલા પણ કહો —

તું શીદ આવિયો?
તમે શું કામ આવ્યા છો?

¶ પ્રશ્નાર્થ વાક્યોને અંતે પ્રશ્નાર્થનું આવું (?) ચિહ્ન ન હોય તો તે ભૂલ કહેવાય. પૂર્ણવિરામ અહીં ન ચાલે.

[૨. ઇતર]

૧. નરસિંહ મહેતા ગુજરાતીના આદિ કવિ ગણાય છે તે વિષે વિદ્યાર્થીઓને કહેવું. વાલ્મીકિ સંસ્કૃત ભાષાના આદિ કવિ ગણાય છે.

૨. શ્રીકૃષ્ણના પરાક્રમી બાળપણની વાતો કહેવી. ભગવદ્‌ગીતા પણ શ્રીકૃષ્ણે અર્જુનને સંભળાવી હતી એનો ઉલ્લેખ કરી શકાય.

૩. અવતાર અંગેની હિંદુ લોકોની માન્યતા વિષે વાત કરવી. ગીતામાં અવતારનું જે કારણ બતાવ્યું છે — ધર્મનું સંસ્થાપન અને અધર્મનો નાશ — એ સ્પષ્ટ કરવું.

અઘરા શબ્દો

નાગદમન [સં.] = નાગનું દમન કરવું — તેને કાબૂમાં લાવવો તે

જળકમળ = કમળોથી ભરેલો પાણીનો ધરો

બાળહત્યા = બાળકને માર્યાનું પાપ

કોડીલો કોડામણો = કોડ–ઉમેદ–ઉમંગ ભર્યો

દોરિયો = ગળાનું એક ઘરેણું

નાથવું = (બળદની પેઠે) નાકમાં દોરી પરોવીને અંકુશમાં આણવું

સહસ્ર [સં.] = હજાર

હાથિયો = હસ્ત નામે નક્ષત્ર; તે નક્ષત્રનો મેઘ (તે બહુ ગાજે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

'પહેલું સુખ તે જાતે નર્યા'

આ દુનિયામાં આપણે જો કોઈ મોટામાં મોટી મૂડી લઈને અવતર્યા હોઈએ, તો તે આપણું શરીર છે. એક સંસ્કૃત વાક્ય છે કે, 'शरीरमाद्यं खलु धर्मसाधनम्'—શરીર એ ધર્મનું પહેલું સાધન છે. શરીર વિના ધર્મ, કર્મ વગેરે કશું થઈ ન શકે. તેથી જ ચતુર લોક કહી ગયા છે કે, 'પહેલું સુખ તે જાતે નર્યા'.

આ સંબંધમાં એક બીજી યાદ રાખવા જેવી વાત પ્રાચીન ગ્રીક લોકોએ કહી છે. તે એ છે કે, મનની શક્તિનો આધાર સંગીન શરીર-શક્તિ પર છે. જો શરીર સારું ન હોય, તો મનની સંગીનતા મેળવવી મુશ્કેલ છે. શરીર અને મન એકમેકને મદદ કરે, તો જ બેઉ સાજાંસમાં ચાલી શકે છે.

તેથી કરીને શરીર-મનનું આરોગ્ય દરેક માણસ માટે મહત્ત્વની વસ્તુ છે. પણ તે વિષે આપણે કેટલું ઓછું ધ્યાન આપીએ છીએ? દી૦ બ૦ અંબાલાલ સાકરલાલ દેસાઈ આપણા એક પ્રખ્યાત વિદ્વાન પુરુષ થઈ ગયા. તેમણે આ વિષે પોતાના વ્યાખ્યાનમાં કેટલીક વાતો કહી છે, તે હવે સાંભળો:—

"જેમ રાજ્યના કાયદા હોય છે, તેમ શરીરના પણ કાયદા છે. ભજિયાં સારાં થયાં છે માટે વધારે ખાઈએ; પણ ભાઈઓ, પાચનના પણ કાયદા છે. જઠરનો એવો નિયમ છે કે, કોઈ ખોરાક ખાધા પછી તેને પચતાં છ કલાક થાય છે. તેથી ખાધા પછી છ કલાક સુધી બીજી વાર ન ખાવું જોઈએ. એક વાર દાળ ઓરી હોય અને તે પછી અર્ધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાકે તરત બીજી તેમાં ઉમેરીએ, તો બેમાંથી એક પણ ચડે નહિ; તે પ્રમાણે કોઠાનું પણ છે.

શું ખાવું, કેટલું ખાવું, અને ક્યારે ખાવું, તેના પણ નિયમ છે. એ નિયમો પાળવાથી માણસ નીરોગી રહી શકે છે અને લાંબું આયુષ્ય પણ ભોગવી શકે છે. નિયમસર જ, ભૂખ લાગે ત્યારે, ભૂખ જેટલું, અને ગુણકારી જ ખાવું જોઈએ. દેખ્યું એટલું ખાવું નહિ. લોકો આરિયાં અને એવી વસ્તુઓ રસ્તામાં ખાવા મંડી પડે છે, પણ ઈશ્વરી નિયમનો ભંગ થશે તો શિક્ષા થવાની જ.

બીજી વાત ચાવીને ખાવાની છે. કોઈ કહેશે કે, શું અમે ચાવ્યા વગર ખાતા હોઈશું ? હા, એમ જ છે. સોએ પંચોતેર ટકા બરાબર ચાવતા નથી. ચાવવું એ તો એક વિદ્યા છે. આખો દાણો પેટમાં જાય તેથી નુકસાન થાય છે. રસ થઈને જાય તો જ તે લોહી સાથે એકરસ થાય; અને ચાવીએ તો જ થૂંકના પદાર્થ સાથે મળી રસ થાય. વૈદ્યો કહે છે કે, દરેક કોળિયો ઓછામાં ઓછો ચાળીસ વાર ચાવવો જોઈએ.

શરીરના કાયદા પાળવાને કાંઈ આખું વૈદક ભણવું પડતું નથી. તાવ આવવો, માંદા પડવું, રોગી થવું કે નીરોગી રહેવું, એ મનુષ્યના પોતાના હાથમાં છે, એમ હું માનું છું. રોગનાં કારણો કેટલાંક આપણા પંડના આહારવિહારને વળગી રહ્યાં છે; કેટલાંક કારણો બહારનાં છે, એટલે કે, હવાપાણીના વિકારને લીધે થાય છે. બહારનાં કારણો દૂર કરવા માટે સાર્વજનિક ઉપાયો લેવા પડે છે. તેવા ઇલાજ હાલ શહેરોમાં સુધરાઈખાતું લેવાનો પ્રયત્ન કરે છે. એવા ઇલાજ સર્વત્ર લેવાવા જોઈએ. પરંતુ તેવાં કારણો વિષે એક વાત યાદ રાખવાની છે તે એ કે, શરીરપ્રકૃતિ સુદૃઢ કરી હોય, તો બહારનાં કારણો સામે આપણે સારી રીતે ટક્કર લઈ શકીએ છીએ. વળી દારૂ, ભાંગ, ગાંજો, તમાકુ, અફીણ વગેરે વ્યસનોથી દૂર રહેવાથી શરીર સારું રહી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર સારું રાખવાને દરેક જણને કસરતની ખાસ જરૂર છે. સૃષ્ટિનો નિયમ જ છે કે, મનુષ્ય જેટલી મહેનત કરે છે તેટલું તે ખાઈ શકે છે. કાં શ્રીમંત, કાં ગરીબ, કાં રાય, કાં રંક, જેટલી મહેનત કરે તેટલી જ તેને ભૂખ લાગે, અને જેટલી ભૂખ લાગે તેટલું જ તે ખાઈ શકે. કસરત કરશો તેટલું જ પચાવશો, અને પચાવશો એટલું જ તમારું છે. ઘરમાં કોઠીઓ ભરેલી હશે, પણ તમે મહેનત કરશો એટલું જ પચાવી શકશો. બધી મહેનત સરખી છે. ટોપલો ઉપાડો તો ગેરઆબરૂ અને ગોળ ઉપાડો તો સારું, એમ હોય નહિ. મારા બાપાના કાકા ગોરધનકાકા અલીણેથી અમદાવાદ સુખડી ને લોટો લઈ ચાલતા આવતા અને કામ પરવારી સાંજના વાળુ વખતે અલીણે જતા. અત્યારે આપણું ધોરણ બે માઈલને શુમારે છે. અસલના લોકોમાં તો લાડુ પણ ડઝનથી ઓછા ન ખાય એવા ઘણાય હતા. એ આપણા ઘરડાઓએ તો ધાડો પાછી વાળી છે, ને આપણે તો ભય હોય તો પોલીસ-પાર્ટી માગીએ છીએ!

શરીર સુદૃઢ કરવાને બ્રહ્મચર્ય સૌ કરતાં ઉત્તમ ઉપાય છે, એ આપણા પૂર્વજોએ અનુભવ કરીને સિદ્ધ કરી આપ્યું છે, અને હાલ અનુભવ કરવાથી સિદ્ધ થાય છે. ખોરાકથી કે કસરતથી શરીર સુદૃઢ થાય તે કરતાં બ્રહ્મચર્યથી વધારે સુદૃઢ થાય છે. વિદ્યાર્થી પૂરેપૂરું ભણી રહે ત્યાં સુધી તો તેણે બ્રહ્મચર્યનું યોગ્ય રીતે પાલન કરવું જ જોઈએ. તેથી જ વિદ્યાભ્યાસના સમયને બ્રહ્મચર્યાશ્રમ કહ્યો છે.

સ્વચ્છતા એ પણ શરીરનીતિનો એક અગત્યનો ભાગ છે. બાહ્ય શૌચ એટલે બહારની ચોખ્ખાઈના નિયમો એટલા જ માટે આપણા ધર્મમાં દાખલ કરવામાં આવેલા છે કે, કાંઈ નહિ તો ધર્મને નિમિત્તે એ નિયમોનું બરાબર પાલન થાય.

હું એક બીજી અનુભવસિદ્ધ સલાહ આપીશ, તે સહુ વિદ્યાર્થીઓએ ગ્રહણ કરવા જેવી છે. સ્નાન કર્યા પછી દરેક બાળક અને બાલિકાએ સૂર્યને નમસ્કાર કરવાની ટેવ પાડવી. જેઓ ધર્મમાં માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે તેમ માનવું અને ન માને તેમણે કસરત થશે એમ માની એ કરવું. આ કસરત કરવામાં કશો બાધ આવે એમ નથી."

સ્વાધ્યાય

૧. શરીર સારું રાખવાને માટે કયા કયા નિયમો પાળવાનું આ પાઠમાં કહ્યું છે તે તારવી કાઢો; તે વિષે તમે પોતે કેટલું પાળો છો તેનો વિચાર કરો; આગળ વધવા ધ્યાન રાખો.

૨. વ્યસન એટલે શું? તમારા ઘરમાં, ગામમાં કયાં કયાં વ્યસનો છે?

૩. સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈ (ઈ. સ. ૧૮૪૪–૧૯૧૪) જાતે બ્રહ્મક્ષત્રિય હતા. બ્રહ્મક્ષત્રિયોનું મૂળ વતન ખેડા જિલ્લામાં અલીણા ગામ; ત્યાંથી તેમના વડવાઓ અમદાવાદમાં આવીને વસેલા.

પ્રશ્નો

૧. શરીર નીરોગી હોવું તેને શાથી 'પહેલું સુખ' ગણ્યું છે?

૨. ખોરાક ચાવીને ખાવાની શી જરૂર?

૩. સૂર્યનમસ્કાર એટલે શું? તમે કરો છો?

વ્યાકરણ

¶ શબ્દો અમુક રીતે ગોઠવીને તે દ્વારા આપણે આપણા વિચાર પ્રગટ કરીએ છીએ. એમ ગોઠવેલા શબ્દો દ્વારા પૂરી એક વાત કે વિચાર કહીએ છીએ. અથવા કશું પૂછવું હોય તો પૂછીએ છીએ. આ રીતે વાપરેલા શબ્દોના જોડાણને વાક્ય કહે છે.

¶ વાક્ય સામાન્ય રીતે એકથી વધારે શબ્દોનું બનેલું હોય છે. છતાં કેટલીક વાર એક શબ્દથી પણ આખો વિચાર દર્શાવી શકાય છે. જેમ કે — 'ખા', 'બેસ', 'વાંચ'. તેનેય વાક્ય ગણવું જોઈએ.

¶ વાક્યમાં વપરાયેલા શબ્દો અમુક સંબંધમાં એકબીજા સાથે જોડાયેલા હોય છે. ફાવે તેમ ખડકેલા શબ્દોનું વાક્ય ન બને.

¶ આમ શબ્દો વાક્યમાં એકમેક સાથે જોડાઈને કામ કરે છે. તેવા દરેક શબ્દને પદ કહે છે.

શિક્ષકોને

૧. વ્યાકરણના વિભાગમાં કહેલી બાબત વિષે પ્રશ્નો પૂછીને તથા દાખલા માગીને પુનરાવર્તન કરાવવું.

૨. ઠાંસીને ન ખાવું — એ વિષે આગળ પાઠ છે. તેની વાત અહીં કહેવી.

૩. શરીરના જુદા જુદા અવયવો તથા તેમની ક્રિયાઓ અંગે આના અનુસંધાનમાં કહેવું. 'ખોરાક કેવી રીતે પચે છે?' (ચોથી ચોપડી), 'આપણું લોહી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(છઠ્ઠી ચોપડી), 'રુધિરાભિસરણ' (સાતમી ચોપડી) વગેરે સામગ્રીનો ઉપયોગ અહીં કરી શકાય.

૪. શાળામાં વ્યાયામ પ્રવૃત્તિ થતી હોય તેનું મહત્ત્વ આ પાઠના અનુસંધાનમાં સચોટપણે દર્શાવવું. સૂર્યનમસ્કારની કસરત બાળકોને પ્રત્યક્ષ બતાવવી.

૫. ગ્રીક લોકો શરીરની સુદૃઢતાના પૂજારી હતા. શરીરસૌષ્ઠવની અનેક સુંદર પ્રતિમાઓ તેમણે ઘડી છે. સિકંદર ગ્રીક બાદશાહ હતો. તેનો ઉલ્લેખ કરી ગ્રીક લોકોની માહિતી આપવી.

૬. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ એ ચાર આશ્રમોની જીવન-વ્યવસ્થા વિષે વાત કરવી.

અઘરા શબ્દો

નર્યા = નીરોગી; સાજાસમા; તંદુરસ્ત
આરિયાં = એક જાતની કાકડી; ચીભડું
પંડ = પોતાનું શરીર
વિકાર [સં.] = બગાડ
સાર્વજનિક [સં.] = સર્વ લોકો સંબંધી; બધા લોકોનું કે તેમને માટેનું કે લગતું
સુધરાઈ = મ્યુનિસિપાલિટી; શહેરની સફાઈ, આરોગ્ય વગેરે સુધરાઈનું ધ્યાન રાખવાનું કામ કરતી સંસ્થા
પ્રકૃતિ [સં.] = સ્વભાવ; તબિયત
બ્રહ્મચર્ય [સં.] = ઇંદ્રિયોને કાબૂમાં રાખવી તે; કુંવારા રહેવું તે
શૌચ [સં.] = સ્વચ્છતા; સફાઈ

૯

અવલોકન કરવાની ટેવ

એક ફકીર વનવગડામાંથી પસાર થતો હતો. એવામાં એક વેપારી તેને સામો મળ્યો. તેણે પૂછ્યું : "ફકીરબાબા, તમે આટલામાં ક્યાંક ઊંટ જતું જોયું?"

ફકીરે કહ્યું : "તેની જમણી આંખ ફૂટેલી છે? તે ડાબે પગે ખોડું છે? તેનો આગલો એક દાંત પડી ગયો છે? તેની એક બાજુએ મધ લાદ્યું છે તથા બીજી બાજુએ ઘઉં લાદ્યા છે?"

ફકીરના આ સવાલ સાંભળી વેપારી રાજી થતો બોલી ઊઠ્યો : "ફકીરબાબા, એ જ મારું ઊંટ! તમે તેને ક્યાં જોયું? અમે સૌ ક્યારના તેને શોધ્યા કરીએ છીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકીર બોલ્યો : "પણ મેં તમારું ઊંટ તો જોયું નથી."

ફકીરનો આ જવાબ સાંભળી પેલા વેપારીને થયું કે, નક્કી આ ફકીરે મારા ઊંટને જોયું તો છે; પણ તેના ઉપરના માલની લાલચે તે મને બતાવવા માગતો નથી. તેણે જરા કડકાઈથી ફકીરને કહ્યું : "ડાહ્યા થઈ મારું ઊંટ મને આપી દો; તેના ઉપર કીમતી ઝવેરાત પણ હતું. જો નહિ આપો, તો પકડીને રાજા પાસે લઈ જવા પડશે."

ફકીર બોલ્યો : "અરે શેઠજી, હું તમને ખરું કહું છું કે, મેં તમારું ઊંટ જોયું જ નથી; તો પછી તેના ઉપરના જવાહિરની તો વાત જ શી?"

પેલો વેપારી હવે ગુસ્સે થઈ ગયો. તેણે પોતાના માણસોને કહ્યું કે, આ ફકીરને પકડીને રાજા પાસે લઈ ચાલો.

રાજાએ ફકીરની ઝડતી લેવરાવી, પણ કશું જવાહિર તેની પાસેથી નીકળ્યું નહિ. છતાં, ફકીરે ઊંટનું જે વર્ણન આપ્યું તે તો બરાબર પેલા વેપારીના ઊંટનું જ હતું. તેથી તેણે એ ઊંટ જોયું નથી એ વાત તો કેમ મનાય? તેની ઉપરના જવાહિરની લાલચે તેણે તેને ચોક્કસ ક્યાંક સંતાડી દીધું છે, એમ માની રાજાએ તેને સખત શિક્ષા કરવાનો હુકમ કર્યો.

રાજાનો હુકમ સાંભળી ફકીર બોલ્યો : "રાજાજી, રહેમ કરીને મારી વાત પહેલી સાંભળો. ખરેખર, મેં ઊંટ જોયું નથી. વાત એમ છે કે, હું વનવગડામાં કેટલાંય વરસથી રહું છું. મને બધું અવલોકન કરીને જોવાની ટેવ છે. આજે સવારે જ્યારે હું વગડામાં જતો હતો, ત્યારે મેં જમીન ઉપર ઊંટનાં પગલાં જોયાં. પરંતુ તેની સાથે માણસનાં પગલાં ન હતાં. એ ઉપરથી મેં માન્યું કે, તે ઊંટ તેના માલિક પાસેથી છૂટું પડી ગયેલું હોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પગલાંના માર્ગની એક જ બાજુનાં ઝાડનાં પાંદડાં કરડેલાં હતાં. તે પરથી મેં માન્યું કે, તે ઊંટ એક આંખે કાણું હોવું જોઈએ.

"તેનાં પગલાંમાંનું એક બાજુનું પગલું જરા આછું દેખાતું હતું. તે ઉપરથી મેં ધાર્યું કે, તે એક પગે લંગડું હશે.

"તેણે જે પાંદડાં કરડ્યાં હતાં, તે પાંદડાંનો વચમાંનો થોડો ભાગ લટકતો રહી ગયો હતો. તે પરથી મેં માન્યું કે, તેનો આગલો એક દાંત પડી ગયો હશે.

"તેના માર્ગની એક બાજુએ ઘઉં વેરાયેલા હતા અને બીજી બાજુએ માખીઓ બણબણતી હતી. એ ઉપરથી મેં અનુમાન કર્યું કે, તે ઊંટની એક બાજુએ ઘઉં લાદ્યા હશે અને બીજી બાજુએ મધ લાદ્યું હશે.

"કોઈ માણસ તેની ઉપર બેઠું હોય તો ઘઉં કે મધ નીચે પડવા ન દે. એ ઉપરથી પણ મેં માની લીધું કે, તે ઊંટ એકલું તેના ધણી પાસેથી નાઠું છે. થોડે દૂર જતાં આ વેપારી મને સામો મળ્યો અને ઊંટ વિષે પૂછવા લાગ્યો. મેં તેને ઉપર પ્રમાણે ઊંટનું વર્ણન કહ્યું. તે ઉપરથી તેને લાગ્યું કે, તેનું ઊંટ મેં જોયું છે, પણ જવાહિરની લાલચે હું તેને બતાવતો નથી. પરંતુ રાજાજી, હું સાચું કહું છું કે, મેં ઊંટ જોયું પણ નથી કે સંતાડ્યું પણ નથી."

રાજાને આ સાંભળી ખાતરી થઈ કે, ફકીરે ખરેખર ઊંટ જોયું નથી કે સંતાડ્યું નથી. તેણે ઊંટ વિષે જે કહ્યું તે અવલોકન કરવાની ટેવ ઉપરથી જ કહ્યું હતું. રાજાએ ફકીરને છોડી મૂકવાનો હુકમ કર્યો અને તેની ટેવનાં ખૂબ વખાણ કર્યાં.

સ્વાધ્યાય

૧. ઉપરચોટિયાપણે જોવું અને અવલોકન કરીને જોવું — એ બે વચ્ચેનો ફેર શો? અવલોકન કરીને જોવાથી વસ્તુનું વધારે જ્ઞાન થાય, એ શાથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગુનેગારની જે કાંઈ થોડીઘણી નિશાનીઓ રહી ગઈ હોય તે ઉપરથી અવલોકન કરીને ગુનેગાર વિષેની માહિતી મેળવવાની પોલીસ–વિદ્યા ખીલી છે, તે જાણુતા હશો.

૩. સાચું અવલોકન કરવું અને જ્યાં ત્યાં ડાફરિયાં મારવાં, એ બે જુદી વસ્તુઓ છે. તે બે વચ્ચેનો તફાવત સમજવો જોઈએ.

પ્રશ્નો

૧. ફકીરે ઊંટ વિષેની માહિતી કઈ કઈ નિશાનીઓને આધારે મેળવી, તે કહો.

૨. ફકીરે પોતાનું ઊંટ સંતાડયું છે, એવું વેપારીએ શા ઉપરથી માન્યું?

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ વાકચમાં વપરાતાં પદોના મુખ્ય પાંચ વિભાગ પડે છે: (૧) નામ; (૨) સર્વનામ; (૩) વિશેષણ; (૪) અવ્યય; (૫) ક્રિયાપદ.

¶ તે બધાંની સામાન્ય ઓળખ આપવા માટે થોડા દાખલા આપવા. જેમ કે:—

(૧) **મનુ** વાંચે છે.
(૨) **તે** ઇતિહાસ વાંચે છે.
(૩) તે **નાનું** પુસ્તક વાંચે છે.
(૪) તે **જલદી** વાંચે છે.
(૫) છગન **લખે છે.**

પહેલા વાકચમાં 'મનુ' એ **નામ** છે.
બીજા વાકચમાં 'તે' **સર્વનામ** છે.
ત્રીજા વાકચમાં 'નાનું' **વિશેષણ** છે.
ચોથા વાકચમાં 'જલદી' **અવ્યય** છે.
પાંચમા વાકચમાં 'લખે છે' **ક્રિયાપદ** છે.

¶ આ રીતે બીજાં વાકચોમાંથી પદોનાં નામ વગેરે વિભાગો વિષે સામાન્ય પરિચય કરાવવો.

[૨. ઇતર]

૧. વિદ્યાર્થીઓને પર્યટને લઈ જાઓ ત્યારે તેમને અવલોકન કરીને જોવાની ટેવ પાડવી.

૨. ગામ કે શાળાને લગતી કોઈ બાબત વિષે અવલોકન કરીને વિદ્યાર્થીઓ વિગતો આપે તેમ ગોઠવી શકાય.

અઘરા શબ્દો

અવલોકન [સં.] = નિરીક્ષણ — તપાસ કરીને જોવું તે

લાદવું = સામાન ભરવો; ખડકવું (જનાવરની પીઠ પર)

ઝડતી = બારીક તપાસ

જવાહિર [અ.] = હીરામાણેક વગેરે ઝવેરાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સાગર



खारां खारां ऊस जेवां, आछां आछां तेल;
पोणी दुनिया उपर एवां पाणी रेलमछेल !
आरो के ओवारो नहि, पाळ के परथारो नहि;
सामो तो किनारो नहि,
पथराया ए जळभंडार सभर भर्या. १

आभना सीमाडा परथी, मोटा मोटा तरंग ऊठी,
वायुवेगे आगळ धाय ने अथडाता पछडाता जाय !
घोर करीने घूघवे गरजे सागर घेरे रवे;
किनाराना खडको साथे धींगामस्ती करतो करतो,
फीणथी फूंफाडा करतो, ओरो आवे, आघो थाय,
ने भरतीओट करतो जाय. २

ऊंडो ऊंडो गजब ऊंडो !
माणस डूबे, घोडा डूबे; ऊंचा ऊंचा ऊंट डूबे !
हाथी जेवां तूत डूबे !
किल्लानी किनार डूबे, महेलना मिनार डूबे !
ताड जेवां झाड डूबे, मोटा मोटा पहाड डूबे !
गांडो थईने रेले तो तो आखी दुनिया जळबंबोळ, जळबंबोळ ! ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एनां पाणी एनुं पेट, एवां मोटां जबरदस्त !
नानी नानी माछलीओना थाय मोटा मगरमच्छ !
चंद्रनी ज्यां दृष्टि पडे, त्यां तो पाणी हेले चडे;
आखो सागर ऊंचो थाय – मोजांथी छलकाई जाय. ४

शंख, सीप, परवाळां ने बीजी चीजो पारंपार;
मोघामूलां रत्नोनो ए भारेमां भारे भंडार !
हजारो नदीओ जई रेडे, कायम तेमां मीठां नीर;
तोय एनां सदाय खारां पाणी दीसे शां गंभीर ! ५

अपार जळ एमांथी सिंची मेघ बधी दुनियाने पाय;
तोय छलाछल छलकातो ए एवो ने एवो देखाय !
विशाळ लांबो पहोळो ऊंडो एवो मोटो गंजावर !
एना जेवुं कोईये न मळे !
महासागर तो महासागर ! ६

ત્રિભુવન વ્યાસ

સ્વાધ્યાય

૧. કવિ ત્રિભુવન વ્યાસનાં ‘બાળગીતા’ તમે વાંચજો.

૨. તમે કદી સાગર જોયો છે? કવિ કહે છે તેવું તમને ત્યાં દેખાયેલું? ફરી જુઓ ત્યારે હવે એવું ત્યાં દેખાય છે કે કેમ તે જોજો. કયા કયા મહાસાગરનાં નામ તમે જાણો છો?

૩. સામાન્ય માણસ જુએ અને કવિ જુએ તે એમાં કેવો ફેર રહેલો છે! સામાન્ય માણસ કરતાં કવિને કંઈક જુદા પ્રકારનું જ દેખાય છે.

૪. હજારો નદીઓનું મીઠું પાણી સાગરમાં કાયમ ઉમેરાતું રહેતું હોવા છતાં તે ખારો ને ખારો શા માટે રહે છે? સૂર્યની ગરમીથી પાણીની વરાળ થઈ ઊંચી જતી રહે છે, અને ક્ષાર વગેરે સાગરમાં એકઠાં થતાં જાય છે.

પ્રશ્નો

૧. તમે સાગર જોયો છે? ક્યાં આગળ? તમારા શબ્દોમાં તેનું વર્ણન કરો.

૨. ભરતી ઓટ શાથી થાય? મેઘ અને દરિયા વચ્ચે શો સંબંધ?

૩. નવું પાણી ઉમેરાતું હોવા છતાં સમુદ્ર ઊભરાઈ કેમ જતો નથી?

૪. ઊસ તમે જોયો છે? તેનો સાબુ બને એ જાણો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

¶ નીચેનું વાક્ય જુઓ :—

મનુ વાંચે છે.

એ વાક્યમાં કોણ વાંચે છે એમ કહ્યું છે?

મનુ વિષે કહ્યું છે કે તે વાંચે છે.

અહીં 'મનુ' એ નામ છે. કોનું નામ છે? એક છોકરાનું નામ છે. એવાં બીજાં નામ કહો.

¶ નીચેનાં વાક્યોમાંથી નામ શોધી કાઢો :—

(૧) કુમુદ ખાય છે. (કોણ ખાય છે?)

(૨) કેરી મીઠી છે. (શું મીઠું છે?)

(૩) ઘોડો દોડે છે. (કોણ દોડે છે?)

(૪) પાણી ખારું છે. (શું ખારું છે?)

(૫) નદી વહે છે. (શું વહે છે?)

¶ આવાં બીજાં નામો કહો.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ નામ વિષે બરાબર સમજ આપવા માટે આ પ્રમાણે પૂછપરછ કરવી:—

(૧) મારું નામ શું છે? મનુભાઈ.

(૨) (ચાક બતાવી) મારા હાથમાં જે છે, તેનું નામ શું? ચાક.

(૩) તમે જેના વડે લખો છો તેનું નામ શું? પેન.

એ પ્રમાણે કૂતરો, વાંદરો, ઘઉં, પાણી, હવા, ચોપડી વગેરે **નામો** કઢાવવાં.

[૨. ઇતર]

૧. કવિતા મોઢે કરાવવી; છોકરાંઓને ગાવાની મજા પડશે.

૨. સમુદ્રના ખારા પાણીને સૂકવીને તેમાંથી મીઠું બનાવાય છે એ કહેવું. મુંબઈ, ખારાઘોડા વગેરે ઠેકાણે મીઠાના અગર છે તેની વાત કહેવી.

૩. સમુદ્ર રત્નાકર શાથી કહેવાય છે તે સમજાવવું. મોતી, પરવાળાં વગેરે કીમતી વસ્તુઓ તેમાંથી મળે છે. એટલે એ રત્નોની ખાણ છે. દેવદાનવોએ સમુદ્રમંથન કરીને ૧૪ રત્નો મેળવેલાં તે વાત અહીં કહી શકાય.

અઘરા શબ્દો

પરથારો = ઓવારાનાં પગથિયાંમાં થોડે થોડે અંતરે આવતું પહોળું પગથિયું

સભર = પૂરેપૂરું ભરેલું; ભરપૂર

ઓરો = પાસે; નજીક

તૂત = મોટી ગપ (પણ કાવ્યમાં તો ખાલી મોટું તોતિંગ એવો અર્થ છે.)

હેલો = ઊછળવાનો ધક્કો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

વિનોદી ટુચકા

૧

મોટાભાઈ—ધીરુ, મેં આપેલા બંને કાગળો ટપાલમાં નાખ્યા કે?

ધીરુ—હા, પણ તમે ટિકિટો ખોટી ચોડેલી. ઇંગ્લંડના કાગળ ઉપર બે આનાની, અને મુંબઈના કાગળ ઉપર સાડા ત્રણ આનાની.

મોટાભાઈ—અરે, એ તો ભારે થઈ! હવે શું થશે?

ધીરુ—ચિંતા ના કરશો, મેં એનો ઉપાય કરી દીધો છે. બંનેનાં સરનામાં મેં બદલી નાખ્યાં છે.

મોટાભાઈ—અરે ભલા માણસ, પણ મુંબઈનો કાગળ તો તારી ભાભીને તેડવા માટેનો હતો, અને લંડનનો કાગળ સંચા મંગાવવા માટેનો હતો!

૨

ધીરુ—સારામાં સારી ખાણ કઈ?

નાની બહેન—હીરાની! હીરાના બહુ પૈસા મળે.

ધીરુ—નહિ.

નાની બહેન—(વિચાર કરીને) સોનાની!

ધીરુ—નહિ.

નાની બહેન—(વળી વિચાર કરીને) લોખંડની!

ધીરુ—નહિ. સારામાં સારી ખાણ "ઓળખાણ"! એટલે જ્યારે જોઈએ ત્યારે હંમેશાં ખપમાં આવે. બોલ હવે, ઊંડામાં ઊંડી ખાઈ કઈ?

નાની બહેન—સમજ્યા, હવે તો આવડે. મોટામાં મોટી ખાઈ "અદેખાઈ"; માંહી પડયા એટલે પછી નીકળવું ભારે પડે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ધીરુ — બોલ, એક મણના કેટલા શેર?

નાની બહેન — ચાળીસ શેર, વળી!

ધીરુ — અધમણના કેટલા શેર?

નાની બહેન — વીસ શેર વળી!

ધીરુ — તો ગભરામણના કેટલા શેર?

નાની બહેન — (હસતી હસતી) બે જવાબ મેં આપ્યા તો એક જવાબ હવે તું આપ!

૪

એક જણે પોતાની દુકાનના પાટિયા પર લખ્યું હતું કે, "બીજે ક્યાંય છેતરાવા ન જતા, અહીં જ આવજો."

નાની બહેન — ધીરુભાઈ, આપણે આ દુકાને જ ચાલો.

ધીરુ — અરે, જરા બરાબર વાંચ તો ખરી! આ દુકાનદાર તો કહે છે કે, તમારે છેતરાવું હોય તો અહીં જ આવજો!

૫

દાક્તરે દરદીને દવા આપી અને કહ્યું, હલકો ખોરાક ખાજો.

દરદી — દાક્તર સાહેબ, હું ભાત ખાઈ શકું?

દાક્તર — હા.

દરદી — ફૂલકા રોટલી?

દાક્તર — હા, એકાદ બે.

દરદી — મગની દાળ?

દાક્તર — હા.

દરદી — તાંદળજાની ભાજી?

દાક્તર — હા.

દરદી — રીંગણાં-શક્કરિયાંનું શાક?

દાક્તર — હા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદી — તેલ મરચું અને ખટાશ પણ થોડાં ખાઉં તો વાંધો ખરો ?

દાક્તર — ના, હવે કાંઈ વાંધો નથી.

દરદી — ત્યારે હવે મારે ન શું ખાવું ?

દાક્તર — બધું ખાજો, માત્ર દાક્તરનું માથું ન ખાશો !

૬

એક ચીનો પોતાના દોસ્ત સાથે રસ્તે જતો હતો. એવામાં એક કૂતરો તેની પછવાડે ભસતો ભસતો આવ્યો. આથી તે ઘણો ગભરાવા લાગ્યો. તેનો દોસ્ત તે જોઈ બોલ્યો, “ તને પેલી કહેવતની ખબર નથી કે, ‘ ભસતા કૂતરા કરડે નહિ ’ ? ”



ચીનો — તે કહેવતની તો મને ખબર છે.

દોસ્ત — તો પછી ગભરાય છે શાને ?

ચીનો — પણ આ કૂતરાને એ કહેવતની ખબર છે એની શી ખાતરી ? ભસવું ત્યારે કરડવું નહિ, એ ખબર એને ન હોય તો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

એક આંધળો રાતે હાથમાં ફાનસ લઈને જતો હતો. એક મશ્કરાએ તે જોઈ કહ્યું : "ભલા માણસ, આ ફાનસ તારે શા ખપનું છે કે તું હાથમાં રાખીને જાય છે?

આંધળે જવાબ આપ્યો : "તમારા જેવા દેખતાઓ મારી સાથે ટિચાઈ ન પડે તે માટે."

સ્વાધ્યાય

૧. વિનોદ અને ટીખળ એ બે વચ્ચેનો ભેદ સમજો છો? બીજાને પજવીને કે ચીડવીને મેળવેલો આનંદ એ વિનોદ નથી. તેનાથી તો સરવાળે કડવાશ જ વધે છે.

૨. વિનોદ અને હાસ્ય એ મન અને શરીરને પ્રફુલ્લિત રાખવાનાં ઉત્તમ સાધન છે. ગમે તેવા બોજા નીચે દબાયેલા હોઈએ, તોપણ વિનોદથી એનો ભાર દૂર ખસેડી શકાય છે.

પ્રશ્નો

૧. કવર પરનાં સરનામાં બદલવાથી કાગળો કેમ ન બદલાય એ સમજ્યા?
૨. અદેખાઈ એ મોટામાં મોટી ખાઈ શાથી કહેવાય?
૩. 'માથું ન ખાવું' એટલે સમજ્યા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ચીનો કહેવત જાણતો હતો છતાં તે ભસતા કૂતરાથી શાથી ગભરાતો હતો?

૫. અંધારામાં જતાં આંધળાએ ફાનસ શા માટે રાખ્યું હતું?

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ વાક્યમાં કોઈ ને કોઈ વસ્તુ વિષે કાંઈ ને કાંઈ કહેલું હોય છે, એ વાત વિદ્યાર્થીઓને પૂછવી – કહેવી. જેમ કે:—

'મનુ વાંચે છે.' એ વાક્યમાં કોને વિષે શું કહેલું છે? મનુ વિષે એમ કહેલું છે કે, તે વાંચે છે.

એ વાક્યમાં **મનુ** એ '**નામ**' છે.

¶ હવે નીચે આપેલાં વાક્યો જેવા દાખલા આપીને તેમાંથી નામ બતાવવા કહો:—

(૧) **કુમુદ** **પાણી** પીએ છે.

(૨) અમારું **ગામ** **નદી** ઉપર છે.

(૩) **પંખી** ઊડે છે.

(૪) **ગાય** **ઘાસ** ચરે છે.

(૫) આ **ચોપડી** સારી છે.

(૬) આ **ઘઉં** ધોળા છે.

(૭) કોણ **લોઢું** ટીપે છે?

(૮) **આળસ** કરવી નહિ.

(૯) અમે **રમત** રમીએ છીએ.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરમાં આપેલા શબ્દો 'નામ' છે. તે બધાં કોઈ ને કોઈ પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયાનાં નામ છે, એમ વિદ્યાર્થીઓને સમજાવવું.

[૨. ઇતર]

૧. ટુચકાઓ વિદ્યાર્થીઓ જાણી લાવે અને વર્ગમાં કહે એમ કરવું. જ્ઞાતિ–જાતિ વિષે તુચ્છભાવ દર્શાવી હાસ્ય ઊભું કરનારા ટુચકાઓને ઉત્તેજન ન આપવું. વિનોદ નિર્દોષ રહે એ જોવું.

૨. કેટલાંક છોકરાંઓ બીજાંઓને પજવીને કે દુઃખ દઈને આનંદ લેતાં હોય છે. (ગધેડાં, દેડકાં ઇ. ને) તે વસ્તુ સારી નથી એ વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવું. કોઈની લાગણી દૂભવીને કે કોઈને દુઃખ આપીને વિનોદ ન મેળવાય.

અઘરા શબ્દો

વિનોદ [સં.] = મોજ; આનંદ; મજાક; મશ્કરી

ટુચકો = રસ ઊપજે તેવી ટૂંકી વાત કે વાક્ય

માથું ખાવું = બબડાટથી કે પૂછપરછ કરીને હેરાન કરવું; પજવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

મધ્યમ

[હિડિંબવન : આગળ કેશવદાસ, તેની પત્ની, તથા ત્રણ પુત્રો : સૌથી મોટો — જ્યેષ્ઠ, વચલો — મધ્યમ, અને સૌથી નાનો — કનિષ્ઠ; અને પાછળ ઘટોત્કચ પ્રવેશ કરે છે.]

કેશવ૦ — હરિ હરિ ! આ કોણ ? ખાધા તો !

જ્યેષ્ઠ — અરે ! આ કોણ ?

મધ્યમ — અરે ! આ કોણ હશે ?

કનિષ્ઠ — ઓ બાપ રે ! આ પુરુષ કોણ છે ?

બ્રાહ્મણી — ઓ રે ! ભોગ મળ્યા ! ભગવાન ! એ કોણ છે ?

ઘટો૦ — અરે ભલા બ્રાહ્મણ, ઊભો રહે, જરા ઊભો રહે. [સ્વગત] અફસોસ !

જાણું પ્રમાણું મનથી, મહીમાં
છે પૂજ્ય ભૂદેવ સદૈવ સૌના;
તથાપિ આ કાર્ય, અકાર્ય જે છે,
માનું કહેલું, કરવું પડે છે.

કેશવ૦ — આર્યે, સાંભરે છે ? પેલા જળમાં રહી તપ કરતા મુનિદેવે કહ્યું હતું કે, 'આ વન અદ્યાપિ[1] રાક્ષસથી મુક્ત નથી; જાઓ છો તે ભલે, પણ ઝડપ રાખજો ને સાચવજો.'

બ્રાહ્મણી — પણ તમે શા માટે આમ નિરાશ જણાઓ છો ?

કેશવ૦ — નિરાશ ન જણાઉં તો કરું શું ?

બ્રાહ્મણી — એમ કેમ ? આપણે બૂમ પાડીશું.

જ્યેષ્ઠ — માડી, પણ કોને બૂમ પાડીશું ? અહીં તો અંધકારનાં બનાવ્યાં હોય તેવાં શ્યામ રંગનાં ઊંચાં ઊંચાં રાક્ષસી ઝાડ અને મહાઘોર હિંસક પશુ પંખી વિના બીજું હોય કોણ ? આવા

---

૧. 'અદ્યાપિ' એટલે પૂર્વે ભીમસેને હિડિંબાસુર માર્યો હોવા છતાં પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂન્ય નિર્જન વનમાં કોઈ અઠંગ ટેકીલા નર સિવાય બીજું કોણ રહી શકે ?

કેશવ૦ — ટેકી નરના વાસની વાત સાંભળી મારો ભય દૂર થયો. મારા ધારવા પ્રમાણે આટલામાં જ પાસે પાંડવોનો આશ્રમ છે. એ આપણી બૂમ સાંભળી વહારે દોડી આવશે.

જ્યેષ્ઠ — પિતાજી, હું જાણું છું તેમ, પાંડવો આશ્રમમાં નથી.

કેશવ૦ — ભાઈ, તું શા ઉપરથી કહે છે ?

જ્યેષ્ઠ — એમને ત્યાંથી એક બ્રાહ્મણ આવ્યો હતો, તે કહેતો હતો કે, ધૌમ્ય ઋષિ શતકુંડ[1] યજ્ઞ કરે છે, તેનાં દર્શને સિધાવ્યા છે.

કેશવ૦ — અફસોસ ! આપણે હીનભાગ્ય જ છીએ.

જ્યેષ્ઠ — કહે છે કે, માત્ર મધ્યમને[2] આશ્રમ સાચવવા મૂકી ગયા છે.

કેશવ૦ — એ એક છે ત્યારે તો, ઓહો, પાંચેપાંચ પાંડવ છે.

જ્યેષ્ઠ — પણ તે આ ટાણે શરીરને વ્યાયામ આપવા છેટે નીકળી જાય છે, એમ સાંભળવામાં છે.

કેશવ૦ — હરિ હરિ ! હવે ઊગરવાનો આરો નથી. છતાંય આને વીનવી જોઉં.

જ્યેષ્ઠ — પિતાજી, શ્રમ લેશો નહિ; ફોગટ જશે.

કેશવ૦ — વત્સ, આજીજી કરનારો નિરાશા સામું જુએ ખરો ? માટે હું વીનવી તો જોવાનો. [ઘટોત્કચ પ્રતિ] અરે ભાઈ, અમારી કંઈ છૂટાબારી છે ?

ઘટો૦ — હા, એક શરતે છે.

કેશવ૦ — શી શરતે ?

ઘટો૦ — મારાં પૂજ્ય માતુશ્રી છે, તેમણે મને આજ્ઞા કરી છે કે, ‘ભાઈ, વન શોધી વળ અને એકાદ મનુષ્ય લઈ આવ; મારે ઉપવાસનાં પારણાં કરવાં છે.’ તે મુજબ શોધતાં તમે હાથમાં આવ્યાં

૧. સો કુંડવાળો. ૨. ત્રણ કુંતીપુત્રોમાં મધ્યમ એટલે કે વચલો — ભીમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. હવે જો તમારે, સતીને, અને બે પુત્રોને જીવતાં જવું હોય, તો પસંદ કરીને ગમે તે એક પુત્ર મને આપી દો.

કેશવ૦ — અરે હીણા મનુષ્યાહારી રાક્ષસ, શું તું મને અબ્રાહ્મણ ધારે છે? અરે હું તો —

જાણુ છું વેદનો, વૃદ્ધ વિપ્ર છું. દૈત્યના મુખે
સુપાત્ર પુત્રના ત્યાગે, જીવ્યું મેં જાય શા સુખે?

ઘટો૦ — અરે,

તન એક જ માગું તે, ભલા ભૂદેવ! આપ ને,
અન્યથા[૧] તું મૂઓ જાણ, સહકુટુંબ જ આ ક્ષણે.

કેશવ૦ — [પત્નીને] આર્યે, હવે બાકીનાંને બચવાનો એક જ માર્ગ છે ને તે હું લઉં છું. ત્રણે ઋણ[૨] મેં પતવી દીધેલાં છે; એટલે પુત્રોના હિતને ખાતર હું મારું ઘરડું શરીર આ દાનવના મુખમાં હોમું છું.

બ્રાહ્મણી — એમ ન થાય, એમ ન થાય. ભગવાન, તમને ખોઈ હું ધર્મને ખોઉં અને વ્રતને ખોઉં. મારે સ્વામી જ ધર્મ અને સ્વામી જ વ્રત છે. માટે હું જ આ શરીર રાક્ષસને આહાર માટે અર્પીશ, અને આર્યના તથા વત્સોના જીવ ઉગારીશ. મારે હવે શું બાકી રહ્યું છે?

ઘટો૦ — માતુશ્રીને સ્ત્રીશરીર જોઈતું નથી.

કેશવ૦ — એ નહિ, એ નહિ. હું પોતે આવું છું.

ઘટો૦ — છિટ છિટ, ઘરડા ખંખને શું કરે?

જ્યેષ્ઠ — પિતાજી, મારું સાંભળશો? હું કંઈ કહેવા માગું છું.

કેશવ૦ — કહે ભાઈ.

જ્યેષ્ઠ —

પૂજ્યના પ્રાણ, આ મારા પ્રાણે, દીજે[૩] બચાવવા;
કીજે[૪] કુળ તણી રક્ષા, મને, તાત, દઈ જવા.

---

૧. નહિ તો. ૨. દેવઋણ, પિતૃઋણ, મનુષ્યઋણ. ૩. દેજો. ૪. કરજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમ — એ ન ઘટે, મોટાભાઈ. હું જ જઈશ. જગતમાં મોટા પુત્રને શ્રેષ્ઠ કહ્યો છે, તથા પિતૃઓને પણ તે વહાલો હોય છે.[૧] વળી તમે મારા પૂજ્ય કહેવાઓ. એટલે મારે નાનાએ જ જવું યોગ્ય કહેવાય.

કનિષ્ઠ — એમ પણ ન ઘટે, મોટા. મારે જ જવું જોઈએ, ને હું જઈશ.

મુનિઓ તાતને સ્થાને જ્યેષ્ઠ બાંધવને ભણે,
પૂજ્યના રક્ષવા પ્રાણ અધિકાર કનિષ્ઠને.

જ્યેષ્ઠ — વત્સો, એમ ન થાય.

મોટો તે તાતનું કષ્ટ મોડે, માટે જઈશ હું,
મોટાઈ પૂજ્યના પ્રાણ રક્ષવાની લઈશ હું.

કેશવ૦ — હાય હાય! જ્યેષ્ઠ તે કેમ અપાય? પરમ ઇષ્ટ છે એ.

બ્રાહ્મણી — તમે જેવા મોટાને ચાહો છો, તેવી જ હું નાનાને ચાહું છું. હાય હાય! એ પણ કેમ અપાય?

મધ્યમ — [ઘટોત્કચ પ્રતિ] કેમ? તને આ શરીર ખપે છે? હું તૈયાર છું. માબાપને હું ઓછો ઇષ્ટ છું.

ઘટો૦ — ખપે છે. ચાલ જલદી.

મધ્યમ —

મારા પ્રાણે, અહોભાગ્ય, પૂજ્યોના પ્રાણ ઊગરે;
બંધુના અરથે મોંઘું મૃત્યુ ધન્ય મને વરે.

ઘટો૦ — [સ્વગત] અહો, આ તરુણ વિપ્રનો સ્વજન પ્રત્યે કેટલો પ્રેમ છે!

મધ્યમ — પિતાજી, હું પગે લાગું છું.

કેશવ૦ — અહો વત્સ!

ઉગારી નિજના ભોગે, પિતૃભક્ત! વડીલને,
ઠરજે બ્રહ્મલોકે તું, અલભ્ય પુણ્યહીનને.

---

૧. શ્રાદ્ધનો અધિકાર તેને હોવાથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમ — આશિષ માથે ચડાવું છું. માજી, હું પગે લાગું છું.

બ્રાહ્મણી — બેટા, સો વરસનો થજે.

મધ્યમ — આશિષ માથે ચડાવું છું. મોટાભાઈ, નમસ્કાર.

જ્યેષ્ઠ — આવ, આવ, ભાઈ.

ભેટવા દે મને, રે તું ભેટનારા ભલાઈને;
ત્રણે ભુવનને કીર્તિ ભેટશે તુજ, ભાઈ હે!

મધ્યમ — વચન માથે ચડાવું છું.

કનિષ્ઠ — પૂજ્ય ભાઈ, હું પગે લાગું છું.

મધ્યમ — કલ્યાણ થજો.

કનિષ્ઠ — આશિષ માથે ચડાવું છું.

મધ્યમ — [ઘટોત્કચ પ્રતિ] અહો ભાઈ, મારે કંઈક કહેવું છે.

ઘટો૦ — કહે વહેલો.

મધ્યમ — વેગળે વનમાં સરોવર જેવું જણાય છે. ત્યાં જઈ, પરલોકને માર્ગે તૃષા ન પીડે એટલા માટે, પોતાને જલાંજલિ આપવા ઇચ્છું છું.

ઘટો૦ — જા ભાઈ, જા. ધન્ય છે તારા વજ્ર જેવા હૃદયને! માતુશ્રીને ભોજનનું મોડું થાય છે, માટે વહેલો આવજે હોં.

મધ્યમ — આ આવ્યો જાણજો. [જાય છે.]

[થોડી વાર બાદ]

ઘટો૦ — વાર થઈ, પણ વિપ્રકુમાર ન આવ્યો. શું કરવું? માતુશ્રીને ભોજનનું મોડું થાય છે. અરે મહારાજ, બોલાવ તારા પુત્રને.

કેશવ૦ — મારે મોઢે બોલાવું? અલ્યા, તારી જાતને પણ વટાળે એવું આ શું કહે છે તું?

ઘટો૦ — અરે તને માઠું લાગ્યું? ક્ષમા કર, ભાઈ! મારી પ્રકૃતિનો જ દોષ છે. વારુ, તારા દીકરાનું નામ શું?

કેશવ૦ — એ મારે મોંએ સાંભળવાની આશા રાખીશ નહિ.

ઘટો૦ — ઠીક! અલ્યા જવાન, તું કહે તારા ભાઈનું નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યેષ્ઠ—[સાંભળ્યા વિના] ભલો બિચારો મધ્યમ! એ અમારે માટે પ્રાણ આપે છે.

ઘટો૦—[સ્વગત] 'મધ્યમ'; હાં, એ નામ ઠીક છે. એ નામે હું જ એને બોલાવું. [પ્રગટ] અરે ઓ મધ્યમ! વહેલો આવ.

[એવામાં ભીમસેન એક તરફથી પ્રવેશ કરે છે.]

ભીમ૦—અરે, કોણ આ વનવગડે વ્યાયામમાં ભંગ પાડે છે? અને 'મધ્યમ' કહી મને સાદ કરે છે? જાઉં ને જોઉં.

ઘટો૦—[સ્વગત] વિપ્રકુમાર હજુય આવ્યો નહિ. મોટેથી હાક મારું. [પ્રગટ] અરે ઓ મધ્યમ! ચાલ વહેલો.

ભીમ૦—આવું છું.

ઘટો૦—[ભીમસેનને જોઈ સ્વગત] અહો! શું તેજસ્વી સ્વરૂપ છે! [પ્રગટ] ભાઈ, મારે મધ્યમનું કાંમ છે; એને હું બોલાવું છું.

ભીમ૦—તેટલા માટે હું આ આવ્યો ને.

ઘટો૦—શું તું મધ્યમ છે?

ભીમ૦—હા, મધ્યમ છું મધ્યમ.

કેશવ૦—[સ્વગત] આ પોતાને મધ્યમ નામથી ઓળખાવે છે, તે ઉપરથી મારું મન કહે છે કે, મધ્યમ પાંડવ ભીમ જ છે. જાણે અમને મૃત્યુના મુખમાંથી મુકાવવા જ આવી પહોંચ્યો છે!

[એટલામાં કેશવદાસનો મધ્યમ પુત્ર સરોવરથી પાછો આવે છે.]

મધ્યમ—[નજીક આવી પહોંચી] ભાઈ, હું આવ્યો છું.

ઘટો૦—આવ્યો કે મધ્યમ? ચાલ મારી જોડે.

કેશવ૦—[ભીમસેનને શરણે જઈ] અહો ભાઈ, આ બ્રાહ્મણ-કુટુંબ માર્યું જાય છે. રક્ષણ કરો, રક્ષણ કરો.

ભીમ૦—બીશો નહિ. ભૂદેવ, હું મધ્યમ તમને વંદન કરું છું.

કેશવ૦—વાયુદેવ જેવા દીર્ઘાયુ થાઓ.

ભીમ૦—આશિષ માથે ચડાવું છું. કહો તમારે શો ભય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કેશવ૦—સાંભળો: પૂર્વે જ્યાં મહારાજ યુધિષ્ઠિરનું ધર્મરાજ્ય હતું, તે કુરુજાંગલ દેશના યૂપગ્રામનો રહેનારો, કેશવદાસ નામે હું બ્રાહ્મણ છું. મારે યજ્ઞબંધુ નામે એક મામા છે, તે ઉત્તરમાં ઉદ્યામક ગામમાં રહે છે. તેમના પુત્રનું ઉપનયન છે, તે ટાણાસર એમને ત્યાં હું કુટુંબ સાથે જવા નીકળ્યો છું.

ભીમ—સુખે નિર્વિઘ્ન પહોંચી જાઓ.

કેશવ૦—પરંતુ ત્યાં પહોંચતા પહેલાં જમ જેવો આ દૈત્ય ભક્ષ્ય શોધતો, જુઓને, અમારી પૂંઠે પડ્યો છે.

ભીમ૦—એમ? માર્ગે જતાં બ્રાહ્મણને આ દમે છે? ઠીક એની ખબર લઉં. ઊભો રહે, ભાઈ.

ઘટો૦—આ ઊભો, કેમ શું છે?

ભીમ૦—શા માટે તું આ બ્રાહ્મણની પૂંઠે પડ્યો છે? ચાલ જવા દે એને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટો૦—નહિ જવા દઉં. મારા બાપ આવીને 'જવા દે' એમ ધધડાવીને ભલે કહેને, પણ માના કહેવાથી પકડેલાને હું કોઈના કહેવાથી જવા દેવાનો નથી.

ભીમ૦—[સ્વગત] શું? 'માના કહેવાથી પકડેલાને' એમ કહે છે? આ તો ત્યારે માતૃભક્ત સાધુપુરુષ કહેવાય. કેમ જે,

માતા તે જ મનુષ્યોને માન્ય દેવાધિદેવ છે;
વેણુ માતા તણાં વંદી અમે આ વસીએ વને.

[પ્રગટ] ભાઈ, કંઈક પૂછવું છે.

ઘટો૦—પૂછ જલદી.

ભીમ૦—તારાં માનું નામ શું?

ઘટો૦—રાક્ષસી હિડિંબા:

નિશાના ચંદ્રમા જેમ, તેમ પાંડવ મધ્યમ,
જેના સૌભાગ્યના સ્વામી, શૂરા પૂરા કુરૂત્તમ.

ભીમ૦—[સ્વગત] એમ? આ તો હિડિંબાની કૂખનો વત્સ ઘટોત્કચ! ત્યારે તો ગર્વ હોય જ.

કાંતિ, કાઠું અને શૌર્ય, સૌ વડીલ[૧] સમાન છે.
એનું પણ, અરે, ક્રૂર મન કેવું નિદાન છે!

[પ્રગટ] અરે, એને તું જવા દે.

ઘટો૦—નહિ જવા દઉં.

ભીમ૦—હું એને બદલે આવું છું.

મધ્યમ—ના, તમે નહિ, હું જાઉં છું. હું મારા પ્રાણો મારા વડીલોને કાજ અર્પી ચૂક્યો છું. તમે તો ગુણે, રૂપે, યૌવને ચિરકાળ આ પૃથ્વીને સોહાવો.

ભીમ૦—ભૂદેવ, એમ ન જ બને. [ઘટોત્કચ પ્રતિ] ભાઈ, હું વર્ણે ક્ષત્રિય છું. અને આ બ્રાહ્મણ છે, એટલે કે પૂજ્યતમ છે. માટે કરી, બ્રાહ્મણ શરીરને બદલે આ ક્ષત્રિય શરીર હું આપવા ઇચ્છું છું.

---

૧. મુરબ્બી પાંડવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટો૦ — [સ્વગત] ઠીક, આ ત્યારે ક્ષત્રિય છે. ભલે, તો એને જ લઈ જાઉં. [પ્રગટ] ચાલ, ત્યારે તું ચાલ.

સ્વાધ્યાય

૧. ભાસ નામે પ્રખ્યાત સંસ્કૃત કવિ થઈ ગયા. તેમના 'મધ્યમ' નાટકનો ગુજરાતી અનુવાદ સ્વ. સાક્ષરશ્રી કેશવલાલ ધ્રુવે કર્યો છે. આ ભાગ તેમાંથી છે. મૂળ નાટક નાનું અને સરળ છે. રસ પડે તો વાંચજો.

૨. હિડિંબા એ હિડિંબ રાક્ષસની બહેન થાય. પાંડવો વનમાં ફરતા હતા ત્યારે તેના વનમાં થઈને જતાં ભીમનાં હિડિંબા સાથે લગ્ન થયેલાં. તેનો પુત્ર તે ઘટોત્કચ.

૩. કુંતીના ત્રણ પુત્રો — યુધિષ્ઠિર, ભીમ, અર્જુન. તેમાં ભીમ વચલો હોઈ, 'મધ્યમ' નામે પણ ઓળખાતો.

પ્રશ્નો

૧. એકલો ભીમ હાજર હોય તોપણ પાંચે પાંડવ હાજર છે એમ કેશવદાસ શાથી માને છે?

૨. મોટા કે નાનાને બદલે વચલા છોકરાને આપી દેવા બ્રાહ્મણ-બ્રાહ્મણી શા માટે તૈયાર થાય છે? કેશવદાસનો વચલો છોકરો શા વિચારથી મરવા તૈયાર થયો?

૩. 'મધ્યમ' એવી બૂમ સાંભળીને ભીમ શા માટે આવે છે?

વ્યાકરણ

¶ થોડીક નદીઓનાં નામ આપો :—
ગંગા, યમુના, સરસ્વતી, તાપી, સાબરમતી, મહી, રેવા, ગોદાવરી.

¶ થોડાક પર્વતોનાં નામ આપો :—
હિમાલય, આબુ, ગિરનાર, વિંધ્ય.

¶ થોડાં પંખીનાં નામ આપો :—
પોપટ, મેના, કોયલ, ચકલી, કાગડો.

¶ થોડાં ઝાડનાં નામ આપો :—
વડ, પીપળો, આંબો, લીમડો, આસોપાલવ.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ પાઠમાં આવેલાં જુદાં જુદાં નામો બતાવવા વિદ્યાર્થીઓને કહેવું. **નામ** એટલે **વિશેષનામ** એવું વિદ્યાર્થીના મનમાં ન ઠસી જવું જોઈએ. પ્રાણી કે પદાર્થનાં બધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામો એ વ્યાકરણની દૃષ્ટિએ નામો જ છે : લાકડું, ઘઉં, ગોળ, સોનું, લોઢું, શરીર, ચોપડી, તળાવ, કૂવો, શહેર, ગામ, નદી, પર્વત, ઢોર, પશુ, પંખી, માણસ, છોકરો, મેજ, ખુરશી ઇ૦.

[૨. ઇતર]

૧. મહાભારતનો આ પ્રસંગ છે. તેનાં જુદાં જુદાં પાત્રોની સગાઈ, ઓળખ વગેરે વિદ્યાર્થીઓ બરાબર સમજે છે કે નહિ તે જાણવું. વ્યાસમુનિએ મહાભારત રચ્યું છે, તે કહેવું.

૨. માબાપને તો બધાં છોકરાં વહાલાં હોય; પરંતુ માને નાનો છોકરો વધારે વહાલો હોય છે; બાપને મોટો છોકરો વધારે વહાલો હોય છે. એ અર્થમાં મધ્યમ છોકરો ઓછો વહાલો કહેવાય. વિદ્યાર્થીઓની સમજમાં શું આવ્યું તે પૂછીને તપાસી લેવું.

૩. નાટક વાંચતાં ફાવે તે માટે 'સ્વગત', 'પ્રગટ', વગેરે નિર્દેશો પ્રથમથી વિદ્યાર્થીઓને સમજાવવા.

અઘરા શબ્દો

મધ્યમ [સં.] = વચલો, વચેટ
કનિષ્ઠ [સં.] = સૌથી નાનો
સ્વગત [સં.] = મનમાં. (નાટકમાં પાત્ર પોતા પૂરતું બોલે એમ. એથી ઊલટું પ્રગટ.)
ભૂદેવ [સં.] = બ્રાહ્મણ
અદ્યાપિ [સં.] = હજુ પણ
અઠંગ = પાકું; ઉસ્તાદ
ટેકીલું = કોઈ પણ ટેક કે વટવાળું
છૂટબારી = છૂટવાની–બચવાની બારી, એટલે કે રસ્તો
પારણાં = વ્રત કે ઉપવાસની સમાપ્તિએ કરવામાં આવતું ભોજન
હીણું = અધમ; નીચ
અબ્રાહ્મણ [સં.] = બ્રાહ્મણ નહિ તેવો; બીજી કોઈ હલકાં કામ કરનારી વર્ણનો
ઋણ [સં.] = દેવું; કોઈ પ્રત્યેનું કર્તવ્ય કરવાનું બાકી હોવું તે
આર્ય [સં.] = આર્યપુત્ર (પતિ)
વત્સ [સં.] = સંતાન; બાળક
ઘરડોખંખ = તદ્દન ઘરડો; ખખળી ગયેલો
મોડવું = દૂર કરવું; તોડવું
બ્રહ્મલોક [સં.] = સૌથી શ્રેષ્ઠ એવો પરલોક
અલભ્ય [સં.] = ન મળે તેવું
જલાંજલિ [સં.] = પાણીની પોશ (શ્રાદ્ધ તરીકે)
ઉપનયન [સં.] = જનોઈ પહેરવાનો એક વિધિ – સંસ્કાર
ટાણું = ઉત્સવનો પ્રસંગ – અવસર
કુરૂત્તમ [સં.] = કુરુવંશમાં શ્રેષ્ઠ
કૂખનો = કૂખે જન્મેલો
કાઠું = બાંધો
નિદાન [સં.] = નક્કી
સોહાવવું = શોભાવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

શામળના છપ્પા

१

वचन काज हरिश्चंद्र नीच घर भरियुं पाणी;
वचन एकने काज कृष्णे कुब्जाने आणी;
वचन एकने काज हरे हलाहल पीधुं,
वचन एकने काज देववर दैत्ये लीधुं;
शुभ धर्म कर्म ने शर्म सौ, वचन जतां ते वही गयुं;
कवि शामळभट साचुं कहे, वचन गयुं तो थई रह्युं.

२

एक वचनने काज रंक रावण थई बेठो;
एक वचनने काज बळि पाताळे पेठो;
एक वचनने काज वेची हरिश्चंद्रे नारी;
एक वचनने काज पांडवो हार्या प्यारी.
वळी एक वचनने कारणे भड पांचे वनमां भम्या;
कहे शामळ, वचनने कारणे, सो कीचक साथे शम्या.

३

वाघथी बळियो बळद, पृथ्वीनो भार उपाडे;
वाघ णे छे जीव, बळद तो जगत जिवाडे;
स्रष्टाए रची सृष्टि, प्रथम तो कणबी कीधो,
धोरी सर्ज्यो धीर, बंनेने त्यां वर दीधो:—
उपाडो भार अवनी तणो, करो काम, खड अन्न जमो;
छत्रपति आदि सौ छोकरां, भा भा थई भूतल भमो.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ज्यारे व्यापे क्रोध, अमृत विख करी जाणे;
ज्यारे व्यापे क्रोध, बोध कोईनो नव माने;
ज्यारे व्यापे क्रोध, सुख फेडी दुःख आणे;
ज्यारे व्यापे क्रोध, सगांने शत्रु जाणे.
क्रोध कोई करशो नहि, पेट चोळचे शूळ छे;
शामळ कहे, शाणा समजजो, क्रोध पापनुं मूळ छे. २४

સ્વાધ્યાય

૧. કવિ શામળે પહેલા બે છપ્પામાં વચન પાળનારા લોકોનાં જે દૃષ્ટાંતો આપ્યાં છે, તેમની વાતો તમે જાણો છો?

ચોથી લીટીમાં હિરણ્યકશિપુએ બ્રહ્મદેવ પાસથી દુર્લભ વરદાન લીધું હતું તે કહેલું છે. બ્રહ્માએ વર આપવાનું કહ્યા પછી તેમનાથી ના પાડી શકાઈ નહિ, એટલે દુર્લભ દેવ-વર તે પામ્યો. તે વાત પ્રહ્‌લાદની કથામાં આવે છે.

૨. ત્રીજા છપ્પામાં કવિ બળવાનને બદલે બીજાની સેવા કરનારને શ્રેષ્ઠ કહે છે. તે શાથી, સમજ્યા?

૩. શામળના છપ્પા જાણીતા છે તે સુભાષિત જેવા જ હોય છે. તે મોઢે કરવાની મજા પડશે.

પ્રશ્નો

૧. શામળનો બીજો કયો છપ્પો તમે શીખ્યા છો?

૨. વચન ગયું તો બધું પતી ગયું. એમ કવિ શાથી કહે છે?

૩. ક્રોધ આંધળો શાથી કહેવાય?

વ્યાકરણ

૧ નીચેનાં વાકયોમાંથી નામ શોધી કાઢો :—

(૧) મનુ ચોપડી વાંચે છે.
(૨) હિમાલય મોટો પર્વત છે.
(૩) મારું ગામ નદી પાસે છે.
(૪) પોપટ બોલે છે.
(૫) લુહાર લોઢું ટીપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) સુથાર લાકડું કાપે છે.
(૭) ખેતરમાં ઘઉં વાવ્યા છે.

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ નામ ઉમેરો :—
(૧) ઘટોત્કચ —ના વચલા — ને બોલાવવા લાગ્યો.
(૨) કેશવે — ને કહ્યું, 'મારા — ને બચાવો.'
(૩) રામની સાથે — વનમાં ગયાં.

શિક્ષકોને

૧. ચોથી ચોપડીમાં 'શામળનો છપ્પો' એ પાઠ છે. તે અહીં યાદ કરાવી જવો. બીજા પણ જાણીતા છપ્પા સંભળાવવા.

૨. છપ્પામાં આવતી કથાઓ વિદ્યાર્થીઓ જાણે છે કે નહિ તે જોવું. એ કથાઓમાં વચનનું પાલન કરવાપણું શું છે, તે સ્પષ્ટ કરવું.

૩. ખેડૂતને 'જગતનો તાત' કહે છે, એ કણબીના અનુસંધાનમાં સમજાવવું.

અઘરા શબ્દો

કાજ = કાજે; માટે; સારુ
હલાહલ [સં.] = સમુદ્રમંથન કરતાં નીકળેલું ભયંકર ઝેર
હર [સં.] = શંકર; મહાદેવ
ભડ = શૂરવીર; બહાદુર
શમવું = નાશ પામવું
ધોરી = બળદ
અવની [સં.] = પૃથ્વી
ખડ = ઘાસ
છત્રપતિ [સં.] = જેને માથે છત્રી ધરાય છે તે રાજા
ભા = 'ભાઈ, મોટાભાઈ' એ અર્થનું માનવાચક સંબોધન
ભૂતલ [સં.] = પૃથ્વીની સપાટી
વિખ = વિષ; ઝેર
ફેડવું = દૂર કરવું; ટાળવું
શૂળ = દરદ; પીડા (૨) કાંટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪
અષો જરથુષ્ટ્ર અને જરથોસ્તીઓ

૧

પારસીઓને સૌ કોઈ ઓળખે છે. તેઓ ગુજરાત અને મુંબઈમાં મોટે ભાગે વસે છે અને ગુજરાતી ભાષા બોલે છે. પરંતુ મૂળે તેઓ અહીંના નથી, તે તેમના નામ પરથીય તમે જોઈ શકશો.

પારસી શબ્દ સંસ્કૃત 'પારસ' પરથી બન્યો છે. હાલમાં જેને આપણે ઈરાન દેશ કહીએ છીએ, તેને સંસ્કૃતમાં 'પારસ' દેશ કહે છે. તે મુલકના વતની તે પારસી. તે દેશને ફારસી ભાષામાં 'ફારસ' કે 'ફાર્સ' કહે છે.

ઈસવી સનના સાતમા સૈકામાં ઈરાનમાં મુસલમાન ધર્મ ફેલાવા લાગ્યો. આથી, પોતાના ધર્મની રક્ષા ખાતર પારસીઓએ પોતાનું મૂળ વતન ઈરાન છોડ્યું. પોતાના પવિત્ર આતશને સાથે લઈને તેઓ ત્યાંથી હિજરત કરી આપણા દેશમાં ગુજરાતના સંજાણ બંદરે ઊતર્યા. ત્યારથી તેઓ હિંદને પોતાનો દેશ કરીને રહ્યા છે.

પારસીઓને 'જરથોસ્તી ભાઈઓ' પણ કહેવામાં આવે છે. આપણે ઉપર જોયું કે, 'પારસી' નામ તેમના મૂળ વતન પારસ દેશ પરથી પડ્યું છે; આ 'જરથોસ્તી' નામ તેમના આદિ ધર્મ-સંસ્થાપક, જરથુષ્ટ્ર પરથી છે.

જેમ ખ્રિસ્ત ઉપરથી તેમનો અનુયાયી ખ્રિસ્તી કહેવાય છે, તેમ જરથોસ્ત અથવા જરથુષ્ટ્ર ઉપરથી તેમનો અનુયાયી જરથોસ્તી કહેવાય છે. જરથુષ્ટ્રનો શબ્દાર્થ 'ઘરડા કે પીળા રંગના ઉષ્ટ્ર એટલે ઊંટનો માલિક' એવો બતાવવામાં આવે છે. તેમના જીવન તથા આદર્શની પવિત્રતાને લીધે તે સામાન્ય રીતે 'અષો' એટલે પવિત્ર જરથુષ્ટ્ર કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અષો જરથુષ્ટ્ર ઈરાનના વતની હતા. એમનો જીવનકાળ ઈ. સ. પૂર્વે ૬૬૦થી ૫૮૩ સુધીનો હતો, એમ એક વિદ્વાન કહે છે.

બાળક જરથુષ્ટ્ર સાત વર્ષના થતાં, તેમના પિતાએ એક ડાહ્યા અને વિદ્વાન ગુરુની પાસે એમને ભણવા મૂક્યા. પંદર વર્ષના તે થયા ત્યારે તેમણે કસ્તી ધારણ કરી. જેમ બ્રાહ્મણોમાં જનોઈ પહેરવાનો રિવાજ છે, તથા જનોઈ પહેરનાર નવો જન્મ પામ્યો એમ ગણાય છે, તેમ જ આ કસ્તી પહેરવાનો ચાલ પ્રાચીન ઈરાની આર્યોમાં પણ હતો. જનોઈ પેઠે જ કસ્તી એ ધર્મ-જીવનમાં પ્રવેશ કર્યાનું ચિહ્ન મનાતી. તમને ખબર હશે કે, આજ પણ પારસીઓ એક ધર્મચિહ્ન તરીકે સદરા ઉપર કસ્તી પહેરે છે.

પોતાની યુવાન ઉંમરે જરથુષ્ટ્ર કેવા સમજણા અને વિચાર-વંત બન્યા હતા, તે એક પ્રસંગ પરથી સરસ સમજાય છે. જરથુષ્ટ્ર ૧૫ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ પોતાની મિલકત પોતાના દીકરાઓને વહેંચી આપી. જરથુષ્ટ્રે બાપીકી પૂંજીમાંથી માત્ર કંદોરો જ લીધો. કંદોરાની પેઠે કસ્તી કમરે બંધાય છે; એટલે એમણે માત્ર કંદોરો લઈને એમ સૂચવ્યું કે, પોતે ધર્મને નામે કસ્તી બાંધીને હવે જે કમર કસી છે, તેટલો વારસો તેમને ઓછો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ થી ૨૦ વર્ષની ઉંમરના સમયનો એક બીજો પ્રસંગ પણ જાણવા મળે છે. એક વર્ષ દુકાળ પડ્યો હતો, તેથી ઢોર તથા ગરીબ લોક ભૂખે મરતાં હતાં. તે વખતે પોતાની પાસેનું ઘાસ આપી તથા અનાજ મેળવવા મહેનત કરી તેમણે લોકને રાહત આપી અને બીજાને પણ તેમ કરવાને પ્રેર્યા.

એક બીજો પ્રસંગ એના કરતાં વધારે કરુણ છે. એક વાર રસ્તે જતાં એક કૂતરીને ભૂખે ટળવળતી જોઈ, તેને માટે ખાવાનું લેવા તે દોડ્યા. પણ તે પાછા આવ્યા ત્યાર સુધીમાં એ બિચારીએ પ્રાણ છોડ્યા હતા. તે સ્વભાવે આવા દયાળુ અને પરોપકારી હતા.

પરંતુ, તેમને જગત અને જીવનનું ખરું રહસ્ય શું હશે તે જાણવું હતું. એને સારુ એકાંતમાં ધ્યાન અને ચિંતન કરવું જોઈએ. તે કરવાને માટે જરથુષ્ટ્રે એક પહાડ પર એકાંતવાસ કર્યો. લગભગ દશેક વર્ષ એમાં ગાળ્યાં. તે ત્રીસ વરસના થયા ત્યારે તેમને જ્ઞાન થયું. પારસી ધર્મગ્રંથો કહે છે કે, એકાંતવાસને અંતે જરથુષ્ટ્રને અહુરમઝ્દ કે ઈશ્વરનાં દર્શન થયાં અને પ્રભુએ તેમને સત્યધર્મનો બોધ આપ્યો.

૨

આમ જ્ઞાન મેળવીને જરથુષ્ટ્ર એકાંતવાસમાંથી પાછા આવ્યા. પછી તેમણે પોતાને મળેલા જ્ઞાનનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. તેને સારુ તે આખા ઈરાન દેશમાં બધે ફરવા લાગ્યા. લગભગ ૧૦ વર્ષ સુધી તે આમ ફર્યા, પણ કોઈએ એમનું સાંભળ્યું નહિ. છતાં જરથુષ્ટ્ર પાછા ન પડ્યા. આ વસમાં વર્ષોમાં, એમના હૃદય પર અસુરો પણ ચડી આવતા. દુનિયાના રાજની લાલચ આપી તેઓ એમને મળેલા સત્યથી ડગાવવા મથતા. પણ એ બધી લાલચોને તેમણે સત્ય આગળ તુચ્છ ગણી કાઢી; અને અહુરમઝ્દે એમને દર્શન દઈને જે સંદેશ આપ્યો એ જ ખરો છે એમ વિચારી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે પર્વતની પેઠે અડગ રહ્યા અને એનો જ પ્રચાર કરવા લાગ્યા.

દસ વરસે પહેલો શિષ્ય મળ્યો તે એમનો એક પિત્રાઈ હતો. ત્યાર પછી બે વર્ષે, એટલે કે અષો જરથુષ્ટ્રના ૪૨ મા વર્ષે, બલ્ખનો શાહ ગુસ્તાસ્પ જરથોસ્તી થયો. એટલે પછી રાજકુટુંબનાં માણસો અને દરબારીઓ પણ જરથોસ્તી બનવા લાગ્યાં. આથી ઈરાનમાં નવો ધર્મ ઝપાટાબંધ ફેલાવા લાગ્યો. એમ ૧૫–૧૭ વર્ષ ચાલ્યા બાદ, તુરાનના શાહ અર્જાસ્પનો વિરોધ જાગ્યો. તેણે ગુસ્તાસ્પને કહેણ મોકલ્યું કે, 'તું નવો ધર્મ છોડ, નહિ તો તારા દેશ ઉપર હુમલો કરીશ.' ગુસ્તાસ્પ એમ ઓછો જ ધર્મ છોડે? એટલે અર્જાસ્પ તેના મુલક પર ચડી આવ્યો. જરથોસ્તીઓને માટે હવે ધર્મયુદ્ધ લડવાનો સમય આવ્યો. ગુસ્તાસ્પનો દીકરો અસ્પંદિયાર એક જબરો યોદ્ધો હતો. એણે અર્જાસ્પને હરાવીને નસાડી મૂક્યો. વીસેક વર્ષ બાદ ફરી પાછો અર્જાસ્પ ચડી આવ્યો. આ વેળાએ તેનું લશ્કર લડતું લડતું બલ્ખ શહેર સુધી આવી પહોંચ્યું અને શહેરમાં દાખલ થયું. ઈરાનનો રાષ્ટ્રકવિ ફિરદોસી કહે છે કે, તે વખતે ૮૦ જેટલા મોબેદો સાથે અષો જરથુષ્ટ્ર બલ્ખના પ્રખ્યાત આતશબહેરામમાં પૂજાપાઠ કરતા હતા. તુરાનીઓ ત્યાં પહોંચ્યા; મોબેદોને ઠાર કરી એમના જ લોહીથી એમના પવિત્ર અગ્નિને તેમણે ઠાર્યો! અને કારમામાં કારમું કામ તો એ કર્યું કે, એક તુરાનીએ અષો જરથુષ્ટ્રનું પણ ખૂન કર્યું.

આમ ઈરાનના એ પેગંબર ૭૭ વર્ષની વૃદ્ધ વયે ધર્મને ખાતર શહીદ થયા.

એમનો ઉપદેશ આજ સુધી આપણા દેશમાં પારસીઓ પાળે છે. જગતમાં એક પરમ શક્તિ અહુરમઝ્દ કે ઈશ્વર છે. એ સૌને પેદા કરે છે, પોષે છે, અને સંહારે છે. જગતમાં કળિયુગની કે સેતાનની જે પાપી શક્તિ જણાય છે, તેને પારસી ધર્મમાં અહ્રિમાન કહે છે. પવિત્ર, મહેનતુ અને નીતિમય જીવન ગાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાનને હરાવવો જોઈએ, અને અહુરમઝ્દનું શરણું લેવું જોઈએ. અષો જરથુષ્ટ્રનો ઉપદેશ ટૂંકમાં આવો છે.

સ્વાધ્યાય

૧. જો તમારી શાળામાં કોઈ પારસી વિદ્યાર્થી ભણતો હોય, તો તેની પાસેથી તેની અગિયારીની, કસ્તીની વગેરે વાતો જાણો.

૨. અગિયારીમાં પારસીઓ પવિત્ર અગ્નિ રાખે છે. તેઓ ઈરાનમાંથી પોતાની સાથે જે આતશ — પવિત્ર અગ્નિ લાવેલા તેને તેઓએ સતત સળગતો રાખ્યો છે. પરંતુ તેથી તેઓ માત્ર અગ્નિપૂજક છે એમ નથી. એમ તો તેઓ પૃથ્વી, જળ વગેરે બધાં પંચભૂતોને નમન કરે છે. એમને મન આ બધાં ઈશ્વર કે અહુરમઝ્દનાં ચિહ્ન છે. તેઓ પૂજા તો એક ઈશ્વર કે અહુરમઝ્દની જ કરે છે.

૩. નકશામાં ઈરાન જુઓ. ગુજરાતમાં સંજાણ જુઓ. કેટલી લાંબી દરિયાઈ મુસાફરી ત્યારે પારસીઓએ કરેલી તેનો ખ્યાલ કરો. આજે ઈરાન જવું હોય તો કઈ રીતે જવાય ?

પ્રશ્નો

૧. પારસીઓ 'જરથોસ્તી ભાઈઓ' શા માટે કહેવાય ?

૨. જરથુષ્ટ્રે બાપીકી મિલકતમાંથી માત્ર કંદોરો કેમ લીધો ?

૩. અષો જરથુષ્ટ્રનો ઉપદેશ શો છે ?

૪. શહીદ થવું એટલે શું ? જરથુષ્ટ્ર શહીદ થયા કેવી રીતે કહેવાય ?

૫. દુનિયાના મુખ્ય ધર્મોનાં નામ કહો; તેમના સ્થાપકોનાં નામ કહો.

વ્યાકરણ

¶ આંખથી જોઈ શકાય તેવાં પ્રાણી કે પદાર્થનાં નામ આપણે જોયાં. જેવાં કે — નદી, પર્વત, સોનું, નિશાળ, ગાય, ભેંસ ઇ૦.

¶ હવે, કાન વડે સમજી શકાય તેવું જે કાંઈ હોય તેનાં નામ કહો — અવાજ, બૂમ, ઘાંટો, ઘોંઘાટ.

¶ હવે, નાક વડે સમજાય તેવું જે કાંઈ હોય તેનાં નામ આપો — ગંધ, વાસ, સુગંધ.

¶ હવે, જીભ વડે સમજાય તેવું જે કાંઈ હોય તેનાં નામ આપો — સ્વાદ, મીઠાશ, કડવાશ, તીખાશ, ખટાશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ હવે, ચામડીથી એટલે કે સ્પર્શથી સમજાય એવું જે કાંઈ હોય તેનાં નામ આપો — ગરમી, ઠંડક, ટાઢ, તાપ.

શિક્ષકોને

૧. વ્યાકરણના વિભાગમાં જુદી જુદી ઇંદ્રિયોથી જણાતી વસ્તુઓનાં નામો બતાવ્યાં છે; તેવાં બીજાં નામો વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવાં, જેથી નામનો ખ્યાલ તેમને બરાબર આવી જાય.

૨. ત્રીજી ચોપડીમાં આવેલો 'પારસીઓ આવ્યા' એ પાઠ આના અનુસંધાનમાં યાદ કરવો.

૩. જરથુષ્ટ્રના પિતાનું નામ પૌરુશષ્પ અને માતાનું નામ દૂગદો હતું. તેમનું કુલ કે ગોત્ર સ્પીતમ કહેવાતું હોવાથી, તે જરથુસ્ટ્ર સ્પીતમ તરીકે પણ ઓળખાય છે, એ વિદ્યાર્થીઓને કહેવું.

૪. ફિરદોસી ઈરાનનો મહાન કવિ થઈ ગયો. તે મુસલમાન હતો. 'શાહનામા' એ તેનો પ્રખ્યાત ગ્રંથ છે. એમાં તેણે ઈરાનનો જૂનો ઇતિહાસ આપ્યો છે.

૫. પ્રાચીન કાળમાં કોઈ સમયે આર્યો અને ઈરાનીઓ બહુ ગાઢ સંબંધમાં આવ્યા હોવા જોઈએ. આપણા વેદ અને તેમના ધર્મગ્રંથમાં દેવો વગેરેનાં નામો તથા બીજા શબ્દો ઘણાં મળતાં છે; જેમ કે, અશ્વ – અસ્પ; મિત્ર – મિથ્ર; સોમ – હઓમ.

અઘરા શબ્દો

ધર્મસંસ્થાપક [સં.] = ધર્મ સ્થાપનાર – શરૂ કરનાર

અનુયાયી [સં.] = અનુસરનાર; ધર્મનું –પંથનું માણસ

આદર્શ [સં.] = ધ્યેય; લક્ષ્ય

સદરો = ટૂંકી બાંયનું ખૂલતું પહેરણ

વસમું = મુશ્કેલીભર્યું; કપરું

અસુર [સં.] = દૈત્ય; રાક્ષસ (સારા માર્ગમાં અડચણ ઊભી કરનારી ખરાબ વૃત્તિઓ.)

ધર્મયુદ્ધ [સં.] = ધર્મના બચાવ માટે લડવાનું યુદ્ધ

મોબેદ = પારસીઓનો ગોર

આતશબહેરામ = પારસીઓનું દેવસ્થાન; અગિયારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

આ દિવ્ય અમારો દેશ !

अमे भरतभूमिना पुत्रो, अम मात पुराण पवित्र;
रे जेनां सुन्दर सूत्रो झळकावे उच्च चरित्र.
अम अन्तरने उद्देशी करशुं होकार हमेश:
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! १

अंधार विषे अथडातां, के फरतां भव्य प्रकाश,
पडतां रडतां रगडातां, के करतां हास्य विलास,
पळ पळ अम उरनिधिए शी, हा ऊछळे ऊर्मि अशेष !
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! २

क्यां हशे हिमालय जेवा ? क्यां पुण्य पवित्र ज गंग ?
क्यां मळे अलौकिक एवा सहु देश तणा बहु रंग ?
क्यां मुनि ईश्वरजन बेसी करता प्रभुपंथ उजेश ?
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्यां राम युधिष्ठिर घूम्या ? क्यां गरज्या अर्जुन भीम ?
क्यां रजपूत वीर झझूम्या, दाखववा शौर्य असीम ?
रे भूलीए ते रीते शी, अम अंतरथी लवलेश ?
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ४

नथी रे जीववुं पर आशे : छे पारकी आश निराश;
नथी कर धरवो को पासे : स्वाश्रयनो छे उल्लास;
कंई पुण्यप्रभा ज प्रवेशी अहीं दे अमने उपदेश :
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ५

धम धम धरणी ध्रूजवीशुं, अम देश तणां करी गान;
जय जय जय नाद करीशुं, दईशुं मोंघा अम प्राण.
ए भक्ति वसी उर, तेशी देजो शक्ति, परमेश !
अमे देशी, देशी, देशी ! आ दिव्य अमारो देश ! ६

ખબરદાર

સ્વાધ્યાય

૧. શ્રી. અરદેશર ફરામજી ખબરદાર (૧૮૮૧-૧૯૫૩) આ કાવ્યના લેખક છે. પોતે પારસી હોવા છતાં સુંદર ગુજરાતીમાં તેમણે ઉમદા કવિતાઓ લખી છે.

૨. પારસીઓનો મૂળ દેશ ઈરાન છે, અને મૂળ ભાષા અવસ્તા છે. પરંતુ હિંદમાં આવીને વસ્યા પછી તેઓએ ગુજરાતીને માતૃભાષા અને ભરતભૂમિને સ્વદેશ તરીકે અપનાવ્યાં છે. કવિએ પોતાના આ કાવ્યમાં આ દેશ માટે કેવો જબરો પ્રેમ ગાયો છે !

૩. શ્રી. ખબરદારે બીજાં પણ ઘણાં સ્વદેશભક્તિનાં કાવ્યો લખેલાં છે. તે ગાવાની મજા પડશે.

પ્રશ્નો

૧. સ્વદેશ માટે માણસને પ્રેમ શા માટે ઉપજવો જોઈએ ?
૨. ખબરદારનું બીજું સ્વદેશભક્તિનું કોઈ કાવ્ય તમે ભણ્યા છો ?
૩. ભરતભૂમિને શાથી પુરાણ પવિત્ર કહી છે ?
૪. કવિ શા માટે પારકા પાસે મદદ માટે હાથ ધરવાની ના પાડે છે ?
૫. પારકાની મદદ લેવાથી સરવાળે શું થાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

❡ (૧) આંખથી જોઈ શકાય તેવા પદાર્થનાં નામ આપો.

(૨) કાનથી જાણી શકાય તેવું કાંઈ હોય તેનાં નામ આપો.

(૩) નાકથી, જીભથી અને ચામડીથી જાણી શકાય તેવું હોય તેનાં નામ આપો.

❡ હવે મનથી, એટલે કે વિચાર કરવાથી સમજાય તેવું જે કાંઈ હોય તેનાં નામ આપો :—

સાચ, જૂઠાણું, હોશિયારી, આળસ, દુઃખ, સુખ, ચોખ્ખાઈ ઇ૦.

આ બધાં ગુણનાં નામ છે. ગુણ એટલે કે લક્ષણ, સારી કે ખોટી ખાસિયત.

❡ હવે મનથી સમજાય તેવી કેટલીક ક્રિયાઓનાં નામ કહી શકશો ?

રમત, ગમત, વાચન, લેખન, ભજન ઇ૦.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

❡ **નામ** એટલે કોઈ પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયા દર્શાવનારો શબ્દ—એ વ્યાખ્યા વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર આવી કે નહિ તે પૂછપરછથી જાણી લેવું.

❡ જુદી જુદી ઇંદ્રિયો અને મનથી જાણી શકાય તેવાં નામો વિદ્યાર્થીઓ પાસે કઢાવવાં.

[૨. ઇતર]

૧. ભરતભૂમિ બહુ પ્રાચીનકાળથી સંસ્કૃતિમાં આગળ વધેલી છે; બીજા દેશો તે વખતે કઈ સ્થિતિમાં હતા તે, 'અંગ્રેજ પ્રજાનો પ્રાચીનકાળ' વગેરે પાઠોની મદદથી સમજાવવું.

૨. ખબરદારનાં દેશભક્તિનાં બીજાં કેટલાંક જાણીતાં કાવ્યો વિદ્યાર્થીઓને ગાઈ સંભળાવવાં. ત્રીજી ચોપડીમાં 'જયજયકાર' કાવ્ય આવી ગયું છે.

૩. બીજા જાણીતા પારસી કવિઓ (મલબારી), દેશભક્તો (દાદાભાઈ નવરોજી), અને ઉદ્યોગપતિઓ (તાતા) વગેરેની વાત કરવી.

અઘરા શબ્દો

દિવ્ય [સં.] = દૈવી; અલૌકિક

પુરાણ [સં.] = પ્રાચીન; જૂનું

સૂત્ર [સં.] = ધ્યેય બતાવતું ટૂંકું વાક્ય

ઉરનિધિ = હૃદયરૂપી દરિયો

અશેષ [સં.] = બધું; સંપૂર્ણ

ઊર્મિ [સં.] = (૧) મોજું; તરંગ (૨) ભાવ; લાગણી

ઉજેશ = ઉજાસ; પ્રકાશ

અસીમ [સં.] = સીમા વગરનું; બેહદ

લવલેશ [સં.] = જરા પણ; તલમાત્ર

પુણ્યપ્રભા [સં.] = પવિત્ર તેજ

તેશી = તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

ગણેશચતુર્થી



ગણેશચતુર્થી એટલે ભાદરવા સુદ ચોથ. મહારાષ્ટ્રમાં દર વર્ષે આ દિવસ બહુ ધામધૂમથી ઊજવાય છે. જેમ દિવાળીનો ઉત્સવ આસો વદ બારશથી કારતક સુદ બીજ સુધી છ દિવસ ઊજવાય છે, તેમ ગણેશચતુર્થીનો ઉત્સવ દશ દિવસ ચાલે છે. ગુજરાતમાં આ ઉત્સવ એટલી બધી ધામધૂમથી નથી ઊજવાતો. મહારાષ્ટ્રમાં પણ પહેલાં એ ઉત્સવ બહુ મોટા પાયા ઉપર ઊજવાતો ન હતો. પરંતુ તિલક મહારાજે તે ઉત્સવને નવો વેગ આપ્યો, ત્યારથી તે તહેવાર મહારાષ્ટ્રીઓ દિવાળી જેમ ખૂબ ધામધૂમથી ઊજવે છે. આપણે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસોમાં મહારાષ્ટ્રમાં કે મહારાષ્ટ્રીઓ વચ્ચે હોઈએ, તો આપણને "ગણુપતિદાદા મોરયા" ના પોકારો સતત સંભળાયા કરે. મોરયા નામે ગણુપતિના એક ભારે ભક્ત હતા. તે પૂના પાસે મોરગાંવમાં થઈ ગયા. ઇષ્ટદેવના નામ સાથે ભક્તનું નામ આમ જોડાયું છે.

ગણુપતિનું સ્વરૂપ જુઓ તો ભારે વિચિત્ર લાગે! હાથીનું માથું, મોટી ફાંદવાળું પેટ, અને ઉંદરડાનું વાહન! છતાં વિચારીએ તો તેમના આવા વિચિત્ર સ્વરૂપ તથા વાહન પાછળ રહસ્ય રહેલું જણાશે.

'ગણુપતિ' નામમાં 'ગણ' પદનો અર્થ 'સમૂહ' થાય છે. સમૂહનો પતિ એટલે આમજનતાનો આગેવાન. ગણુપતિના મોટાભાઈ કાર્તિકેય દેવોની સેનાના આગેવાન ગણાય છે; નાનાભાઈ ગણુપતિ જનતાના આગેવાન છે. તેમના મોટા કાન, મોટું પેટ, ઝીણી આંખો, લાંબું નાક અને નાનું મસ્તક — એ બધાં વિચિત્ર અંગો પાછળ સમાજનો આગેવાન કેવા ગુણવાળો હોવો જોઈએ, તેની કલ્પના રહેલી છે.

કાન મોટા અને પહોળા એટલા માટે કે બધાંનું સાંભળે, દરેકની વાત સાંભળે, કંટાળ્યા વિના સાંભળે. સમાજના આગેવાને બધાંનું સાંભળવું જોઈએ.

ઝીણી આંખ એ સૂચવે છે કે, આગેવાને બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. દરેક વાતનો ઝીણવટથી વિચાર કરવો જોઈએ.

મોટું નાક એ સૂચવે છે કે, તે દૂરથી પણ સૂંઘી શકે. નજરે પડે તે પહેલાં વસ્તુનો તાગ પામે. આંખથી જોઈને તો વસ્તુનું ઉપરછલ્લું જ્ઞાન જ થાય.

નાનું માથું એનો અર્થ એ કે, એનામાં અભિમાન ન હોય. અભિમાનના પવનથી તેનું માથું ભરાયેલું ન હોય.

મોટું પેટ ઉદારતા સૂચવે છે. બધા ફાવે તેમ બોલે ચાલે; એ બધું જોઈ–સાંભળીને પણ તે બધું જ અંદર સમાવી રાખે અને શાંત રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણપતિદાદાને બે સ્ત્રીઓ છે – એક બાજુએ શક્તિ અને બીજી બાજુએ બુદ્ધિ. બુદ્ધિ વિનાની એકલી શક્તિ પણ નકામી; અને આચરણમાં મૂકવાની શક્તિ વિનાની બુદ્ધિ પણ નકામી. સમાજનો આગેવાન બુદ્ધિ અને શક્તિ બંનેવાળો હોય.

ગણપતિદાદાનું વાહન કેવું! આવડા મોટા ગણપતિનું વાહન માત્ર નાનો સરખો ઉંદરડો! પણ ઉંદર ચાલે ત્યારે અવાજ ન થાય; ખૂણેખાંચરે બધે જ તે જઈ શકે. સમાજના આગેવાનની ગતિ પણ ચૂપચાપ અને ખૂણેખાંચરે બધે જ હોવી જોઈએ.

આવા આગેવાનને લોકો પણ પોતાનાં સૌ શુભ કાર્યોના આરંભે યાદ કરે અને પૂજે તેમાં શી નવાઈ? તેથી જ કોઈ કાર્યનો આરંભ કર્યો હોય ત્યારે લોકો કહે છે કે, તે કામના "શ્રીગણેશ" કર્યાં.

સ્વાધ્યાય

૧. તમારી શાળામાં કયા કયા તહેવારો ઊજવાય છે તેની યાદી કરો. કેટલાક તહેવારો પ્રાચીન કાળમાં થઈ ગયેલા મહાપુરુષોની યાદ માટે હોય છે. જેમ કે, જન્માષ્ટમી, રામનવમી, બુદ્ધજયંતી, મહાવીરજયંતી, બારહ વફાત, નાતાલ — વગેરે.

૨. કેટલાક તહેવારો અમુક વિશિષ્ટ પ્રસંગોના સ્મરણમાં હોય છે. જેમ કે, દિવાળી, દશેરા, મોહરમ, બકરીઈદ.

૩. કેટલાક તહેવારો નવા પણ ઊભા થતા જાય છે. જેમ કે, રાષ્ટ્રીય તહેવારો — રેંટિયાબારશ, સ્વાતંત્ર્યદિન.

પ્રશ્નો

૧. જન્માષ્ટમીનો તહેવાર કોના જન્મની ઉજવણી છે? એ રીતે બીજા કોના કોના જન્મની ઉજવણી થાય છે?

૨. તમારી શાળામાં ઊજવાયેલા એકાદ તહેવારનું વર્ણન કરો.

૩. ગણેશજીના વિચિત્ર સ્વરૂપ પાછળ શું રહસ્ય બતાવાય છે?

૪. તિલક મહારાજ કોણ? મહારાષ્ટ્ર ક્યાં આવ્યું, તે નકશામાં બતાવો.

૫. ગણપતિ અને કાર્તિકેય બંને કોના પુત્ર?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

¶ નીચેનું વાક્ય વાંચો :—

રામ દશરથ રાજાને કહે છે, "રામ દશરથ રાજાની આજ્ઞા પાળશે; રામ દશરથ રાજાની આજ્ઞા પ્રમાણે ચૌદ વરસ વનમાં જશે; પછી રામ અયોધ્યામાં પાછા આવશે."

હવે આ વાંચો :—

રામ દશરથ રાજાને કહે છે, "હું તમારી આજ્ઞા પાળીશ; હું તમારી આજ્ઞા પ્રમાણે ચૌદ વરસ વનમાં જઈશ; પછી હું અયોધ્યામાં પાછો આવીશ."

આ બેમાં તમને વાંચવામાં કયું સારું લાગે છે? શાથી?

¶ એકનું એક નામ વારંવાર વપરાયાથી કઢંગું લાગે છે. તેને બદલે હું, તું, તે વગેરે શબ્દો વાપરીએ તો વાક્ય ટૂંકું બનવાથી સારું લાગે છે, અને સમજવામાં પણ સરળ બને છે.

¶ આ રીતે વાક્યમાં જે શબ્દ નામને બદલે વાપરવામાં આવે, તે સર્વનામ કહેવાય છે. કોઈ પણ નામને બદલે કામ દેવાથી તેનું નવું નામ સર્વનામ કહ્યું છે.

શિક્ષકોને

૧. વિદ્યાર્થીઓને પાઠમાં આવતાં સર્વનામો બતાવવા કહેવું. સર્વનામ વિના વાક્યો કેવાં લાંબાં તથા કઢંગાં થઈ જાય તેના બીજા દાખલા આપવા.

૨. જુદા જુદા તહેવારો કયે દિવસે આવે છે તથા શા માટે હોય છે, તે પૂછપરછથી સમજાવવું.

૩. તહેવારોને માત્ર રજા તરીકે જ ન જવા દેવા; તહેવારોનો પણ શિક્ષણમાં સારી રીતે ઉપયોગ કરી લેવો. જુદી જુદી જાતની ઉજવણીઓ દ્વારા, જેવી કે નાટ્ય, સફાઈ, સભા, પર્યટન, મેળો વગેરેથી તહેવારો આનંદ સાથે જ્ઞાનનું સાધન બનશે.

૪. આ પાઠ શ્રી રવિશંકર મહારાજના 'પર્વમહિમા' નામના પુસ્તકને આધારે તૈયાર કર્યો છે. તે પુસ્તકમાંથી બીજા તહેવારો વિષે પણ વાંચી સંભળાવવું.

અઘરા શબ્દો

ચતુર્થી [સં.] = ચોથ

ઇષ્ટદેવ [સં.] = પોતાની આસ્થાનો દેવ; કુળદેવ

વાહન [સં.] = સવારી માટે વપરાતું સાધન (ગાડી, પશુ ઇ૦)

જનતા [સં.] = બધા લોકોનો સમુદાય

તાગ = છેડો; અંત (પૂરેપૂરું જ્ઞાન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

પુત્રવધૂઓની પરીક્ષા

ભગવાન મહાવીર અને બુદ્ધના જમાનાની આ વાત છે. રાજગૃહ નગરમાં ધન્ય નામે શેઠ રહેતો હતો. તે બહુ ધનવાન તથા બુદ્ધિમાન હતો. તેને ધનપાળ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત નામે ચાર પુત્રો હતા. તે ચાર પુત્રોને અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી નામે ચાર સ્ત્રીઓ હતી.

એક વખત ધન્ય શેઠને વિચાર આવ્યો કે, 'હું મારા કુટુંબના કામકાજમાં વડેરો છું, સૌને સલાહ આપું છું, તથા સૌ મને પૂછીને જ કામ કરે છે. પરંતુ હું દેશાંતર ગયો હોઉં, માંદો પડ્યો હોઉં, કે મરી ગયો હોઉં, ત્યારે મારી ચાર પુત્રવધૂઓમાંથી કોણ આખું ઘર સંભાળે તેવી છે એ હું જાણતો નથી. માટે મારે તે નક્કી કરી લેવું જોઈએ.'

આમ વિચારી, તેણે બીજે દિવસે પુષ્કળ ખાન-પાન તૈયાર કરાવ્યું, અને તે પુત્રવધૂઓનાં સર્વ સગાંને જમવા તેડાવ્યાં. જમણ થઈ રહ્યા બાદ, બધાંની સમક્ષ તેણે પોતાની એક એક પુત્રવધૂને બોલાવી, અને તે દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપીને કહ્યું, 'હે પુત્રીઓ, તમે આ દાણા સાચવજો, અને હું ફરી માગું ત્યારે મને પાછા આપજો.'

મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાએ તે પાંચ દાણા લીધા. તેણે વિચાર્યું કે, 'સસરાજીના ઘરમાં ડાંગરના ઘણાય કોઠારો ભર્યા છે, એટલે તે પાછા માગશે ત્યારે કોઠારમાંથી લાવીને આપી દઈશ,' એમ વિચારીને, કોઈ ન જાણે તેમ તેણે તે દાણા બહાર ફેંકી દીધા.

બીજી પુત્રવધૂ ભોગવતીએ એ દાણા લીધા અને, 'સસરાજી માગશે ત્યારે કોઠારમાંથી અપાશે' એમ ધારી, તે તેમને મસળીને ખાઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી પુત્રવધૂ રક્ષિકાએ તે દાણા એક સ્વચ્છ વસ્ત્રમાં બાંધ્યા, અને રત્નજડિત દાબડામાં મૂકી, ઓશીકા નીચે સાચવી રાખ્યા. પછી દિવસમાં ત્રણ વાર તે તેમને સંભાળવા લાગી.

સૌથી નાની રોહિણીએ તે દાણા લીધા. પરંતુ, 'સસરાજી કાંઈ રહસ્ય વિના આ પ્રમાણે પાંચ-પાંચ દાણા અમને સાચવવા આપે નહિ' એમ વિચારી, તેણે પોતાનાં પિયરિયાંને બોલાવી, તેમની પાસે તે દાણા પોતાને પિયેર એક ક્યારામાં વવરાવી દીધા. તેમાંથી ડાંગરના પાંચ છોડ ઊગ્યા. પાકનો સમય થતાં તેમાંથી ઘડો ભરાય તેટલા દાણા થયા. બીજી મોસમમાં તેણે તે દાણા પહેલાં કરતાં મોટો ક્યારો કરાવીને વવરાવ્યા. એટલે તેમાંથી કોથળો ભરીને ડાંગર પાકી. પછીની મોસમમાં તો તે દાણા મોટા ક્યારડામાં જ વાવવા પડ્યા, અને તેમાંથી કોઠી ભરીને ડાંગર થઈ. છેલ્લે વર્ષે તે બધી ડાંગર તેણે અનેક ક્યારડાઓમાં વવરાવી, એટલે તેમાંથી ગાડાં ભરીને ડાંગર થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ વર્ષ પૂરાં થયા બાદ, ધન્ય શેઠે પોતાનું કુટુંબ ફરી વાર એકઠું કર્યું, અને સૌને સારી પેઠે ખાનપાનથી તૃપ્ત કર્યાં. ત્યાર બાદ બધાંની સમક્ષ તેણે પોતાની સૌથી મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને કહ્યું :

'હે પુત્રી, આજથી પાંચ વર્ષ પૂર્વે મેં આ કુટુંબ સમક્ષ તને ડાંગરના પાંચ દાણા આપ્યા હતા, તે તું મને પાછા આપ.'

સસરાનું વચન સાંભળી, ઉજ્ઝિકાએ તરત કોઠારમાંથી પાંચ દાણા લાવીને આપ્યા.

શેઠે તેને પૂછ્યું, 'આ દાણા મેં આપેલા તે જ છે કે બીજા?'

ઉજ્ઝિકાએ કહ્યું: 'હે તાત, તમારા કોઠારમાં ઘણી ડાંગર ભરી છે એમ વિચારીને, તે પાંચ દાણા તો મેં ફેંકી દીધા હતા; આ દાણા તો નવા છે.'

તે પ્રમાણે બીજી પુત્રવધૂ ભોગવતીએ જણાવ્યું કે, 'હે તાત, તમે આપેલા દાણા તો હું ખાઈ ગઈ હતી; આ દાણા તો આપણા કોઠારમાંથી હું નવા લાવી છું.'

ત્રીજી રક્ષિકાએ પોતાને ઓશીકેથી રત્નજડિત દાબડો મંગાવ્યો; અને તેમાં સાચવીને મૂકેલી પોટલી છોડીને, તેમાંથી સસરાએ આપેલા મૂળ પાંચ દાણા કાઢી આપ્યા.

છેલ્લી રોહિણીએ કહ્યું, 'હે તાત, એ દાણા એમ નહિ આવે. તેને માટે તો ગાડાં મોકલવાં પડશે.'

શેઠે હસીને પૂછ્યું : 'બેટા, પાંચ દાણા માટે તે ગાડાં જોઈએ?'

રોહિણીએ પોતે કરાવેલા વાવેતરની વાત સસરાને નમ્રતાથી કહી સંભળાવી, તથા જણાવ્યું કે, 'આપે આપેલા પાંચ દાણામાંથી જ એ બધા દાણા નીપજ્યા છે.'

આ વાત સાંભળી અતિશય સંતુષ્ટ થઈ શેઠે આખા કુટુંબની સમક્ષ કહ્યું કે, 'આ રોહિણીને હું ઘરનો બધો કારભાર સોંપું છું, તથા આજથી તેને જ હું કુટુંબનાં બધાં કામકાજમાં સલાહકાર નીમું છું; આ રક્ષિકાને હું ઘર તથા કુટુંબની બધી સંપત્તિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રખવાળી સોંપું છું; ભોગવતીને રસોડાની દેખરેખ સોંપું છું; અને ઉજ્ઝિકાને ઘરની સફાઈની જવાબદારી સોંપું છું.'

સ્વાધ્યાય

૧. કેટલી બધી જૂની આ વાત છે! ભગવાન મહાવીરે તે કથા કહી છે. આવી તેમની બીજી પણ ઘણી ધર્મકથાઓ છે. તે વાંચવા જેવી છે.

બાઇબલમાં ઈશુએ કહેલી આ જ મતલબની એક બોધકથા છે (સાતમી ચોપડી 'ઈશુની બોધકથાઓ' એ પાઠમાં). તેમાં એક શેઠ પોતાના નોકરોની આ રીતે પરીક્ષા લે છે.

બંને વાર્તાઓની મતલબ એ છે કે, બુદ્ધિ, આવડત અને સમજ વગર, જવાબદારી મળે તોપણ તે જીરવાતી નથી.

૨. ચારે પુત્રવધૂનાં નામ એમના કામ પ્રમાણે જ પાડ્યાં છે. એ નામોના અર્થ નીચે આપેલા અઘરા શબ્દોમાં જુઓ.

પ્રશ્નો

૧. કઈ પુત્રવધૂ તમને હોશિયાર લાગી? શાથી?

૨. ઉજ્ઝિકાને વાસીદું ફેંકવાનું કામ શાથી સોંપાયું?

૩. ભોગવતીને રસોઈનું કામ શાથી સોંપાયું?

૪. રક્ષિકાને રખવાળીનું કામ શાથી મળ્યું?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યો જુઓ —

(૧) મનુ લાડુ ખાય છે. તે હોંશથી ખાય છે. તેને લાડુ ભાવે છે.

(૨) લાડુ બાએ બનાવ્યો છે. તે ગળ્યો છે. તેને મનુ ખાય છે.

પહેલા વાક્યમાં 'તે' અને 'તેને' કોને માટે વપરાયાં છે?

— મનુ માટે.

બીજા વાક્યમાં 'તે' અને 'તેને' કોને માટે વપરાયાં છે?

— લાડુ માટે.

આમ, સર્વનામ સર્વે નામો માટે વપરાય છે. માટે જ તે સર્વનામ કહેવાય છે, એ સમજ્યા?

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ સર્વનામ મૂકો :—

(૧) હું ચોપડી વાંચું છું; — બહુ મજાની છે. — હું ગ્રંથાલયમાંથી લાવ્યો છું.

(૨) મારી ગાય સારી છે. — મને બહુ ગમે છે. — એક વાછરડો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

૧. ચારે પુત્રવધૂઓએ ડાંગરના દાણાનું જે જે કર્યું તે ઉપરથી તેમને જુદું જુદું કામ સોંપાયું, એ વસ્તુ વિદ્યાર્થીઓ બરાબર સમજ્યા કે નહિ તે પૂછપરછથી જાણવું.

૨. જૈન તીર્થંકર મહાવીર સ્વામી (સાતમી ચોપડી) વિષે કહેવું. તેમની આવી બીજી કોઈ ધર્મકથા પણ વાંચી સંભળાવવી.

અઘરા શબ્દો

પુત્રવધૂ [સં.] = પુત્રની પત્ની; વહુ
ધનગોપ = ધનનું રક્ષણ કરનાર
ઉજ્ઝિકા [સં.] = ફેંકી દેનારી
ભોગવતી [સં.] = ભોગવનારી – ખાનારી
રક્ષિકા [સં.] = રક્ષણ કરનારી – સાચવનારી
રોહિણી [સં.] = ઉગાડનારી – વધારનારી
દેશાંતર [સં.] = પરદેશ; દેશાવર

૧૮

મીરાંબાઈ

गोविंदो प्राण अमारो रे, मने जग लाग्यो खारो रे;
मने मारो रामजी भावे रे, बीजो मारी नजरे ना'वे रे. ध्रुव

मीरांबाईना महेलमां रे, हरि संतननो वास ;
कपटीथी हरि दूर वसे, मारा संतन केरी पास. गोविंदो० १

राणोजी कागळ मोकले रे, दो राणी मीरांने हाथ;
'साधुनी संगत छोडी दो, तमे वसोने अमारे साथ.' गो० २

मीरांबाई कागळ मोकले रे, देजो राणाजीने हाथ;
'राजपाट तमे छोडी राणाजी, वसो साधुने साथ.' गो० ३

विषनो प्यालो राणे मोकल्यो रे, देजो मीरांने हाथ;
अमृत जाणी मीरां पी गयां, जेने सहाय श्री विश्वनो नाथ. गो० ४

सांढवाळा सांढ शणगारजे रे, जावुं सो सो रे कोश;
राणाजीना देशमां मारे जळ रे पीवानो दोष. गो० ५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

डाबो मेल्यो मेवाड रे, मीरां गई पश्चिममांय;
सरव छोडी मीरां नीसर्यां, जेनुं मायामां मनडुं न कांय. गो० ६

सासु अमारी सुषुमणा रे, ससरो प्रेम, संतोष
जेठ, जगजीवन जगतमां मारो नावलियो निर्दोष. गो० ७

चूंदडी ओढुं त्यारे रंग चूए रे, रंगबेरंगी होय;
ओढुं हुं काळो कांबळो, दूजो दाघ न लागे कोय. गो० ८

मीरां हरिनी लाडणी रे, रहेती संत हजूर ;
साधु संघाते स्नेह घणो, पेला कपटीथी दिल दूर. गो० ९

મીરાંબાઈ (?)

સ્વાધ્યાય

૧. આ કાવ્ય કોનું લખેલું છે? પાઠ નીચે જુઓ.

૨. કવિનું નામ લખી પ્રશ્નાર્થક ચિહ્ન શું કામ કર્યું હશે? કેટલાક કહે છે કે આ કાવ્ય મીરાંબાઈએ નહિ પણ એમના વિષે બીજા કોઈકે લખ્યું છે. તેથી શંકા બતાવવા એ ચિહ્ન મૂક્યું છે.

૩. મીરાંબાઈની કથાનો મુખ્ય ભાગ આ કાવ્યમાંથી તમે જાણશો. મીરાંબાઈ સોળમા સૈકાના પહેલા અર્ધ ભાગમાં થઈ ગયાં.

પ્રશ્નો

૧. હરિ કોની પાસે રહે છે? શાથી?

૨. રાણો સાધુની સંગત છોડવાનું શા માટે કહે છે? મીરાંબાઈ તેનો શો જવાબ આપે છે?

૩. મેવાડ છોડી મીરાં પશ્ચિમમાં ગયાં એટલે ક્યાં ગયાં?
દ્વારિકા પશ્ચિમમાં આવ્યું એ નકશામાં જુઓ.

૪. ચૂંદડી અને કામળો એ એમાંથી મીરાં શું પસંદ કરે છે? શા માટે?

૫. મીરાંબાઈની કથા કહો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં યોગ્ય સર્વનામો મૂકો:—

(૧) મનુ સુરેશને કહે છે, — નિશાળે જાઉં છું; — મારી સાથે ચાલ.
(૨) મનુ સુરેશને કહે છે, આ મારી ગાય છે; — બહુ સારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) છોકરાઓએ શિક્ષકોને કહ્યું, — ખેતરમાં જઈએ છીએ; — અમારી સાથે ચાલો.

(૪) છોકરાઓ નિશાળે જાય છે; — હસતા રમતા જાય છે.

¶ 'હું' અને 'અમે' એ સર્વનામો કોને માટે વપરાય છે તે સમજ્યા?

— બોલનાર પોતે પોતાના માટે 'હું' વાપરે છે; બોલનારા ઘણા હોય તો 'અમે' વાપરે છે.

¶ 'તું' અને 'તમે' એ સર્વનામો કોને માટે વપરાય છે તે કહો.

— બોલનાર જેની સાથે વાત કરતો હોય, તેને માટે 'તું' વાપરે છે; સાંભળનાર ઘણા હોય તો 'તમે' વાપરે છે.

¶ 'તે' અને 'તેઓ' સર્વનામ કોને માટે વપરાય?

— બોલનાર અને સાંભળનાર એ બે સિવાય બીજાં સૌ માટે 'તે' અને 'તેઓ' વપરાય.

શિક્ષકોને

૧. 'હું–અમે', 'તું–તમે', 'તે–તેઓ' એ સર્વનામો વાપરીને વાક્યો બનાવવા વિદ્યાર્થીઓને કહેવું; એ સર્વનામો ક્યારે વપરાય તે તેઓ બરાબર સમજ્યા કે નહિ તેની ખાતરી કરવી. 'તમે' વગેરે માનાર્થે પણ બહુવચનમાં વપરાય છે, તેની વાત યથાકાળે કરવી.

૨. મીરાંબાઈની આખી વાર્તા કહેવી, જેથી કવિતા બરાબર સમજાય.

૩. સંસારી કુટુંબ છોડ્યા પછી મીરાંબાઈ પોતાનું જે નવું કુટુંબ ગણાવે છે તે સમજાવવું. સુષુમણા નાડી એટલે એકધ્યાન થતી વખતે ચાલતી યોગનાડી તે તેમની સાસુ છે, અર્થાત્ સમાધિ કે એકાગ્રતા એ સાસુ; ઈશ્વરપ્રેમ એ સસરો; સંતોષ એ જેઠ; અને જગજીવન અથવા પરમાત્મા એ નાવલિયો અર્થાત્ પતિ.

૪. ચૂંદડી એ સંસારી અવસ્થાનું ચિહ્ન છે, અને કામળો એ સાધુ અવસ્થાનું ચિહ્ન છે. સંસારમાં રહેતાં માયાના રંગ લાગ્યા વિના ન રહે.

અઘરા શબ્દો

પ્રાણ [સં.] = શ્વાસ; જીવન; જીવનનો આધાર

સંતન = સંતો; પવિત્ર સાધુપુરુષો

રાજપાટ = રાજગાદી

સહાય = મદદ (૨) મિત્ર; સાથી

સાંઢ = સાંઢણી; ઉતાવળી ચાલતી સવારીની ઊંટડી

સુષુમણા = ધ્યાન સમાધિમાં કામ કરતી એક ગૂઢ નાડી

દૂજો = બીજો

નાવલિયો = પતિ

નિર્દોષ [સં.] = દોષ વગરનું; નિર્મળ; પવિત્ર

લાડણી = લાડકી; વહાલી

હજૂર = સમક્ષ; પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ

અંગ્રેજોના મૂળ વતનમાં સૌથી પ્રથમ બ્રિટન લોક વસતા હતા. તેમના નામ પરથી એ ટાપુ બ્રિટાનિયા કહેવાતો હતો. બ્રિટન લોક એ ટાપુમાં ક્યાંથી અને ક્યારે આવેલા, તેની કાંઈ ખબર નથી. ઈ. સ. પૂર્વે પહેલા સૈકાના મધ્યમાં રોમન લોકોએ બ્રિટન લોકો ઉપર ચડાઈ કરી, ત્યારથી તેઓ બરાબર દુનિયાની જાણમાં આવ્યા.

બ્રિટન

તે વેળા આ ટાપુની હાલત આ પ્રમાણે હતી: જ્યાં જુઓ ત્યાં મોટાં મોટાં જંગલો અને શિકારી જાનવરો. માણસની વસ્તી કાંઈક છૂટી છૂટી હતી, પણ તેનાં રૂપ પેલાં જાનવરોથી પણ બિહામણાં હતાં. તાબૂતના વાઘની પેઠે શરીરને લીલાં પીળાં રંગી, હાથમાં તીર ને કામઠાં લઈ, તેઓ જાનવરોની પછાડી જંગલમાં દોડ્યા કરતા. કાંઈ હાથ આવે તો ખાય, નહિ તો ભૂખે મરે; અને રાત પડે ત્યારે પર્વતોની ગુફામાં કે ઝાડ પર પડી રહે. ઘર કે બાર કાંઈ તેઓ બાંધી જાણતા નહિ. લૂગડાંલત્તાં પણ પહેરવાનું તેમને ભાન નહોતું. ટાઢ વાય તો ચામડાં ઓઢે ને નહિ તો નવસ્ત્રા જ ફરે.

દક્ષિણ ભાગના દરિયાકિનારાના લોકો છેક આવી વનચર અવસ્થામાં નહોતા. તેઓ ઝૂંપડાં બાંધી રહેતા અને થોડીઘણી ખેતી પણ કરી જાણતા. બગલમાં ઘાલીને લઈ જવાય એવી ચામડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની હોડી પણ તેઓ બનાવતા. તેઓના ગોર ડ્રૂઈડ કરીને હતા, તે કાંઈક વધારે સમજણા હતા. તે માણસનાં બલિદાન આપતા.

રોમન

આ સમે રોમન લોક દુનિયામાં (એટલે યુરોપમાં) સૌથી બળવાન, સુધરેલા અને પ્રતાપી હતા. જ્યાં ત્યાં એમનું જ રાજ્ય ફેલાયેલું હતું. પણ લોભને થોભ હોતો નથી. બીજા મુલકને જીતીને પરવાર્યા ત્યારે તેઓએ આ કંગાળ ટાપુ પણ દાઢમાં ઘાલ્યો. પહેલ-વહેલી ચડાઈ રોમના જગપ્રસિદ્ધ સેનાપતિ જુલિયસ સીઝરે ઈ. સ. પૂર્વે ૫૫ માં કરી. એ થોડીક જીત કરીને ગયો ત્યાર પછી સોએક વર્ષ સુધી તો કોઈએ બ્રિટનોનું નામ લીધું નહિ અને તેઓ પહેલાંના જેવા જ સ્વતંત્ર રહ્યા. પણ પછીથી રોમન લોક તેમની પછાડી ખાઈપીને મંડ્યા, અને ઈસવી સનનું પહેલું સૈકું પૂરું થતાં સુધીમાં તેમણે દેશનો કબજો કરી લીધો. તોપણ ઉત્તર તરફનો સ્કૉટલૅન્ડનો ભાગ તો જીતી શકાયો નહિ.

સ્વતંત્રતા ગઈ, પણ બીજી રીતે આ ટાપુને રોમના હાથમાં જવાથી ઘણા ફાયદા થયા. રોમન લોકો ત્યાં આવીને વસવા લાગ્યા અને તેની સાથે વિદ્યાકલાઓ આવી. હવે દેશમાં ખેતી ધમધોકાર ચાલી અને ગામો વસવા લાગ્યાં. શહેરો બંધાયાં અને હુન્નર દાખલ થયા. આ વેળા લંડન શહેર પહેલવહેલું વસ્યું. દેશમાં જવા આવવાને માટે ચાર મોટા રાજમાર્ગો બંધાયા. દરેક શહેરની સુધરાઈની વ્યવસ્થાનો પાયો આ વખતે જ નંખાયો હતો. એ રીતે રોમનું રાજ્ય ૩૦૦ વરસ સુધી ચાલ્યું એટલામાં આ મુલકનો દેખાવ છેક બદલાઈ ગયો અને તે ઘણા સુધારા પર આવ્યો.

આટલું છતાં પણ એક મોટો ગેરફાયદો એવો થયો હતો કે, તેણે સઘળા ફાયદા ઉપર પાણી ફેરવ્યું. રોમન રાજ્યની તજવીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી હતી કે, તાબાના લોકમાંથી ક્ષત્રીવટ જાય અને વાણિયાઈ આવે. તેથી બ્રિટન લોક ધંધારોજગારમાં તો આબાદ થયા, પણ પોતાનું સઘળું શૂરાતન ખોઈ બેઠા. કોઈ પણ પ્રજામાં શૌર્ય એ કેવી અમૂલ્ય વસ્તુ છે તે, બ્રિટનોના હવે જે હાલ થયા, તે ઉપરથી તમને જણાશે.

બ્રિટાનિયા ઉપર હકૂમત ચલાવનાર રોમનું રાજ્ય ધીમે ધીમે નબળું પડવા લાગ્યું. ઘણી આબાદીથી રોમના લોકો એશઆરામમાં ગરક થઈ ગયા, કુસંપ વધ્યો, રાજ્યનું બધું તંત્ર સડી ગયું, અને તે વેળા દૈવયોગે તેમના રાજ્ય પર ચારે તરફથી જંગલી લોકનાં ટોળાં ધસી આવ્યાં.

આ લોકના હુમલા જ્યારે છેક રોમ સુધી આવવા લાગ્યા, ત્યારે (ઈ. સ. ૪૧૦) રોમને સઘળું લશ્કર પોતાના બચાવ માટે બ્રિટનમાંથી પાછું બોલાવી લેવાની જરૂર પડી. બ્રિટનોને આ રીતે પાછી સ્વતંત્રતા મળી, પણ તેઓ તો તેથી રડવા અને કકળવા લાગ્યા ! એ લોકના સઘળા લડાયક ગુણ નાશ પામ્યા હતા, અને તેથી ઉત્તરના લૂંટારુઓની સામા પોતાના જાન કે માલ બચાવવાની જરા પણ શક્તિ તેઓમાં રહી નહોતી. જે લોક પૂર્વે રોમ જેવાની સાથે પણ આથડતાં ડર્યા નહોતા, તે ધાડપાડુઓની સામા પણ પોતાનો બચાવ કરી શક્યા નહિ ! રોમે જતી વેળા હથિયારો પાછાં આપ્યાં હતાં અને કવાયત પણ શીખવવાની મહેનત કરી હતી; પણ જાતની હિંમત વિના બાપડાં હથિયારો શું કરે ?

સૅક્સન

આ ગભરાટના વખતમાં બ્રિટનોએ જર્મનીમાંથી (ઈ. સ. ૪૪૯) બે સરદારોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડેન

પોતાની મદદે બોલાવ્યા. તેમણે આવીને ઉત્તરના સ્કૉટ લૂંટારુઓનું દુઃખ તો તુરત ટાળ્યું; પણ આ તો બકરી કાઢતાં ઊંટ પેઠા જેવું થયું. આ જર્મન લોકે લૂંટારુઓને તો કાઢ્યા, પણ એ લોકને હવે કાઢે કોણ? તેઓ પાછા ગયા જ નહિ અને કેટલોક મુલક પચાવી પડ્યા. એમને સહેજમાં રાજ્ય મળ્યું એ વાત સાંભળી, જર્મની-માંથી બીજાં ટોળાં એક પછી એક આવવા જ લાગ્યાં. હવે બ્રિટનોની પૂરી કમબખ્તી આવી. આ પરદેશીઓ હવે બ્રિટનોનું સર્વસ્વ હરીને તેઓનું નિકંદન જ કરવા મંડ્યા. બ્રિટનોમાંથી જે વતન છોડીને નાઠું તે જ બચ્યું, અને આખો દેશ એ પરદેશીઓથી જ વસ્યો. આમ ઇંગ્લન્ડ-માંથી બ્રિટન લોકની જડ ઊખડી ગઈ, એમાં આશરે ૧૫૦ વર્ષ વીત્યાં.

જર્મનીથી આવનારી આ જાતમાં પહેલી ઍન્ગલ જાત હતી. તેણે ટાપુનો જે ફળદ્રુપ ભાગ કબજે કર્યો તેનું નામ હવેથી ઇંગ્લન્ડ, એટલે ઍન્ગલ લોકની ભૂમિ, એવું પડ્યું. પાછળથી આવનારી જર્મન ટુકડીઓમાં સૅક્સન લોક આગળ-પડતા હતા. તેઓએ બધા લોકોને જીતીને ઈ. સ. ૮૨૭ માં ઇંગ્લન્ડનું એક રાજ્ય સ્થાપ્યું, અને ત્યારથી ત્યાંના લોક ઍન્ગ્લો-સૅક્સન નામથી ઓળખાવા લાગ્યા. આમ રોમનોના ગયા બાદ આશરે ૪૦૦ વર્ષે ઇંગ્લન્ડનું એક રાજ્ય સ્થપાયું.

નૉર્મન

ત્યાર બાદ પણ બહારની પ્રજાઓ તો ચડી આવી, જેવી કે સ્વીડન ડેન્માર્કના ડેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોક અને ફ્રાન્સના નૉર્મન્ડી પ્રાંતમાંથી નૉર્મન લોક. આ ડેન અને નૉર્મન પ્રજાના આગમનનો ઇતિહાસ પણ આકર્ષક છે. તે વખતે થયેલા મહાન આલ્ફ્રેડ અને કૅન્યૂટ જેવા જબરા રાજાઓને આજ પણ અંગ્રેજ પ્રજા યાદ કરે છે. એ ઇતિહાસ તમારે આગળ ઉપર વાંચવો જોઈએ.

સ્વાધ્યાય

૧. સ્વ. નવલરામ પંડ્યા (ઈ. સ. ૧૮૩૬–૧૮૮૮) આપણા એક સાક્ષર અને ઉત્તમ કોટિના શિક્ષક હતા. તેમણે 'અંગ્રેજ પ્રજાનો ઇતિહાસ' એ પુસ્તક લખ્યું છે. થોડો ફેરફાર કરી તેમાંથી આ પાઠ લીધો છે. પુસ્તક એવું સરળ છે કે તમને વાંચવું ગમશે.

૨. અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ જોઈને તમને જણાશે કે, ઈ. સ. ના તેરમા સૈકા સુધી બ્રિટન વગેરે પ્રજાઓ કેવી પછાત દશામાં હતી. ત્યારે આપણો દેશ સુધારા અને સંસ્કૃતિમાં ક્યાંય આગળ વધેલો હતો. પછી અંગ્રેજ પ્રજા ખૂબ આગળ વધી અને ૧૯મા સૈકામાં હિંદ કબજે કર્યું. શસ્ત્રથી નહિ, પણ સત્યાગ્રહ વડે આપણે તેની સામે થયા; આજે પાછા સ્વતંત્ર થયા છીએ. દેશોની ચડતી પડતી કેવી રીતે થાય છે, તે આ પાઠ પરથી સમજવા જેવું છે.

૩ લૂંટારુઓના ત્રાસમાંથી બચવા બ્રિટનોએ પરદેશી જર્મનોને બોલાવ્યા, અને તેથી 'બકરું કાઢતાં ઊંટ પેઠા જેવો' ઘાટ થયો તે જુઓ.

૪. રોમનો પોતાનું રક્ષણ કરશે એ આશાએ રહેલા બ્રિટનોની રોમનો ચાલ્યા જતાં કેવી દશા થઈ, એ જુઓ. 'પારકી આશ સદા નિરાશ' છે.

પ્રશ્નો

૧. રોમન લોકો આવતાં પહેલાં બ્રિટન લોકોની શી સ્થિતિ હતી ?

૨. રોમન લોકો બ્રિટન છોડી શા માટે ચાલ્યા ગયા ?

૩. પરદેશી રોમન લોકોના રાજ્યથી બ્રિટનના લોકોની આબાદી વધી, પણ તેઓને મોટું નુકસાન શું થયું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

¶ નીચેનું વાક્ય જોઈને તેમાંથી કયા શબ્દ સર્વનામ છે, તે કહો:—

'જે સાચું બોલે છે, તે ઈશ્વરને વહાલો છે.'

'જે' અને 'તે' એ સર્વનામો કયા નામને બદલે વપરાયાં છે?

જે = જે માણસ; તે = તે માણસ.

¶ દુકાનદારે પુસ્તકો બતાવીને કહ્યું, 'આ જુઓ, અને પેલું જુઓ; તમને એ વધારે ગમશે.'

આ વાક્યમાં 'આ', 'પેલું', અને 'એ' ત્રણે શબ્દો દર્શાવેલી વસ્તુઓ માટે વપરાયા છે, તેથી ત્રણે સર્વનામ છે.

¶ સુરેશે પૂછ્યું, 'કોણ આવ્યું?'

આ વાક્યમાં 'કોણ' સર્વનામ કયા નામ માટે વપરાયું છે?

કોણ = કયું માણસ?

¶ મનુએ પૂછ્યું, 'શું વાંચો છો?'

આ વાક્યમાં 'શું' સર્વનામ કયા નામ માટે વપરાયું છે?

શું = કયું પુસ્તક?

¶ 'કોણ' અને 'શું' એ સર્વનામો પ્રશ્ન પૂછવા માટે વપરાયાં છે તે તમે સમજ્યા? તે વાક્યોને અંતે કયું ચિહ્ન છે?

શિક્ષકોને

૧. સંબંધી સર્વનામ (જે, તે), દર્શક સર્વનામ (આ, પેલું, એ), પ્રશ્નાર્થક સર્વનામ (કોણ, શું)— આ બધાં સર્વનામો વિદ્યાર્થીઓ ઓળખતાં શીખે એ માટે દાખલા આપીને પૂછવું. એ સર્વનામો વાક્યમાં વાપરવા કહેવું. સર્વનામના પ્રકારોના નામનો ઉલ્લેખ કરવાની જરૂર ન માનવી.

૨. છઠ્ઠી ચોપડીમાં મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરનું 'અયિ–ભુવન–મન–મોહિની' એ કાવ્ય આપેલું છે. તેમાં જણાવ્યું છે કે, '(સંસ્કૃતિરૂપી) પ્રભાતનો ઉદય પહેલો ભરતભૂમિમાં થયો હતો.' એ વાત પણ અહીં કહેવી.

૩. બ્રિટન, રોમન, જર્મન, નૉર્મન, ડેન વગેરે લોકોના મૂળ દેશો યુરોપના નકશામાંથી બતાવવા. વિદ્યાર્થીઓ એ પરદેશી નામોનો ઉચ્ચાર બરાબર કરે એ જોવું.

અઘરા શબ્દો

પ્રાચીન [સં.] = જૂનું; પૂર્વેનું (એથી ઊલટું 'અર્વાચીન')

વનચર [સં.] = વનમાં ચરતું – ફરતું એવું; જંગલી

હકૂમત = સત્તા; અધિકાર

દૈવયોગે [સં.] નસીબ જોગે; બનવાકાળ હોવાથી

કમબખ્તી [ફા.] = કમનસીબ; દુર્ભાગ્ય

નિકંદન [સં.] નાશ

આગમન [સં.] = આવવું તે

આકર્ષક [સં.] = દિલને આકર્ષે–ખેંચે તેવું; મજા પડે તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

લડાઈ

જલચર પંખીઓનો રાજા હંસ એક સરોવરને કિનારે રહેતો હતો. સ્થલચર પંખીઓનો રાજા મોર એક પર્વત ઉપર રહેતો હતો. બંનેનાં રાજ્ય મોટાં હતાં તથા પાસે પાસે આવેલાં હતાં.



બગલો

એક વખત હંસના રાજ્યમાંથી એક બગલો ફરતો ફરતો મોરના રાજ્યમાં ગયો. તે ત્યાં કેટલાક દિવસ રહ્યો. ત્યાંનાં પંખીઓએ તેને પૂછ્યું : "તને અમારું રાજ્ય કેવું લાગે છે? તથા અમારો રાજા કેવો છે?"

બગલો તુચ્છકારથી હસીને બોલ્યો : "આવો મારવાડ જેવો નિર્જળ દેશ, અને સ્ત્રીઓની પેઠે રંગબેરંગી ટીલડીઓ પહેરીને ફરતો તમારો રાજા! વાહ દેશ, વાહ રાજા!"

પંખીઓએ કહ્યું : "કમળની પાંખડીઓ ફોલનારો તમારો રાજા અને કાદવકીચડથી સડ્યા કરતો તમારો દેશ! શા મોંએ તું અમારી નિંદા કરે છે?"

પછી તો વાત વાતમાંથી બોલાબોલી અને બોલાબોલીમાંથી મારામારી થઈ બેઠી. એટલે નગરના કોટવાળે તે બધાંને પકડીને મોરરાજા પાસે રજૂ કર્યાં.

પંખીઓએ પોતાના બચાવમાં કહ્યું : "મહારાજ, આ દુષ્ટ બગલો આપણા રાજ્યમાં આવી, આપની અને આપણા રાષ્ટ્રની ખોટી નિંદા કરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરરાજા આ સાંભળી ગુસ્સે થઈ ગયો અને તેણે બગલાને કહ્યું : "જા, હમણાં જ જઈને તારા રાજાને કહે કે, અમે લડવા આવીએ છીએ; રણમેદાનમાં જણાશે કે કોણ સ્ત્રી જેવું છે અને કોણ શૂરવીર છે."


મોર

મોરરાજાનો વજીર ગીધ વચ્ચે પડ્યો. તેણે કહ્યું : "આવી નકામી વાતમાંથી તે લડાઈનું કહેણ મોકલાતું હશે? અને લડાઈથી કશી બાબતનો ફેંસલો થાય ખરો? લડાઈમાં શૂરવીર જ જીતે અથવા જે સાચો હોય તે જ જીતે, એમ શી રીતે કહેવાય?"

ગીધ

મોરે ગીધને ધમકાવી ચૂપ કરી દીધો. અને બગલો મોરરાજાનો સંદેશો લઈ વિદાય થયો.

થોડા વખતમાં બંને રાજાઓ વચ્ચે ભારે લડાઈ થઈ. બહાદુરીથી લડવા છતાં મોરરાજાનું ઘણું લશ્કર હણાયું. તેણે હવે યુક્તિનો આશરો લીધો. થોડા કાગડાઓને સમજાવીને તેણે હંસરાજાના રાજ્યમાં મોકલ્યા. કાગડાઓએ હંસરાજા પાસે જઈને મોરરાજાની નિંદા કરવા માંડી. 'એ દુષ્ટ મોરરાજાને સમજાવવા જતાં તેણે અમને દેશનિકાલ કર્યા છે,' એવી વાત તેમણે કહી.


કાગડો

હંસરાજાએ ખુશીથી તે કાગડાઓને પોતાના કિલ્લામાં આશરો આપ્યો. લાગ જોઈ, એક દહાડો તેઓએ કિલ્લો ચારે બાજુથી સળગાવી મૂક્યો. ભારે દોડધામ અને હોહા થઈ ગઈ. આ લાગ સાધી મોરરાજાએ પોતાનું રહ્યુંસહ્યું લશ્કર એકઠું કરી હંસરાજ ઉપર હુમલો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસરાજ હાર્યો અને માંડ જીવ બચાવી નાસી છૂટ્યો.


હંસ

ગીધે હવે મોરરાજાને કહ્યું : "આપણે જીત્યા ખરા, પણ તે આપણા બળથી જીત્યા નથી. હંસરાજ અત્યારે નાસી ગયો છે, પણ જરૂર તે ફરી લશ્કર ભેગું કરીને થોડા દિવસમાં પાછો આવશે. ચોમાસું બેસશે એટલે જળચર પંખીઓ બમણું જોર કરી શકશે, અને આપણે આ કીચડવાળા દેશમાં ફાવીશું નહિ. માટે આ નાહક ઊભી થયેલી લડાઈ અહીંથી જ પતાવી દો, અને હંસરાજા સાથે સુલેહ કરી તેનું રાજ્ય તેને પાછું આપી રાજી કરો. તો જ આ વધતા જતા વેરનો અંત આવશે."

મોરરાજાએ ગીધનું કહ્યું ન માન્યું. તેણે તો હંસરાજાને પોતાની સાથે કેદી તરીકે લઈને જ પોતાને દેશ પાછા ફરવાનો નિરધાર કર્યો.

બીજી બાજુ હંસરાજાના વજીર ચાતકે સારસોની એક ટુકડીને મોરરાજાની રાજધાની ઉપર હુમલો કરવા મોકલી. રાજધાનીમાં રાખેલું મોરરાજાનું થોડું-ઘણું લશ્કર કપાઈ ગયું અને સારસોએ મોર-રાજાની રાણીઓની અને પ્રજાજનોની માઠી વલે કરી.


સારસ

આ સમાચાર મળતાં જ પોતાની રાણીઓને છોડાવવા મોરરાજાએ પોતાના લશ્કર સાથે રાજધાની તરફ દોડી જવાનો વિચાર કર્યો.

તે વખતે ગીધે તેને ફરીથી કહ્યું કે, એમ કરીશું તો હંસરાજ આપણી પાછળથી બીજો હુમલો કરશે. તેના કરતાં હવે આ કારમી લડાઈ લંબાવવાને બદલે હંસરાજ સાથે દોસ્તી કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધો ઝઘડો પતાવી દો. આપણે તેને રાજ્ય પાછું આપીશું, તો હજુ આપણો હાથ ઊંચો રહેશે અને તે તરત આપણો દોરત થશે.

મોરરાજાને હવે કંઈક સમજ આવી. તેણે હંસરાજ સાથે સુલેહ કરવા ગીધને જ મોકલ્યો.

ગીધે જઈને હંસરાજને કહ્યું: "આ લડાઈ નકામી ઊભી થઈ છે. એને લંબાવવાથી આપસઆપસમાં વેર વધતું જાય છે. મોરરાજાને તમારી સામે કશો દ્વેષ નથી. તે તમારી મિત્રતા જ ઇચ્છે છે. તમારું રાજ્ય તે તમને પાછું આપે છે, અને તમને જાતે મળી દોસ્તી કરવા માગે છે."


ચાતક

હંસરાજને થયું કે, આમાં કાગડાઓ જેવું કંઈક કાવતરું તો ન હોય! પરંતુ હંસરાજના વજીર ચાતકે હંસરાજને સમજાવ્યો અને મોરરાજ જાતે દોસ્તી કરવા આવતો હોય, તો તેનો પ્રેમથી સત્કાર કરવો જોઈએ એવી સલાહ આપી.

હંસરાજ કબૂલ થયો. તેણે પોતાના રાજ્યમાં ચારે તરફ તોરણો બંધાવ્યાં અને ઉત્સવ કરાવ્યો. મોરરાજ આવ્યો ત્યારે તે તેને સામો લેવા ગયો અને પ્રેમથી ભેટયો. પછી બંને જણા દરબારમાં એક જ સિંહાસન ઉપર બેઠા. નજીવી વાતમાં કેવી મોટી લડાઈ ઊભી થઈ તેનો વિચાર કરી બંને પસ્તાવા લાગ્યા.

મોરરાજા થોડા દિવસ હંસરાજાની પરોણાગત ચાખી પોતાને દેશ પાછો ફર્યો. ત્યાર પછી તે બે વચ્ચે કદી લડાઈ થઈ નહિ.

સ્વાધ્યાય

૧. સાચ–જૂઠ કે બીજી કોઈ જાતની તકરારનો ફેંસલો લડાઈથી ન આવી શકે એ સત્ય આ વાતમાંથી સ્પષ્ટ કેવી રીતે થાય છે, તે જુઓ.

૨. વેરનો બદલો લેવા જતાં સામું વેર જ વધે છે, વેરનો અંત તો અવેરથી એટલે કે વેર ભૂલવાથી જ આવી શકે, એને વિષે 'અવેરે જ શમે વેર' એ પાઠ સાતમી ચોપડીમાં છે, તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. આ પાઠમાં આવતાં પંખીઓની યાદી કરો. તમે તેમાંથી કેટલાંને ઓળખો છો ?

પ્રશ્નો

૧. જલચર અને સ્થલચર પંખીઓ વચ્ચે કયા કારણથી લડાઈ થઈ તે કહો.

૨. મોરરાજાએ હાર્યા પછી જીતવા માટે કઈ યુક્તિનો આશરો લીધો ?

૩. એ લડાઈનો છેવટે અંત શી રીતે આવ્યો ?

વ્યાકરણ

¶ નીચેના વાક્યમાં કયો શબ્દ સર્વનામ છે, તે શોધી કાઢો—

પિતાએ જતી વખતે છોકરાંઓને કહ્યું, "સર્વે હળીમળીને રહેજો."

અહીં 'સર્વે' શબ્દ છોકરાંઓ માટે વપરાયો છે, તેથી સર્વનામ છે.

¶ નીચેના વાક્યમાંથી સર્વનામ શોધી કાઢો—

શિક્ષકે છગનને કહ્યું, "પોતે પ્રયત્ન કરતો નથી અને ભાઈ પાસે લખાવી લાવે છે."

આ વાક્યમાં 'પોતે' શબ્દ છગન માટે વપરાયો છે, તેથી સર્વનામ છે.

¶ નીચેના વાક્યમાંથી સર્વનામ શોધી કાઢો—

બાપુજીએ રમા અને કુમુદને કહ્યું, "આપણે આજે આશ્રમ જોવા જઈશું."

આ વાક્યમાં 'આપણે' શબ્દ બાપુજી, રમા તથા કુમુદ એ સૌને માટે વપરાયો છે, માટે સર્વનામ છે.

¶ નીચેના વાક્યમાં કયો શબ્દ સર્વનામ છે ?

ગીધે મોરરાજાને કહ્યું, "આપ મારી વાત માનશો તો લડાઈ અટકશે."

આ વાક્યમાં 'આપ' શબ્દ માનાર્થે મોરરાજા માટે વપરાયો છે. તેથી સર્વનામ છે.

¶ આ બધાં ઉપરથી હવે તમે સર્વનામ શું તે સમજ્યા ?

વાક્યમાં નામને બદલે વપરાતો શબ્દ સર્વનામ કહેવાય.

શિક્ષકોને

૧. સાતમી ચોપડીમાં 'લડવું જ જોઈએ ?' એ પાઠ છે. તેની વાત આના અનુસંધાનમાં કહેવી.

૨. નજીવી બાબતોમાંથી કેવી મોટી તકરારો થઈ બેસે છે તે બાબતમાં ટોલ્સ્ટૉયે લખેલી 'તણખામાંથી આગ' એ વાત કહી શકાય. ('કથાવલી'–ભા. ૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

જલચર [સં.] = પાણીમાં ફરનારું કે રહેનારું પ્રાણી
સ્થલચર [સં.] = જમીન ઉપર ફરનારું કે રહેનારું પ્રાણી

૨૧

તલવારનો વારસ

भेटे झूले छे तलवार, वीराजी केरी भेटे झूले रे;
भींते झूले छे तलवार, बापुजी केरी भींते झूले रे.

मारा बापुने, बहेन ! बे बे कुंवरिया, बे वच्चे पाडचा छे भाग;
हां रे बहेनी ! बे वच्चे पाडचा छे भाग. –वीराजी०

मोटे मागी छे महोल महेलातो वाडीओ; नाने मागी छे तलवार;
हां रे बहेनी ! नाने मागी छे तलवार. –वीराजी०

मोटो महाले छे महोल मेडीनी साहेबी; नानो खेले छे शिकार–वीराजी०

मोटो चडियो छे कांई हाथी-अंबाडीए; नानेरो घोडे असवार–वीराजी०

मोटो काढे छे रोज कावा कसुंबला; नानेरो घूमे घमसाण–वीराजी०

मोटो पोढे छे लाल रंगीले ढोलिये; नानो डुंगरडानी धार–वीराजी०

मोटो मढावे वेढ वींटी ने हारला; नानो सजावे तलवार–वीराजी०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोटाने सोहे हीर–जरियानी आंगडी; नानाने गेंडानी ढाल–वीराजी०
मोटो संताय सुणी शत्रुना रीडिया; नानेरो दे छे पडकार–वीराजी०
मोटो भाग्यो छे सेन शत्रुने भाळतां; नानेरो झींके छे घाव–वीराजी०
मोटो जीव्यो छे पाय शत्रुना पूजतो; नानेरो सूतो संग्राम–वीराजी०
मोटे रे, माडी, तारी कूखो लजावी; नाने उजाळ्यां अवतार–वीराजी०
मोटानां मोत चार डाघुडे जाणियां; नानानी खांभी पूजाय–वीराजी०

भेटे झूले छे तलवार, वीराजी केरी भेटे झूले रे!
भींते झूले छे तलवार, बापुजी केरी भींते झूले रे!

ઝવેરચંદ મેઘાણી

સ્વાધ્યાય

૧. આ કાવ્યની કથા એક બહેન પોતાની બહેનપણીને જાણે કહી સંભળાવે છે. નાનો ભાઈ અને મોટો ભાઈ બાપના વારસામાંથી જુદી જુદી વસ્તુઓ પસંદ કરે છે; અને નિરાળાં જીવન જીવે છે. નાનો વીરધર્મને ઉચિત જીવન જીવી જાય છે; મોટો એશઆરામનું જીવન પસંદ કરે છે.

૨. બંનેનાં જીવનનો અંત કેવો આવ્યો તે જુઓ. મોટાનું મરણ ચાર ડાઘુઓએ જ જાણ્યું, ત્યારે નાનાની ખાંભી પૂજાય છે. એનો તફાવત સમજ્યા?

પ્રશ્નો

૧. બાપના વારસામાંથી નાનાએ શું શું પસંદ કર્યું? શાથી?

૨. વારસાની પસંદગીને કારણે બંનેના જીવનમાં શો ફેર પડ્યો તે તમારા શબ્દોમાં તારવી બતાવો.

૩. નાનાભાઈ અને મોટાભાઈ એ બેમાંથી બહેનને કયો ગમ્યો એમ કવિતા ઉપરથી લાગે છે?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી સર્વનામ શોધી કાઢો:—

(૧) તમને કયું પુસ્તક ગમે છે? આ કે પેલું?
(૨) જે ખાડો ખોદે, તે પડે.
(૩) શિક્ષકે કહ્યું, 'ત્યાં કોણ છે? તમે શું કરો છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) સર્વે બોલી ઊઠ્યાં, 'આપણે હવે ઘેર જઈએ.'

(૫) આંધળાએ કહ્યું, 'આપ મને રસ્તો બતાવો; હું પોતે જઈ શકું તેમ નથી.'

શિક્ષકોને

૧. શ્રી. ઝવેરચંદ મેઘાણી (ઈ. સ. ૧૮૯૭-૧૯૪૭) ગુજરાતી ભાષાના જાણીતા લેખક અને કવિ થઈ ગયા. તેમણે ઘણું લોકસાહિત્ય ભેગું કર્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર', 'રઢિયાળી રાત' વગેરે તેમનાં જાણીતા સંગ્રહોમાંથી ઘણું રસિક સાહિત્ય વર્ગમાં વાંચી શકાય.

૨. 'બાર જણા' કાવ્યના ધૂળા શેઠ અને આ કાવ્યનો નાનો ભાઈ – બેની બહાદુરીની સરખામણી કરાવવી. બેમાં ફેર કયાં છે?

૩. ચોથી ચોપડીમાં 'ભોગીભાઈ અને જોગીભાઈ' એ કવિતા છે. તેમાં જરા જુદી જાતની વીરતાનું વર્ણન છે; બીજાનું તૈયાર કરેલું ભોગવવાનો આનંદ, અને પોતે નવું ઊભું કર્યાનો આનંદ, એ બે વચ્ચેનો તફાવત તેમાં છે, તે પણ અહીં સરખાવી શકાય.

૪. આ કવિતા ગરબામાં ગાઈ શકાય. આ ઢાળમાં આવી બીજી કથાઓ પણ ગોઠવી શકાય.

અઘરા શબ્દો

ભેટ = કમરપટા પેઠે કેડે બંધાતું કપડું
વીરો = ભાઈ
મહેલાત [અ.] = રાજમહેલ
સાહેબી = વૈભવ; જાહોજલાલી
અસવાર [ફા.] = ઘોડેસવાર
કાવો = ઉકાળો; કાઢો
કસુંબલો = પાણીમાં ઘોળેલું અફીણ
ધમસાણ = ભયંકર યુદ્ધ
ઢોલિયો = ખાટલો; પલંગ
વેઢ = બેથી વધારે આંટાવાળી વાળાની વીંટી
સજાવવું = ઘસાવીને તૈયાર કરાવવું
સોહવું = શોભવું
હીર = રેશમ
જરિયો = જરી; કસબ
આંગડી = અંગરખી
રીડિયા = રાડ; બૂમ
સેન = સેના; ફોજ
ઘાત = ઘાવ
પડકાર = સામાવાળિયાને 'આવી જા' એવું સંબોધન
ડાઘુડો = ડાઘુ; મડદું બાળવા ઊંચકી જનાર
ખાંભી = પાળિયો; યાદગીરી માટે ખોડેલો સ્મારક-સ્તંભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

દાદાનો શિષ્ય

આજથી લગભગ બસોએક વર્ષ પૂર્વે ઇટાલીના એક નાના ગામડામાં, ઍન્ટોનિયો કૅનોવા કરીને એક છોકરો રહેતો હતો. તેનાં માબાપ ગરીબ હતાં. તેઓ મજૂરી કરીને પોતાનું પૂરું કરતાં હતાં. કૅનોવા ત્રણ જ વર્ષનો હતો, ત્યારે તેના પિતા ગુજરી ગયા. યુરોપના દેશોમાં વિધવાવિવાહનો રિવાજ છે; તે પ્રમાણે બાળક કૅનોવાની મા બીજી વાર પરણી પોતાના નવા પતિને ત્યાં રહેવા ગઈ. પછી કૅનોવાને ઉછેરીને મોટો કરવાની જવાબદારી તેનાં વૃદ્ધ દાદાદાદીએ ઉપાડી લીધી. એટલે કૅનોવાને તેમની પાસે રહેવાનું થયું.

કૅનોવાના દાદા સલાટનો ધંધો કરતા હતા. મોટી મોટી પથ્થરની ડગશોમાંથી મકાનને માટે જોઈતા ઘાટો ઘડીને એ પોતાનો રોટલો કમાતા. આ કામમાં તે પ્રવીણ કારીગર હતા. બાળક કૅનોવાને દાદાના આ કામમાં બહુ મજા પડતી. દાદા હાથમાં ટાંકણું કે છીણી અને હથોડી લઈને કામ કરતા હોય, ત્યારે કૅનોવા ઘણી વાર તે જોયા જ કરતો. ટક ટક કરતું ટાંકણું પથ્થરની રજ કોરતું કોરતું તેને ઉરાડતું હોય; તેને કલાકોના કલાકો સુધી એકીટશે જોયા કરવામાં બાળક કૅનોવાને થાક ચડતો નહિ. ધીમે ધીમે પથ્થરની બેડોળ ડગશ ટાંકણાના ટકટકાટથી આકાર પકડતી. દાદા જાણે ડગશમાં ઢંકાયેલા એ આકારને ખોળી કાઢતા ન હોય!

કૅનોવાને થતું કે, લાવને હું પણ ટાંકણું ચલાવી જોઉં. એટલે તે પણ હથોડી ટાંકણા વડે પથ્થર પર રમવા લાગ્યો. ટાંકણું હાથમાં લે ને હથોડીથી તેના પર ટોચો મારે. કોક વાર પથ્થરમાં મોટું કાણું પાડી દે તો કોક વાર ટાંકણું વાંકું થઈ સરી જાય. એમ, શરૂઆતમાં તો ટોચો જ બરોબર ન વાગે. પણ કૅનોવા ધીરજવાળો છોકરો હતો. દાદાને બરોબર ફાવે છે તો મને કેમ ન ફાવે? — એમ એને થતું.

કૅનોવાને ઘડવાના કામમાં રસ પડે છે એ તેના દાદાએ થોડી વારમાં જોઈ લીધું. એટલે તેમણે પોતાની કળા તેને શીખવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆત કરી. પ્રથમ એમણે તેને ચિત્રકળા તરફ વાળ્યો. કામેથી પાછા આવીને રોજ સાંજે તેના વૃદ્ધ દાદા એને અનેક રીતનું ચિત્રકામ શીખવે. કૅનોવાના આનંદનો પાર ન રહ્યો. ચિત્રો દોરતાં એ થાકે જ નહિ. આખો દહાડો એ કાંઈ ને કાંઈ દોર્યા જ કરે. હવે તો તે ઘરમાં જે જુએ તે દોરવા મથવા લાગ્યો. તેમાં તેણે પોતાનાં દાદા-દાદીને ચીતરવાનું પણ ન છોડ્યું! આવા ખંતીલા અને મહેનતુ બાળકની પ્રગતિમાં પછી શી મણા રહે?

ચિત્રકામમાંથી હવે કૅનોવાએ પોતાનો હાથ માટીકામ પર ચલાવવા માંડ્યો. એમાં તેને ચિત્રકામ કરતાં પણ વધારે મજા પડી. સપાટી પરના ચિત્રના આકારો કાઢવા કરતાં તાદૃશ ઘન મૂર્તિઓ બનાવવામાં એને ખૂબ રસ પડવા લાગ્યો. એની આ પ્રગતિ જોઈને દાદાના આનંદનો પાર ન રહ્યો. તેમને મનમાં લાગ્યું કે, આગળ ઉપર મારો પૌત્ર જરૂર એક સરસ શિલ્પી તરીકે નામના મેળવશે.

એક દિવસ કૅનોવા તેના સાવકા પિતાને મળવા ગયો હતો. પાસેના એક ઉમરાવની હવેલીમાં તેનો પિતા કામ કરતો હતો. તે દિવસે એ ઉમરાવને ત્યાં જાફત હતી. અનેક મોટા માણસો તેમાં આવવાના હતા. તૈયારીની ધમાલ ચાલતી હતી. જમવાનો વખત થવા આવ્યો હતો, એટલે નોકરો જમવાનો ઓરડો શણગારવા માટે દોડાદોડ કરી રહ્યા હતા. એક નોકર, જમવાના ટેબલની શોભા માટે, તેની વચ્ચે મૂકવાની પ્રતિમા લઈને જતો હતો. રઘવાટમાં તે એના હાથમાંથી પડી ગઈ અને જમીન પર અફળાતાં તેના ટુકડા થઈ ગયા! હવે? બીજી નવી પ્રતિમા લાવવાનો વખત નહોતો. અને શણગાર વગરનું ટેબલ તો કેમ જ રખાય! શેઠ ઠપકો ન આપે?

એવામાં એક બાળ-અવાજ સંભળાયો, 'ફિકર ન કરો; હું તમને અબઘડી બીજી પ્રતિમા ઘડી આપું છું.'

તે અવાજ કૅનોવાનો હતો. આવડું નાનું છોકરું તે વળી શું કરી શકવાનું, એમ જ માની કેટલાક નોકર તો હસવા લાગ્યા. કૅનોવા એને ગણકાર્યા વગર પોતાને કામે વળગ્યો. ટેબલ ઉપર એણે સુંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પીળા રંગના માખણનો એક મોટો લોંદો જોયો. સમયસૂચકતાથી એણે એમાંથી જ પ્રતિમા ઘડવાનું વિચાર્યું, અને એણે પાસે પડેલી છરી વડે તરત જ કામ શરૂ કર્યું. એક વાર તો પેલા હસતા નોકરો પણ થંભી ગયા. બધા શાંતિથી જોવા લાગ્યા. કૅનોવાની નાનકડી આંગળીઓ નીચે નરમ માખણમાંથી સિંહ–પ્રતિમા જન્મતી ગઈ, અને મહેમાનો આવે તે પહેલાં તો પીળી, આરસના જેવી રૂપાળી પ્રતિમા તૈયાર થઈ ગઈ! સૌના મોંમાંથી હાશની સાથે શાબાશનો અવાજ નીકળી પડ્યો.

ભોજન શરૂ થયું. મહેમાનોની આંખ સિંહના એ તાદૃશ પૂતળા પર ગયા વગર રહી નહિ. 'આ પૂતળું કોણે ઘડ્યું ?'– એક મહેમાને પૂછ્યું. શેઠે નોકરને બોલાવી પૂછ્યું.

નોકરે કહ્યું કે, એક નાના છોકરાની એ કૃતિ છે. આ સાંભળી શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'ક્યાં છે એ બાળક?'— શેઠે નોકરને કહ્યું. નોકરે કૅનોવાને બોલાવી આણ્યો.

શેઠે પૂછ્યું, 'તું આવી સરસ કળા કોની પાસેથી શીખ્યો?'

કૅનોવા — મારા દાદા પાસેથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી તો શેઠને વળી અચરજ થયું, કેમ કે એનો દાદો તો માત્ર એક સામાન્ય સલાટ હતો.

'છોકરા, તને આ કળાની કુદરતી બક્ષિસ હોય એમ લાગે છે. તું હવે મારે ઘેર જ રહે.'

પછી તો એ ઉમરાવે કૅનોવા માટે મોટા શિલ્પીઓને શિક્ષક તરીકે રાખ્યા અને તે મોટો થયો એટલે તેને આગળ શીખવાને માટે રોમ શહેરમાં મોકલ્યો. મોટપણે કૅનોવા યુરોપનો એક મહાન શિલ્પી નીવડ્યો અને આજ સુધી એની તે નામના કાયમ છે. એના દાદા તો તેની આ નામના જોવા ન પામ્યા; પણ કૅનોવા પોતાની નામના અને આબાદી પોતાના એ મૂળગુરુને જ આભારી છે એમ માની એમને કદી ભૂલ્યો ન હતો.

સ્વાધ્યાય

૧. ચિત્રકળા અને શિલ્પ વચ્ચે શો ફેર ? માટી લઈને તેમાંથી રમકડું કે કશોક આકાર બનાવી જોજો. ચિત્રકળા કાંઈક તો તમે શીખતા હશો.

૨. ઇટાલી દેશ ક્યાં આવ્યો તે નકશામાં જુઓ. 'અંગ્રેજ પ્રજાનો પ્રાચીન કાળ' એ પાઠમાં રોમન લોકોનો ઉલ્લેખ આવે છે. તે કયા દેશના વતની?

૩. આપણા દેશમાં શિલ્પકળાના ઘણા ઉત્તમ નમૂના છે. તમે તેમાંનો કોઈ જોયો છે ? તેનું વર્ણન કરો. આબુ ઉપર દેલવાડાનાં દેરાં, આગ્રાનો તાજમહાલ, વગેરેનું શિલ્પકામ ઘણું વખણાય છે.

પ્રશ્નો

૧. કૅનોવા શી રીતે ભણ્યો ? શાથી તે ફાવી શક્યો ?

૨. પોતાની મહેનતથી – ગરીબાઈનાં કષ્ટ વેઠીને ભણેલા બીજા કોઈ વિદ્યાર્થીનું નામ તમે જાણો છો ?

૩. સમયસૂચકતા એટલે શું ? તેની બીજી કોઈ વાત કે દાખલો કહો.

૪. કૅનોવાની વાત કહો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યો સરખાવો :–

क	ख
(૧) ગાય ખેતરમાં ચરે છે.	(૧) ધોળી ગાય ખેતરમાં ચરે છે.
(૨) ઘોડો દોડે છે.	(૨) લાલ ઘોડો દોડે છે.
(૩) છોકરા ગુરુજીની આજ્ઞા માને છે.	(૩) સારા છોકરા ગુરુજીની આજ્ઞા માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क વિભાગનાં વાક્યો કરતાં ख વિભાગનાં વાક્યોમાં વિશેષ શું કહ્યું છે?

'ગાય'ને બદલે 'ધોળી ગાય' કહેવાથી એ ગાય વિષે આપણે કંઈક વિશેષ જાણીએ છીએ.

તે જ પ્રમાણે બીજા વાક્યમાં 'લાલ' શબ્દથી ઘોડાની વિશેષતા આપણે વધુ જાણીએ છીએ.

તે જ પ્રમાણે 'સારા છોકરા' કહેવાથી છોકરાના અર્થમાં વધારો દર્શાવાય છે, એ સમજ્યા?

'ધોળી', 'લાલ', 'સારા' એ શબ્દો વિશેષણ કહેવાય છે.

નામને વિષે વિશેષ કહી તેના અર્થમાં વધારો કરનાર કે તેની વિશેષતા બતાવનાર પદને વ્યાકરણમાં વિશેષણ કહે છે.

શિક્ષકોને

૧. પાઠમાંથી થોડાંક વિશેષણો તારવી બતાવવા વિદ્યાર્થીઓને કહેવું.

૨. ખંત, મહેનત, ઉમળકો, ઉત્સાહ—એ બધાના અર્થમાં જરા જરા ફેર છે, તે દાખલાથી સ્પષ્ટ કરવો. તે શબ્દો વાપરીને વાક્ય બનાવવા કહેવું.

૩. ચિત્રકળામાં વિદ્યાર્થીઓનો હાથ થોડો પણ બેસે, તો તેમના અક્ષરમાં સુધારો થાય. સારા અક્ષર લખવા એ ચિત્રકળાનો જ એક ભાગ છે, એવું 'મોતીના દાણા' (ચોથી ચોપડી) પાઠમાં ગાંધીજીનું કથન છે, તે યાદ કરાવવું.

અઘરા શબ્દો

પ્રચલિત [સં.] = ચાલુ કે ચાલતું આવેલું
જવાબદારી = જવાબ દેવાનું જોખમ અથવા ફરજ; જુમ્મેદારી
સલાટ = પથ્થર ઘડવાનું કામ કરનાર
ડગશ = પથ્થરનું મોટું ઢીમચું; મોટી શલ્યા
ટાંકણું = ટાંકવાનું—કોતરવાનું ઓજાર
છીણી = લાકડાં, પથ્થર, ધાતુ વગેરે ફાડવા માટે વપરાતું લોઢાનું ઓજાર
પ્રગતિ [સં.] = આગળ વધવું તે; ઉન્નતિ
મણા = ઊણપ; ખામી
શિલ્પી = શિલ્પ—કોતરકામ જાણનાર
નામના = કીર્તિ; આબરૂ
જાફત = મિજબાની; ઉજાણી
પ્રતિમા [સં.] = બાવલું; પૂતળું; મૂર્તિ
રઘવાટ = ઉતાવળનો ગભરાટ; બાવરાપણું
સમયસૂચકતા = સમયને યોગ્ય તરત ઘટતું કરવાનો ગુણ
તાદૃશ [સં.] = મૂળના જેવું જ; આબેહૂબ
અચરજ = નવાઈ; આશ્ચર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

જેલના દોસ્તો

[શ્રી. કાકાસાહેબ કાલેલકર આપણા જાણીતા વિદ્વાન લેખક છે. પણ તેના કરતાં વધારે તો તે કેળવણીકાર છે. ૧૯૨૨માં તેમને સરકારે સાબરમતી જેલમાં પૂર્યા હતા. સ્વભાવે શિક્ષક, એટલે ત્યાં પણ એ તો ભણવાનું ને સૃષ્ટિ જોઈને મજા માણવાનું ખોળી જ કાઢે. એ બધાનું વર્ણન એમણે 'ઓતરાતી દીવાલો' નામની ચોપડીમાં કર્યું છે. તેમાંથી આ એક ભાગ અહીં આપ્યો છે.]

થોડા જ વખતમાં 'ફાંસીખોલી'માં મારી બદલી થઈ. ફાંસીખોલી એટલે જેલમાં ફાંસી દેવાની જગા પાસે જ આવેલી, ફાંસીની સજાવાળા કેદીઓને રાખવાની આઠ ખોલીઓ. સાબરમતી જેલમાં આ જગા સૌથી સરસ ગણાતી.

ફાંસીખોલીમાં આવતાંવેંત બે બિલાડીઓની દોસ્તી થઈ. એકનું નામ 'ફોજદાર' હતું, બીજીનું નામ 'હીરા'. રોજ ઇસ્પિતાલમાંથી આ બિલાડીઓને નવટાંક દૂધ મળવાની 'ખાનગી વ્યવસ્થા' હતી.

ખાનગી વ્યવસ્થા એટલે દાક્તર કે જેલરના હુકમ વગર થયેલી અને ચાલતી આવેલી વ્યવસ્થા. જેલખાતામાં એવી ઝીણી ઝીણી ઘણી વ્યવસ્થાઓ હોય છે. કેદીઓ તેમ જ તેમના ઉપરી નોકરો બધા જ માણસ હોય છે; એટલે હૃદયવિહીન નિયમનું પાલન કરતી વેળા, જેમ તેઓ તેમાં ઘણી વાર કઠોરતા ઉમેરે છે, તેમ કેટલીક વાર દયાનું મિશ્રણ પણ કરે છે.

સવારસાંજના રોટલા આવે કે તરત જ અમારે ત્યાં તેના ત્રણ કકડા દૂધમાં પલાળી બિલાડીઓ માટે એક ખૂણામાં રાખવામાં આવતા. કોક દિવસ ભૂખ કકડીને લાગી હોય ત્યારે બિલાડીઓ વૉર્ડરના પગ સાથે નાક ઘસી ઘસીને એને વીનવે; અને કોક દિવસ વળી ખાવાનું પાસે મૂક્યું હોય તોપણ પહોર વાર સુધી જોયાં જ કરે, અને ભર્તૃહરિના હાથીની પેઠે,

'धीरं विलोकयति चाटुशतैश्च भुंक्ते'.

(ધીરતાથી જોઈ રહે, અને હજાર ખુશામતો કરે ત્યારે ખાય!)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બે બિલાડીમાંથી ફોજદારની પૂંછડી બરોબર મધ્યમાં લગભગ તૂટવા આવી હતી;—રોગથી કે કંઈ જખમથી તે કોણ કહી શકે? દાબડે બાપા (લેખકના જેલના એક સાથી) એક દિવસ ઇસ્પિતાલમાં ગયા ત્યારે ત્યાંથી મલમ લઈ આવ્યા. તે દિવસથી રોજ ફોજદારની માવજત થવા લાગી. પણ બાપા તેની પૂંછડી પકડીને મલમ લગાવે તે સ્થિતિ બિલાડીને પહેલે દિવસે સ્વમાનને બાધક જણાઈ. તેણે સૌમ્ય અને આકરા બધા નિષેધો વ્યક્ત કર્યા. પણ બીજા જ દિવસથી ફાયદો લાગવાથી તેણે ઍન્ડ્રોકિલઝના સિંહની વૃત્તિ ધારણ કરી.

ફાંસીખોલીમાં અમને નવા દોસ્તો મળ્યા અને તે વાંદરાઓ. વાંદરાઓ જેલની અંદરના બગીચામાં ખૂબ રંજાડ કરે છે, તેથી જેલના અમલદારો તેમના તરફ 'નફરતકી નિગાહસે' જુએ છે; અને તે જ કારણસર કેદીઓને વાંદરાઓ પર ખૂબ ભાવ હોય છે. અમારા ઝાડુ-વાળાને આનું કારણ પૂછતાં તેણે કહ્યું, 'અમારી છાતી ફાટી જાય ત્યાં સુધી પાણી ખેંચી ખેંચીને અમે શાક ઉગાડીએ છીએ, અને અમારે ભાગે તેમાંથી ફક્ત ઘરડાં પાંદડાં ને ડાંખળાં જ આવે છે; અસલી માલ તો અમલદારો ખાય છે અથવા કમિટીમાં આવનાર 'વિઝિટરો' લઈ જાય છે. આતવારને દિવસે ધર્મનું ભાષણ સંભળાવવા પેલા બે જણા આવે છે, તે પણ શાકભાજી માટે જ આવે છે, એ શું અમે નથી જાણતા?' મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો કે, એ મહાશયો બજારમાંથી પણ શાક ખરીદી શકે છે. પણ પેલો મારું માને જ શેનો?

વાંદરા આવે કે કેદીઓ ખુશીમાં આવી એમના જેવી કિકિયારી કરે, અને પોતાના રોટલામાંથી એકાદ ટુકડો તેમને ફેંકતાં પણ અચકાય નહિ. અમારે ત્યાં વાંદરાઓ બહુ પાસે ન આવતા. દીવાલ પર બેસી લાંબી પૂંછડી એક બાજુ લટકતી રાખી, ડોક મરડી ખભા પરથી અમારી તરફ જોતા, અને જાણે પાડ કરતા હોય તેમ સહેજ દાંત પણ બતાવતા. અમે રહેતા હતા તેની બહાર મોટી દીવાલનો ખૂણો પડતો હતો. વાંદરાઓ એ ખૂણા પાસે જઈ કૂદીને એક દીવાલને લાત મારે ને બીજી દીવાલ પર અફળાય. ત્યાં લાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પહેલી દીવાલ પર કૂદે. આમ કરતે કરતે ઠેઠ દીવાલની ટોચ સુધી પહોંચી જતા. મને થતું, વાંદરાઓ જો આમ જઈ શકે તો માણસ કેમ ન જાય? બીજી જ ક્ષણે વિચાર આવ્યો, તેમ બની શકતું હોત તો ચોરોએ તે કળા ક્યારની કેળવી હોત.

સ્વાધ્યાય

૧. ઍન્ડ્રોક્લિઝના સિંહની વાત જાણો છો? ઍન્ડ્રોક્લિઝ એક હબસી ગુલામ હતો. ગુલામી કોને ગમે? એ તો એક દહાડો છાનોમાનો નાસી ગયો જંગલમાં. ભોગજોગે ત્યાં એક સિંહ એને મળ્યો. એને થયું, આ તો મૂઆ બાપલિયા! પણ સિંહ તો ન મારે કે ન પાછો જાય — તે તો તેની પાસે જ આવ્યા કરે! તે લંગડાતો હતો, કેમ કે તેના પગની પોચી ગાદીમાં કાંટો ભોંકાયો હતો. ઍન્ડ્રોક્લિઝ આ સમજ્યો. હિંમત કરીને એણે તો સિંહનો કાંટો કાઢ્યો. સિંહ એને માર્યા વગર ચાલ્યો ગયો!

હવે ગામમાં ઍન્ડ્રોકિલઝની શોધાશોધ ચાલી. શેઠે ગુલામ ખોળવા માણસો દોડાવ્યા. ઍન્ડ્રોક્લિઝ પકડાયો. રાજ્યનો કાયદો એવો હતો કે, ગુલામ જો નાસી જાય તો તેને મરણની સજા કરવી. ઍન્ડ્રોક્લિઝને સિંહ પાસે મરાવવાનું ઠર્યું.

સૌ લોક માણસ અને સિંહની આ ક્રૂર સાઠમારી જોવા ભેગું થયું. ઍન્ડ્રોક્લિઝ ઊભો હતો તેની સામે સિંહ છોડવામાં આવ્યો. ઘૂરકતો ને ગર્જતો સિંહ પાસે તો આવ્યો. પણ આ શું? ઍન્ડ્રોક્લિઝને જોઈને એ તો ધીમે ધીમે તેના પગ આગળ આવી જાણે પાળેલો હોય એમ, પ્રેમ કરતો બેસી ગયો! શાથી એમ હશે તે કહો જોઈએ?

એ પેલો કાંટાવાળો સિંહ હતો.

૨. તમે કદી બિલાડી, કૂતરું પાળ્યું છે? એની ટેવો નિહાળો છો? એને ત્રાસ દો તો તે દોસ્તી નથી રાખતું એ જોયું છે? કુદરતની વસ્તુઓ-માંથી મજા કેવી રીતે લૂંટાય તે આ પાઠમાંથી ખાસ જોજો.

પ્રશ્નો

૧. ભૂખ લાગી હોય ત્યારે બિલાડી પોતાની વિનવણી કઈ રીતે વ્યક્ત કરે છે? કૂતરું ત્યારે શું કરે છે?

૨. કાકાસાહેબને જેલમાં કયા કયા દોસ્તો મળ્યા હતા? કાકાસાહેબ જેવા જેલમાં શા માટે ગયા હોય?

૩. બગીચામાં રંજાડ કરનારા વાંદરાઓ ઉપર કેદીઓ શાથી ભાવ રાખે છે? વાંદરા ક્યારે દાંતિયાં કરે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી વિશેષણો બતાવો :—

(૧) મને ધોળી ટોપી ગમે છે.
(૨) નિશાળના આંગણામાં મોટું ઝાડ છે.
(૩) બાગમાં લાલ ગુલાબ થાય છે.
(૪) મને મીઠું ફળ ભાવે છે.
(૫) સારી સોબત રાખજો.

એ વિશેષણો કયાં નામનો શો ગુણ બતાવે છે?

૧ નીચેનાં વાક્યોમાંથી વિશેષણો બતાવો :—

(૧) નિસરણીને વીસ પગથિયાં છે.
(૨) છેલ્લો છોકરો ઊંઘે છે.
(૩) હું પાંચમી ચોપડી વાંચું છું.
(૪) ગાયને ચાર પગ છે.

એ વિશેષણો કયાં નામોની કેટલી સંખ્યા બતાવે છે?

શિક્ષકોને

૧. વિશેષણો નામનો ગુણ, સંખ્યા વગેરે બતાવીને તેના અર્થમાં વધારો કરે છે, એ બાબત વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવવી. વર્ગમાં તેવાં બીજાં વાક્યો પૂછવાં.

૨. કૂતરાં વગેરેની પેઠે હાથી ખાવા માટે દીનતા બતાવતો નથી, એ વસ્તુ ભર્તૃહરિએ પોતાના શ્લોકમાં કહી છે; તેથી 'ભર્તૃહરિનો હાથી' એવો ઉલ્લેખ કરેલો છે.

૩. ગાંધીજી ઈ. સ. ૧૯૩૨માં યરોડા જેલમાં હતા, ત્યારે એક બિલાડી તેમની પાસે આવતી, એની વાત ત્રીજી ચોપડીમાં 'બિલાડી–શિક્ષક' એ પાઠમાં આવી ગઈ છે.

૪. રોબિન્સન ક્રૂઝો વેરાન ટાપુમાં એકલો હતો ત્યારે કૂતરો, બિલાડી અને પોપટ એ ત્રણ સહવાસીઓથી તેને કેવી શાંતિ મળતી, તેની વાત છઠ્ઠી ચોપડીમાં આવે છે. જેલમાં રહેનાર પણ આવા બધા દોસ્તો મારફત આનંદ લઈ શકે છે.

અઘરા શબ્દો

ખોલી = ઓરડી; કોટડી
હૃદયવિહીન = ભાવ કે લાગણી વિનાનું
વૉર્ડર [ઇં.] = કેદીઓની ટુકડીનો મુકાદમ
બાધક [સં.] = બાધ કરનારું; હરકત કરનારું; રોકનારું
સૌમ્ય [સં.] = શાંતિભર્યું; હળવું
નિષેધ [સં.] = ના પાડવી તે; મના
વ્યક્ત [સં.] = પ્રગટ; જાહેર; ખુલ્લું
રંજાડ = બગાડ; નુકસાન
નફરતકી નિગાહસે = નાપસંદગી કે તિરસ્કારની નજરથી
અસલી = ઉત્તમ
કમિટી [ઇં.] = જેલની તપાસ કરવા નિમાયેલી સમિતિ; મંડળ
વિઝિટર [ઇં.] = કેદીઓની સ્થિતિ જોવા આવનાર કમિટીનો સભ્ય
મહાશય [સં.] = સદ્‌ગૃહસ્થ; મોટું માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

બાર જણા



एक ईडरनो वाणियो, धूळो एनुं नाम ;
समी सांजनो नीकळ्यो जवा कोथळे[1] गाम. १

रस्ते अंधारुं थयुं, चडियो बीजी वाट;
जंगलमां भूलो पड्यो, दिलमां थयो उचाट. २

पण हिंमत एणे धरी, मनमां कर्यो विचार:
'नथी कदी हुं एकलो, साथी मारे बार!' ३

एवे झाडी सळवळी, चमक्या कोळी चार;
'खबरदार! जे होय ते आपी दे आ वार.' ४

---

૧. કોથળે જવું=કોથળામાં જણસભાવ લઈને તે વેચવા જવું એવો અર્થ ઈડર તરફ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कहे धूळो ए कोळीने, 'अल्या नथी हुं एक;
बार जणा लई नीकळयो, करजो कांक विवेक.' ५

'काले करजे टायली, हमणां दई दे माल'—
एवुं बोली ऊलटया कोळी ए विकराल. ६

धूळो कूद्यो; कोथळो वींझे सबोसब;
हतां कोथळे काटलां, वागे धबोधब! ७

कोळी खीज्या, एमना धूळो खाळे घाव;
क्यांथी रे आ वाणियो शीख्यो आवा दाव? ८

आघुंपाछुं ना जुए, धूळो खेले जंग;
बोले, 'हुं ना एकलो; हवे बतावुं रंग.' ९

कोळी चोंक्या, 'एकमां होय आटलुं जोर;
बार जणा जो छूटशे, थशे आपणी घोर.' १०

एम विचारी बी सहु नाठा एकीसाथ;
धूळो हरख्यो, 'वाह! में ठीक बताव्यो हाथ.' ११

वाट जडी, धूळो गयो, जवुं हतुं जे गाम;
वळतो ए घेरे गयो, पूरुं करीने काम. १२

धूळानी आ वारता जाणी, बाळ तमाम
पूछे, 'कोण तमे हता बार? गणावो नाम.' १३

धूळो कहे: 'आ हाथ बे, बे आंखो, बे पाय;
अने काटलां कोथळो मळी एम दश थाय. १४

छेल्ला साथी बे खरा—हिंमत ने विश्वास;
ए बे विण बीजां बधां थाय नकामां खास.' १५

રમણલાલ સોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ઈડર ક્યાં આવ્યું? રેલવેમાં ક્યાં થઈને જવાય? નકશામાં બતાવો. ઈડર તરફનો પ્રવાસ ગોઠવવા જેવો છે.

૨. ધૂળા શેઠ ચાર કોળી સામે શી રીતે ઝૂઝી શક્યા?

૩. કોળીઓએ હિંમત ને વિશ્વાસ બતાવ્યાં હતાં? જો ના, તો કેમ નહિ બતાવ્યાં હોય? તેમનો ધંધો શો હતો?

૪. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત અહીં લાગુ પડે?

૫. શ્રી. રમણલાલ સોનીનાં બીજાં બાળકાવ્યો વાંચવાની મજા પડશે.

શિક્ષકોને

[વ્યાકરણ]

¶ 'તે', 'પેલો', 'આ', 'કયો', 'શું', 'સર્વ', 'જે' — એ બધાં **સર્વનામો** વિષે આગળ આવી ગયું છે. હવે નીચેનાં વાક્યો જુઓ—

(૧) તે માણસ આવ્યો નહિ.
(૨) પેલો ઘોડો લંગડાય છે.
(૩) તમને કયો રંગ ગમે છે?
(૪) તમારે ગામમાં શું કામ છે?
(૫) સર્વ છોકરાં રમે છે.
(૬) જે માણસ કાલે આવ્યો હતો, તે આજે આવ્યો નથી.

આ વાક્યોમાં 'તે', 'પેલો' 'કયો' 'શું' 'સર્વ' 'જે' એ બધાં નામને **બદલે** વપરાયાં નથી; તેથી સર્વનામ નથી. પરંતુ તેઓ નામની **સાથે** વપરાયાં છે, તથા નામના અર્થમાં વધારો કરે છે, માટે તે વિશેષણો છે.

એટલે કે, એ સર્વનામો જ્યારે નામની **સાથે** આવીને તેના અર્થમાં વધારો કરે છે, ત્યારે તે વિશેષણ બની જાય છે. આ વસ્તુ દાખલા આપીને સમજાવવી.

અઘરા શબ્દો

સમીસાંજ = સાંજની વેળા
ઉચાટ = ચિંતા; ફિકર
ચમકવું = અચાનક દેખા દેવી
વિવેક [સં.] = વિચાર
ટાયલી = વગર જરૂરની દોઢ ડહાપણની વાત
ઊલટવું = ધસારો કરવો
ઘેર = કબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

ગિરિરાજ આબુ



ગિરિરાજ આબુનું નામ મહાભારત અને વિષ્ણુપુરાણ જેવા પ્રાચીન ગ્રંથોમાં આવે છે. ગુજરાતનું એ એક પુરાણપ્રસિદ્ધ પવિત્ર સ્થાન છે. અનેક ઋષિમુનિઓ તેની ગુફાઓમાં વસતા અને તપ સમાધિમાં પોતાનો સમય ગાળતા. સંસ્કૃતમાં આ પર્વતનું નામ 'અર્બુદ' છે; આજનું 'આબુ' નામ તે શબ્દ પરથી પડ્યું છે. આને વિષે હિંદુ ધર્મગ્રંથોમાં મજાની એક વાત છે.

પ્રાચીન કાળમાં આ સ્થાનમાં ગૌતમ કરીને એક ઋષિ રહેતા હતા. તેમને ઉત્તંક નામે એક શિષ્ય હતો. તેનો વિદ્યાભ્યાસ પૂરો થયો, એટલે તે ગુરુજી પાસે રજા લેવા ગયો. ગુરુજીને નમન કરીને તે બોલ્યો : 'મહારાજ, મારો અભ્યાસ પૂરો થયો છે; આપ ગુરુદક્ષિણા માગો.'

ગુરુજી: 'બેટા, તારું કલ્યાણ થાઓ. ગુરુદક્ષિણા તો શી હોય! પણ આ તારાં ગુરુપત્ની કુંડળની ઇચ્છા કરે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તંક ગુરુપત્ની માટે કુંડળ લેવા ગયો. તે લઈને આશ્રમ તરફ પાછા આવતાં, રસ્તામાં એક સુંદર ઉપવનમાં એણે વિસામો કર્યો. તેને ભૂખ લાગી હતી, એટલે બે કુંડળને જમીન ઉપર મૂકી તે પાસેના ફળઝાડ પર ફળ લેવા ચડ્યો. ફળ લઈને નીચે આવે છે, ત્યાં જમીન પર કુંડળ ન મળે!

તે ઝાડ પાસે સર્પનો એક રાફડો હતો. તે જોઈ ઉત્તંકે વિચાર્યું, 'જમીન પર પડેલાં સુંદર કુંડળો જોઈને જરૂર આ રાફડામાં રહેતો નાગ લોભાયો અને તે તેમને લઈ ગયો!' એટલે ઉત્તંકે રાફડો ખોદી પાતાળ તોડ્યું અને પાતાળમાં રહેતા નાગોના રાજા પાસે તે પહોંચ્યો. ઉત્તંકને જોઈને પાતાળ-રાજાએ કહ્યું, 'હે વીર, તારાં કુંડળથી લોભાઈને એક નાગ તે ચોરી લાવ્યો છે. તે આ રહ્યાં, લે અને અમને માફ કર.'

કુંડળ લઈને ઉત્તંક આશ્રમે પહોંચ્યો અને ગુરુદક્ષિણા ચૂકવી પોતાને ઘેર ગયો.

રાફડાની એ જગા પાસે વસિષ્ઠ ઋષિનો આશ્રમ હતો. ઉત્તંકે પાતાળ ફોડ્યું હતું, તેથી ત્યાં એક મોટી કરાડ થઈને ઊંડી ખીણ પડી ગઈ હતી. વસિષ્ઠની ગાય નંદિની એક દહાડો ત્યાં ચરતી હતી. તે ઓચિંતી એ કરાડની ધાર ઉપર આવી ગઈ અને ખીણમાં ગબડી પડી. આથી ઋષિ બહુ દુઃખી થયા. તેમણે સરસ્વતી દેવીને પ્રાર્થના કરી, 'હે દેવી, મારી નંદિનીને ઉગારો.' સરસ્વતી દેવીએ પ્રસન્ન થઈને નંદિનીના આંચળમાંથી દૂધની ધારાઓ વહેવડાવી. તેનાથી ખીણ ભરાઈ ગઈ ને નંદિની એ દૂધિયા તલાવ પર તરતી તરતી બહાર આવી.

વસિષ્ઠે વિચાર્યું, 'આ કંદરા તો રોજની પીડા કહેવાય. તેનો કાંઈક કાયમી ઉપાય કરવો જોઈએ.' તે પરથી તેમણે નગાધિરાજ હિમાલયને પ્રાર્થના કરી કે, 'આવી મોટી કંદરા તો આપ જ પૂરી શકો; અમને સહાય કરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દેલવાડાનું મંદિર

હિમાલયે તે પ્રાર્થના સાંભળી અને પોતાના પુત્ર નંદિવર્ધનને આજ્ઞા કરી કે, 'જાઓ, જઈને ઋષિનું દુઃખ ટાળો.'

નંદિવર્ધન અર્બુદ નામે નાગદેવ ઉપર સવારી કરી ઋષિ પાસે આવ્યો અને પોતે ઋષિના આશ્રમ પાસે જ વસ્યો. એ જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ પ્રસન્ન થયા; તેમણે નાગદેવ અર્બુદને વર આપ્યો, 'હે અર્બુદ, હું તારા પર પ્રસન્ન થયો છું. આ સ્થાન અનંત કાળ સુધી, તારા પરથી અર્બુદગિરિને નામે ઓળખાશે.'

ત્યારથી એ સ્થાન એક તીર્થ બન્યું છે. તેનાં શિખરો પર શૈવ, જૈન વગેરે ધર્મીઓએ પોતાનાં મંદિરો બંધાવ્યાં છે. ગુજરાતના બે સુપ્રસિદ્ધ પ્રધાનો, વસ્તુપાળ અને તેજપાળે આ આબુગિરિને જ યોગ્ય સ્થાન માની તેની ઉપર દેલવાડાનાં રમણીય મંદિરો બંધાવ્યાં. ગુજરાતની ઉત્તરમાં 'રક્ષા કરતી બેઠેલી અંબામાત' પણ નજીકના જ એક શિખર પર વાસ કરે છે. દરેક ગુજરાતી બાળકે આ પ્રાચીન રમણીય સ્થાનની યાત્રા કરી તેને જાતે જોવું જોઈએ.

સ્વાધ્યાય

૧. આબુ ઉપરનાં દેલવાડાનાં દેરાં વિષે થોડું તમે ચોથી ચોપડીમાં વાંચી ગયા. તે દેરામાં આરસપહાણ જેવા કઠણ પથ્થરમાં બારીક અદ્દ્ભુત કોતરણી કરેલી છે, તે ખૂબ જાણીતી છે.

૨. આબુરોડ સ્ટેશનથી અંબાજી જવાનો બીજો રસ્તો ફંટાય છે. તે પણ જાણીતું તીર્થસ્થાન છે. તેની પાસે કુંભારિયાનાં દેરાં આવેલાં છે, તેમની કોતરણી પણ જોવા જેવી છે.

૩. આબુ પર્વતની રમણીયતાનું સુંદર વર્ણન કવિ દલપતરામે આ પાઠ પછીની કવિતામાં કર્યું છે, તે આની સાથે વાંચવાની મજા પડશે.

પ્રશ્નો

૧. હિંદનો નકશો દોરો. હિમાલય અને આબુનાં સ્થાન તેમાં બતાવો. તમારા ગામથી આબુ જવાનો રેલરસ્તો પણ દોરો.

૨. તમારી પડોશમાંથી કે શાળામાંથી કોઈ આબુ કે અંબાજી ગયું છે? તેની પાસેથી મુસાફરીનું વર્ણન સાંભળો.

૩. ઉત્તંકના જમાનામાં ભણવાની શાળા કેવી હતી તે ખ્યાલમાં આવ્યું? 'પહેલું સુખ તે જાતે નર્યા' એ પાઠમાં બ્રહ્મચર્યાશ્રમની વાત છે તે યાદ કરો.

૪. ગુજરાતના બીજા પર્વતોનાં નામ કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

૧ વિશેષણ કોઈ વાર બીજા વિશેષણનું પણ વિશેષણ થાય છે. તે બતાવવા નીચેના જેવાં વાક્યો વિદ્યાર્થીઓને કહેવાં —

(૧) અમદાવાદ **ઘણું** મોટું શહેર છે.
(૨) તેણે **બહુ** ભારે પથ્થર ઉપાડ્યો.
(૩) આ ચિત્ર **ખૂબ** સુંદર છે.

પહેલા વાક્યમાં **મોટું** એ કોનું વિશેષણ છે એ પૂછો; અને **ઘણું** એ કોનું વિશેષણ છે એ પૂછો. **મોટું** એ શહેરનું વિશેષણ છે. અને **ઘણું** એ વિશેષણ (મોટું)નું વિશેષણ છે. તે પ્રમાણે બીજાં વાક્યમાં પણ સમજાવવું.

[૨. ઇતર]

૧. પ્રવાસ એ ભણતરનું એક અગત્યનું અંગ છે. અવારનવાર પ્રવાસો ગોઠવવા. તે પ્રવાસો શિક્ષણની રીતે ઉપયોગી નીવડે તે પ્રમાણે શિક્ષકે ધ્યાન રાખવું.

૨. કોઈ વિદ્યાર્થી આબુ કે અંબાજી ગયો હોય તેને તેના પ્રવાસનું વર્ણન કહી સંભળાવવા કહો.

અઘરા શબ્દો

ગિરિરાજ [સં.] = પર્વતોનો રાજા; મોટો પર્વત
પુરાણપ્રસિદ્ધ [સં.] = પુરાણોમાં વર્ણવાયેલું; પ્રાચીનકાળથી જાણીતું
ગુરુદક્ષિણા [સં.] = અભ્યાસ પૂરો થયા પછી ગુરુને આપવાની દક્ષિણા કે ભેટ
કુંડળ = કાને પહેરવાનું એક ઘરેણું
ઉપવન [સં.] = બગીચો; વાડી
વિસામો = થાક ખાવાની જગા
રાફડો = ઉપર માટીના ઢગલાવાળું દર
કરાડ = ઊંડા ખાડાની ઊભી કોર–ભેખડ
કંદરા [સં.] = ગુફા; બખોલ
નગાધિરાજ [સં.] = નગ – પર્વત તેમનો અધિરાજ – મહારાજા; પર્વતોનો મહારાજા – હિમાલય
બૂરવું = પૂરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

'દીઠો આજ આબુ ગિરિરાજ એવો'

भलो दूरथी देखतां दिल भाव्यो,
चढी जेम आकाशमां मेह आव्यो;
दीसे कुंडनो देवता वीज जेवो,
दीठो आज आबु गिरिराज एवो. १

तिथि पूनमे शोभीता सांज टाणे,
बन्या घंट बे सूर्य ने सोम जाणे;
दीपे देवहाथी कहे कोई एवो,
दीठो आज आबु गिरिराज एवो. २

कदी उपरे जई जुओ जांख फाडी,
झूकी झाडनां झुंडनी झाझी झाडी;
महा स्वादु माग्यो मळे मिष्ट मेवो,
दीठो आज आबु गिरिराज एवो. ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वसे वाघ ने वांदरां सिंह हरणां,
झरे निर्मळां नीरनां नित्य झरणां;
शीळो ने सुगंधी वहे वायु तेवो,
दीठो आज आबु गिरिराज एवो. ४

भलां फूलनी त्यां फूली फूलवाडी,
कूवा वाव ने कुंड ओपे अगाडी;
वडां देवळोमां वसे वास देवो,
दीठो आज आबु गिरिराज एवो. ५

बन्या बंगला ने बन्यां त्यां बजारो,
रूडा रोजगारी करे रोजगारो;
मळे माल लेनारने होय लेवो,
दीठो आज आबु गिरिराज एवो. ६

तहां तेर गाउ तणे तो तळावे,
पीवा गाम अगियारना लोक आवे;
जहां जेठ मासे न दीसे प्रसेवो,
दीठो आज आबु गिरिराज एवो. ७

अषाढे परां वादळां पास आवे,
जतांवेंत जोवानी जुक्ति जणावे;
धुमाडो धूणीनो तमे जेम टेवो,
दीठो आज आबु गिरिराज एवो. ८

जूनां जैननां हिंदुनां स्थान जेमां,
अति ख्यात छे अर्बुदा देवी एमां;
कही ते कथा जाणवा जोग कामे,
रच्या छे रूडा छंद दलपत्तरामे. ९

કવિ દલપતરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. પહાડ ઉપરથી સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવાની મજા આવે છે. તમે કદી તે જોયા છે? આબુ ઉપર સૂર્યાસ્ત જોવા માટે એક જાણીતું ખાસ સ્થાન છે. ત્યાં સૂર્યાસ્તની મજા જોવા લોકો ખાસ જાય છે.

૨. પૂનમની તિથિએ આથમતો સૂર્ય અને ઊગતો ચંદ્ર એ બંને એકીસાથે જોવા મળે છે. પર્વત ઉપરથી તે જોવાની ખાસ મજા આવે. કવિ એ દેખાવનું વર્ણન દેવહાથી ઉપરથી બંને બાજુ શોભીતા ઘંટ કહીને કરે છે. દેવહાથી એટલે ઇંદ્રનો હાથી—ઐરાવત.

૩. પર્વત ઉપર ચોમાસામાં નીચે આવેલાં રૂના ગોટા જેવાં વાદળાં જોવાની પણ મજા આવે છે. આપણા હાથ-પગમાં થઈને જાણે દોડી જતાં હોય એવાં દેખાય છે. તમે કદી એ જોયું છે? જેણે જોયું હોય તેની પાસેથી એ વર્ણન સાંભળો.

પ્રશ્નો

૧. પર્વતને મેઘ સાથે શાથી સરખાવ્યો છે? એ મેઘમાં વીજળી કોને કહી છે?

૨. પર્વત ઉપર જેઠ મહિને પણ પરસેવો શાથી ન થાય? જેઠ મહિનો એટલે કયો સમય?

૩. અષાઢમાં પર્વત ઉપર વાદળાં કેવાં દેખાય?

૪. આબુ ઉપર કોનાં કોનાં દેવસ્થાન આવેલાં છે?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યો જુઓ —

(૧) મનુ વાંચે છે.
મનુ શું કરે છે? તે વાંચે છે.

(૨) કુમુદ રમે છે.
કુમુદ શું કરે છે? તે રમે છે.

(૩) ઘોડો દોડે છે.
ઘોડો શું કરે છે? તે દોડે છે.

'વાંચે છે' એ પદ મનુ શી ક્રિયા કરે છે, તે બતાવે છે.
'રમે છે' એ પદ કુમુદ શી ક્રિયા કરે છે, તે બતાવે છે.
'દોડે છે' એ પદ ઘોડો શી ક્રિયા કરે છે, તે બતાવે છે.
આમ ક્રિયા બતાવનાર પદ તે વ્યાકરણમાં ક્રિયાપદ કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ નીચેનાં વાક્યોમાં ક્રિયા બતાવનાર પદ ખૂટે છે. તમને ઠીક લાગે તે ક્રિયાપદથી તે પૂરો.

(૧) સુરેશ નિશાળે —.

(૨) ગાય ઘાસ—.

(૩) આ કપડાં—.

❡ ક્રિયાપદ વિના વાક્ય પૂરું સમજાય? વાક્યનો અર્થ પૂરેપૂરો સમજવા માટે ક્રિયાપદની જરૂર પડે જ; તે સમજ્યા?

શિક્ષકોને

૧. આ પાઠથી ક્રિયાપદ શરૂ થાય છે. વાક્યોમાંથી ક્રિયાપદ શોધી કાઢવા કહેવું.

૨. કવિતામાં કવિએ જે જુદી જુદી ઉપમાઓ વાપરી છે, તે વિદ્યાર્થીઓ સમજ્યા છે કે નહિ તે જોવું. કઈ વસ્તુ કોની સાથે સરખાવી છે તથા શા માટે, તે પૂછવું.

અઘરા શબ્દો

ભાવવું = ગમવું; રુચવું
મેહ = મેઘ; વાદળ
સોમ [સં.] = ચંદ્ર
ઓપવું = શોભવું
પ્રસેવો = પરસેવો
પરાં = દૂરનાં; આઘેનાં
ટેવવું = ધારવું; અટકળ કરવી
ખ્યાત [સં.] = વિખ્યાત; પ્રસિદ્ધ

૨૭

ગામડું એટલે ઉકરડો?

મિ૦ કર્ટિસ કરીને એક અંગ્રેજ આપણા દેશની સ્થિતિ જોવા ઈ. સ. ૧૯૧૮ માં મુસાફરી કરતો હતો. આપણા દેશનાં ગામડાં જોઈ ને તેણે કહ્યું, 'બીજા દેશોનાં ગામડાંની સરખામણીમાં હિંદનાં ગામડાં કેમ જાણે ઉકરડા ઉપર ન બંધાયાં હોય, એમ મને લાગ્યું.' આપણાં ગામડાં પર આ એક અતિ કડવી ટીકા ગણાય; તેથી તે આપણને ન ગમે એ સમજી શકાય એમ છે. પણ તેમાં તથ્ય નથી એમ કોઈ કહી શકે?

આપણે ગમે તે ગામડાની પાસે જઈશું, તો તેનો ઉકરડો સૌથી પહેલો આપણી નજરે પડશે; અને તે ઉકરડો ઘણે ભાગે ઊંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન પર હશે. ગામમાં જઈને જોઈશું, તો બહાર કરતાં અંદરની સ્થિતિમાં બહુ ફેર નહિ લાગે. ત્યાં પણ રસ્તામાં ધૂળ અને છાણ તથા ગંદકી દેખાશે. ગમે ત્યારે બાળકો રસ્તાઓ અને શેરીઓમાં ઝાડે ફરતાં હશે. લઘુશંકા તો મોટેરાં પણ ગમે ત્યાં કરતાં હશે. કચરાના ઢગ રસ્તાની બેઉ બાજુ થયા કરતા હશે. જાણે કે, ગ્રામવ્યવસ્થાને સારુ કોઈ જવાબદાર હોય જ નહિ! અજાણ્યો મુસાફર આ દશા જુએ, તો તે ઉકરડા વચ્ચે અને ગામડાની વસ્તીના ભાગ વચ્ચે ભેદ નહિ જોઈ શકે. ખરું જોતાં, ઝાઝો ભેદ છે પણ નહિ.

આ રીતે ગંદકી કરવાની અને રાખવાની ટેવ ગમે તેટલી પ્રાચીન હોય, છતાં તે કુટેવ છે અને તે કાઢવી જ જોઈએ. રસ્તા, આંગણાં, ઘર, નદીનાળાં, કૂવા વગેરે બધા લોકના સામાન્ય વપરાશની —સાર્વજનિક જગાઓ ન બગાડવી જોઈએ, એ જાતની સૂચનાઓ હિંદુ ધર્મશાસ્ત્રોમાં, કુરાને-શરીફ, બાઈબલ વગેરેમાં આપેલી જોવામાં આવે છે. પણ અત્યારે તો તેમનો અનાદર જ થતો લાગે છે. તે એટલે સુધી કે, તીર્થક્ષેત્રોમાં પણ ગંદકી સારી પેઠે હોય છે. હરદ્વારમાં ગંગાના તટને બગાડતાં હજારો સ્ત્રીપુરુષો તમે જોઈ શકો. જ્યાં માણસોને બેસવાનું હોય ત્યાં જ યાત્રાળુઓ મળત્યાગ કરે! પોતાનાં મોઢાં વગેરે ગંગામાં ધુએ અને પાછાં ત્યાંથી જ પાણી ભરે!

ઘણાં ગામડાંમાં એક જ તળાવ હોય છે. તેમાં ઢોર પાણી પીએ છે; અને માણસ પણ તેમાં જ નહાય ધુએ છે, વાસણ ઊટકે છે, અને તે જ પાણી પીવામાં પણ લે છે! આ કેવી ગંદી ટેવ કહેવાય!

આવી બધી કુટેવોથી હવા બગડે છે, પાણી બગડે છે. તેથી કૉલેરા, ટાઇફૉઇડ વગેરે ચેપી રોગો થાય એમાં શું આશ્ચર્ય? કૉલેરા રોગની ઉત્પત્તિ જ ગંદા પાણીમાંથી થાય છે. ટાઇફૉઇડને વિષે પણ ઘણે ભાગે એમ જ કહી શકાય. તેનો ચેપ આપણને ખબરે ન પડે તેમ ફેલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાયતમાં ડેનવર નામે એક ગામમાં એક દૂધવાળો હતો. તે દૂધ ઉઘરાવી ભેગું કરતો અને ગામમાં ઘેર ઘેર પહોંચાડવાનો ધંધો કરતો હતો. દૂધ પીલવાનો સંચો પણ તે રાખતો. વેચતાં દૂધ વધે તો તેને પીલી તેની મલાઈ પણ કાઢતો.

ઑગસ્ટ મહિનાની શરૂઆતમાં તેની બૈરીને ટાઇફૉઈડ લાગુ પડ્યો. ત્રણ અઠવાડિયાં તો તેણે ઘેર સારવાર કરી. પછી ઑગસ્ટની ૨૮મી તારીખે તે તેની બૈરીને ઇસ્પિતાલમાં લઈ ગયો. સપ્ટેમ્બર મહિનાનું પહેલું અઠવાડિયું વીત્યું, ત્યાં તો ગામમાં ઘેર ઘેર ટાઇફૉઈડના ખાટલા પડવા માંડ્યા !

સુધરાઈવાળા આથી ચોંકી ઊઠ્યા. તેમણે તપાસ આદરી. શહેરમાં મળતું પાણી તપાસ્યું. આખા ગામની સ્વચ્છતા તપાસી. દૂધ ક્યાંથી આવે છે, કેવું હોય છે, તે તપાસવા માંડ્યું. તેમાંથી પેલા દૂધના વેપારીને ત્યાં તપાસ થઈ. ત્યારે વાત પકડાઈ કે, રોગીની વિષ્ટામાંથી માખીએ દૂધના વાસણમાં તથા તેના સંચામાં ટાઇફૉઈડનાં જંતુ ફેલાવ્યાં હતાં !

આવી ભયંકર માખીના ઉપદ્રવથી બચવાનો સારામાં સારો ઉપાય સ્વચ્છતા છે. લગભગ પોણોસો ટકા રોગો આપણી અસ્વચ્છતા અને ગંદી ટેવોને લીધે થાય છે. એ જો આપણે સુધારીએ, તો કેટલાય રોગો થતા તો આપોઆપ અટકી જાય. અને એમાં આપણે પાઈનું ખર્ચ પણ નથી. ઊલટું કુટેવો સુધરે એ ફાયદો થાય અને આપણાં ગામડાં પર કર્ટિસ સાહેબે જે મહેણું માર્યું છે તે ટળે.

સ્વાધ્યાય

૧. શહેરના વિદ્યાર્થી શહેરની પોળોની ગંદકી વિષે વિચાર કરે. તે કેવી રીતે થાય છે? શાળાની ગંદકીનો વિચાર સૌ કરે.

૨. ગ્રામ-સફાઈનું કામ તમારા ગામમાં શરૂ થયું છે? નિશાળના મોટા વિદ્યાર્થીઓ જરૂર એ કામ ઉપાડે.

૩. કઈ કઈ રીતે આપણે બેદરકાર રહીને ગંદકી કરીએ છીએ તે સમજી લો ને ન સમજતાંને સમજાવવા નાનકડી જાહેરખબર લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. મિ. કર્ટિસે આપણાં ગામડાંને ઉકરડા સાથે શા માટે સરખાવ્યાં છે? તમને એ ટીકા શા માટે ગમી કે ન ગમી? કર્ટિસને ઉદ્દેશીને પત્રરૂપે તેનો જવાબ લખો.

૨. તમે જોયેલું ગામડું વર્ણવો. પાઠનું વર્ણન તેને મળતું આવે છે?

૩. સાર્વજનિક જગાઓનો ઉપયોગ લોકો કેવી રીતે કરે છે?

વ્યાકરણ

¶ નીચેનાં વાક્ય સરખાવો —

(૧) મનુ પુસ્તક વાંચે છે.
(૨) મનુએ પુસ્તક વાંચ્યું.
(૩) મનુ પુસ્તક વાંચશે.

આ ત્રણે વાક્યમાં દર્શાવેલી વાંચવાની ક્રિયા કયા કયા સમયે થઈ છે, તે સમજ્યા?

પહેલા વાક્યમાં વાંચવાની ક્રિયા વર્તમાનકાળમાં ચાલે છે — હમણાં થાય છે.

બીજા વાક્યમાં વાંચવાની ક્રિયા ભૂતકાળમાં — પહેલાં થઈ છે.

ત્રીજા વાક્યમાં વાંચવાની ક્રિયા ભવિષ્યકાળમાં એટલે કે હજુ હવે થવાની છે.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ ક્રિયાપદના વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળ – એમ ત્રણ કાળ દાખલા આપી સમજાવવા. કેટલાંક ક્રિયાપદોનાં ત્રણ કાળનાં રૂપ પૂછવાં.

¶ ક્રિયાપદનું પાયાનું કે મૂળ રૂપ ઓળખતાં શીખવવું. જેમ કે, ખાય છે, ખાધું, ખાશે એ ત્રણે ક્રિયાપદોનું પાયાનું રૂપ 'ખાવું' છે. જુદાં જુદાં ક્રિયાપદો ઉપરથી તેમનું પાયાનું રૂપ શોધી કાઢવાનું પૂછવું. ક્રિયાપદના પાયાના મૂળ રૂપને ધાતુ કહે છે, તે જણાવો.

[૨. ઇતર]

૧. શાળાના કામકાજની શરૂઆત કરતા પહેલાં રોજ શાળામાં સફાઈનો કાર્યક્રમ રાખવો. શાળાના મકાનની આસપાસ ગંદકી કોઈ ન કરે, અથવા ન રહેવા દે, એવી ટેવ પાડવી. બાળકો માટે ઝાડો-પેશાબ કરવાની જગા શાળામાં હોય તે સ્વચ્છ રાખવાનું શીખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. અવારનવાર ગામમાં કે પોળમાં વાર-તહેવારે સફાઈનો સાર્વજનિક કાર્યક્રમ યોજવો. ગંદકીમાંથી સુંદર ખાતર થાય, તે સમજાવો.

૩. માખીથી રોગનાં જંતુ કેવી રીતે ફેલાય છે તે વસ્તુ માખીની ટેવો, માખીના શરીરની રચના વગેરે ઉપરથી સમજાવવી. 'ઘરમાખી' પુસ્તક એમાં સારી પેઠે મદદગાર થશે. ૭મી ચોપડીમાં 'માખીની રોજનીશી' પાઠ જોવા પ્રેરો.

અઘરા શબ્દો

તથ્ય [સં.] = સત્ય; સાચાપણું
લઘુશંકા [સં.] = પેશાબની હાજત; એકી
ગ્રામવ્યવસ્થા [સં.] = ગામની વ્યવસ્થા—બધી જાતનો બંદોબસ્ત
કુરાને-શરીફ [ફા.] = મુસલમાનોનો ધર્મગ્રંથ – પવિત્ર કુરાન
બાઈબલ [ઇં.] ખ્રિસ્તીઓનો ધર્મગ્રંથ
ટાઇફૉઈડ [ઇં] = મુદતિયો તાવ
કૉલેરા [ઇં.] = ઝાડાઊલટીનો એક રોગ; કોગળિયું

૨૮

તને એ નહિ સમજાય

પ્રવેશ ૧

[સુખલાલ શેઠ અને ધનલક્ષ્મી શેઠાણી બંગલાના આગળના વરંડામાં ખુરશીઓ નાખી બેઠાં છે. તેમનાં બે નાનાં છોકરાં સુધીર અને રમા રમકડાગાડી સાથે નજીકમાં રમે છે. રસ્તે જતો એક ભિખારી બહારથી તેમને જોઈને થોભે છે.]

ભિખારી — શેઠજી, ભૂખે મરું છું. ગરીબ પર દયા કરો.

શેઠ — [ગુસ્સે થઈ ને] ચાલ્યો જા, સહેજ બહાર આવીને બેઠા પણ નહિ તેટલામાં તો પંચાત આવીને બારણે ઊભી !

ભિખારી —શેઠજી, બે દિવસનો ભૂખ્યો છું.

શેઠ — ભૂખ્યો જ રહે ને ? કામધંધો કશો કરવો નહિ, પછી બીજું શું થાય ?

ભિખારી — શું કરું શેઠ ? મજૂરી કરવા તો બહુ ખુશી છું. પણ ક્યાંય મળે તો ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ — બધાંને મળે છે. ને તને કેમ નથી મળતી? એમ જ કહે ને કે હાડકાં હરામ છે!

ભિખારી — પણ શેઠજી, ...

શેઠાણી — [શેઠને] મૂકોને માથાફોડ. [સુધીરને] અલ્યા સુધીર, કબાટમાંથી એક આનો લાવીને આને આપ તો.

[સુધીર રમવાનું છોડી ભિખારી તરફ કુતૂહલથી જોઈ રહ્યો છે. તે માની વાત સાંભળતો નથી.]

શેઠાણી — [મોટેથી] અલ્યા સુધીર, શું જુએ છે? મેં કહ્યું તે સાંભળ્યું નહિ?

સુધીર — હેં બા, શું કહ્યું?

શેઠાણી — જા, કબાટમાંથી આનો લઈ આવ અને આને આપ, એટલે તે અહીંથી જાય.

સુધીર — હા બા, લઈ આવું છું. [ડોકું મરડી ભિખારી તરફ જોતો જોતો જાય છે.]

શેઠ — [ભિખારીને] જા, બાજુએ ઊભો રહે.

[ભિખારી જરા આઘો જઈને ઊભો રહે છે.]

શેઠ — [શેઠાણીને] આ લોકોને કામધંધો કંઈ કરવો નહિ, અને નાહક લોકોને કનડવા. એ તો મહા આળસુ જાત હોય છે.

શેઠાણી — હશે, જુઓને બિચારો બે દિવસનો ભૂખ્યો છે.

ભિખારી — [જરા આગળ આવીને પેટ બતાવતો] હા, બાઈસાહેબ, જુઓ પેટમાં ખાડો પડ્યો છે તે.

શેઠ — જા જા હવે. એવા ઢોંગ તો બહુ જોયા. તમને લોકોને બીજું શું આવડે છે?

[નોકર ચા અને નાસ્તો લઈને આવે છે. ભિખારી તેમનું ધ્યાન ખેંચવા ખોંખારો કરે છે.]

શેઠ — [ચિડાઈને] અલ્યા સુધીર, આનો જડ્યો કે નહિ? આને બાળ ને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીર — [અંદરથી આવીને] આ લાવ્યો. ક્યાં ગયો પેલો ?

શેઠ — પેલો ઊભો. પણ જોજે એને અડતો નહિ. કોણ જાણે કઈ વરણુ હશે !

સુધીર — [ભિખારીને] લે આ આનો. [આનો આપી તેની સામે જોઈ રહે છે.]

ભિખારી — [આનો લઈને] ભગવાન તમારું ભલું કરે !

[ભિખારી જાય છે.]

શેઠ — ભગવાન જ ભલું કરે છે ને ! કેટલી મહેનત કરીએ ત્યારે પૈસો દેખીએ છીએ.

સુધીર — બાપુ, તમે શી મહેનત કરો છો ?

શેઠાણી — [હસીને] શું બોલ્યો ? તારા બાપુ કશું કામ કરતા નથી એમ ?

સુધીર — પણ આપણે ખૂબ પૈસાદાર છીએ, એટલે બાપુને ખૂબ જ કામ કરવું પડતું હશે ને ?

શેઠ — કામ કામમાં પણ ફેર હોય છે. મારું કામ બીજાથી ન થાય.

સુધીર — હેં બાપુ, તે તમે એવું તે કયું કામ કરો છો ?

શેઠ — તને એ નહિ સમજાય. નકામી માથાકૂટ ન કર.

સુધીર — ના બાપુ, તમે શું કામ કરો છો તે કહોને ! પેલા ભિખારીને હું તે બતાવું, એટલે તે પણ આપણા જેવો પૈસાદાર થઈ જાય, અને તેને ભીખ માગવી ન પડે.

શેઠ — બેસ બેસ હવે. કંઈ સમજે નહિ ને નકામો બોલ્યા કરે છે. જા, બહેન સાથે ગાડી રમ !

પ્રવેશ ૨

[શેઠ દીવાનખાનામાં બેઠા બેઠા છાપું વાંચે છે. રમા અને સુધીર ભાંગી ગયેલી રમકડાગાડી લઈને આવે છે.]

રમા — બાપુજી, અમારી રમવાની ગાડી ભાંગી ગઈ છે. તે અમને સમી ન કરી આપો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ — ના, એ મારાથી ન થાય. બગીચામાં રામજી સુથાર કામ કરે છે, તે તને સમી કરી આપશે.

રમા — પણ તે તો ઘોડાના તબેલાનો દરવાજો સમો કરે છે. તે કહે છે કે, દરવાજો જલદી તૈયાર કરવાનો છે. માટે હમણાં નહિ, પછીથી આવજો.

શેઠ — ત્યારે થોડી વાર રહીને જજો.

સુધીર — બાપુજી, ત્યારે તમે જ હમણાં સમી કરી આપો ને? તમને તો બધું જ આવડતું હશે.

શેઠ — મને એ ન આવડે.

રમા — કેમ બાપુજી, રામજીને આવડે અને તમને ન આવડે?

શેઠ — [હસીને] ના, મને એવું બધું કામ ન આવડે.

સુધીર — બાપુજી, તમને ત્યારે કયું કામ આવડે?

શેઠ — મને બીજું ઘણુંય આવડે, પણ સુથારનું કામ મને ન આવડે.

સુધીર — બાપુજી, તમને રામાની પેઠે વાસીદું વાળતાં અને વાસણ માંજતાં આવડે?

શેઠ — ના, એ કંઈ મારું કામ છે?

સુધીર — ત્યારે ઘોડાની ચાકરી કરતાં અને ગાડી હાંકતાં આવડે?

શેઠ — ના, તે પણ નહિ.

રમા — રામપ્રસાદ ભૈયાની પેઠે ક્યારા ગોડતાં અને મેંદીની વાડ કાપતાં આવડે?

શેઠ — ના, તે પણ નહિ.

સુધીર — બાપુજી, ત્યારે તમને તો કશું જ આવડતું નથી. એમ કેમ? તો પછી તમને આટલા બધા પૈસા ક્યાંથી મળે છે?

શેઠ — એ તો સૌનું કામ સૌ કરે. હું શું કામ કરું છું તે તને નહિ સમજાય. મોટો થા, ત્યારે તને સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમા — ત્યારે વાસીદું વાળતાં, કપડાં ધોતાં, વાસણ માંજતાં આપણે નહિ શીખવાનું એમ ને?

શેઠ — આપણે તો એના કરતાં વધારે મોટી બાબતો શીખવાની હોય.

સુધીર — હા, તે તો મને ખબર છે. ભલા થવું, ગુસ્સો ન કરવો, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી. ખરું ને બાપુ?

રમા — પણ ભલા થઈએ, ગુસ્સો ન કરીએ, તે માટે કશું કામકાજ કરતાં નહિ શીખવાનું?

સુધીર — હેં બાપુ, એ વાત ખરી?

શેઠ — આ શી માથાફોડ માંડી છે? તમને એ બધું હમણાં નહિ સમજાય. મોટાં થશો ત્યારે સમજશો.

સુધીર — પણ બાપુજી, તમે એટલું જ કહી દો ને કે, તમને કયું કામ આવડે છે?

શેઠાણી — [અંદરથી આવીને] અલ્યા સુધીર, રમા, તમારી ગાડી રામજી તૈયાર કરી આપશે. હું કહી આવી છું. હવે અહીંથી જાઓ ત્યાં!

સ્વાધ્યાય

૧. ભીખ માગનાર લોકો કેમ ભીખ માગે છે તેનું નિરીક્ષણ કરવા પ્રેરો. અપંગ હોય, આળસુ હોય, ઇ૦ બતાવો. સાધુ-સંન્યાસીઓ ભીખ માગે તે પણ જણાવો.

૨. ચોથી ચોપડીમાં 'ઘરકામ' એ પાઠ છે. પોતાના ઘરનું રોજ-બરોજનું કામકાજ કરવામાં કશી નાનમ નથી; દરેકે થોડુંઘણું જાતમહેનતનું કામ કરવું જ જોઈએ. તમે તમારા ઘરમાં કશું કામ કરવા લાગો છો? તમને એ કામ કરવાનું ગમે છે?

પ્રશ્નો

૧. શેઠે ભિખારીને શું કહ્યું?
૨. શેઠાણીને ભિખારી માટે શું લાગ્યું?
૩. સુધીર ભિખારી ભણી શું કામ જોયા કરતો હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. શેઠ કઈ મહેનત કરતા હતા ?
૫. સુધીરને તેના પ્રશ્નનો શો જવાબ મળ્યો ?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોનાં ક્રિયાપદો કયા કાળનાં છે તે કહો :—

(૧) ઉનાળાની રજામાં હું મામાને ત્યાં જઈશ.
(૨) ગઈ કાલે અમે ખૂબ રમ્યા.
(૩) કુસુમ પાણી પીએ છે.

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ કૌંસમાં બતાવેલા ક્રિયાપદનું વર્તમાન કાળનું રૂપ બનાવીને મૂકો :—

(૧) હું હમણાં નિશાળે —. (જવું)
(૨) અમે રોજ કપડાં —. (ધોવું)
(૩) તું શું કામ ઝાડ ઉપર — ? (ચડવું)
(૪) તમે અત્યારે ચોપડી —. (વાંચવું)
(૫) સુરેશ નદીમાં —. (તરવું)
(૬) છોકરાઓ દરરોજ સાંજે મેદાનમાં —. (રમવું)

શિક્ષકોને

ટૉલ્સ્ટૉય રશિયાના પ્રસિદ્ધ લેખક તથા વિચારક (ઈ. સ. ૧૮૨૮–૧૯૧૦) થઈ ગયા. તેમણે બાળકો અંગે 'તને એ નહિ સમજાય' એ નામની ચોપડી લખી છે. તેમાં આવા જ અઘરા પ્રસંગોના રસીલા સંવાદો આપ્યા છે. તે ઉપરથી આ પાઠના પ્રસંગો ઉતાર્યા છે. બાળકોને એ ચોપડીમાંથી બીજા પ્રસંગો કહો, વાંચવા પ્રેરો.

અઘરા શબ્દો

વરંડો = ઓસરી; આંગણા પાસેનો ઘરનો ઓટલા જેવો ભાગ
કુતૂહલ [સં.] = નવી વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા
નાહક = વગર કારણે
દીવાનખાનું = મુલાકાત માટેનો ખાસ ઓરડો; બેઠક
વાસીદું = કચરોપૂંજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

નિયમિતતા અને સમયપાલન

વખતસર અને નિયમસર પોતાનું કામ કરવું, એ ગુણ આપણા લોકોએ જોઈએ તેટલો ખીલવ્યો નથી. નિયમસર કામ કરવાની ટેવને નિયમિતતા કહેવાય; અને નક્કી કરેલે વખતે અને તેને માટે આંકેલા સમયની અંદર તે કરવાની ટેવને સમયપાલન કહેવાય. નિયમિતતા અને સમયપાલનની આ બે ટેવો આપણે દરેકે અને આપણા સમાજે પણ કેળવવાની ખૂબ જરૂર છે.

વિદ્યાર્થીઓનો જ દાખલો લઈએ. તમે બધાએ સવારે ઊઠવાનો, દાતણપાણી કરી નાહી ધોઈને ઉપાસના કરવાનો કે પાઠ કરવા બેસવાનો, રમવાનો, પોતાને ભાગે આવતું ઘરકામ કરવાનો, તેમ જ બીજાં અનેક કામો કરવા માટેનો નિયમ કર્યો છે? જો તે કર્યો હોય તો તેને માટે જે સમય નક્કી કર્યો હોય તે તમે બરોબર પાળો છો? તમારામાં ઘણાને લાગશે કે, આ તો નવાઈભરેલો પ્રશ્ન છે; એવો નિયમ તે વળી કોઈ કરતું હશે! એ બધું તો સૌ થઈ રહે છે. એક જ સમય પાળવો પડે છે, અને તે નિશાળનો ઘંટ વાગે ત્યારે ત્યાં વખતસર પહોંચી જવાનો.

નિશાળમાં વખતસર જવાને માટે, તે પહેલાં કરી લેવાનાં કામો જો વેળાસર ન પરવારી લઈએ, તો કેવી રીતે પહોંચી શકાય? એ બધાનો આપણે પહેલેથી વિચાર કરતા નથી; તે બધાં કામો વખતસર પરવારતા નથી; તેથી છેવટે દોડાદોડી કરવી પડે છે, અને તેમ છતાં કોક વાર શાળામાં મોડા પડીએ છીએ, અને તેને સારુ શિક્ષકનો ઠપકો ખાવો પડે છે. વર્ગનું કામ ચાલે ત્યારે પાછો ઠપકો ખાવા વારો આવે છે, કેમ કે સવારમાં જે પાઠ કરવાના હોય તે કર્યાં હોતા નથી. આથી કરીને આપણું જ કામ બગડે છે, સોના જેવો કીમતી સમય આપણે વેડફી નાખીએ છીએ, અને એ કુટેવ મોટપણે પણ રહી જવાથી આખી જિંદગી તેનાં માઠાં ફળ ભોગવવાં પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સમાજમાં જે અનિયમિતતા અને સમયપાલનનો અભાવ છે તેનો દાખલો જોઈએ. તમે કોઈ સભામાં તો ગયા હશો. ત્યાં આગળ ઘણી વાર જોયું હશે કે, લોક વખતસર આવતા નથી એટલું જ નહિ, પરંતુ સભાનું કામ પણ વખતસર શરૂ થતું નથી. આપણી નાતમાં જમણ, લગ્નપ્રસંગ વગેરે જોશો, તો ત્યાં બધે પણ આ ખામી દેખાશે. આ આપણી એક ભારે સામાજિક ઊણપ છે. તેથી કેટલાક તો દેશીની જ મશ્કરી કરીને કહે છે, 'દેશી ખાતું છે; દેશી ટાઇમે કામ ચાલે છે!'

કોઈને આપણે કહીએ કે, અમુક સમયે હું તમને મળવા આવીશ કે તમે મને મળવા આવજો. પછી એવું બને છે કે, કેટલાક તો ભૂલી જ જાય; કેટલાક બીજું કાંઈ કામ આવે તો તેમાં વળી જાય, અને મળવાનો નક્કી વખત ચૂકે કે સામાને ચુકાવે. અને આમાં આપણને ખાસ કશું ખોટું નથી લાગતું! આ દોષને આપણામાંના થોડા જ લોકો દોષ માને છે. યુરોપ આદિ સુધરેલા ખંડોમાં આ બે ગુણો વિષે લોકો બહુ દરકાર રાખે છે. એમની પાસેથી શીખવા જેવી અનેક સારી ચીજોમાં સમયપાલન અને નિયમિતતાનો આ ગુણ ખાસ શીખવા જેવો છે.

કાન્ટ કરીને એક જર્મન તત્ત્વજ્ઞાની હતો. નિયમિત કામ કરવાની ટેવથી તે દીર્ઘાયુ થયો હતો. અને સમયપાલનની તો એવી કડક ટેવ એણે કેળવી હતી કે, અમુક વખતે ફરવા જવાનું નક્કી કરેલું તે પ્રમાણે તે અચૂક જતો. એ વિષે એટલે સુધી કહેવાય છે કે, તે વખતે તમે તમારી ઘડિયાળ મેળવી લો તોપણ સાચો સમય મળી રહે!

આ ગુણોની બાબતમાં આપણા દેશમાં ગાંધીજીનો ધડો લેવા જેવો છે. સવારે ચાર વાગ્યે ઊઠે ત્યારથી તે રાતે સૂઈ જાય ત્યાં સુધીનું તેમનું સમયપત્રક તે બરોબર પાળતા. તેથી કરીને તે કેટલું બધું અને કેટલી કેટલી જાતનું કામ કરી શકતા હતા! ૭૦ વર્ષ ઉપરની ઉંમરે પણ તે આ બધું કરી શકતા હતા, તેનું કારણ એમની રહેણીકરણી અને કડક સમયપાલન હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગુણ તેમણે આપણા સમાજને પણ કળે કળે શીખવ્યો છે. ૧૯૧૫માં તેઓ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે સમયપાલનની બાબતમાં આપણાં જાહેર કામોમાં જે રેઢિયાળપણું હતું, તેમાં આજ ભારે ફેરફાર થઈ ગયો છે. આજ આપણે જાહેર સભાઓ તથા જાહેર કામોમાં નિયમિતતા અને સમયપાલનની આશા રાખતાં શીખ્યા છીએ. જોકે, તેના પ્રમાણમાં આપણું વર્તન હજી સુધર્યું નથી. દરેક જણ પ્રયત્ન કરે તો એ પણ સુધરી જાય.

છેવટમાં ગાંધીજીના સમયપાલન વિષેના આગ્રહનો એક મજેદાર પ્રસંગ કહું. હિંદમાં આવી સાબરમતીને કાંઠે સત્યાગ્રહાશ્રમ સ્થાપીને તે અમદાવાદમાં વસ્યા તે વખતની એ વાત છે. અમદાવાદમાં એક સભા હતી. ગાંધીજી તેમાં ભાષણ કરવાના હતા. ગોઠવણ એવી હતી કે, સભા ગોઠવનારા ગાંધીજીને તેડવા માટે વાહન મોકલવાના હતા. આશ્રમ અમદાવાદથી ચારેક માઈલ દૂર છે. સભાનો સમય થતાં ગાંધીજી પરવારીને તેડવા આવનારની વાટ જોતા હતા. છતાં કોઈ આવ્યું નહિ. અને વખત એટલો વીતી જતો હતો કે, પછી સભામાં વખતસર ન જ પહોંચી શકાય. એટલે એક આશ્રમવાસીને ગાંધીજીએ કહ્યું, 'સાઇકલ તૈયાર રાખો. જો હવે થોડી મિનિટોમાં કોઈ તેડવા નહિ આવે, તો હું સાઇકલ લઈને દોડી જઈશ. સમય તો બરોબર પાળ્યે જ છૂટકો.'

કેટલીય વાર સુધી રાહ જોવા છતાં તેડવાને માટે કોઈ ન આવ્યું, એટલે ગાંધીજી સાઇકલ પર નીકળી પડ્યા. સભા માણેકચોકમાં હતી. ત્યાં પહોંચ્યા ત્યારે સભા ગોઠવવાની ધમાલમાં કોક બોલતું હતું, 'અરે, ગાંધીજીને તેડવા હવે મોકલો ને!'

ત્યાં તો ગાંધીજી જાતે જ ત્યાં જઈને ઊભા રહ્યા હતા. તરત જ સભા ગોઠવાઈ ગઈ, અને આવ્યા હતા તેટલા લોક આગળ ગાંધીજીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું. કલ્પના કરો કે, તેમણે પ્રારંભમાં શું કહ્યું હશે? સમયપાલનના ગુણની વાતથી તેમણે પોતાના ભાષણની શરૂઆત કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. અનિયમિતતાની પોતપોતાની ટેવો તપાસો. સમાજમાં જે અનિયમિતતા દેખાતી હોય તે પણ તપાસો. તે તપાસીને જાતે સુધરવા લાગજો.

૨. ગાંધીજીની ટેવો વિષે જાણવાનું મન થાય તો જુગતરામભાઈ દવે કૃત 'ગાંધીજી' ચોપડી વાંચજો.

પ્રશ્નો

૧. તમે તમારાં રોજિંદાં કામકાજ માટે નિયમ કર્યો છે? નિયમ કર્યો હોય તો તમે તે પાળો છો?

૨. 'દેશીખાતું', 'દેશી ટાઇમ' એટલે શું? તેવું શા માટે કહેવાય છે?

૩. પરદેશીઓ પાસેથી શું શીખવા જેવું છે?

૪. કાન્ટ અને ગાંધીજીની સમયપાલનની ચીવટ વિષે કહો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ કૌંસમાં બતાવેલાં ક્રિયાપદોનું ભૂતકાળનું રૂપ બનાવીને મૂકો :—

(૧) ગઈ કાલે હું મેળો જોવા —. (જવું)
(૨) ગયા રવિવારે અમે હુતુતુતુની હરીફાઈ —. (રમવું)
(૩) ગાંધીજીએ વ્યાખ્યાનમાં સમયપાલન વિષે —. (કહેવું)
(૪) ગાંધીજી પોતાનું સમયપત્રક બરાબર —. (પાળવું)
(૫) તું તારા ભાઈ પાસે દાખલા —? (શીખવું)

શિક્ષકોને

૧. ક્રિયાપદના પાયાના રૂપમાં વર્તમાનકાળનું તેમ જ ભૂતકાળનું રૂપ બનાવતાં શા ફેરફારો થાય છે, તે વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર આવે તેમ કરવું. બીજાં વાક્યો પૂછવાં.

૨. વિદ્યાર્થીઓમાં સમયપાલનની ટેવ પડે તે જોવું. સમયપાલનની ચીવટનાં બીજા મહાપુરુષોનાં દૃષ્ટાંતો કહેવાં.

અઘરા શબ્દો

આંકેલું = નક્કી કરેલું
અભાવ [સં.] = ન હોવું તે
ઊણપ = ખામી
ચૂકવું = ભૂલવું; ખોવું
દીર્ઘાયુ [સં.] = લાંબા આયુષ્યવાળું; ચિરંજીવી
ધડો = દાખલો; દૃષ્ટાંત
રેઢિયાળ = ઠેકાણા વગરનું; દોદશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહાનની વાંસળી



[ગરબી]

वागे वृन्दावनमां वांसळी रे, ऊभो ऊभो वगाडे कहान;
नादे वेधी मुनिवर-पांसळी रे, नव रही कोने सान. वागे० १

तरुनी शाखाओ झूमी रही रे, चरणे नमवाने काज;
वेली वृक्ष साथे झूमी रही रे, भाग्य अमारां आज. वागे० २

जमुनानीर चाले नहि रे, मृग मन मोहन थाय;
पंखी माळामां महाले नहि रे, नाद सुणी न रहेवाय. वागे० ३

वाछरुं कान दईने सांभळे रे, करे नहि पयपान;
गायो गाळा तोडी तांहां पळे रे, नाद सुणवाने कान. वागे० ४

फूल्यां कमळ जळ टाटडी रे, दीसे उदियो छे भाण;
शंकर समाध मेली रह्या रे, थयुं जगतने जाण. वागे० ५

દયારામ

સ્વાધ્યાય

૧. ભક્ત કવિ દયારામ (૧૭૬૨–૧૮૫૨) ડભોઈના વતની હતા. તેમની ગરબીઓ ખૂબ પ્રખ્યાત છે. આ એમની ગરબી ગાવામાં ભારે મજા આવશે. કવિ પોતે અચ્છા ગાયક હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કૃષ્ણની કથા તમને આવડે છે? તેમના બાળપણની ઘણી રસિક વાતો છે. નાગદમનનો પ્રસંગ તમે આગળ વાંચી ગયા. કૃષ્ણ-સુદામાની વાત પણ જાણીતી છે. કૃષ્ણની વાંસળી પ્રખ્યાત છે.

પ્રશ્નો

૧. વૃન્દાવન ક્યાં આવ્યું? જમુના નદી ક્યાં આવી? કૃષ્ણ વૃંદાવનમાં શાથી રહેતા હતા તે જાણો છો? દ્વારિકામાં ક્યારે ગયા?

૨. કવિતામાં પશુ, પંખી, પ્રાણી વગેરે ઉપર સંગીતની શી અસર થતી જણાવી છે?

૩. કમળ ખીલ્યાં તેથી સૂર્ય ઊગ્યો શાથી કહેવાય?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ કૌંસમાં બતાવેલાં ક્રિયાપદોનું ભવિષ્યકાળનું રૂપ બનાવીને મૂકો :—

(૧) હું આવતી કાલે મામાને ત્યાં —. (જવું)
(૨) દિવાળીની રજામાં અમે પાવાગઢનો પ્રવાસ —. (ગોઠવવું)
(૩) તું મેળો જોવા મારી સાથે ક્યારે —? (આવવું)
(૪) છૂટીનો ઘંટ હવે ક્યારે —? (વાગવું)
(૫) ભાઈ અમદાવાદથી રેંટિયો — (લાવવું)

શિક્ષકોને

૧. વિદ્યાર્થીઓને બીજાં વાક્યો પૂછીને ભવિષ્યકાળનું રૂપ બનાવતાં ક્રિયાપદના મૂળ રૂપમાં શા ફેરફારો થાય છે તે ઠસાવવું.

૨. કહાનની વાંસળીની કોના ઉપર શી અસર થયેલી વર્ણવી છે તે વિદ્યાર્થીઓને પૂછવું. સંગીતથી પાંસળી વેધાઈ જાય એટલે શું તે સમજાવવું. આનંદ અથવા ભયથી ધ્રાસકો પડચા જેવું થાય છે.

૩. કમળ સૂર્યનો ઉદય થતાં ખીલે છે, અને અસ્ત થતાં બિડાય છે, એ બાબત વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવવી.

અઘરા શબ્દો

કહાન = શ્રીકૃષ્ણ

મુનિવર [સં.] = મુનિઓમાં શ્રેષ્ઠ; મોટા મુનિ

સાન = સમજણ; ભાન

મોહન = મોહ પામેલું; મુગ્ધ

પય [સં.] = દૂધ

ગાળો = ગળે બાંધેલું દોરડું

ટાટડી = ટાટ; સ્થિર (?)

સમાધ = સમાધિ; ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

દયાળુ રાજકુમાર

ચાલુક્ય રાજા પહેલા ભીમદેવના (ઈ. સ. ૧૦૨૨–૧૦૬૪) સમયમાં, એક વખત ગુજરાતમાં વરસાદ નહિ પડવાથી દુકાળ પડ્યો, અને લોકો રાજાનો કર આપી શક્યા નહિ. જે લોકો પાસે માલ-મિલકત હતી એવા લોકોને રાજસેવકો પાટણમાં લઈ આવ્યા અને તેમને ભીમદેવ આગળ રજૂ કર્યા. રાજકુમાર મૂળરાજના દિલમાં આ લોકોનો કકળાટ સાંભળીને દયા ઉત્પન્ન થઈ અને તેની આંખમાં આંસુ આવી ગયાં.

પછી મૂળરાજે પોતાની ઘોડો ખેલવાની કળાથી રાજાને ઘણો જ પ્રસન્ન કર્યો. રાજાએ વર માગવા કહ્યું ત્યારે મૂળરાજે કહ્યું, 'તમે મારી માગેલી વસ્તુ આપી શકશો કે કેમ, એ વિષે શંકા રહે છે, તેથી માગતાં સંકોચ થાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપરથી રાજાએ વર માગવાનો ઘણો આગ્રહ કર્યો, ત્યારે કુમારે માગ્યું કે, 'આ સર્વે લોકોનું મહેસૂલ લેવું છોડી દો.'

આ વચનો સાંભળી રાજાની આંખમાંથી આનંદનાં આંસુ આવી ગયાં. તેણે કુમારની માગણી સ્વીકારી સૌ ખેડૂતોને છોડી મૂક્યા, અને બીજો વર માગવા કુમારને કહ્યું. પણ કુમાર બીજું કાંઈ ન માગતાં પોતાને સ્થાને જઈ બેઠો. બંધનમુક્ત થયેલા લોકો મૂળરાજની સ્તુતિ કરતા, ખુશ થઈ પોતપોતાને ઘેર ગયા.

પણ આ બનાવને ત્રીજે દિવસે અકસ્માત્ રાજકુમારનું મરણ નીપજ્યું. ભોળા લોકો કહેવા લાગ્યા કે, મીઠી નજરથી મૂળરાજના પ્રાણ ગયા. પુત્રમરણના શોકસમુદ્રમાં રાજા સહિત સમગ્ર લોકો નિમગ્ન થઈ ગયા. બીજે વર્ષે વરસાદ સારો થવાથી પુષ્કળ અન્ન પાક્યું. સૌ લોકો બમણો કર લઈ રાજા પાસે ગયા. રાજાએ તે લેવાની ના પાડી, એટલે લોકોએ બહુ આગ્રહ કર્યો. આ પ્રેમકલહનો નિર્ણય કરવાનું વૃદ્ધોની સભાને સોંપાયું. સભાના લોકોએ બેઉ વર્ષનું મહેસૂલ રાજાએ લેવું એવો ઠરાવ જાહેર કર્યો. પરંતુ રાજાએ એ દ્રવ્યને બીજા ઉપયોગમાં ન લેતાં તેમાંથી મૂળરાજના કલ્યાણને અર્થે મોટું દેવાલય બંધાવ્યું.

રાજા, પ્રજા અને કુમાર ત્રણે ધન્ય જ ને !

સ્વાધ્યાય

૧. ગુજરાતના ચાલુક્ય રાજાઓ વિષે તમે ભણ્યા છો? ગુજરાતના ઇતિહાસમાંથી એ વાંચજો.

૨. આજે સરકાર કયા ખાસ પ્રસંગોએ મહેસૂલ માફ કરે છે, તે જાણો છો?

પ્રશ્નો

૧. રાજાને ધન્યવાદ શું કામ? પ્રજાને શું કામ? અને કુમારને શું કામ?

૨. સૌથી વધારેમાં વધારે ધન્યવાદને લાયક કોણ?

૩. મૂળરાજની વાર્તા તમારા શબ્દોમાં કહો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં ક્રિયાપદ શોધી કાઢો :—

(૧) આ મારી શાળા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુકુલ કાંગડી

(૨) ગઈ દિવાળીએ હું મુંબઈમાં હતો.
(૩) આવતી દિવાળીએ તું ક્યાં હશે?
(૪) મારી પાસે પેન નથી.

આ વાક્યોમાં છે, હતો, હશે, નથી એ ક્રિયાપદો છે. તેમનું પાયાનું રૂપ 'હોવું' છે. 'છે' એ તેનું વર્તમાન કાળનું રૂપ છે; 'હતો' ભૂતકાળનું રૂપ છે; 'હશે' એ ભવિષ્યકાળનું રૂપ છે; અને 'નથી' એ નકાર બતાવનારું રૂપ છે.

¶ નીચેનાં વાક્યોમાં ખૂટતી જગાએ 'હોવું' ક્રિયાપદનાં યોગ્ય રૂપ મૂકો—
(૧) મારી પાસે ચોપડી —; હું તને વાંચવા આપીશ.
(૨) ગયે રવિવારે તું ક્યાં — ?
(૩) કાલે હું તારે ત્યાં આવીશ; તું ઘેર — ?
(૪) મનુ પાસે પેન —; હું તેને લખવા મારી પેન આપીશ.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ 'હોવું' ક્રિયાપદનાં રૂપો વિદ્યાર્થીઓ ઓળખે તે જોવું. ત્રણે કાળમાં તે ક્રિયાપદનાં રૂપોમાં કેવા ફેરફાર થાય છે તે ઠસાવવું.

¶ 'હોવું' ક્રિયાપદ વાક્યમાં બીજા ક્રિયાપદ સાથે સહાયકારક તરીકે મોટે ભાગે વપરાય છે. વાક્યમાં તે બંને ભાગોને વિદ્યાર્થીઓ ક્રિયાપદ તરીકે સાથે કહે એમ શીખવવું. જેમ કે—
(૧) હું **લખું છું.**
(૨) તું કેરી **ખાતો હતો.**
(૩) આવતી કાલે તેઓ **રમતા હશે.**
(૪) હું ચા **પીતો નથી.**

[૨. ઇતર]

૧. ગુજરાતના ચાલુક્ય રાજાઓ વિષે વધુ માહિતી આપવી. તેઓમાં કોણ વિશેષ જાણીતો થયો તે પૂછવું.

૨. ભીમદેવના સમયમાં મહમદ ગઝનીએ સોમનાથ પાટણ ઉપર ચડાઈ કરી હતી (ઈ. સ. ૧૦૨૪) તે કહી શકાય.

૩. કુમારના પ્રાણ મીઠી નજરથી ગયા એટલે શું, તે સમજાવવું. મીઠીથી ઊલટી નજર કઈ? નજર વિષે લોકોમાં જે માન્યતા છે તે અંગે કહેવું.

અઘરા શબ્દો

વર [સં.] = વરદાન; પ્રસન્ન થઈ ઇચ્છેલું પૂરું પાડવા આપેલું કે માગેલું વચન

મીઠી નજર = પ્રેમની, પ્રશંસાની નજર

નિમગ્ન [સં.] = ગરકાવ; ડૂબી ગયેલું

પ્રેમકલહ [સં.] = પ્રેમનો ઝઘડો; પ્રેમથી હા ના–ખેંચતાણ કરવી તે

દેવાલય [સં.] = મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

બિરબલનો ચુકાદો

દિલ્હી શહેરમાં એક વેપારી રહેતો હતો. તેની પાસે ખૂબ ધન ભેગું થયું હતું. તેમાંથી તેણે કેટલાંક બહુ જ મોઘાં રત્નો ખરીદ્યાં હતાં. તે રત્નો એક દાબડામાં મૂકી, તેણે તે દાબડો બરાબર સંતાડી રાખ્યો હતો.

એક વખત તે શેઠના ઘરમાં આગ લાગી. આગ ચારે બાજુ એટલી જલદી ફેલાઈ ગઈ કે, શેઠ માંડ માંડ પોતાના કુટુંબને લઈને બહાર નીકળી શક્યો.

બહાર આવ્યા પછી તેને યાદ આવ્યું કે, પોતાનો રત્નોનો દાબડો ઘરમાં રહી ગયો છે! શેઠે આજુબાજુ ભેગા થયેલા લોકોને કરગરીને કહ્યું કે, મારા સૂવાના ખાટલાના ઓશીકા નીચે જે દાબડો છે તે કોઈ લઈ આવે, તો હું તેને હજાર રૂપિયા ઇનામ આપું.

પરંતુ ઘરમાં આગ એટલી બધી ફેલાઈ ગઈ કે, અંદર જવા કોઈ તૈયાર થયું નહિ.

શેઠે કહ્યું, "હું દસ હજાર રૂપિયા ઇનામ આપીશ!" છતાં કોઈ તૈયાર થયું નહિ.

"એક લાખ રૂપિયા ઇનામ આપીશ; કોઈ મારો દાબડો કાઢી લાવો!"

લાખ રૂપિયાનું ઇનામ સાંભળી લોકોને વિચાર આવ્યો કે, જરૂર તે દાબડામાં લાખોની કિંમતનું ઝવેરાત હશે.

તરત એક હિંમતવાન માણસ આગળ આવ્યો. તેણે શેઠને કહ્યું, "હું અંદર સળગતા ઘરમાં જઈને તમારો દાબડો લાવી આપું તો બોલો, તમે મને શું આપશો?"

"ભાઈ, રોકડા એક લાખ રૂપિયા આપીશ," શેઠે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા માણસે કહ્યું, "ના, એમ નહિ. હું દાબડો લઈ આવું, તેમાં શું છે તે ઉઘાડીને જોઉં, પછી મને ગમે તે તમને આપું. બોલો છે કબૂલ?"

શેઠે વિચાર્યું, આખો જ દાબડો જવા બેઠો છે, તો તેમાંથી કાંઈક મને પાછું મળે તોપણ ઘણું. શેઠે તેની શરત કબૂલ રાખી.

પેલો માણસ બળતા ઘરમાં પેઠો, અને થોડી વારમાં દાબડો લઈ બહાર નીકળી આવ્યો. એવામાં મકાનનું છાપરું તૂટી પડ્યું અને આખું ઘર અંગારાનો ઢગલો બની ગયું.

છેવટની ઘડીએ દાબડો બચી ગયો, તેથી શેઠને ઘણો આનંદ થયો. પેલા માણસે દાબડો ઉઘાડ્યો તો અંદર લાખો રૂપિયાની કિંમતનાં રત્નો દીઠાં. પ્રથમ તો તેણે એક બે રત્નો લઈ બાકીનાં શેઠને આપી દેવાનો વિચાર કર્યો. પણ જેમ જેમ તે રત્નો જોતો ગયો, તેમ તેમ તેનો લોભ વધતો ગયો. તેને થયું કે, મને ગમે તે આપવાની શરત છે, તો હવે બધાં રત્નો રાખી, ખાલી દાબડો જ શેઠને આપું.

આમ વિચારી તેણે શેઠને ખાલી દાબડો જ આપ્યો. શેઠ એ જોઈ આભો જ બની ગયો. તેણે કહ્યું, "ખાલી દાબડો લઈને હું શું કરું? થોડાં રત્નો રાખી બાકીનાં મને પાછાં આપ."

પેલાએ કહ્યું, "આપણી શરત શી હતી? મને ગમે તે તમને આપું. તે મુજબ હું તમને આ ખાલી દાબડો આપું છું, તે તમે લો!"

શેઠે કહ્યું, "ભલા માણસ, તું એને સળગતા ઘરમાંથી બચાવી લાવ્યો એ વાત ખરી. પરંતુ મેં તને એ દાબડો ક્યાં છે તે બતાવ્યું ન હોત, તો તું શી રીતે લઈ આવવાનો હતો? માટે બહુ તો અડધાં રત્નો તું રાખ; બાકીનાં અડધાં તો મને આપ!"

પેલાએ કહ્યું, "મને તો આ દાબડો જ આપવાનું ગમે છે. તમારે લેવો હોય તો લો, નહિ તો ફેંકી દો."

બિચારો શેઠ ઢીલો થઈ ગયો. તેને જોઈને ત્યાં ભેગા થયેલા લોકોને પણ દયા આવી. તેમણે પણ પેલાને ખૂબ સમજાવ્યો, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને કહ્યું, "વધારે નહિ તો એક બે રત્નો તો શેઠને આપ, જેથી શેઠ પોતાનું ગુજરાન ચલાવી શકે."

પણ પેલાએ તો ડોકું ધુણાવીને સાફ ના કહી. છેવટે ભેગા થયેલા લોકોએ શેઠને સલાહ આપી કે, તમે બિરબલ પાસે જાઓ; તે કંઈક રસ્તો કાઢી આપશે.

પેલાએ કહ્યું, "હું શરત પ્રમાણે વર્તું છું, એટલે બિરબલ કે બાદશાહ પણ મને શું કરી નાખશે? ચાલો, હું પોતે જ બિરબલ પાસે આવવા તૈયાર છું."

બધા બિરબલ પાસે ગયા. બિરબલે બંનેની વાત સાંભળી તેમની વચ્ચે થયેલો કરાર બંને પાસે લખાવી લીધો. પછી બિરબલે પેલા માણસને પૂછ્યું: "તમે બળતા ઘરમાં જઈને આ દાબડો લઈ આવ્યા, ખરું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા સાહેબ, પૂછી જુઓ બધાને. ચારે બાજુથી આગ લાગેલી હતી. અને હું બહાર નીકળ્યો તેવામાં જ બળતું છાપરું તૂટી પડ્યું. સહેજ વાર થઈ હોત તો હું અંદર જ રહી જાત!"

બિરબલ: "વારુ, બહાર આવ્યા પછી તમે દાબડો ઉઘાડ્યો, ખરું?"

"હા જી."

"રત્નો બહુ સુંદર છે તથા કીમતી છે, નહિ વારુ?"

"હા જી. એક એક રત્ન લાખ લાખ રૂપિયાનું તો હશે જ."

"તમને એ રત્નો ગમે છે?"

"હા જી. મને દરેક રત્ન ગમે છે. તેથી તો હું એ બધાં મારી પાસે રાખવા માગું છું."

"વારુ, આ દાબડો તમને નથી ગમતો ને?"

"ના જી, એ દાબડો ભલે આ શેઠ લઈ જાય. હું પોતે તેમને એ આપું છું. પણ તે લેતા નથી."

હવે બિરબલ બોલ્યો, "વારુ, તમે તમારો કરાર જુઓ. તેમાં શું કહ્યું છે? 'હું ઘરમાંથી દાબડો લઈ આવું, તેમાં શું છે તે ઉઘાડીને જોઉં, પછી મને ગમે તે શેઠને આપું.' ઠીક, તો પછી આ રત્નો તમે શેઠને કેમ આપી દેતા નથી? કરારમાં કહ્યું છે કે, તમને ગમે તે તમારે શેઠને આપવું. તમને આ રત્નો ગમે છે અને દાબડો નથી ગમતો, માટે તમારે રત્નો શેઠને આપવાં જોઈએ. છતાં ન ગમતો દાબડો કેમ આપો છો?"

પેલાએ કહ્યું, "એમ કેમ સાહેબ?"

બિરબલ: "કેમ વળી? તમને ગમે તે તમારે શેઠને આપી દેવાનો કરાર છે. તમને રત્નો ગમે છે, માટે તે તમારે શેઠને આપી દેવાં."

પેલો માણસ હવે સમજ્યો કે, પોતે પૂરેપૂરો બન્યો છે. તે ખૂબ મૂંઝાયો. આજુબાજુના લોકો તાળી પાડીને હસી પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલાએ હવે અર્ધાં રત્નો શેઠને આપવા કબૂલ કર્યું. પણ બિરબલે કહ્યું, "તમારી શરત શી હતી? તે તમારે પાળવી જોઈશે. અને તમારે દાબડો રાખવો હોય તો રાખો, નહિ તો ફેંકી દો."

બિરબલના ચુકાદાથી રાજી થઈ બધા લોક ઘેર ગયા.

સ્વાધ્યાય

૧. બિરબલની ચાતુરીની ઘણી વાતો પ્રસિદ્ધ છે. તમે બીજી કોઈ વાત જાણો છો?

૨. 'લોભને થોભ નહિ' એ કહેવત આ દાખલામાં કેવી લાગુ પડે છે તે જુઓ. બહુ લોભ કરવા જતાં પેલાએ બધું જ ખોયું. મફત નાળિયેર લેવા જતાં લોભિયાના શા હાલ થયા તે જાણો છો?

પ્રશ્નો

૧. પેલા માણસે શેઠનો દાબડો લઈ આવવા કઈ શરત કરી?

૨. શેઠને તે માણસ ખાલી દાબડો આપવા લાગ્યો તે શરત પ્રમાણે બરાબર કહી શકાય?

૩. બિરબલે શરતનો શો અર્થ કર્યો?

૪. બિરબલના ચુકાદાથી બધા રાજી શું કામ થયા? આ વાત તમારાં ભાઈબહેનોને સંભળાવશો તો તેમને મજા પડશે.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ વાક્યમાં ક્રિયાપદ કેવું અગત્યનું પદ છે, તે વિદ્યાર્થીઓ સમજ્યા કે નહિ તે જાણો. ક્રિયાપદ વગરનું વાક્ય કેવું અધૂરું રહે છે તે દાખલા આપી દર્શાવો.

¶ ત્રણ કાળની સમજ આપો. કયો કાળ ક્યારે વાપરવો જોઈએ, તે અંગે સવાલો પૂછો.

¶ પાઠમાંથી ત્રણે કાળનાં ક્રિયાપદનાં રૂપો બતાવવા કહો.

[૨. ઇતર]

૧. રાજા ભોજ અને કવિ કાલિદાસ અંગે પણ અકબર અને બિરબલની પેઠે ચાતુરીની અનેક વાતો પ્રસિદ્ધ છે. આ બધી વાતો કાલ્પનિક હોય છે. પરંતુ તેમાં વિનોદ સાથે બુદ્ધિચાતુર્ય હોય છે. તેવી બીજી વાતો કહી સંભળાવવી.

૨. બિરબલે જે ચુકાદો આપ્યો તેમાં શબ્દોના અર્થની કેવી ગમ્મત છે, તે વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર આવ્યું કે નહિ તે જોવું.

અઘરા શબ્દો

ચુકાદો = ફેંસલો

માંડ માંડ = જેમ તેમ કરીને; મહા મુશ્કેલીએ

ઝવેરાત = રત્નો વગેરે જવાહિર

ગુજરાન = ભરણપોષણ; નિર્વાહ

કરાર [અ.] = કબૂલાત; ઠરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

ત્રણ દૃષ્ટાંતો

(૧)

કાતર અને સોય

[ઇંદ્રવિજય]

एक ज वंश विषे ऊपज्यां, सहवास सदैव निवास वसावे;
एक गुरु-उपदेश, तथापि मिजाज कदी मळतो नहि आवे.
देखी जुओ दलपत्त कहे, दरजी तणी पेढी विषे दरशावे :
कातर कापी करे अळगां, पण सोय सदैव सलाह करावे.

(२)

ક્ષત્રિય અને બ્રાહ્મણ

[મનહર છંદ]

एक समे एक क्षत्री आगळ ब्राह्मणे कह्युं,
‘अरे, आज असलना क्षत्री याद आविया;
देशमां न थवा देता परदेशीनो प्रवेश,
जेओए संग्राम सजी जश संपडाविया.
अरे, आ भरतखंड भूमिए एवा भूपाळ,
शूरवीर धीर गुणवाळा क्यां गुमाविया ?’
कहे दलपतराम, सुणीने क्षत्रिये कह्युं,
‘असलना ऋषिओना रक्षणे सिधाविया.’

(३)

ભાદરવાનો ભીંડો

[કુંડળિયો]

भींडो भादरवा तणो वडने कहे, ‘सुण वीर,
समाउं नहि हुं सर्वथा, तुं जा सरवर-तीर.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तुं जा सरवर-तीर, सुणी वड ऊचर्यो वाणी,
'वीत्ये वर्षाकाळ, जईश हुं बीजे जाणी.'
दाखे दलपतराम, वीत्यो अवसर वर्षानो,
गयो सुकाई समूळ भींडो ते भादरवानो.

કવિ દલપતરામ

સ્વાધ્યાય

૧. કવિ દલપતરામ ડાહ્યાભાઈ (ઈ. સ. ૧૮૨૦ – ૧૮૯૮) — ક૦ ૬૦ ડા૦ — કવિ નર્મદાશંકરના સમકાલીન હતા. અમદાવાદ બાજુ તેમની નામના હતી, સુરત તરફ નર્મદાશંકરની. સાદી વાતમાંથી વિનોદ કરાવી બોધ આપવાની એમની શક્તિ તમને આ દૃષ્ટાંતોમાં જણાશે.

૨. એક કહેવત છે — સામાના પગ તળેનો રેલો જોતા પહેલાં પોતાની નીચેનો જોવો. ક્ષત્રિય અને બ્રાહ્મણના દૃષ્ટાંતમાં એ લાગુ કરી જોજો.

પ્રશ્નો

૧. કાતર અને સોયનો કયો વંશ? એનાં બીજાં ભાંડુઓનાં નામ ખોળો.

૨. કાતર અને સોયનો એક જ ગુરુ તે કોણ? એ ગુરુનો ઉપદેશ શો?

૩. ક્ષત્રિયે ટૂંકો જવાબ આપ્યો; આગળ બ્રાહ્મણે કેમ કાંઈ ન કહ્યું? એને જવાબ મળી ગયો શું? શો મળી ગયો?

૪. વડે વર્ષાકાળ સુધીની મહેતલ કેમ માગી? ભીંડો કેમ તેને કાઢવા તાકે છે? ભીંડાની શેખી કેમ ન ચાલી?

વ્યાકરણ

૧ વાક્યમાં નામ, સર્વનામ, વિશેષણ, અને ક્રિયાપદ એટલાં પદ ઓળખતાં તમને આવડ્યાં. હવે નીચેનાં વાક્યોમાં તે સિવાયનું કોઈ પદ આવે છે? હોય તો તે બતાવો —

(૧) મનુ રોજ નિશાળે જાય છે.
(૨) તે હંમેશાં વાંચે છે.
(૩) આ કૂતરો કદી ભસતો નથી.
(૪) તમે અહીં રમો.
(૫) બા, મામા ક્યારે આવશે?
(૬) જૂઠું બોલશો નહિ.

આ વાક્યમાં 'રોજ', 'હંમેશાં', 'કદી', 'અહીં', 'ક્યારે', 'નહિ' એ પદો નવાં છે. તેમને અવ્યય કહેવાય છે. અવ્યય એટલે જેમાં ફેરફાર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય તેવું. આ પદોને અવ્યય કહેવાનું કારણ એ છે કે, તેઓ વાક્યમાં વપરાય છે ત્યારે તેમનું રૂપ હંમેશ એકસરખું જ રહે છે — તેમાં કશો વ્યય એટલે ફેરફાર થતો નથી. નીચેનાં વાક્યો જુઓ —

(૧) મનુ રોજ નિશાળે જાય છે.
(૨) કુમુદ રોજ લેસન કરે છે.
(૩) અમે રોજ રમીએ છીએ.
(૪) મુંબઈમાં હું રોજ દરિયા કિનારે ફરવા જતો હતો.
(૫) શિયાળામાં તમે રોજ સવારે ફરવા આવશો ?
(૬) ચોમાસામાં તું રોજ રમતો નથી.

૫ એ જ પ્રમાણે 'હંમેશાં', 'કદી', 'અહીં', 'ક્યારે', 'નહિ' વગેરે અવ્યયોમાં પણ વાક્યમાં વપરાતી વખતે કશો ફેરફાર થતો નથી.

શિક્ષકોને

૧. અવ્યયોમાં જાતિ, વચન, કાળ વગેરે પ્રમાણે કશો ફેરફાર થતો નથી. તેમનું રૂપ એકસરખું જ રહે છે, તે વસ્તુ વિદ્યાર્થીઓને બીજા દાખલા આપી ધ્યાન પર નાંખવી.

૨. વિનોદ સાથે બોધ આપે એવી કવિ દલપતરામની બીજી કવિતાઓ પણ સંભળાવવી. બીજી ચોપડીમાં 'ઊંટ કહે' એ કવિતા આવી ગઈ છે.

અઘરા શબ્દો

સહવાસ [સં.] = સાથે રહેવું તે; સોબત; સંબંધ
સદૈવ [સં.] = હંમેશાં
નિવાસ [સં.] = રહેવાનું સ્થાન; રહેઠાણ
મિજાજ [અ.] = સ્વભાવ; મનનું વલણ
સલાહ = શાંતિ; સમાધાન; મેળ
પ્રવેશ [સં.] = દાખલ થવું તે
સંપડાવવું = પ્રાપ્ત કરાવવું; મેળવી આપવું
ભૂપાળ = રાજા
ધીર [સં.] = ધીરજવાળું; ઠરેલ અને નીડર
સિધાવવું = વિદાય થવું; જવું
સર્વથા [સં.] = સર્વ પ્રકારે; બધી રીતે
સરવર-તીર = સરોવરનો કાંઠો
ઊચરવું = બોલવું; વદવું
વર્ષા [સં.] = વરસાદ; ચોમાસું
જાણી = આપમેળે
દાખવું = કહેવું
અવસર = પ્રસંગ; કામ
સમૂળ [સં.] = મૂળ સહિત; જડમૂળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

પરોપકારી મનુષ્યો !

મને એક વાર આંજણી થઈ હતી. બે ત્રણ દિવસ મેં કાંઈ ઇલાજ કર્યો નહિ. એમ જાણ્યું કે, મટી જશે, એમાં શું ભારે દરદ છે! પરંતુ આંજણીએ બહુ પીડા કરવા માંડી. એટલે અમારા ઘરના દાક્તર પાસે ગયો. તેમણે કહ્યું કે, 'એના ઉપર કાંઈ લગાડવાની જરૂર નથી. પાકે એટલે મારી પાસે આવજો, નસ્તરથી ફોડી નાખીશ. બહુ પીડા થાય તો શેક કરજો.'

હું ઘેર આવ્યો ત્યારે અમારા કુટુંબના એક મિત્ર મને મળવા આવેલા હતા. તેમણે પૂછ્યું, 'ભાઈ, ક્યાં જઈ આવ્યા? આ આંખે શું થયું છે?'

મેં ઉત્તર દીધો, 'આંજણી થઈ છે, માટે દાક્તર પાસે ગયો હતો. પણ દાક્તર કહે છે, એને છેડશો નહિ, એની કાંઈ દવા નથી; પાકે એટલે નસ્તરથી ફોડી નાખીશું.'

આટલું સાંભળતાં અમારા એ મિત્ર ક્રોધે ભરાઈ ગયા: 'હરામખોરો! દાક્તરોને સરકાર ગાંસડા ભરીને મફતનો પગાર ખવડાવે છે. વળી કહે છે કે, એની કાંઈ દવા જ નથી! ત્યારે એમના ભણતરમાં શું પૂળો મૂકવાનો છે? કહે છે કે, પાકે ત્યારે આવજો, નસ્તર મૂકીશું! તમે પણ ભલા માણસ છો. એક કોડીનું ખરચ નથી, તુવરની દાળ ઘસીને ચોપડી દો, એટલે નરમ પડી જશે.'

મેં કહ્યું, 'બહુ સારું.'

નોકર પાસે દાળ ઘસાવીને ચોપડી. સાંજના બજારમાં કાંઈ લેવા ગયો, તો દુકાનદાર કહે, 'સાહેબ, આપને આંજણી થઈ છે, તો જવ ઘસીને કાં ચોપડતા નથી? મફતની દવા છે.'

ઘેર અમારા ઘરનો જૂનો મુનીમ આવેલો હતો.. આંજણીની હકીકત જાણી તે કહે કે, 'બધી વાત જવા દઈ કેસર ઘોળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડો. મારા બનેવીને, મારા ભાણેજને અને મારા ફૂઆને થઈ હતી, ત્યારે અમે તો એ જ ઇલાજ કર્યો હતો. રામબાણ ઉપાય છે; ઘડીકમાં જ મટી જશે'.

કેસર મંગાવી મેં લગાડ્યું.

બીજે દિવસે હજામત કરવા હજામ આવ્યો. તે કહે કે, 'સાહેબ, બીજું બધું ફાવે તેમ લગાડ્યા કરતાં સિંદૂર મગાવી દાબી દો, તો તરત જ આંજણી બેસી જશે.'

સિંદૂર પણ મેં દબાવ્યું.

બીજે દિવસે મારા ઓળખાણવાળા એક શેઠની મિલનો ભૈયો કાંઈ કામસર આવ્યો. તેણે કહ્યું કે, 'જી, ઇસમેં ક્યા બડી બાત હૈ? આઠ દિન એક છોટા કટોરા ભંગ પીયા કરો. દેખ લેના, ઈસકે આગે ડાકટરોંકી દવાઇયાં ક્યા ચીજ હૈ!'

પરંતુ હું ભાંગ કે બીજો કોઈ કેફી પદાર્થ પીતો ન હોવાથી મેં એ સલાહનો અમલ કર્યો નહિ.

મારાં વૃદ્ધ માસી પૂજાનું ચંદન ઘસતાં હતાં તે કહે કે, 'ભાઈ, આ ચંદન લગાડી જો.'

મેં ચંદન લગાડ્યું.

જમતી વખતે રસોઇયો કહે, 'સૂંઠ ચોપડો.'

મેં સૂંઠ પણ ચોપડી.

ખેપ લઈને ધોબી આવ્યો. તે કહે કે, 'લવિંગ ઘસીને ચોપડો. બળતરા બળશે, પણ આંજણી ઊભી જ નહિ રહે.'

લવિંગ પણ લગાવ્યું, કેમ કે આંજણીના વધતા જતા દુઃખથી હું કંટાળી ગયો હતો, અને કાંઈ કરતે આરામ થાય છે એમ વિચારી, આ પરદુઃખભંજન મનુષ્યોની સલાહો એક પછી એક અજમાવી જોતો હતો.

હું એટલે ઊભો હતો તેવામાં ગોળ વેચનાર મારવાડી આવ્યો. તેણે કહ્યું, 'શેઠજી, અમારા લોક તો આવી આંજણી થઈ હોય, તો તેના ઉપર ગોળનો ચપકો દઈ દે. છરીના પાના ઉપર ગોળ મૂકી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને તપાવી લગાવી દેવો. ગરીબ માણસનો ઉપાય છે. અમે દાક્તરના પૈસા ભરીએ તો મરી જઈએ.'

ગોળનો ચપકો તો શેક જેવો જ માની તરત લગાવી દીધો. પરિણામમાં દરદ વધ્યું. સાંજે અમારા ગોર કહે, 'ગોળ એકલો ગરમ; માટે એલચીને ઘીમાં ઘસી ચોપડો. ઘીમાં સર્વ ગુણ રહેલા છે. હું તો જુલાબ લેવો હોય ત્યારે પણ દિવેલ પીવાને બદલે ઘી જ પીઉં છું.'

એલચી ને ઘી લગાવતો હતો તેવામાં મારા એક પારસી દોસ્તદાર આવી ચડ્યા. તે કહે, 'અરર! મિસ્ટર, આ સું કરી મૂક્યું છ! આંખને ઘી–ગોર કાં ખવારો છ! એક કાંદો કાપી તેનો રસ લગાવી દો. ના મટે તો મને ચાર તમાચા મારજો.'

જેમ તેમ કરી કાંદાની દુર્ગંધ વેઠીને મેં તેનો રસ પણ લગાડ્યો. હવે તો આંજણીના અંદર શા હાલ હતા તે ખબર પડે તેમ નહોતું. દવાઓનાં પડ ઉપરાઉપરી આવી આંખની બાજુ ઉપર એક નાની ડુંગરી બની રહી હતી. વેદના વધવાને લીધે હું પથારીમાં પડ્યો પડ્યો તરફડિયાં મારવા લાગ્યો; તથા હવે કોઈ પૂછે તો કાંઈ કહેવું નહિ તથા નવો ઉપાય અજમાવવો નહિ, એમ મેં નક્કી કર્યું.

એટલામાં મને ઠીક નથી જાણી મારાં એક વિધવા ફોઈ ખબર કાઢવા આવ્યાં. તે કહે કે, 'ભાઈ, તમે અંગ્રેજી ભણેલા તે ગણેલા નહિ. હું તો મને કાંઈ પણ થાય ત્યારે જરા લોટ ઘીમાં શેકી ખાઈ લઉં. જો બદામ હોય તો થોડી નાંખું, નહિ તો ઘી ખાંડ ને લોટ તો ઘરમાં હોય જ. તાવ આવે, ઉધરસ થાય, કે વા આવે, માથું દુઃખે કે સળેખમ થાય, તોપણ મારો તો એ એક જ ઇલાજ છે.'

ફોઈનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં એ ઉપાય અજમાવવાની વાત મારા મનમાં ઊતરી. વળી શીરાનો સ્વાદ પણ કોને ન ગમે? માટે બીજા ઉપાય કરતાં ઘણી વધારે ખુશીથી ફોઈનો ઉપાય શરૂ કર્યો, અને બે ત્રણ દિવસ ચાલુ રાખ્યો. પણ આંજણી તો કશાને ગાંઠે નહિ. અંતે પાછો દાક્તરને ઘેર ગયો. તેમણે ચોપડેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓનો ડુંગર ખોતરી કાઢ્યો, અને અંદરથી આંજણી નીકળી એટલે તેના ઉપર નસ્તર મૂક્યું. બગાડ નીકળી જતાંની સાથે જ મને આરામ લાગવા માંડ્યો. મારા જે જે હિતેચ્છુઓએ મારી દયા ખાઈને, મારા દુઃખનો ભાર ઓછો કરવા કાળજી રાખી હતી, તેમનો જાહેરમાં આભાર માનવાની આ તક લઉં છું.

સ્વાધ્યાય

૧. આ પાઠ વાંચીને તમને હસવું તો આવ્યું જ હશે. શાની ઉપર આવ્યું તે વિચારી કાઢો.

૨. આવી બીજી ગમતો વાંચવી હોય, તો આ પાઠનું મૂળ પુસ્તક, સ્વ૦ રમણભાઈ નીલકંઠ કૃત 'હાસ્યમંદિર' જોજો.

સ્વ૦ રમણભાઈ ગુજરાતના એક જાણીતા સાક્ષર હતા. સાતમી ચોપડીમાં એમના વિષે પાઠ છે.

પ્રશ્નો

૧. શીરાથી શાની દવા થઈ?

૨. તમને કોઈવાર આંજણી થઈ છે? તે શી રીતે મટેલી? તમને કોઈ પરોપકારી સલાહ મળેલી?

૩. આંખ પાસે નાની ડુંગરી શાની થઈ?

૪. આંજણી ખરેખર શાથી મટી ગઈ હશે?

વ્યાકરણ

¶ ગયે વખતે ક્રિયાપદ સાથે સંબંધ રાખતાં અવ્યયો જોયાં. હવે નીચેનાં વાક્યોમાં આવેલાં અવ્યયો શોધી કાઢો :—

(૧) મનુને માટે મામા રેંટિયો લાવ્યા.
(૨) છાપરા ઉપર વાંદરો કૂદે છે.
(૩) છગનની પાસે સુરેશ બેઠો છે.
(૪) ગુરુજીની આગળ કુમુદે પાઠ વાંચ્યો.
(૫) ઝાડની નીચે ગાય બેઠી છે.

ઉપરનાં વાક્યોમાં 'માટે', 'ઉપર', 'પાસે', 'આગળ', 'નીચે', એ અવ્યયો વાક્યમાં આઘાંપાછાં ગોઠવી જુઓ. તેમ કરવાથી વાક્ય બરોબર લાગે છે? કઈ જગાએ હોય તો બરોબર લાગે? તેમની આગળના નામ સાથે તે બધાં સંબંધ ધરાવે છે.

¶ તમારા પાઠમાંથી આમ નામ સાથે રહીને તેની જોડે સંબંધ ધરાવતાં બીજાં કેટલાંક અવ્યયો શોધી કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

૧. ઉપરનાં વાક્યોમાં નામયોગી અવ્યયો છે, તે બધાં લગભગ વિભક્તિના પ્રત્યયનું જ કામ કરે છે. જેમ કે, માટે — એ ચોથીનો અર્થ બતાવે છે. ઉપર, પાસે, આગળ, નીચે — એ સાતમીનો અર્થ બતાવે છે. ક્રિયાપદ સાથે તથા નામ સાથે સંબંધ ધરાવતાં અવ્યયો જુદાં પાડતાં શીખવવું.

૨. સ્વ૦ રમણભાઈ નીલકંઠે જૂના રીતરિવાજો, વહેમો વગેરેની રમૂજ કરતું ‘ભદ્રંભદ્ર’ નામનું પુસ્તક લખ્યું છે. તેની વાત કહેવી.

૩. આ પાઠમાં વાપરેલા ‘પરોપકારી’ શબ્દમાં રહેલો મીઠો મર્મ વિદ્યાર્થીઓ સમજ્યા કે નહીં તે પૂછીને જાણવું.

અઘરા શબ્દો

આંજણી = પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી

નસ્તર = વાઢકાપ કે તે કરવાનું ઓજાર

મુનીમ = પેઢીનો મુખ્ય ગુમાસ્તો

સિંદૂર = પારો, સીસું તથા ગંધકની મેળવણીનો લાલ ભૂકો

કટોરો = વાડકો

ખેપ = ફેરો; ફેરામાં આણેલો સામાન (૨) ધોબીનો કપડાંનો ગાંસડો

પરદુઃખભંજન = બીજાનું દુઃખ દૂર કરનાર

ચપકો = ડામ; ગરમ કરી ચપ દઈને ચાંપી દેવું તે

હિતેચ્છુ [સં.] = હિત ઇચ્છનાર; ભલું તાકનાર

૩૫

રામબાણ

रामबाण वाग्यां रे होय ते जाणे.
ओल्या मूरख मनमां शुं माणे ? — टेक.

ध्रुवने वाग्यां, प्रह्लादने वाग्यां, ठरी बेठा ठेकाणे;
गर्भवासमां शुकदेवजीने वाग्यां, वेद-वचन परमाणे. राम० १

मोरध्वज राजानां मन हरि लेवा, वहालो पधार्या ते ठामे;
काशीए जईने करवत मेलाव्यां, पुत्र पत्नी बेउ ताणे. राम० २

बाई मीरां उपर क्रोध करीने, राणो खडग लई ताणे;
झेरना प्याला गिरिधरलाले, अमृत कर्या एवे टाणे. राम० ३

नरसिंह महेतानी हूंडी शिकारी, खेप करी खरे टाणे;
अनेक भक्तो एणे उगार्या, धनो भगत उर आणे. राम० ४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. રામબાણ એટલે શું? ધ્રુવ, પ્રહ્લાદ વગેરે રામના વખતમાં હતા? તો પછી તેમને રામનું બાણ વાગ્યું એટલે શું?

૨. રામબાણ શબ્દ બીજી કોઈ બાબતમાં વપરાતો તમે સાંભળ્યો છે? રામબાણ ઇલાજ, રામબાણ દવા એટલે શું?

૩. રામબાણથી ઘવાયેલા ભક્તોનાં ઉદાહરણો કવિ કહે છે, તે બધાંની વાત તમને આવડે છે? શિક્ષકને પૂછો.

૪. કાશીનું કરવત એટલે શું?

૫. ધના ભગત વિષે વિદ્યાર્થીઓને કહો.

વ્યાકરણ

¶ નીચેનાં વાકયોમાંથી અવ્યયો શોધી કાઢો અને તે શાની સાથે સંબંધ બતાવે છે તે જુઓ :—

(૧) રામ અને લક્ષ્મણ વનમાં ગયા.
(૨) ઉનાળો આવ્યો, એટલે તાપ પડવા લાગ્યો.
(૩) હું સુરેશને ઘેર ગયો, પણ તે ગામ ગયો હતો.
(૪) છગન તથા રઘુ ખેતરે ગયા છે.
(૫) અમે ખેતરમાં ગયા અને છગનને મળ્યા.

ઉપરનાં વાક્યોમાં 'અને', 'એટલે', 'પણ', 'તથા' એ અવ્યયો આઘાં પાછાં ગોઠવી જોશો તો જણાશે કે તેમનું નક્કી સ્થાન છે ત્યાં તે હોવાં જોઈએ. તે બધાં બે શબ્દો કે બે વાક્યોને જોડે છે તે તમે જોયું? બેને જોડે તેથી તેમને ઉભયાન્વયી કહે છે.

¶ તમારા પાઠોમાંથી બે શબ્દો કે વાક્યો વચ્ચે સંબંધ બતાવનાર અવ્યયો શોધી કાઢો.

શિક્ષકોને

૧. ઉપરનાં વાક્યોમાં ઉભયાન્વયી અવ્યયોના દાખલા આપ્યા છે. તેવાં બીજાં ઉદાહરણ આપી તે અવ્યયો શોધી કાઢવા કહેવું.

૨. ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવજી, મયૂરધ્વજ રાજા, મીરાં, નરસિંહ મહેતા—એ ભક્તોની વાતો કહેવી. વિદ્યાર્થીઓ જાણતા હોય તો પૂછવી.

અઘરા શબ્દો

રામબાણ = રામ–ઈશ્વર પ્રત્યે ભક્તિની તાલાવેલી (૨) નિષ્ફળ ન નીવડે તેવું; અમોઘ
માણવું = રાજી થવું
ઠરવું = શાંત થવું; સ્થિર થવું
પરમાણવું = પ્રમાણભૂત – સાચું
ઠરાવવું – માનવું
ખડગ = ખડ્ગ; તલવાર
શિકારવું = સ્વીકારવું; (હૂંડી) ચૂકવવી
ખેપ કરવી = ફેરો ખાવો; કામ કરવું
ઉર આણવું = મનમાં યાદ લાવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

આપણાં અણગણ્યાં સહવાસીઓ

૧

જો કોઈ આપણને પૂછે કે, તમારા ઘરમાં કોણ કોણ રહો છો, તો સહેજે આપણે આપણાં ભાઈબહેન તથા માતાપિતા વગેરે કુટુંબીજનોને ગણાવીશું. પરંતુ ઈશ્વરની સૃષ્ટિનો ખ્યાલ રાખીને જો જવાબ આપવો હોય, તો બીજા પણ કેટલાય જીવોને ગણાવવા જોઈએ. આજે આપણે એ વિષે થોડો વિચાર દોડાવીએ.

ઈશ્વરની સૃષ્ટિ જોઈએ તો તેમાં જીવોના એટલા બધા પ્રકારો જોવા મળે છે કે, તે અસંખ્ય જ છે એમ કહેવું જોઈએ. કેટલાક જીવો તો એટલા ઝીણા હોય છે કે, તમે તેમને નરી આંખે તો જોઈ જ ન શકો. એમને સૂક્ષ્મ જંતુ કે જીવાણુ કહેવામાં આવે છે. એવાં સૂક્ષ્મ જંતુઓ કે જીવાણુઓને આપણે છોડી દઈએ, અને આંખે દેખાય એવાં જીવડાંનો જ ખ્યાલ કરીએ, તોપણ તેમની સંખ્યા નવાઈ પમાડે એવડી મોટી છે. એ બધા જીવો પણ આપણા સહવાસી થઈ, આપણા જ ઘરમાં રહે છે. તેમને આપણે આપણાં ભાંડુમાં નથી ગણતા; પરંતુ આપણે એમની ચિંતા તો રાખવી જ પડે છે; નહિ તો કદાચ જીવવું જ મુશ્કેલ થઈ જાય.

જીવવિદ્યામાં પારંગત થયેલા વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે, દુનિયામાં અનેક પ્રકારની જે જીવાત જોવામાં આવે છે, તે જો અબાધ રીતે ઊછર્યે જાય, તો જગતમાં માણસને જીવવાને માટે જગા જ ન રહે! તેઓ તેની ખેતી ખાઈ જાય, તેનાં મકાન ભરી કાઢે; અરે, તેના શરીરમાં રોગરૂપે પેસી જઈને તેનો જ અંત આણે! પરંતુ, આપણી કહેવત પ્રમાણે, ઈશ્વરની સૃષ્ટિમાં પણ 'શેરને માથે સવા શેર હોય છે,' તેને લઈને અનેક જીવો પોતપોતાની મર્યાદામાં રહે છે. તે બધામાં માણસ વિશેષ ફાવે છે, કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તેને પ્રભુએ બુદ્ધિ આપી છે; તે દ્વારા એ પોતાનું ધારણ, પોષણ અને રક્ષણ સરસ રીતે યોજી શકે છે.

પણ એ વાત એટલે રહેવા દઈને આપણે આપણા સહવાસી જીવોના વિચાર તરફ વળીએ. આપણું પોતાનું શરીર જ પહેલું જોઈએ. તેમાં સારા નરસા, રોગના અને આરોગ્યના અનેકવિધ જીવાણુઓ રહેલા છે, એ વાત અહીં છોડીએ. આપણે એ સૂક્ષ્મ જીવાણુની વાત અત્યારે નથી કરતા. પરંતુ આપણા શરીર પર, આપણું લોહી પીને જીવતાં જંતુઓ છે તે યાદ કરો. જૂ આપણા માથામાં રહે છે. માથાના વાળના રંગને મળતી એ જીવાત કેટલી ત્રાસદાયી છે? એની લીખો પણ તે આપણા માથામાં જ મૂકે છે; વિષ્ટા પણ તે ત્યાં જ કરે છે. જેમ જૂવો ઢોરના શરીર પર, અને જિંગોડો કૂતરાના શરીર પર નભે છે, તેમ જૂનું જીવન આપણા શરીર પર નભે છે. આ જીવાત માણસના લોહી પર જ જીવે છે. એક બીજી જાતની જૂ હોય છે, જે શરીરની ચામડી પર વળગેલી રહે છે. તેનો રંગ ચામડીના રંગમાં ભળી જાય એવો હોય છે. એને આપણે ચામ-જૂ કહીએ છીએ. આ જીવાત આપણી ગંદી ટેવોને કારણે થાય છે. માથું બરોબર હોળવા–ચોળવાથી ને શરીર સાફ રાખવાથી જૂ થતી નથી.

હવે શરીર બહાર નજર કરો. જ્યાં ત્યાં ત્રાસ દેતી માખ તમને તરત યાદ આવશે. ચોમાસાની ઋતુમાં તો તેનો ત્રાસ પાર વિનાનો વધી જાય છે. એ આપણી ગંદકી ખાઈ જાય છે, એ એક જરાક જેટલો લાભ છે; પણ એને મન વિષ્ટા અને પકવાન સરખાં જ છે: વિષ્ટા પરથી ઊડીને પકવાન પર આવવામાં એને કશી વાર નથી કે જરાય સૂગ નથી! આ એની ગંદી આદતને લઈને એ આપણે માટે ભારે જોખમકારક બને છે. કૉલેરા, મરડો, મુદતિયો તાવ, ક્ષય વગેરે રોગોનો ચેપ ફેલાવનાર આ માખ જ છે. પરંતુ એમાં એનો દોષ શું કામ કાઢવો? આપણે જો સ્વચ્છતા અને આરોગ્યના નિયમો બરોબર સાચવીએ, તો માખની નાદાન અને બેજવાબદાર મસ્તીમાંથી બચી શકીએ. કાંઈ નહિ તો, ચેપ તો ન જ ફેલાવવા દઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માખથી ઊતરતે નંબરે તમને મચ્છર યાદ આવશે. અમુક ઋતુમાં એ વિશેષ વધે છે એ ખરું; પરંતુ વધઘટ છતાં આપણે ત્યાં આ જીવડાનો ત્રાસ આખું વર્ષ ચાલુ જ હોય છે. માખ તો કરડતી નથી, કેમ કે એને ડંખ નથી. મચ્છર પાસે તો દાક્તરની પિચકારી જેવી સોય કે તીણી કરવતી હોય છે, તે દ્વારા એ ચામડી ભેદે છે, અને પછી સૂંઢ જેવા પોતાના એક અંગ વડે તે આપણું લોહી પીએ છે. તેની જ સાથે એ મલેરિયા કે ટાઢિયા તાવનાં જંતુ પણ આપણામાં ઘુસાડે છે. બધી જાતના મચ્છર આ જંતુ ફેલાવનારા નથી હોતા. પરંતુ એટલી વાત તો સિદ્ધ થયેલી છે કે, ટાઢિયો તાવ કે મલેરિયા મચ્છરના ડંખથી ફેલાય છે.

૨

કીડી, મંકોડી, અને ઊધઈ એ આપણાં બીજાં સહવાસી છે. તેઓ જમીનના પેટાળમાંથી નીકળી આવે છે; ત્યાં તેઓ રહે છે ને ખોરાકને માટે ઉપર આવે છે. તમે ઊધઈ કદી ખુલ્લામાં નહિ જુઓ. બારીબારણાં વગરનાં, લાંબી લાંબી ગલીઓ જેવાં, પોતાનાં ઘરોમાં જ તે રહે છે. કીડી મંકોડી ખુલ્લામાં ફરે છે અને દરમાં રહે છે. સંભાળીને પોતાનો ખોરાક એકઠો કરવો, મહેનતુ અને વ્યવસ્થિત ટેવો, ઉદ્યમ, અને એવા સારા ગુણો આ ત્રણમાં ઘણા જોવા મળે છે. એ ગુણો એમને માટે તો કહેવતરૂપ બની ગયા છે.

ત્યાર પછી વંદા અને કરોળિયાને યાદ કરવા જોઈએ. કરોળિયો એક રીતે આપણને મદદકર્તા જંતુ છે. તે આપણા ઘરમાં જાળ પાથરીને રહે છે, ને તેમાં નાનાં નાનાં અનેક જીવડાંને ફસાવીને તે ખાઈ જાય છે. માખ પકડાય તો તેને પણ એ છોડતો નથી. પરંતુ તે અસ્વચ્છતા પર જ નભે છે, એ આપણને ન પાલવે.

વંદો હૂંફાળી જગામાં થાય છે. એને ગંદકીની સૂગ નથી. તેથી જાજરૂમાં કે એવા ખૂણાખાંચરાની અંધારી અને ગંદી જગામાં તે વિશેષ જોવામાં આવે છે. માખ કરતાંય ગંદી ટેવોવાળો એ ગણાય. કદાચ એ પણ રોગ ફેલાવતો હોય. પરંતુ વિજ્ઞાન એ વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું ચોકસ કહેતું નથી. એક વાત એને વિષે જાણવા જેવી છે તે એ કે, વંદાને માકડ બહુ ભાવે છે; એને તે ખોળીને ખાઈ જાય છે. છતાં ત્યારે માકડ ઘરમાં કેમ રહે છે? એનું કારણ એ છે કે, માકડને પરમેશ્વરે એવું પાતળું શરીર અને સહજબુદ્ધિ આપ્યાં છે કે, તે ઝીણી તરાડો કે કાણાંમાં ભરાઈ જઈ શકે છે.

માકડ આપણો રાતનો દોસ્ત છે. જૂ કે લીખની જેમ તે માણસના લોહી પર જ જીવે છે. એક વાર લોહીથી તૃપ્ત થાય તો એક વરસ સુધી પણ તે ભૂખ ખેંચી શકે છે! ભૂખી માદા ઈંડાં નથી મૂકી શકતી. પરંતુ એક દહાડો આપણે એને મળ્યા એટલે બસ!

કરોળિયો તથા બીજાં જીવડાંને ખાનારી ગરોળી પણ આપણે ભૂલવી ન જોઈએ. દીવાલ પર ફરતી એ જોવામાં આવે છે. જો આપણાં ઘરને સાફસૂફ કરીને જીવજંતુ વગરનાં કરવામાં આવે, તો કદાચ ગરોળી ઓછી થાય. ગરોળી ઝેરી પ્રાણી છે. તે કરડે તો ઝેર ચડે છે. અથવા તેનો ગલ ખાવામાં આવે તોપણ ઝેર ચડે છે, એમ આપણે માનીએ છીએ.

હવે તમને કદાચ થશે કે, આપણા ઘરનાં રહેનારાંની યાદી પૂરી થઈ. ના, હજી તો બીજાં ઘણાં રહ્યાં. ઘરનો ખોરાકનો કોઠલો જુઓ. તમારી ચોપડીઓ અને કપડાં જુઓ. અરે, તમારા અનાજની કોઠીઓ કે ડબા જુઓ. આ બધાંમાં કેટલી બધી જાતના જીવો રહે છે! ચોખાની સફેદ ઇયળ, શાકના કીડા, ચણા મગ મઠ વગેરેના દાણા શારી ખાતું ભોટવું, ઘઉંમાં ચડતો ચાંચવાળો લાલરંગી ચાંચવો કે ધનેડું, જુવારનાં કિલ્લાં—આ બધાંનો ત્રાસ કેવો છે, એ તો ઘરની માતાને પૂછો તો ખબર પડે. અને લોટ પડી રહે ત્યારે તેમાં જાળાં બાઝે છે તે પણ શું છે? એ પણ એક ઝીણી જીવાત જ છે. એને આપણે કણા કહીએ છીએ.

આપણે એમ માનીએ છીએ કે, અનાજ તથા શાક વગેરે આપણે જ ખાઈએ છીએ. ના; આપણી અગાઉ અસંખ્ય જીવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા જ કોઠારમાં રહ્યા રહ્યા એ ખાય છે, બગાડે છે, અને પોતાના નરકથી મેલું કરે છે!

અને ઘીદૂધ વગેરેના પાંજરામાં કે કોઠલામાં થતો પેલો મુછાળો રતૂમડો જીવ! એને આપણે કંસારી કહીએ છીએ. કંસારી ઉપરાંત ચોપડીઓમાં અને કપડાંમાં એક રૂપેરી નાજુક જીવડું થાય છે તે જોયું છે? આ જીવડાને કાગળ બહુ ભાવે છે. ચોપડીઓ સંઘરનારને તો આ ઉપરાંત પણ બીજા જીવોથી સંભાળવું પડે છે. પરંતુ કંસારી અને આ રૂપેરી જીવ તો ખરેખરા ચોપડીખોર છે. આ રૂપેરી જીવને આંતરી કે ટૂવો કહીએ છીએ.

આપણાં અનેક સહવાસીઓની આ યાદી હજી પણ લંબાવી શકાય. વાણિયા, માકડિયાં, ફૂદાં વગેરેનો ચોમાસાનો પાક તો હજી આપણે ગણ્યો નથી. આ બધા વિષે જાણ્યા પછી, એક વાત તો તમને બરોબર મન ઉપર ઠસશે કે, સ્વચ્છતા અને વાળઝૂડ તથા સફાઈ કેટલી બધી જરૂરની છે; તેના વગર એક દહાડો પણ જવો ન જોઈએ.

આ બધાં જીવોનાં ચિત્ર અહીંયાં નથી આપ્યાં, કેમ કે તમે એમને સાચેસાચાં તમારે ઘેર જોઈ શકશો. એ તમારે જોવાં જોઈએ, તેમના આકાર દોરવા જોઈએ; અને તેમને નિહાળીને એમનું વિજ્ઞાન પણ શોધવું જોઈએ.

સ્વાધ્યાય

૧. આ ઉપરાંત બીજા જીવો ઘણા મળશે. તે ખોળો અને તેમને આપણે શું કહીએ છીએ તે પૂછીને જાણો; તેમની યાદી કરો.

૨. આ બધાં જીવડાંથી બચવાને લોક શું કરે છે, તે દરેક માટે જુદું જુદું પૂછીને જાણો.

૩. ઘરનાં અનાજ બગડે નહિ તે સારુ મા શું કરે છે તે સમજો. કઈ ઋતુમાં કયા અનાજને માટે શું ધ્યાન રાખવું પડે છે તે બરોબર જાણી લેવું જોઈએ.

૪. આ પાઠ તમે બરાબર સમજશો, તો સ્વચ્છતા અને સફાઈ તરફ કાળજી રાખવાનું તમને મન થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી અવ્યયો શોધી કાઢો અને તેમનો ઉપયોગ વિચારો —

(૧) ઓહો ! તમને આંજણી થઈ છે ?

(૨) અરેરે ! આપને ઘણું દુઃખ થતું હશે !

(૩) વાહ ! શીરાનો ઉપાય તો બહુ સારો !

ઉપરનાં વાક્યોમાં 'ઓહો', 'અરેરે', 'વાહ' એ અવ્યયો છે. વાક્યથી અલગ રહીને તે હર્ષ, શોક વગેરે લાગણી બતાવે છે, તે સમજ્યા ? તેમને વાક્યમાં આઘાંપાછાં ગોઠવી જુઓ, તો ચાલે કે કેમ. એવાં બીજાં અવ્યયો પાઠોમાંથી શોધી કાઢો.

શિક્ષકોને

૧. ઉપરનાં વાક્યોમાં કેવળપ્રયોગી અવ્યયો છે. તેમને વાક્યનાં કોઈ પદો સાથે સંબંધ હોતો નથી. વાક્યથી અલગ રહીને જ તે પોતપોતાનો અર્થ દર્શાવે છે. વિદ્યાર્થીઓ પાસે તેવાં અવ્યયોવાળાં વાક્યો બનાવરાવવાં.

૨. શરીર ઉપર થતાં, અનાજમાં થતાં, ઘરમાં થતાં, જુદાં જુદાં જીવજંતુની યાદી કરાવવી. દરેક જીવજંતુનું બારીક નિરીક્ષણ કરતાં કેવી રસિક માહિતી ભેગી થાય છે, તે કીડી, માખી વગેરેના પાઠ ઉપરથી કહી શકાય.

અઘરા શબ્દો

અણગણ્યાં = અગણિત; અસંખ્ય

સહવાસી [સં.] = સાથે વસનાર – રહેનાર

જીવવિદ્યા [સં.] = જીવો – પ્રાણીઓના જીવન વિષેની વિદ્યા; 'બાયૉલૉજી'

પારંગત [સં.] = પૂરેપૂરું માહિતગાર

વિજ્ઞાનશાસ્ત્રી [સં.] = વિજ્ઞાન – કોઈ વિષયનું અનુભવ ને પ્રયોગને આધારે મેળવેલું જ્ઞાન – તેનો જાણનાર – અભ્યાસી

ધારણ [સં.] = ધરી રાખવું – ટકાવવું, નભાવવું તે

પેટાળ = અંદરનો ભાગ

સહજબુદ્ધિ = અંતઃપ્રેરણાથી કુદરતી રીતે કામ કરતી બુદ્ધિ, જેવી કે પશુ–પક્ષીઓમાં હોય છે

ગલ = ઝેરી અઘાર

ચોપડીખોર = ચોપડીઓમાં દટાઈ રહેનાર (૨) ચોપડી ખાનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાધ્યાયીઓ

[શ્રીકૃષ્ણ અને બળરામ દ્વારકાના ક્ષત્રિય અને સુદામા પોરબંદરના બ્રાહ્મણ. નાનપણમાં ત્રણે ઉજ્જનમાં સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણતા — એટલે કે તેઓ સહાધ્યાયીઓ હતા. ભણીને ઘેર ગયા પછી કૃષ્ણ દ્વારકાના રાજા થયા. ગરીબ સુદામા પોતાના જ્ઞાનમાં મસ્ત રહેતા. એક વાર તે કૃષ્ણને મળવા દ્વારકા ગયા. પોતાના સહાધ્યાયીને મળતાં કૃષ્ણના આનંદનો પાર ન રહ્યો. તેમણે ભારે ઠાઠથી અને પૂરા પ્રેમથી તેમની મહેમાનગીરી કરી. દોસ્તો ઘણે દહાડે મળે ત્યારે શું કરે? પોતાની જૂની વાતો કરે અને તે કરી કરીને પ્રેમરસ પીયા જ કરે. એ પ્રમાણે, હવે આ બે દોસ્તો વાત કરે છે :]

पछी शामळियो बोलिया, तने सांभरे रे ?
हा जी, नानपणानी पेर, मने केम वीसरे रे ? १
आपण बे महिना पासे रह्या, तने सांभरे रे ?
हा जी, सांदीपनि ऋषिने घेर, मने केम वीसरे रे ? २
अन्नभिक्षा मागी लावता, तने सांभरे रे ?
हा जी, जमता त्रणे भात, मने केम वीसरे रे ? ३
आपण सूता एक साथरे, तने सांभरे रे ?
सुखदु:खनी करता वात, मने केम वीसरे रे ? ४
पाछली रातना जागता, तने सांभरे रे ?
हा जी, करवा वेदनी धून, मने केम वीसरे रे ? ५
गुरु आपणा गामे गया, तने सांभरे रे ?
हा जी, जाचवा कोईक मुन, मने केम वीसरे रे ? ६
काम दीधुं गोराणीए, तने सांभरे रे ?
कह्युं लई आवोने काष्ठ, मने केम वीसरे रे ? ७
शरीर आपणां ऊकळ्यां, तने सांभरे रे ?
हा जी, माथे तप्यो अरिष्ट, मने केम वीसरे रे ? ८
स्कंधे कुहाडा धर्या, तने सांभरे रे ?
घणुं दूर गया रणछोड, मने केम वीसरे रे ? ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



आपण वाद वद्या त्रणे बांधवा, तने सांभरे रे?
हा जी, फाडयुं मोटुं खोड, मने केम वीसरे रे? १०

त्रणे भारा बांध्या दोरडे, तने सांभरे रे?
हा जी, आव्या बारे मेह, मने केम वीसरे रे? ११

शीतळ वायु वायो घणो, तने सांभरे रे?
टाढे थरथर ध्रूजे देह, तने केम वीसरे रे? १२

नदीए पूर आव्युं घणुं, तने सांभरे रे?
घन वरस्यो मुशळधार, मने केम वीसरे रे? १३

एके दिशा सूझी नहि, तने सांभरे रे?
थया वीज तणा चमकार, मने केम वीसरे रे? १४

गुरुजी गोतवा नीसर्या, तने सांभरे रे?
कह्युं स्त्रीने, कीधो तें केर, मने केम वीसरे रे? १५

आपणने हृदयाशुं चांपिया, तने सांभरे रे?
पछी तेडीने आव्या घेर, मने केम वीसरे रे? १६

गुरुदक्षिणामां मागियुं तने सांभरे रे?
हा जी, मृत्यु पाम्यो जे कुमार, मने केम वीसरे रे? १७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुत्र गोराणीने आपियो, तने सांभरे रे ?
हा जी, पछे थया विदाय, मने केम वीसरे रे ? १८
आपणे ते दिनथी जुदा पडचा, तने सांभरे रे ?
हा जी, फरीने मळिया आज, मने केम वीसरे रे ? १९
हुं तुज पासे विद्या भण्यो, तने सांभरे रे ?
मने मोटो कर्यो, महाराज, मने केम वीसरे रे ? २०

સ્વાધ્યાય

૧. પ્રેમાનંદ આપણી ભાષાના કદાચ સૌથી મોટા કવિ છે. તેમના વિષેનો પાઠ સાતમી ચોપડીમાં છે. ભાષાનું ગૌરવ વધારનાર એ મહાન કવિએ 'સુદામાચરિત' લખ્યું છે. ઉપરની કડીઓ એમાંથી લીધી છે. નરસિંહ મહેતાએ પણ સુદામાચરિત લખ્યું છે. એઉ તમે સમજી શકશો. પુસ્તકાલયમાંથી મેળવીને વાંચજો.

૨. કૃષ્ણ-સુદામાની શાળા પરથી તમને કોની શાળા યાદ આવે છે? આણુના પાઠની ઉત્તંકની શાળા યાદ કરો. હવે તમને જૂના આશ્રમોની શિક્ષણ-પદ્ધતિનો વધારે ખ્યાલ આવવો જોઈએ.

૩. એ પદ્ધતિમાં ઉદ્યોગનું મહત્ત્વ કેવું હતું તે વિચારો. રાય રંક સૌ સાથે ભણતા અને મહેનત-મજૂરી કરતા.

પ્રશ્નો

૧. સુદામા શ્રીકૃષ્ણને ઘેર શું કરવા ગયા હતા?
૨. ત્રણે ભ્રાત એટલે કોણ કોણ?
૩. ગોરાણીએ એક દિવસ તેમને શું કામ સોંપ્યું?
૪. 'તેં કેર કર્યો' એવું ગુરુજીએ શા માટે સ્ત્રીને કહ્યું?
૫. ગુરુએ કૃષ્ણ પાસે ગુરુદક્ષિણામાં શું માગ્યું?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી અવ્યયો શોધી કાઢો અને તે કોની સાથે સંબંધ ધરાવે છે તે કહો —

(૧) વાહ! તમે સારો ઉપાય બતાવ્યો!
(૨) સ્વરાજ આવ્યું એટલે સૌ રાજી થયા.
(૩) શિયાળો અને ઉનાળો એ બેમાંથી તમને શું ગમે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) ઘોડો જલદી દોડે છે પણ બળદ ધીમે ચાલે છે.
(૫) હું તમારે ઘેર ક્યારે આવું ?
(૬) લાલ કિલ્લા ઉપર રાષ્ટ્રધ્વજ ફરકે છે.
(૭) અરે ! તમારી ચોપડી ફાટી ગઈ ?
(૮) અહીં ગંદકી કરશો નહિ.
(૯) દેશને માટે ગાંધીજીએ પ્રાણ આપ્યા.
(૧૦) નિશાળની પાસે એક બાગ છે.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ જુદાં જુદાં અવ્યયો વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર આવે અને તેઓ તેમને વાક્યમાંથી ઝટ પારખી લે, તે પ્રમાણે દાખલા વગેરેથી પૂછપરછ કરવી.

¶ વિદ્યાર્થીઓને અવ્યયના પ્રકારોનાં નામ શીખવવાની જરૂર નથી. તે વાક્યમાં શું કામ કરે છે અને કોની સાથે સંબંધ ધરાવે છે તે તેમના ધ્યાનમાં બરોબર આવે એટલે બસ. તે પરથી જે ચાર પ્રકારનાં કામ તે કરે છે, એ તરફ કાંઈક ક્યાસ જશે, તો તેમનાં નામ સહેજે તેમના મનમાં અંકાઈ જશે.

[૨. ઇતર]

૧. આ કવિતામાં આવતા સંવાદમાં 'સાંભરે રે?' એ પ્રશ્ન કૃષ્ણ કરે છે, અને 'વીસરે રે?' એ જવાબ સુદામાજી આપે છે, એ વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર આવે એમ કરવું. બે જણ એ સંવાદ ભજવી શકે.

૨. 'ત્રણે ભ્રાત' એટલે કૃષ્ણ, બળરામ, અને સુદામાજી. સુદામાની વાત ચોથી ચોપડીમાં છે. વાતના બધા પ્રસંગો વિદ્યાર્થીઓને યાદ છે કે નહિ તે પૂછપરછથી જાણવું.

૩. કૃષ્ણે સુદામાને કહ્યું કે, હું તમારી પાસે વિદ્યા ભણ્યો હતો; ત્યારે સુદામાએ શા માટે કહ્યું કે, એ તો તમે મને મોટો કરવા માટે — મને મહત્તા આપવા જ કહો છો — એ વાત સમજાવવી.

અઘરા શબ્દો

પેર = પ્રકાર; રીત
સાથરો = ઘાસનું બિછાનું; દર્ભની શય્યા
જાચવું = યાચના કરવી; માગવું
મુન = મુનિ; ઋષિ
અરિષ્ટ [સં.] = સૂરજ
સ્કંધ [સં.] = ખભો
વાદ વદવો = શરત મારવી; ચડસાચડસી કરવી
બાંધવ = ભાઈ; મિત્ર
ખોડ = મોટું લાકડું કે જૂનું થડિયું
બાર મેહ = મેઘના બાર પ્રકાર; અતિશય વરસાદ
મુશળધાર = મુશળ–સાંબેલા જેવી જાડી ધારથી ધોધમાર વરસતો (વરસાદ)
ગોતવું = શોધવું; ખોળવું
કેર = મહા ખરાબી; ગજબ
હૃદયાશું = હૃદય સાથે
મોટું કરવું = માન આપવું; મહત્ત્વ આપવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮

વહાણવટાનાં સાહસ

૧

દુનિયામાં યુરોપના દેશોની, આજ બેત્રણ સૈકાથી, ચડતી કળા ચાલે છે, તેનું એક મોટું કારણ એ દેશોની પ્રજાઓની ભારે જબરી સાહસવૃત્તિ છે. કવિ શામળભટે એમના એક કાવ્યમાં સાહસકર્મને નીચેના શબ્દોમાં નિંદ્યું છે:

'સાહસકર્મ કર્યા થકી હોય હર્ષનો નાશ.'

પરંતુ સાહસ સાહસમાં ફેર છે. જે સાહસમાં અવિચાર, ઉતાવળાપણું કે મૂર્ખાઈ હોય, તેવું સાહસ જરૂર વખોડવા લાયક છે. પરંતુ સાહસમાત્ર એવાં નથી હોતાં. કેટલાંક સાહસો એવાં હોય છે કે, તે વગર મનુષ્યજીવન ફીકું લાગે અને પ્રજાઓ ચડી ન શકે. એવાં જરૂરી સાહસને ઉદ્દેશીને વીર કવિ નર્મદે ગાયું છે કે,

[લાવણી]

'સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.
કેટલાંક કર્મો વિષે ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ હામને ખાળે.'

અને કવિ આગળ એનું દૃષ્ટાંત આપે છે:

'સાહસે કોલંબસ ગયો નવી દુનિયામાં.'

ખરેખર, કોલંબસમાં જો સાહસ ન હોત, એ જો એની મુશ્કેલીઓ જ ગણ્યા કે ગોખ્યા કરત, તો તે અમેરિકા ન જ શોધી શકત.

કોલંબસનો જીવનકાળ ઈ. સ. ૧૪૫૧ થી ૧૫૦૬ સુધીનો હતો. મૂળ તે ઇટાલીનો વતની હતો. તેનો બાપ વણાટનો ધંધો કરતો. નાનો હતો ત્યારે કોલંબસે પણ થોડો વખત એ ધંધો કર્યો હતો. પરંતુ એનું મન દરિયો ખેડવા તરફ વધારે હતું. જિનોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઇંગ્લન્ડ સુધીની સફરો કરવામાંથી એને ખલાસીની સારી તાલીમ મળી હતી. એ ખગોળ, ભૂગોળ અને ભૂમિતિ પણ સારાં ભણ્યો હતો. એટલે તે નકશા પણ ચીતરી જાણતો હતો. એને સારુ વહાણવટીઓમાં તે ખૂબ ફરતો, તેમની સફરોની વાતો સાંભળતો. એમાંથી એનો સફરનો રસ વધારે ખીલ્યો, અને તે નવું નવું શોધવાના મનોરથો પણ દોડાવવા લાગ્યો.

૨

એ કાળમાં પોતાના દેશનો કિનારો છોડીને આઘે જનારા સાહસિક વહાણવટીઓ યુરોપના દેશોમાં ભાગ્યે જ મળતા. અરે, તે વખતે વહાણવટાની કળા ત્યાં એટલી બધી ખીલી જ નહોતી. તે વખતનો ઇતિહાસ જોઈએ, તો આપણો દેશ ત્યારે વહાણવટામાં આગળ હતો. સુરત ને કાઠિયાવાડનાં બંદરોએથી આફ્રિકા જોડે ઘણો વેપાર આપણા લોક કરતા. મક્કાની હજે જનારા સુરતથી જ ઊપડતા. પરંતુ યુરોપમાં તે વખતે વહાણવટાની દશા સાવ શરૂઆતની જ હતી. એશિયા, યુરોપ અને આફ્રિકા એ ત્રિખંડના કિનારા ધોતો ભૂમધ્ય સમુદ્ર, ખરેખર, ત્યારના યુરોપને જાણીતી ભૂ એટલે પૃથ્વીના મધ્યમાં જ હતો. એમાં લોકો બીક વગર ફરતા, અને બાકી બધે જમીનવાટે જ જવાનું પસંદ કરતા. અમેરિકા જેવો કોઈ દેશ છે એવી ત્યારના યુરોપમાં કોઈને ખબર નહોતી. તેઓએ એશિયાના પૂર્વ દેશો અને હિંદ વિષે સાંભળ્યું હતું. માર્કો પોલો કરીને, વેનીસ શહેરના એક સાહસિક વેપારીનો છોકરો હતો. તે એના બાપ જોડે જમીનમાર્ગે ચીન ગયો હતો. ત્યાંથી પાછા આવીને તેણે પૂર્વના દેશોની અજબ સમૃદ્ધિની વાતો યુરોપમાં કહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વાતો યુરોપીય લોકોને એવી તો અદ્ભુત લાગતી કે, વરસો સુધી તો કોઈ એમને ખરી જ માનતું નહિ!

અને તે વખતે વહાણમાં ચડી દૂર દેશો ખેડવા એટલે મરણ નોતરવા જેવું જ લાગતું. આજની જંગી આગબોટોની સરખામણીમાં તે વખતનાં વહાણો તો હોડકાં જ કહેવાય. ત્યારે વરાળ કે વીજળીની શોધ થઈ નહોતી; વહાણો સઢથી જ ચાલતાં.

આનાથી વધારે મોટી મુશ્કેલી તો મુસાફરી દરમિયાન ખાવા-પીવાની ચીજોની અને રોગચાળાની હતી. મહિનાઓ સુધી સમુદ્ર ઉપર રહેવાનું થતું, તેથી તાજાં ખોરાક-પાણી મેળવવાની ઘણી હાડમારી પડતી. વચ્ચે ક્યાંક ઊતરવા જાય, અને કદાચ જંગલી લોકોનો દેશ હોય, તો જાન પણ જોખમમાં આવી પડે! તેથી વાસી માંસ અને સંઘરેલા પદાર્થો પર નિભાવ કરવો પડતો. તાજી ચીજ કોઈ મળી શકે તો કદાચ માછલી. લીલોતરી તો ક્યાંથી જ મળી શકે? આથી કરીને તેમના ખોરાકમાં આરોગ્યને માટે જરૂરી વિટામિન જેવા પદાર્થો આવે નહિ. એટલે દાંતના ને બીજા જીવલેણ રોગ થતા. પીવાનું પાણી પણ પીપોમાં ભરી રાખવું પડતું. ઘણી વાર તે અસ્વચ્છ અને કાટવાળું પણ થાય, છતાં પીવું પડતું. ઈ. સ. ૧૫૧૯માં મેગેલન કરીને એક પોર્ટુગીઝ વહાણવટી ૨૦૦ ખલાસી લઈને સ્પેન દેશથી નીકળ્યો હતો. આખી દુનિયા ઉપર ચક્કર લગાવીને તે પાછો સ્વદેશ ફર્યો, ત્યારે તેની પાસે અઢાર જ માણસો બચ્યા હતા!

આ કાળે એક બીજી મોટી મુશ્કેલી પણ હતી. આવાં સાહસોમાં ચાહીને કોણ આવે? એટલે સમાજના ગુનેગાર, પુરાણા કેદીઓ, કે એવા જ લોકો આવાં સાહસ માટે મળી શકતા. અને આવા માણસો પાસે શિસ્ત જળવાવવાનું કામ કઠણ હોય છે.

૩

આવી બધી મુશ્કેલી છતાં, કોલંબસ ઈ. સ. ૧૪૯૨માં એક દિવસ પૂર્વના દેશની શોધ કરવા ઊપડ્યો. સ્પેનના રાજાએ એને ઊપડવાની સવડ કરવામાં મદદ કરી હતી. ત્રણ નાનાં વહાણ ઉપર કુલ ૮૮ માણસો એણે લીધા. તેમાંના કેટલાકને તો કેદમાંથી એ શરતે છોડવામાં આવેલા હતા કે, છૂટીને તેઓ કોલંબસ જોડે સફરે જશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલો બંદરેથી તે ૩જી ઑગસ્ટે ઊપડયો, ને તેણે સીધું પશ્ચિમમાં પોતાનું વહાણ હંકાર્યું. શરૂમાં કેટલાક દિવસ સુધી બધું ઠીક ચાલ્યું. આગળ વધવાની સાથે ધીમે ધીમે જમીન દેખાતી બંધ થઈ, અને પછી ઉપર આકાશ ને નીચે તથા ચોપાસ પાણી સિવાય કાંઈ દેખાતું નહિ. કિનારે હંકારવા ટેવાયેલા ખલાસીઓ માટે આ નવો અનુભવ હતો. પણ કોલંબસ જુદી રીતે તૈયાર થયો હતો. પોતાના સમયમાં જેટલું ભૂગોળનું જ્ઞાન મળી શકે તે એણે મેળવ્યું હતું. કોપર્નિકસે કહ્યું હતું કે, પૃથ્વી મેદાન જેવી સપાટ નહિ પણ દડા જેવી ગોળ છે. કોલંબસ તે માનતો હતો. તે પરથી તેની ગણતરી હતી કે, યુરોપથી પશ્ચિમે મહાસાગરમાં હંકારીશ, તો મને ચીન કે હિંદનો પૂર્વ કિનારો મળી રહેશે. એને બિચારાને કયાં ખબર હતી કે, એ રસ્તે આડો એક મોટો ખંડ સૂતો છે, અને એની પેલી પાર બીજો એક મોટો મહાસાગર ઓળંગે, ત્યારે એશિયાની ભૂમિ આવે છે! એ તો સામે કાંઠે એશિયાની ભૂમિ મળશે જ એ આશાએ હંકાર હંકાર કરતો હતો. એના મનમાં ઉત્સાહ હતો, અડગ નિશ્ચય હતો; નવું શોધવાનું સાહસ હતું.

૪

પરંતુ તેના સાથીઓના મનમાં હવે ગભરાટ પેસતો હતો. કેટલાકને તો પૃથ્વી ગોળ છે એ નવી વાતમાં જ શંકા હતી. તેઓ હવે માંહોમાંહે બબડવા લાગ્યા, ‘કોલંબસ તો કહેતો હતો કે, થોડા દિવસમાં જરૂર પહોંચાશે. આ તો નવ નવ અઠવાડિયાં થવા આવ્યાં તોય હજી પત્તો નથી! આ તો આપણને મોતના ઘરમાં જ લઈ જતો લાગે છે!’

કોલંબસને કાને આના ભણકારા પહોંચવા લાગ્યા. ‘ભાઈઓ, હવે થોડા દહાડા રાહ જુઓ. જુઓ આ નકશો. હવે તો જમીન આવવી જોઈએ,’— એમ કહી તે સૌને ધીરજ આપતો. છેવટે સાથીઓની ધીરજ ખૂટી ને તેઓએ કોલંબસને પૂરો કરી વહાણ કબજે કરવાનો અને પાછા ફરવાનો પેંતરો રચ્યો.

કોલંબસે કરગરીને એમને ફરી કહ્યું, ‘હવે તો જમીન જરૂર આવવી જોઈએ. જુઓ, આ લાકડું તણાતું આવે છે તે પરથી સ્પષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે કે જમીન પાસે છે.' પછી તો જમીનનાં પક્ષીઓ જણાવા લાગ્યાં, અને ૧૧મી ઑક્ટોબરની મધરાત પછી એક વહાણમાંથી હર્ષના અવાજ આવ્યા, 'જમીન! જમીન!' બીજે દિવસે સવારે સૌ જમીન ઉપર ઊતર્યાં, અને પ્રભુનો પાડ માની, સ્પેનનો ઝંડો જમીન પર રોપી સૌએ તેને વંદન કર્યું. સૌએ માન્યું કે, આપણે હિંદના કિનારા પર ક્યાંક છીએ! કોલંબસ તો મરતાં સુધી એમ જ માનતો હતો. પરંતુ આપણને ખબર છે કે, એ તો અમેરિકા ખંડ નજીકના અત્યારના વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓમાંનો એક ટાપુ જ હતો — 'દિલ્હી તો હજી દૂર હતું.'



પરંતુ, એના આ સાહસ પછી અનેક યુરોપી વહાણવટીઓએ પૂર્વના દરિયાઈ રસ્તાની શોધમાં ઝંપલાવ્યું. વાસ્કો-ડી-ગામા આફ્રિકાની દક્ષિણે કેપ-ઑફ-ગુડ-હોપ આગળ ફરીને ઈ. સ. ૧૪૯૮માં હિંદ આવ્યો. મૅગેલને, પશ્ચિમમાં જતાં જતાં પૂર્વના દેશોમાં પહોંચાવું જોઈએ એવી જે કોલંબસની કલ્પના હતી, તે ખરી પાડી બતાવી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજા અનેક સાહસવીરો પોતપોતાના દેશને નામે, વહાણ લઈને દરિયા પર જમીનની જેમ દોડવા લાગ્યા. આમાંથી યુરોપનું વહાણવટું ખીલ્યું, વેપાર ખીલ્યો, અને સમૃદ્ધિ વધી. કવિ નર્મદ ખરું કહે છે કે, શુભ સાહસને માટે

'યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.'

સ્વાધ્યાય

૧. પ્રાચીન અંગ્રેજોની દશા તમે આગળ એક પાઠમાં જોઈ તે જ અંગ્રેજોની પછી ચડતી થઈ, તે સમજવામાં આ પાઠ તમને મદદ કરશે.

૨. તે વખતમાં દરિયાની મુસાફરી કેવી મુશ્કેલ હતી તેની કલ્પના કરો. તે વખતે આવી મોટી મુસાફરીઓ યોજવી એ કેવા ભારે સાહસની વાત કહેવાય તેનો ખ્યાલ તમને આવશે.

૩. તે સમયની કેટલાય સમય પહેલાંથી આપણા દેશના વહાણવટીઓ પશ્ચિમ તરફ આફ્રિકાના કિનારા સુધી અને પૂર્વ તરફ જાવા-સુમાત્રા સુધી વેપાર ખેડવા જતા તે યાદ કરો. તે વખતે આપણા લોકોમાં નર્મદ કહે છે તેવી સાહસવૃત્તિ હતી એમ કહેવાય કે નહિ? પછીથી તે કેમ ચાલી ગઈ તેનો વિચાર કરો.

પ્રશ્નો

૧. સારું સાહસ કયું અને ખોટું કયું, એનો ફેર સમજ્યા?

૨. કોલંબસને મુસાફરી દરમ્યાન શી શી મુશ્કેલીઓ પડી હતી?

૩. કોલંબસ શી આશાએ આવડું મોટું સાહસ કરવા નીકળી પડ્યો હતો?

૪. કોલંબસ વેસ્ટ ઇંડિઝ પહોંચ્યો ત્યાર પછી દિલ્હી કેટલું દૂર રહ્યું કહેવાય, એનો ખ્યાલ નકશો જોઈને આપો.

૫. આપણા દેશનો દરિયામાર્ગ પછી કોણે શોધી કાઢ્યો? તે માર્ગ અને કોલંબસે ધારેલા માર્ગમાં શો ફેર હતો?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી નામ, સર્વનામ અને વિશેષણ શોધી કાઢો:—

(૧) કૃષ્ણે સુદામાને કહ્યું, "આપણે સાંદીપનિ ઋષિને ઘેર ભણતા હતા. તે બહુ ભલા ઋષિ હતા."

(૨) જંગલમાં બહુ વરસાદ વરસ્યો. ગુરુજી આપણને શોધવા નીકળ્યા.

(૩) તમારા ઘરમાં ઘણું અંધારું છે. તેમાં તમે શું કામ રહો છો?

(૪) મને આંખ ઉપર આંજણી થઈ છે; તેમાં ઘણું દુઃખ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

૧. આ પાઠની ભૂગોળ વિદ્યાર્થીઓના બરાબર સમજવામાં આવે તે માટે દુનિયાનો નકશો સાથે રાખવો. કોલંબસ અને વાસ્કો-ડી-ગામાના દરિયાઈ માર્ગો નકશામાં દેખાડવા.

૨. કોપર્નિકસની શોધો વિષે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

૩. 'જાવે જે કો નર ગયો' વગેરે કહેવતો દ્વારા વ્યક્ત થતું આપણા દેશનું પ્રાચીન વહાણવટું વિદ્યાર્થીઓના લક્ષ ઉપર લાવવું.

૪. ખોરાકમાં અમુક વિટામિનવાળા પદાર્થોની જરૂર છે; તે ન મળે તો કેવા રોગો, થાય તેની વાત જૂના વખતની વહાણની મુસાફરી દરમ્યાન થતા અનુભવોના અનુસંધાનમાં કહેવી.

અઘરા શબ્દો

વહાણવટું = વહાણ ચલાવવું તે (૨) દરિયાઈ મુસાફરી

સાહસવૃત્તિ [સં.] = જોખમ ભરેલા કામમાં ઝંપલાવવાની હામ

ખગોળ = આકાશના મંડળના ગ્રહો -નક્ષત્રો સંબંધી શાસ્ત્ર

વહાણવટી = ખલાસી

ભણકારા = કશાની આગાહી; આગળથી પડતી આછી ખબર

પેંતરો = યુક્તિ; પ્રપંચ

૩૯

ખુરાસાનનો બાદશાહ

ઈરાન દેશમાં ખુરાસાન નામનો એક પ્રાંત છે. શેખ સાદી કરીને એક પ્રખ્યાત ફારસી કવિએ પોતાના 'ગુલિસ્તાન' (એટલે 'ફૂલવાડી') નામે જાણીતા ગ્રંથમાં, તેના એક બાદશાહ વિષે એક બહુ જ બોધક કથા લખી છે.

ખુરાસાનના બાદશાહને એક જીવલેણ દર્દ લાગુ પડ્યું હતું. એણે બહુ બહુ દવાઓ કરી, પણ કાંઈ ફાયદો થયો નહિ. છેવટે દૂર દૂરના દેશોમાંથી કેટલાક હકીમોને બોલાવવામાં આવ્યા. એમણે ચિકિત્સા કરીને એકમતે કહ્યું, 'જહાંપનાહ, આપ નામદાર બહુ મોડા પડ્યા છો. વેળાસર અમને બોલાવ્યા હોત, તો કાંઈ ઉપાય થાત. હવે તો દર્દ ઘર કરીને બેઠું છે, એટલે શું કરીએ? એમ છતાં હજી છેવટનો એક ઉપાય અમને સૂઝે છે. પણ તે સાત દિવસની અંદર જ કરી દેવો જોઈએ. ખુદા ખેર કરે તો કદાચ એથી આપ નામદારની જિંદગી બચે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘તો વાર ન કરો, ઝટ કહી નાખો. બાદશાહ સલામતની સલામતી ખાતર આકાશ પાતાળ એક કરવાં પડે તો તેમ કરવા પણ સેવક તૈયાર છે.’ વજીરે કહ્યું.

‘તો સાંભળો. અમે કહીએ તેવા વર્ણનનો, બરાબર અઢાર વર્ષનો કોઈ છોકરો મળે, ને તેનું કાળજું કાઢીને અમને પાંચ દિવસની અંદર અપાય, તો એમાંથી અમે દવા બનાવી આપીએ.’ હકીમોએ કહ્યું.

હુકમ પર હુકમ છૂટ્યા ને ત્રણ જ દહાડાની અંદર રાજ્યના ખૂણેખૂણાની ઝડતી લેવાઈ ગઈ ને ખબર આવ્યા કે, ફલાણા ગામના ફલાણા માણસને ઘેર એક એવો છોકરો છે.

તરત એ છોકરાનાં માબાપ પાસે બાદશાહના માણસો પહોંચી ગયા ને ધનની લાલચ આપી માબાપ પાસેથી એ છોકરાને પડાવી લાવ્યા. વડા કાજીએ હુકમ કાઢયો કે, એ છોકરાનો વધ કરવો; બાદશાહ સલામતની જિંદગી ખાતર રૈયતના કોઈ પણ માણસનો જાન લેવો પડે તો લેવો, એ હલાલ છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતજોતામાં છોકરાને વધસ્થાન આગળ હાજર કરવામાં આવ્યો. તેને નાગી તલવાર લઈને ઊભેલા જલ્લાદે કહ્યું: 'તારા ખુદાને યાદ કરી લે.' છોકરો આકાશ તરફ જોઈ ખડખડાટ હસવા લાગ્યો.

'અલ્યા! આ હાલતમાં તને હસવા જેવું શું જણાય છે?' બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું.

'જહાંપનાહ! છોકરાંને માબાપ તરફથી લાડની ઉમેદ હોય છે; પ્રજાને વડા કાજી બધી ફરિયાદો દૂર કરશે એવી આશા હોય છે, ને રાજપિતા તો ન્યાય જ કરશે એવો વિશ્વાસ હોય છે. હવે જ્યારે દુન્યવી ફાની ફાયદાને ખાતર મને માબાપે વેચી દીધો છે, કાજીએ મારા શિરચ્છેદનો હુકમ કાઢ્યો છે, ને આપ નામદારે મારા મોતમાં જ આપની જિંદગીની સલામતી શોધવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે આ દુનિયા પર હું હસું નહિ તો શું કરું? રક્ષક જ ભક્ષક થાય—વાડ જ ચીભડાં ગળવા માંડે, ત્યારે હસું નહિ તો શું કરું?'

આ બોલ સાંભળીને બાદશાહ ગળગળો થઈ ગયો ને આંસુથી ઊભરાતી આંખે ઊઠીને છોકરાની પાસે ગયો ને બોલ્યો: 'આવા નિર્દોષના જાન લેવા કરતાં હું મરી જાઉં એ જ બહેતર છે.' એમ કહીને બાદશાહે એ બાળકને બાથમાં ઘાલ્યો ને માથે તથા આંખે મીંડડાં લીધાં. પોતાને જ હાથે તેના બંધ છોડી નાખી બાદશાહે એને ભાત ભાતની ભેટો આપીને તેના પિતાને ત્યાં મોકલી આપ્યો.

એમ કહેવાય છે કે, મોટા મોટા વૈદો ને હકીમોથી બાદશાહનું જે દર્દ નહોતું મટતું, તે ત્યાર બાદ થોડા જ વખતમાં મટી ગયું.

સ્વાધ્યાય

૧. 'ગુલિસ્તાનનાં ગુલ' એ પાઠમાં (ચોથી ચોપડી) તમે શેખ સાદીની બીજી વાતો વાંચી હશે. શેખ સાદીની તેવી બીજી ઘણી વાતો છે. મેળવીને વાંચજો.

૨. છોકરો વધસ્થાન આગળ આકાશ તરફ જોઈને શાથી હસ્યો? તે સમજ્યા?

૩. રાજાએ તેને શાથી છોડી મૂક્યો, તે કહો.

૪. વાડ ચીભડાં ગળે એટલે શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. હિંદ બતાવો, અને તેની સાથે ઈરાન દેશ દુનિયાના નકશામાંથી બતાવો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાઓએ નામ, સર્વનામ કે વિશેષણ મૂકો; અને તમે તે ત્રણમાંથી શું મૂક્યું તે કહો :—

(૧) મનુએ બાને કહ્યું,— નિશાળે જાઉં છું.

(૨) નદી ઉપર — બગીચો છે.

(૩) પોપટની — વાંકી હોય છે.

(૪) — માણસ ગાયને — ખવરાવે છે.

(૫) — માણસ મહેનત કરે છે તે દુઃખી થતો નથી.

શિક્ષકોને

૧. આ પાઠમાંના છોકરાને જેવી વીતી, તેવી જ ઋગ્વેદમાં આવતી જાણીતી વાતમાં શુનઃ શેપને વીતી હતી. એ વાત વિદ્યાર્થીઓને કહેવી—

રાજા હરિશ્ચંદ્રે પોતાના પુત્ર રોહિતનો ભોગ વરુણને આપવાની શરત કરી હતી. રોહિતને બદલે બીજો છોકરો આ પ્રમાણે જ વરુણ માટે ખરીદી લાવવામાં આવ્યો હતો. છેવટે આ છોકરાની વાણીથી જ તેને પોતાને તેમજ રોહિતને જીવતદાન મળ્યું હતું.

૨. વિદ્યાર્થીઓ પાસે પાઠની વાત કહેવડાવવી. બાદશાહને છેવટે શાથી મટયું એ વિષે વિદ્યાર્થીઓ શું ધારે છે એ પૂછવું.

અઘરા શબ્દો

જીવલેણ = મૃત્યુ ઉપજાવે એવું
હકીમ [અ.] = યુનાની ઢબનું વૈદું કરનાર
ચિકિત્સા [સં.] = રોગની તપાસ
જહાંપનાહ [ફા.] = જગતનું રક્ષણ કરનાર (બાદશાહ)
નામદાર [ફા.] = મશહૂર; માનવંત
ખેર [અ.] = ક્ષેમકુશળ; ભલું
સલામત [સં.] = હયાત અને તંદુરસ્ત રહો એ અર્થમાં નામ સાથે આશિષ દેવા વપરાય છે.
ઝડતી = બારીક તપાસ
કાજી [ફા.] = ન્યાયાધીશ (ઇસ્લામી)
હલાલ [અ.] = વાજબી; કાયદેસર
વધસ્થાન [સં.] = વધ કરવાની જગા
જલ્લાદ [અ.] = વધ કરનારો; મારો
ઉમેદ [ફા.] = આશા; ઇચ્છા
દુન્યવી [અ.] = દુનિયાનું; સંસારી
ફાની [અ.] = નાશવંત; ક્ષણિક
શિરચ્છેદ [સં.] = શિરનો છેદ – માથું કાપવું તે
મીંડડાં લેવાં = ઓવારણાં; દુખણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४०

બાર બાર વરસે નવાણ ગળાવ્યાં

बार बार वरसे नवाण गळाव्यां,
नवाणे नीर ना आव्यां जी रे! —१
तेडावो जाणतल, तेडावो जोशी,
जोशीडा जोश जोवरावो जी रे! —२
जाणतल जोशीडो अेम करी बोल्यो,
दीकरो ने वहु पधरावो जी रे! —३
'घोडा खेलवता वीर रे अभेसंग,
दादाजी बोलावे जी रे!' —४
'शुं रे कहो छो मारा समरथ दादा,
शा काजे बोलाव्या जी रे?' —५
'जाणतल जोशीडो अेम करी बोल्यो,
दीकरो ने वहु पधरावो जी रे!' —६
'अेमां ते शुं मारा समरथ दादा,
पारकी जणीने पूछी आवो जी रे!' —७
'शुं कहो छो मारां समरथ सासु,
शा काजे बोलाव्यां जी रे?' —८
'जाणतल जोशीडो अेम करी बोल्यो,
दीकरो ने वहु पधरावो जी रे!' —९
'अेमां ते शुं मारां समरथ सासु,
मोळियुं ने चूंदडी मंगावो जी रे!' —१०
पहेले पगथिये जई पग दीधो,
पाताळे पाणी झबकियां जी रे, —११
बीजे पगथिये जई पग दीधो,
घूंटण समां नीर आव्यां जी रे —१२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्रीजे पगथिये जई पग दीधो,
केड केड समां नीर आव्यां जी रे —१३
चोथे पगथिये जई पग दीधो,
छाती समां नीर आव्यां जी रे —१४
पांचमे पगथिये जई पग दीधो,
माथा समां नीर आव्यां जी रे —१५
छठे पगथिये जई पग दीधो,
परवश पडिया प्राणिया जी रे —१६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. આ કવિતા 'લોકસાહિત્ય' માંથી છે. જે સાહિત્ય કોઈ પુસ્તક રૂપે લખાયું નથી, પણ લોકોમાં પરંપરાથી બોલાતું આવ્યાથી સચવાઈ રહ્યું હોય, તે 'લોકસાહિત્ય'. આવા સાહિત્યના લેખકો ઘણે ભાગે અજ્ઞાત હોય છે. જાણે લોકોએ જ એ રચેલું હોય. એ સાહિત્યમાં કોઈ પરાક્રમ, દાન, ત્યાગ, શીલ વગેરેની અદ્ભુત કથા સંઘરાઈ હોય છે. તેમ જ લોકહૃદયની ઊર્મિઓના ઉછાળા પણ ગરબી, રાસ, ગીત વગેરે રૂપે સાદી સચોટ ભાષામાં મૂકેલા હોય છે.

૨. આ કથામાં આખા ગામને પાણીનું સુખ થાય તે માટે, ગામના મુખી કે આગેવાન કુટુંબનાં જુવાન દંપતી આત્મસમર્પણ કરે છે. બલિદાનનો મહિમા દરેક પ્રજામાં અને દરેક દેશમાં માન્યો છે. તેનાથી દેવો રાજી થાય છે અને માગ્યા વર આપે છે, એવું મનાય છે. બકરી ઈદનો દાખલો ('મોહની કુરબાની' સાતમી ચોપડી) કહો.

પ્રશ્નો

૧. વાવમાં પાણી આવે તે માટે જોશીએ શું કહ્યું?

૨. દીકરાને કોણે પૂછ્યું? વહુને કોણે પૂછ્યું? શા જવાબ મળ્યા?

૩. પારકી જણીને પૂછવાનું શા માટે અભેસંગે કહ્યું? પારકી જણી કોણ?

૪. છેવટે વાવમાં કેવી રીતે પાણી આવ્યું?

વ્યાકરણ

૧ નીચેનાં વાકયોમાં ખાલી જગાએ (કૌંસમાં મૂકેલાં) ક્રિયાપદનાં યોગ્ય રૂપ મૂકો; અને કયા કાળનું રૂપ મૂક્યું તે કહો:—

(૧) આવતી કાલે અમે મેળો જોવા —. (જવું)

(૨) તું મુંબઈથી ક્યારે —? (આવવું)

(૩) ગઈ કાલે અમે ખૂબ —. (રમવું)

(૪) હમણાં અમે અમારા પાઠ —. (વાંચવું)

(૫) તમે આવતી દિવાળીની રજામાં ક્યાં —? (જવું)

શિક્ષકોને

૧. સ્વ. મેઘાણીના, સ્વ. રણજીતરામ મહેતાના લોકસાહિત્ય અંગેના સંગ્રહો બહાર પડયા છે. તેમાંથી થોડું ઘણું વાંચી બતાવવું. લોકસાહિત્ય સારી રીતે ગવાય તેવું હોય છે; વિદ્યાર્થીઓને થોડી ગરબીઓ, રાસ ગાતાં આવડવું જોઈએ.

૨. લોકસાહિત્યમાં સુભાષિતો, દુહાઓ એ પણ એક પ્રકાર છે. તેની વાનગીઓ આ વાચનમાળામાં ઠેકઠેકાણે છે. તેમાંથી પણ વાંચી બતાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઘરા શબ્દો

નવાણુ = જળાશય, કૂવો; વાવ વગેરે
ગળાવવું = કૂવા વગેરેમાંથી કાદવ વગેરે કાઢી તેને સાફ કરાવવું
જાણતલ = જાણકાર; સમજવાળું
જોશ જોવરાવવા = ભવિષ્ય ભાખવા કહેવું (જોશીને)
પધરાવવું = છોડી દેવું, વિસર્જન કરવું (ભોગ આપવા માટે)
પારકી જણી = પારકાની પુત્રી (ઘરની પુત્રવધૂ)
મોળિયું = કસબી ફેંટો
ચૂંદડી = એક જાતનું ભાતીગર રેશમી લૂગડું
પરવશ પડિયા પ્રાણિયા = પ્રાણ નીકળી ગયા; મરી ગયાં

૪૧

કુદરતનું હળ

અળસિયું ન જોયું હોય એવું કોઈ ભાગ્યે જ હશે. ચોમાસામાં સવારે ઊઠીને જરાક બહાર નીકળો કે લાંબા લાંબા લિસોટા ને સેવોની ઢગલી કરતી જતી તેની સર્પાકાર કાયા તમને ક્યાંક ને ક્યાંક નજરમાં આવ્યા વગર નહિ રહે. તેનું શરીર કેવું કોમળ અને લીસું દેખાય છે ! તમે જરાક આંગળી અડકાડો કે આંચકો ખાઈને એ કેવું ખમચાય છે અને ગૂંચળું વળે છે ! ઇયળની પેઠે એ ચાલે છે અને એના જેવું જ એ રાંક છે. તે કરડતું નથી કે કોઈ રીતે આપણને પજવતું નથી. રાંકપણાની જાણે એ મૂર્તિ જ ન હોય ! તેથી કરીને અટકચાળાં છોકરાં એ ગરીબ બિચારા પ્રાણીને ઘણી વાર નાહકનું સતાવે છે.

આખી દુનિયામાં આ પ્રાણી જોવામાં આવે છે. આપણે તો એ એકાદ જાતનું જ જોયું છે. પરંતુ જંતુશાસ્ત્રીઓએ ગણી કાઢ્યું છે કે, જગતમાં અળસિયાં લગભગ એક હજારથી વધારે જાતનાં થાય છે. તમે લાંબામાં લાંબું કેવડું અળસિયું જોયું છે ? અર્ધા પોણા ફૂટથી લાંબું ભાગ્યે જ જોયું હશે ! પરંતુ કેટલાક ગરમ દેશોમાં તે ૩ થી ૬ ફૂટ લાંબું થાય છે. જાણે એક જાતનો સાપ જ ન હોય !

સર ચાર્લ્સ ડાર્વિન કરીને એક જગપ્રસિદ્ધ અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રી થઈ ગયો. તેણે પોતાની ૭૩ વર્ષની લાંબી જિંદગી કુદરતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરીક્ષણમાં જ ગાળી છે. એ પરથી એણે અનેક નવી વાતો શોધીને જગતને કહી છે. આપણને નજીવા અને પામર લાગતા આ અળસિયાનો અભ્યાસ કરવા માટે એ મહાપુરુષે, ૩૦ થી વધારે વર્ષો સુધી એનું નિરીક્ષણ કરી, તે ઉપર એક ગ્રંથ લખ્યો છે.

આવા પામર જીવ પર આટલું બધું નિરીક્ષણ અને ધ્યાન શું કામ, એમ આપણને કદાચ લાગશે. આપણને આમ લાગવાનું કારણ એ છે કે, કુદરત નિહાળીને તેનું વિજ્ઞાન શોધવાની શક્તિ આપણે કેળવતા નથી. કુદરતના અનેક ઝીણા ઝીણા જીવો નિહાળી તેમનો અભ્યાસ કરવાની ટેવ આપણે ખોઈ બેઠા છીએ. પરંતુ યુરોપમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ અસંખ્ય જીવોનો ઝીણવટથી અભ્યાસ કરે છે. એમાંથી એમને મળતા અનુભવોનું વર્ણન વાંચતાં ભારે આનંદ અને અદ્ભુત રસ આવે છે. આપણે આવા નિરીક્ષણની ટેવ ખૂબ કેળવવા જેવી છે.

ડાર્વિને અળસિયા પરના એના ગ્રંથમાં ખરેખર એક અદ્ભુત કથા જ વર્ણવી છે. તેણે એમાં કહ્યું છે કે, અળસિયું તો કુદરતનું હળ છે! ખેડૂતની પેઠે અળસિયું પણ જમીન ખેડનારું પ્રાણી છે, અને તે એવી જગાએ જઈને કામ કરે છે કે જ્યાં ખેડૂત પણ ન ફાવી શકે. આ સમજવાને માટે અળસિયાના જીવન વિષે થોડીક વાતો જાણવી જોઈએ.

અળસિયાને આંખો કે બીજી કોઈ પ્રકારની ખાસ ઇંદ્રિય હોતી નથી. ઘુવડ કે ઊધઈની પેઠે એ અજવાળાથી નાસે છે; એટલે દિવસ થતાં એ જમીનમાં પેસી જાય છે; તે રાતે ફરનારું — નિશાચર પ્રાણી છે. તેને આપણા જેવી એકે ઇંદ્રિય નથી, છતાં અમુક પ્રકારની સ્પર્શેન્દ્રિય એને હશે એમ લાગે છે; કેમ કે પગના ધબકારાને તરત તે સમજી લે છે. પોતાનો ખોરાક મેળવવાને માટે તે પગાળાં પ્રાણીની પેઠે દોડાદોડ નથી કરતું, પણ પોતાની આસપાસ જે કાંઈ મળે તેનાથી સંતોષ પામે છે. તેને શું ખાવા જોઈએ છે? ઘાસ, પાંદડું કે ખડની સળી, જે કાંઈ જમીન પરથી મળી આવે તેને એ ખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીનમાં દર ખોદવાની એની ટેવ વિષે ખાસ જાણવા જેવું છે, કેમ કે તેથી જ તેને કુદરતનું હળ કહ્યું છે. પોતાના માથાથી જોર કરીને તે પાસેની છૂટી માટી હઠાવે છે. એમ કરતાં જો એને જમીનમાં એકાદ તરાડ મળી જાય તો તે પકડી લઈને ખોદવા માંડે છે. શી રીતે? ખરેખર, તે માટી ખાતું ખાતું માર્ગ કરતું જાય છે; માટીને તે ગળવા જ માંડે છે. ગળેલી માટી તેના પેટમાં જાય છે. ત્યાં તેમાં ચૂનાવાળા અમુક પાચક રસ ભેગા મળે છે. પછી એ મિશ્રણ એના પેટના સ્નાયુઓ રૂપી ઘંટીમાં દળાઈને બારીક થાય છે. એમાંથી વનસ્પતિનો ભાગ અળસિયાને પચી જાય છે. છેવટે રહેતી કચરા જેવી માટી બહાર નીકળે છે. ચોમાસામાં જો તમે જોશો તો અળસિયા પાસે ક્યાંક સેવના આંકડા જેવી માટીની ઢગલી જણાશે. આ ઢગલી અળસિયાએ માટી ખાઈને કાઢેલી અઘાર છે. અળસિયાં આ કામ કર્યાં જ કરે છે; કેમ કે એમાં એમનું ભરણપોષણ રહેલું છે. ડાર્વિને અળસિયાંના આ કામનો અંદાજ કાઢ્યો છે, તે નવાઈ પમાડે એવો લાગશે. ડાર્વિન જણાવે છે કે, એક એકરમાં સરાસરી ૫૩,૦૦૦ અળસિયાં હોય છે; અને એક વર્ષમાં એટલી જમીનમાંથી ૧૦ ટન માટી એ અળસિયાંના પેટમાં જાય છે!

ઉપર આપણે જોયું કે, તે માટી પિસાઈને સાવ ઝીણી થઈ જાય છે. એ જ કામ હળ દ્વારા ખેડૂત પણ કરે છે. હળથી તે માટીને ખોદે છે. તેથી તે તળે ઉપર થાય છે. રોડાં હોય તે ભાંગીને નાનાં બને છે. આથી કરીને માટીના કણે કણે તથા હળ ઊંડે પહોંચે ત્યાં સુધી નીચે ઉપર બધે હવા, પ્રકાશ અને પાણીની અસર જઈ શકે છે. આ અસરથી જ જમીનમાં કસ આવે છે અને તેની ફળદ્રુપતા વધે છે, એટલે પાક સારો ઊતરે છે. એના ગજા પ્રમાણે અળસિયું પણ માટી તોડવાનું જ આ કીમતી કામ કરે છે; એ એનો ધંધો છે. જમીનમાં હળ ન જાય તેટલે ઊંડે સુધી તે જઈ શકે છે, અને ત્યાંથી માટી ખોદી લાવે છે. કેવું ભારે કામ, છતાં એને માટે પ્રભુએ કેવો નાજુક અને રાંક કામદાર બનાવ્યો છે! ખરે જ, ઈશ્વરની સૃષ્ટિમાં આવું પામર પ્રાણી પણ હેતુસર સરજાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. અળસિયા પેઠે નકામું માનતા હોઈએ, છતાં કુદરતમાં બહુ ઉપયોગી કામ કરતું હોય, એવું બીજું કોઈ પ્રાણી કે જંતુ જાણો છો ?

૨. ખેડૂતને મદદ કરનારા બીજા જીવો કયા કયા તે જાણજો. ઊધઈ, કીડી, પક્ષી, સાપ, ઉંદર, મધમાખ આદિ ખેડૂતના ખેતરમાં રહે છે. તે કાંઈ મદદ કરતાં હશે ?

૩. નાથુને જમીન ખોદવા દ્વારા જ ચરુ હાથ આવ્યો હતો, તે વાત યાદ કરો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદ શોધી કાઢો અને તે કયો કાળ બતાવે છે તે કહો—

(૧) આ મારી બહેન છે.
(૨) નાનક મક્કાની યાત્રાએ ગયા હતા.
(૩) મુસલમાનોએ કહ્યું, 'અમે કબીરના શબને દાટીશું.'
(૪) તમે અહીંથી કયે ગામ જશો ?
(૫) બિરબલે શો ચુકાદો આપ્યો ?

શિક્ષકોને

૧. ઊધઈ, કીડી, પક્ષી, સાપ, ઉંદર વગેરે ખેતરમાં રહેનારા જીવ–જંતુ માત્ર નુકસાન જ નથી કરતા, પરંતુ ખેતીને અમુક રીતે મદદ પણ કરે છે. પંખીઓ માત્ર પાકના દાણા જ ખાઈ જાય છે એવું નથી. પાક ઉપર થતાં કેટલાંય નુકસાનકારક જીવજંતુ તે વીણી ખાય છે. સાપ પણ ખેતરમાંના ઉંદરોનો નાશ કરતો હોવાથી 'ક્ષેત્રપાળ' તરીકે પૂજાય છે. આ બધી બાબતો વિદ્યાર્થીઓને કહેવી.

૨. અળસિયું કુદરતનું હળ કેવી રીતે કહેવાય તે વિદ્યાર્થીઓને પૂછો. તેઓ એ વસ્તુ બરાબર સમજ્યા કે નહિ, તે જાણવા નાથુના ચરુની વાતનો મુદ્દો ચર્ચો.

અઘરા શબ્દો

જંતુશાસ્ત્રી [સં.] = જંતુઓના જીવનનું શાસ્ત્ર જાણનાર
નિરીક્ષણ [સં.] = નિહાળવું તે; ઝીણવટથી કરાતી તપાસ
નજીવું = વિસાત વિનાનું; તુચ્છ
પામર = રાંક; બાપડું
અદ્ભુત [સં.] = આશ્ચર્યકારક; નવાઈ પમાડે તેવું
સ્પર્શેંદ્રિય [સં.] = સ્પર્શથી જાણવાની ઇંદ્રિય (ચામડી)
સરાસરી = શુમારે, અંદાજથી
ફળદ્રુપતા = સારો પાક – ફળ આપી શકે તેવી યોગ્યતા
કામદાર [ફા.] = કામ કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨

ભગવાન બુદ્ધ અને રાજા પ્રસેનજિત

કોસલરાજ પ્રસેનજિત બુદ્ધ ભગવાનનો ભક્ત હતો. જ્યારે બુદ્ધ ભગવાન તેની રાજધાનીમાં આવતા, ત્યારે તે નગર બહાર જેતવનમાં ઊતરતા. પ્રસેનજિત રાજા રોજ ત્યાં તેમનાં દર્શને જતો અને ઉપદેશ સાંભળતો.



પ્રસેનજિત રાજાને ભાત બહુ ભાવતો. જ્યારે જ્યારે ભાતનું જમણ હોય, ત્યારે તે ઠામ ભરીને ભાત ખાતો. તે જ પ્રમાણમાં તેની સાથે સંભાર વગેરે પણ હોય.

એક દિવસ ભાત વગેરે વાનીઓ ખૂબ ખાઈ, તફડાતો તફડાતો તે ભગવાનને ઉતારે આવ્યો. પરંતુ તેને બહુ ખાધાનું ઘેન ચડ્યું હતું. ભગવાન જરા આડું જુએ એટલે તે હાથ ટેકવીને કે પગ લાંબા કરીને જરા આડો થવા જેવું કરી લેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આ દશા જોઈ, ભગવાને તેને પૂછયું : "મહારાજ, આજે આરામ કર્યા વિના જ આવ્યા છો કે શું?"

રાજાએ જરા શરમાઈને જવાબ આપ્યો : "ના ભગવન્, પરંતુ જમ્યા બાદ મને ઘણુંખરું આમ થાય છે."

ભગવાને કહ્યું : "વધારેપડતું ખાવાથી એમ થાય છે. જે માણસ હંમેશાં ઠાંસીને જમે છે, તેને આળસ વધે છે અને તેની કીર્તિ ઘટે છે. તેથી હે રાજા, નિયમ એવો છે કે, હંમેશાં ભૂખ કરતાં કોળિયા જેટલું ઓછું જમવું સારું. એક શ્લોકમાં કહ્યું છે કે, 'મિતાહારથી શરીર હલકું રહે છે, મન તેજસ્વી બને છે અને આવરદા ટૂંકો થતો નથી.'"

રાજાને તો આ શ્લોક પણ યાદ રહે તેમ ન હતું. તેથી ભગવાને રાજા સાથે આવેલા સુદર્શનકુમારને જણાવ્યું કે, 'રાજા જ્યારે જમવા બેસે, ત્યારે તારે હાજર રહેવું અને ભોજન પૂરું થવા આવે તે વખતે આ શ્લોક તારે તેમને સંભળાવવો.'

સુદર્શનકુમારે તેમ કરવા માંડયું. રાજા તે શ્લોક સાંભળતાં જ હાથમાં લીધેલો કોળિયો પડતો મૂકી હાથ ધોઈ નાખતો અને ભાણા ઉપરથી ઊઠી જતો. ધીરે ધીરે રાજાનું શરીર મેદ વગરનું તથા સ્ફૂર્તિવાળું થવા લાગ્યું.

એક વખત ભગવાન ફરી જેતવનમાં પધાર્યા, ત્યારે રાજા તેમનાં દર્શને ગયો. તેણે ભગવાનને નમસ્કાર કરી કહ્યું : "ભગવન્, હવે હું બહુ સુખે જીવું છું. પહેલાં તો મારાથી ઘોડે બેસીને શિકાર પાછળ દોડાતું પણ ન હતું. હવે તો ગમે તેવા ઉતાવળા મૃગલાને પણ આંબી જાઉં છું. પહેલાં મારા ભાણેજ સાથે મારે અણબનાવ રહેતો હતો. એ પણ હવે મટી ગયો છે અને મારો ભાણો મારી સાથે બહુ વહાલથી વર્તે છે. મને આ વાતનું મોટું દુઃખ હતું, તે હવે પતી ગયું છે. થોડા દિવસ ઉપર રાજમહેલમાંથી રત્નોની ચોરી થઈ હતી. પહેલાંના દિવસોમાં તો હું ચિંતાથી અને ગુસ્સાથી ગાંડો જ થઈ જાત. પણ આ વખતે હું બહુ શાંત રહ્યો. હવે તે બધાં રત્નો પાછાં મળ્યાં છે. આમ ચારે તરફથી મને બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાંત લાગે છે, અને આ બધું એક એક કોળિયો ભાત ઓછો ખાવાના આપના બોધથી જ નીપજ્યું છે, એમ હું માનું છું."

ભગવાને હસીને જવાબ આપ્યો : "હે મહારાજ, તમારું કહેવું ખરું છે. મિતાહારથી શરીર નીરોગી બને છે તથા મન પણ પ્રસન્ન તથા ગુણવાન બને છે. અને જેનું શરીર સારું હોય તથા મન ગુણવાન હોય, તેને પછી કશું દુઃખ શાનું?"

સ્વાધ્યાય

૧. ઠાંસીને ન ખાવું, એ સારની આ વાત 'પહેલું સુખ તે જાતે નર્યા' એ પાઠના અનુસંધાનમાં વાંચો.

૨. ઠાંસીને ખાવાથી શરીરનું તેમ જ મનનું ઘેન ચડે છે; તે દૂર થવાથી પ્રસેનજિત રાજાને શારીરિક સ્વાસ્થ્ય ઉપરાંત માનસિક શાંતિ પણ પ્રાપ્ત થઈ, એ વસ્તુ ધ્યાન ઉપર આવી?

૩. ચોથી ચોપડીમાં ખાવાની રીતો અંગે 'ગુલિસ્તાનનાં ગુલ' એ પાઠમાં એક વિભાગ છે, તે પણ યાદ કરવો.

પ્રશ્નો

૧. ભાત બહુ ખાવાની ટેવવાળા પ્રસેનજિત રાજાને શું શું થતું?

૨. બુદ્ધ ભગવાને તેને શી સલાહ આપી?

૩. એ સલાહથી રાજાને શો શો ફાયદો થયો?

૪. કોસલ દેશ અને કૌશલ્યા એ બે નામો વચ્ચે કશો સંબંધ તમે કલ્પી શકો છો? એ પ્રમાણે દેશના નામ સાથે સંબંધ ઉપરથી પાડેલાં બીજાં વિશેષનામો કહો.

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ અવ્યયો મૂકો. તથા તે અવ્યયો કોની સાથે સંબંધ ધરાવે છે તે કહો.

(૧) નિશાળ છૂટ્યા પછી અમે—રમત રમીએ છીએ.
(૨) વાંદરો ઝાડ — કૂદે છે.
(૩) મામા બહેનને — બંગડી લાવ્યા.
(૪) કુસુમ — કુમુદ રમે છે.
(૫) શિયાળો આવ્યો — ઠંડી પડવા લાગી.
(૬) — બિચારું પંખી મરી ગયું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકોને

અત્યાહાર, અલ્પાહાર, મિતાહાર – એ ત્રણ વચ્ચેના ભેદ સમજાવો. લોકોમાં પણ માન્યતા છે કે, બે ભાગ આહાર, એક ભાગ પાણી અને એક ભાગ વાયુ — એમ પેટના ચાર ભાગ ભરવા તે યાદ કરાવો.

અઘરા શબ્દો

ઠામ = મોટું વાસણ
સંભાર [સં.] = શાક, અથાણા, ચટણી વગેરે મસાલાદાર વસ્તુઓ (જમણ સાથેની)
મિતાહાર [સં.] = પ્રમાણસર – પોષણ માટે જોઈએ તેટલો ખોરાક
આવરદા = આયુષ્ય; જિંદગી
ભાણું = પીરસેલી થાળી
મેદ [સં.] = ચરબી
સ્ફૂર્તિ = જાગૃતિ – ચંચળતા
આંબી જવું = પકડી પાડવું

૪૩

એક ઘા

[છંદ મંદાક્રાન્તા]

ते पंखीनी उपर पथरो फेंकतां फेंकी दीधो !
छूटचो ते ने, अररर ! पडी फाळ हैया महीं तो !
रे रे, लाग्यो दिल पर अने श्वास रूंधाई जातां,
नीचे आव्युं तरु उपरथी, पांख ढीली थतांमां.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

में पाळ्युं ते तरफडी मरे हस्त मारा ज थी आ!
पाणी छांटयुं दिल धडकते, तोय ऊठी शक्युं ना.
क्यांथी ऊठे? जखम दिलनो क्रूर हस्ते करेलो.
क्यांथी ऊठे? हृदय कुमळुं छेक तेनुं, अहोहो!
आहा! किंतु कळ ऊॅतरी ने आंख तो ऊघडी ए,
मृत्यु थाशे? जीव ऊगरशे? कोण जाणी शके ए!
जीव्युं, आहा! मधुर गमतां गीत गावा फरीने,
आ वाडीनां मधुर फळने चाखवाने फरीने.
रे रे! किंतु फरी कदी हवे पास मारी न आवे,
आवे तोये डॅरी डॅरी अने इच्छतुं ऊडवाने.
रे रे, श्रद्धा गत थई पछी कोई काले न आवे!
लाग्या घाने वॅीसरी शकवा कांई सामर्थ्य ना छे.

કલાપી

સ્વાધ્યાય

૧. કલાપી (ઈ. સ. ૧૮૭૪–૧૯૦૦) એ કવિએ ધારણ કરેલું તખલ્લુસ કે બીજું નામ છે. એમનું ખરું નામ સુરસિંહજી ગોહેલ છે. તે સૌરાષ્ટ્રમાં લાઠીના રાજા હતા. દુઃખ સમજીને ઘવાયલે હૃદયે લખેલું કેવું કરુણ કાવ્ય આ છે! એ રસ તે પોતાનાં કાવ્યોમાં સરસ જમાવી જાણતા હતા.

૨. કેટલાક લેખકો તખલ્લુસ આપીને જ લખે છે. બીજા કોઈ લેખકનાં તખલ્લુસ તમે જાણો છો?

૩. આગળ આવી ગયેલા 'જેલના દોસ્તો'ની મજા જોડે કવિ કલાપીનું આ કાવ્યમાં વર્ણવેલું દુઃખ તપાસો. શાથી ફેર પડયો?

૪. પશુપક્ષી બધાંને મારનું કે બંધનનું દુઃખ થાય છે. એ દુઃખ તેમને ન થાય તે રીતે તેમની સાથે સમભાવ બતાવવો જોઈએ, એ સમજ્યા?

પ્રશ્નો

૧. કવિએ પંખી ઉપર પથરો શું કામ ફેંકયો હતો? તેથી પંખીને શું થયું? તે મરી ગયું? તે નીચે કેમ પડયું?

૨. કવિ શાથી માને છે કે, તે પંખી હવે કદી તેમની પાસે નહીં આવે?

૩. લાગ્યો ઘા કેમ ના ભૂલી શકાય? માણસો ત્યારે કેમ વર્તે, તે જાણો છો?

૪. પંખી ઉપર પાણી શું કામ છાંટયું? તે વખતે દિલ શાથી ધડકતું હતું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ

૧ નીચેનાં વાક્યોમાંથી અવ્યયો શોધી કાઢો, તથા તે કોની સાથે સંબંધ ધરાવે છે તે કહો :—

(૧) વાહ! આપણો પક્ષ જીત્યો!
(૨) મોહન આપણા પક્ષમાં રમ્યો એટલે આપણે જીત્યા.
(૩) મોહન અને છોટુ સારા ભિલ્લુ છે.
(૪) બીજી હરીફાઈ ક્યારે છે?
(૫) વાવટા ઉપર અશોકચક્ર છે.
(૬) અહીં ઘોંઘાટ કરશો નહિ.

૧ આ પાઠની કવિતામાંથી શોક વગેરે લાગણી બતાવતાં (કેવળપ્રયોગી) અવ્યયો શોધી કાઢો.

૧ એ જ કવિતામાંથી શબ્દો કે વાક્યો જોડનારાં જે (ઉભયાન્વયી) અવ્યયો હોય તે શોધી કાઢો.

શિક્ષકોને

૧. કવિઓ લેખકો, વગેરે કેટલાંક જાણીતાં તખલ્લુસો વિષે વાત કરવી. જેમ કે, કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ), કોયા ભગત અને સુંદરમ્ (ત્રિભુવનદાસ લુહાર), શેષ (રામનારારણ વિ. પાઠક), ધૂમકેતુ (ગૌરીશંકર જોશી) ઇ.

૨. પશુપંખીને વિના કારણ કે કાંઈ કારણસર દુઃખ દેવું એ ઠીક નથી, એ વસ્તુ વિદ્યાર્થીઓને સમજાવવી. પાંજરામાં પંખીઓને પૂરીને પાળવાં, તેમને નાહક પથરા મારવાની રમત કરવી, વગેરે બાબતો ચર્ચી શકાય. દેડકાંને પથરા મારવાની ઈસપની વાત તથા દીનબંધુ ઍન્ડ્રૂઝના પાઠમાં (ચોથી ચોપડી) ઈંડાનો પ્રસંગ છે, તે યાદ કરાવવો.

અઘરા શબ્દો

ફાળ પડવી = ધ્રાસકો પડવો
કળ = તંમર; મૂર્છા
ગત થવું = જતું રહેવું; દૂર થવું
સામર્થ્ય [સં.] = શક્તિ; બળ
શ્રદ્ધા [સં.] = ભરોસો; વિશ્વાસ; ખાતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

હેલન કેલર

ઉત્તર અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં અલાબામા નામે એક રાજ્ય છે. તેના ટસ્કુમ્બિયા નામે ગામમાં ઈ. સ. ૧૮૮૦માં હેલન કેલર નામે એક બાળાનો જન્મ થયો. એ દોઢેક વર્ષની થઈ ત્યારે એને જીવલેણ તાવ આવ્યો. તેમાંથી એ બચી તો ગઈ, પણ પરિણામે તે જીવનભરની આંધળી, બહેરી અને મૂંગી થઈ ગઈ.

આંખ, કાન અને વાણીની શક્તિ વિનાના માનવીનું જીવન કેવું દુઃખમય થાય? આપણા દેશમાં જન્માંધ તથા જન્મથી મૂગાં-બહેરાં માણસોની દશા કેવી દયામણી હોય છે? પણ હેલનનાં માતાપિતા શ્રીમંત તેમ જ સંસ્કારી હતાં. તેમણે હેલનને આવી સ્થિતિમાંયે કેળવણી આપવા માટે અપાર પરિશ્રમ લીધો અને છૂટે હાથે પૈસો ખર્ચ્યો. તેને પરિણામે હેલને સ્પર્શેંદ્રિયની મદદથી, દેખતાં સાંભળતાં અને બોલતાં બાળકોના જેવી જ કેળવણી લીધી અને તે હાર્વર્ડ યુનિવર્સિટીની બી. એ. થઈ. જે જ્ઞાન આપણે આંખ કે કાનથી જ મેળવી શકીએ છીએ, તેને તે સ્પર્શથી મેળવવા શક્તિમાન થઈ. ઘોડા પર બેસવું, તરવું વગેરે પણ તે શીખી. વળી, તે વિદ્વાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક અને કવિ પણ બની. અને મોટપણે આજ સુધી તે તેના જેવાં અપંગને અર્થે સેવાનાં કામોમાં જ પરોવાયેલી રહી છે.

એણે પોતાનું એક આત્મચરિત્ર લખ્યું છે. તે નાનાં મોટાં બધાંને બોધક અને રસમય લાગે એવું છે. એમાંથી થોડીક રસિક વાતો હવે વાંચીએ.

૧

'મારી માંદગી પછી તરતના થોડા માસ શું બન્યું, એ વિષે કાંઈ યાદ આવી શકતું નથી. આટલી જ ખબર છે કે, હું મારી બાના ખોળામાં બેસતી, અથવા ઘરકામ કરતી તે આમ તેમ ફરતી હોય તો તેના કપડાને વળગી રહેતી. મારા હાથ દરેક ચીજને સ્પર્શી જોતા અને હરેક જાતના હલનચલન પર ધ્યાન રાખતા. આ રીતે હું ઘણી ચીજોને ઓળખતાં શીખી હતી. એમાંથી પછી મેં સામા જોડે વાતચીત કરવા સારુ, ખોટીખરી, સૂઝી એવી નિશાનીઓ કરવા માંડી. માથું હલાવી ના કે હા સૂચવતી. ખેંચવાની ક્રિયા બતાવી 'આવો' અને ધકેલવાની ક્રિયા કરી 'જાઓ' એમ સમજાવતી. રોટી જોઈતી હોય તો તે કાપવાની અને તેને માખણ લગાડવાની ક્રિયાની નિશાની કરતી. આઈસક્રીમ બનાવ, એમ બાને કહેવું હોય તો, સંચો ફેરવવાની ક્રિયા બતાવીને, ઠંડક સૂચવવા ધ્રૂજતી.

ઉપરાંત, મારી માતાએ પણ મને ઘણું શીખવ્યું હતું. એને ક્યારે શું જોઈએ છે તે હું હમેશ સમજી જતી, અને માળ પર કે બીજે જ્યાં કહે ત્યાં દોડી જઈને તે લઈ આવતી.

પાંચ વર્ષની થઈ ત્યારે, ધોબીખાનેથી કપડાં આવે તે વાળી ગોઠવીને મૂકતાં મને આવડતું, અને એમાંથી મારાં કપડાં હું ઓળખી લેતી. મારી બા ને ફોઈ કપડાં બદલે તે પરથી હું જાણી જતી કે, તે બહાર જાય છે. એટલે મને સાથે લઈ જવા અચૂક એમને હું આજીજી કરતી.

બીજા લોકોથી હું જુદી જાતનું બાળક છું, એ ભાન પ્રથમ મને ક્યારે થયું, એ યાદ નથી. પણ મને મારાં ગુરુજી મળ્યાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં મેં એ જાણેલું. એટલું મારા ધ્યાનમાં આવ્યું હતું કે, કાંઈ કહેવું કરવું હોય ત્યારે, મારી જેમ, મારી બા કે મારા મિત્રો નિશાનીઓ નહોતાં કરતાં, પરંતુ મોઢું વાપરતાં. કેટલીક વાર તેઓ વાત કરતાં ત્યારે બે જણ વચ્ચે ઊભી રહી હું એમના હોઠને અડકતી. પણ મને કશી સમજ ન પડે તેથી હું ચિડાતી. હુંય હોઠ હલાવતી ને આવેશમાં આવીને જોરભેર નિશાનીઓ કરતી. પણ તેનું કશું પરિણામ ન આવે, તેથી એટલી તો ગુસ્સે થતી કે, થાકી જાઉં ત્યાં સુધી લાતો ફેંકતી ને ચીસો પાડતી.

મારા પિતાની પહેલામાં પહેલી મારી યાદગીરી આ પ્રકારની છે: તેમની બાજૂએ પડેલા છાપાંના ઢગલા વચ્ચે થઈને હું તેમની પાસે જતી ને હાથથી જોતી કે, તે એકલા મોં સામે કાગળનો કટકો રાખીને બેઠા છે. એમ બેઠા બેઠા એ શું કરતા હશે એ જાણવા હું બહુ મગજમારી કરતી. તેમની પેઠે બેસી મોં સામે હું કાગળ રાખતી; એમનાં ચશ્માં પણ પહેરતી;—એમ માનીને કે, તેવી રીતે કર્યાથી આ કોયડો ઊકલશે. પરંતુ કેટલાંય વર્ષો સુધી એ ગુપ્ત કોયડાનો ભેદ હું પામી શકી નહોતી. મારા પિતા એક છાપાના તંત્રી હતા.

આ અરસામાં, કૂંચીનો શો ઉપયોગ થાય, એ મેં ખોળી કાઢ્યું હતું. એક દહાડો સવારે મારી બા કોઠારમાં હતી ને મેં બહારથી તાળું વાસી દીધું! નોકર-ચાકરો ઘરથી દૂરના ભાગમાં હતા, એટલે એને કોઠારમાં ત્રણ કલાક પુરાઈ રહેવું પડ્યું. અંદર રહી મારી બા બારણું તો ઠોક્યા જ કરતી હતી, ત્યારે ડેલીનાં પગથિયાં પર બેઠી બેઠી હું એ ઠોકાટનો ધબકારો અનુભવતી આનંદથી હસતી હતી. મારા આ બહુ ભારે તોફાનથી મારાં માબાપને થઈ ગયું કે, હવે મને બનતી ત્વરાએ ભણાવવી જોઈએ.'

૨

'બાળપણમાંથી કિશોરાવસ્થામાં આવતાં, મારાં માતાપિતાની મૂંઝવણ સવિશેષ વધી. સામા માણસને કાંઈ પણ જણાવવાનું મન મને વધારે ને વધારે થવા લાગતું. પરંતુ, જે થોડીક નિશાનીઓ મને આવડતી હતી, તેનાથી કામ ચાલતું નહિ. તેથી હું એવી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધવશ થઈ જતી ને પરિણામે રડતી કે, શરીરશ્રમથી જ હું લોથ થઈ ને પડી જતી. આવા ક્રોધના આવેશના પ્રસંગો દિવસે દિવસે વધતા જતા હતા અને કોઈ વાર તો કલાકે કલાકે પણ બનતા.

અમે કોઈ મોટા શહેરમાં તો રહેતાં ન હતાં. એટલે આંધળાં કે બહેરાંની શાળા તો પાસે હતી નહિ. અને દૂર પડેલા ગામડા-ગામમાં કોઈ શિક્ષક આવે કે કેમ, એય સવાલ હતો. છતાં મારાં વહાલાં માતાપિતાએ નિરાશ થયા વગર શિક્ષક મેળવવા પ્રયત્ન આદર્યો, અને મારે સદ્‌ભાગ્યે તે ફળ્યો: મને મારાં જીવનદાતા શિક્ષિકા, ઍની મૅન્સફિલ્ડ સલિવન મળી ગયાં. મારે મન, તે દિવસ મારી આખી જિંદગીમાં વધારેમાં વધારે મહત્ત્વનો છે. કેમ કે, એ મને જો ન મળ્યાં હોત તો મારું શું થાત, એ હું કલ્પી પણ શકતી નથી. આજ હું જે કાંઈ થઈ કે કરી શકી છું, એ એમને જ આભારી છે. એ મને મળ્યાં ત્યારે મને સાતમું વર્ષ પૂરું થવામાં ત્રણ માસ બાકી હતા.

આવીને બીજે જ દિવસે એમણે મારું શિક્ષણ શરૂ કર્યું. તે મને એમના ઓરડામાં લઈ ગયાં ને તેમણે મારા હાથમાં એક ઢીંગલી આપી. હું એની સાથે થોડો વખત રમી. પછી કુમારી સલિવને ધીમેથી મારા હાથમાં 'ઢીં. ગ. લી' એમ અક્ષરો લખ્યા. આમ આંગળીઓથી રમવામાં મને મજા પડી અને હું એનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા લાગી. એમ કરતાં

કરતાં મને એ અક્ષરો લખતાં આવડી ગયું, ત્યારે મારા આનંદ અને અભિમાનનો પાર ન રહ્યો. નીચે મા પાસે દોડી જઈને મેં મારો હાથ ઊંચો કર્યો અને ઢીંગલી શબ્દ લખ્યો. કેટલાક દિવસોમાં હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ઘણા શબ્દો એવી જ રીતે લખતાં શીખી. પણ, એ બધું, વાંદરું જેમ વગર સમજ્યે માત્ર અનુકરણ કરે છે, તે જ રીતે. વસ્તુનું નામ એ છે ને હું તે લખું છું, એવું કશું ભાન મને નહોતું. તેવું ભાન કેવી રીતે આવ્યું તે હવે કહું.

એક દહાડો હું મારી ઢીંગલી જોડે રમતી હતી. કુ૦ સલિવને બીજી એક ઢીંગલી લઈને મારા ખોળામાં મૂકી અને 'ઢીં . ગ . લી' એમ લખ્યું. આમ લખીને એમનો ઇરાદો મને એવું સમજાવવાનો હતો કે, 'ઢીંગલી' શબ્દ બેઉ ઢીંગલીને લાગુ પડે છે. આને સારું એમણે કેટલીય માથાકૂટ કરી. પણ તેમાં તે ન ફાવ્યાં ને હુંય કંટાળી, ને ચિડાઈને મેં મારી ઢીંગલી ભોંય પર પછાડી. તે ભાંગી ગઈ તેથી મને આનંદ થયો, કેમ કે મને ઢીંગલી પર વહાલ તો નહોતું જ.

પછી કુ૦ સલિવને મને ટોપી આપી. એ પરથી હું સમજી કે, હવે અમારે બહાર સૂર્યપ્રકાશમાં ફરવા જવાનું છે. અને તેના આનંદથી હું નાચવા લાગી.

ફરતાં ફરતાં અમે બેઉ જણ અમારા ઘરની પાણીની ટાંકી તરફ ગયાં. કોક પાણી કાઢતું હતું. મારાં ગુરુજીએ પાણીની ધારા નીચે મારો એક હાથ લઈને ધર્યો. પાણી તેના ઉપર પડીને નીચે વહ્યું જતું હતું. તે વખતે, મારા બીજા હાથ પર તેમણે પાણી શબ્દની જોડણી લખી. શરૂઆતમાં તે ધીમે ધીમે લખતાં હતાં; પછી તેમણે ઝપાટામાં લખવા માંડ્યું. હું એકાગ્ર બની એમની આંગળીઓ પર ધ્યાન રાખી સ્તબ્ધ ઊભી હતી. ઓચિંતું, કશુંક ભૂલી ગઈ હોઉં ને તે યાદ આવતું હોય, એમ મને લાગ્યું. તેથી કરીને આનંદનો અનુભવ થયો. અને તે વખતે મને ખબર પડી કે, 'પા....ણી' લખે છે તેનો અર્થ મારા હાથ પરથી વહેતો ઠંડો ચમત્કારી પદાર્થ છે. અનુભવની જોડે ઓળખાયેલા એ શબ્દે મારા જીવનમાં નવો પ્રકાશ, અનેરી આશા અને જુદો જ આનંદ આણ્યાં.

પછી તો ત્યાંથી ઘેર પાછાં જતાં રસ્તામાં જેને જેને અડકું તે દરેક ચીજ અર્થવાળી લાગતી. દરેક પદાર્થ કેવળ વસ્તુ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેને ખાસ નામ હોય છે એમ સમજી. ઘેર ગઈ ત્યારે મને પેલી ફેંકી દીધેલી ઢીંગલી સાંભરી ને હું તરત ત્યાં દોડી. ભાંગેલા ટુકડા એકઠા કરી ગોઠવી દઈ પાછી ઢીંગલી બનાવવા લાગી. પણ તે વ્યર્થ હતું. ત્યારે મને, મેં શું કર્યું હતું, એનું ભાન થયું ને મારી આંખ આંસુથી ભરાઈ આવી. જિંદગીમાં પહેલી વાર મેં શોક અને પસ્તાવો અનુભવ્યાં તે આજ.

તે દિવસે હું ઘણા નવા શબ્દો શીખી. તે બધામાં આ શબ્દો શીખી હતી તે મને બરોબર યાદ છે: 'માતા, પિતા, બહેન, શિક્ષિકા.' તે ચમત્કારી દિવસે રાતે સૂતી સૂતી કેવો દિવ્ય આનંદ અનુભવતી હતી! તે દિવસે જીવનમાં પહેલી વાર મને થયું કે, નવો દિવસ હવે ક્યારે આવે!'

સ્વાધ્યાય

૧. હેલનની આત્મકથા વાંચવા મન થાય તો તેનું નામ 'અપંગની પ્રતિભા' છે. હેલન જેવાં અપંગની શાળા આસપાસ ક્યાંક હોય, (જેમ કે, અમદાવાદમાં) તો તે જોવા જજો.

૨. મૂંગાપણું બહેરાપણાને લીધે હોય છે, તે સમજ્યા? જો બાળક બીજાંને બોલતું સાંભળે, તો જરૂર તેનું અનુકરણ કરીને બોલતાં શીખે. આંધળાને તો બોલતા માણુસના હોઠ વગેરેનું હલનચલન પણ જોવા મળતું નથી; તેથી બોલવા વિષે તેને કંઈ કલ્પના જ આવતી નથી. એટલે હેલનનો પ્રયત્ન તે દૃષ્ટિએ કેટલો અદ્ભુત કહેવાય તે સમજાશે.

પ્રશ્નો

૧. બાપની પેઠે હેલન ચશ્માં શું કામ પહેરતી?

૨. હેલન તોફાન શું કામ કરતી હતી?

૩. હાથ પર પડતું પાણી અને લખાતો શબ્દ,—એ બે વચ્ચેનો સંબંધ તમે સમજ્યા?

૪. હેલન નવો દિવસ ઊગવાની રાહ આતુરતાથી કેમ જોતી હતી? પહેલાં કેમ રાહ નહોતી જોતી? તેના જીવનમાં શો ફેર પડી ગયો હતો?

વ્યાકરણ

૧ નીચેનાં વાક્ય વાંચો:—

(૧) મનુ પડી ગયો.
(૨) મનુ પડી ગયો?
(૩) મનુ પડી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ત્રણ વાક્ય વાંચવામાં શો ફેર પડે છે? પહેલા વાક્યમાં કોક ખબર કહે છે કે, મનુ પડી ગયો. બીજા વાક્યમાં કોક પૂછે છે કે, મનુ પડી ગયો? ત્રીજા વાક્યમાં, મનુને પડી ગયેલો જાણી આશ્ચર્ય બતાવાય છે. ત્યાં પ્રશ્ન નથી પુછાતો. એટલે એ વાક્ય વાંચતી વખતે નવાઈનો ભાવ બતાવાય એ રીતે તે વાંચવું જોઈએ.

¶ તમારા પાઠમાં આવું આશ્ચર્ય બતાવનાર (!) ચિહ્ન આવ્યાં હોય તેવાં વાક્યો વાંચી બતાવો.

શિક્ષકોને

[૧. વ્યાકરણ]

¶ પ્રશ્નાર્થ ચિહ્નવાળાં અને આશ્ચર્ય ચિહ્નવાળાં વાક્યો વિદ્યાર્થીઓ જુદી રીતે વાંચે છે કે નહિ તે જોવું.

¶ આ ચિહ્નો વિષે વિગતવાર વ્યાકરણ છઠ્ઠી ચોપડીમાં આગળ આવશે. અત્યારે તો વાંચનમાં તફાવત કરે એટલા પૂરતું તે ચિહ્નો વિષે કહેવું.

[૨. ઇતર]

૧. બહેરાં-મૂંગાંની શાળામાં તેઓને હોઠ વગેરેનું હલનચલન દર્શાવી ઉચ્ચાર કાઢતાં શી રીતે શીખવવામાં આવે છે, તે કોઈ વાર વિદ્યાર્થીઓને ત્યાં લઈ જઈ બતાવવું.

૨. આંધળાં વાંચી શકે તે માટે ઉપસાવેલાં કાણાંની ગોઠવણીવાળી બ્રેઇલ અક્ષરપદ્ધતિ વપરાય છે તેનો ઉલ્લેખ કરવો. એવી શાળામાં વિદ્યાર્થીઓને લઈ જાઓ તો તેવાં પાનાં તેમને બતાવી શકો. આંધળાંઓ તે આંગળી વડે વાંચે છે.

૩. અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનો અર્થ સમજાવવો. બીજાં તેવાં સંયુક્ત રાજ્યો તે રશિયાનાં સોવિયેટ-સંઘનાં રાજ્યો.

અઘરા શબ્દો

સંયુક્ત [સં.] = જોડાયેલું; અનેક મળીને થયેલું
જીવલેણ = મૃત્યુ ઉપજાવે એવું
જીવનભરનું = જિંદગી સુધીનું
જન્માંધ = જન્મથી આંધળું
અપંગ = કોઈ અંગની ખોડવાળું; પાંગળું
આત્મચરિત્ર [સં.] = આત્મકથા; પોતે પોતાનું લખેલું જીવનચરિત્ર
કોયડો = ઝટ ન ઊકલી શકે તેવો પ્રશ્ન
ડેલી = ખડકી
કિશોરાવસ્થા [સં.] = ૧૧ થી ૧૫ વર્ષ વચ્ચેની વય કે સ્થિતિ
લોથ = તદ્દન થાકી ગયેલું
અનુકરણ [સં.] = નકલ
એકાગ્ર [સં.] = તલ્લીન
સ્તબ્ધ [સં.] = હાલ્યાચાલ્યા વિનાનું; નિશ્ચેષ્ટ
અનેરું = અપૂર્વ; અનોખું
વ્યર્થ = નકામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫

તો એકલો જા ને રે



तारी जो हाक सुणी कोई ना आवे,
तो एकलो जा ने रे!
एकलो जाने, एकलो जाने,
एकलो जा ने रे! तारी०
जो सौनां मों सिवाय,
ओरे ओरे ओ अभागी,
सौनां मों सिवाय;
ज्यारे सौए बेसे मों फेरवी,
सौए डरी जाय;
त्यारे हैयुं खोली,
अरे तुं मों मूकी,
तारा मननुं गाणुं एकलो गा ने रे! तारी०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जो सौए पाछां जाय,
ओरे ओरे ओ अभागी !
सौए पाछां जाय;
ज्यारे रणवगडे नीसरवा टाणे
सौ खूणे संताय ;
त्यारे कांटा–राने,
तो तारे लोही नीगळते चरणे,
भाई एकलो धाने रे ! तारी०

ज्यारे दीवो ना धरे कोई,
ओरे ओरे ओ अभागी,
दीवो ना धरे कोई ;
ज्यारे घनघोरी तूफानी राते
बार वासे तने जोई ;
त्यारे आभनी वीजे,
तुं सळगी जई,
सौनो दीवो एकलो था ने रे ! तारी०

અનુ૰ **મહાદેવ દેસાઈ**

સ્વાધ્યાય

૧. આ કાવ્ય મૂળ બંગાળીમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે લખેલું છે. તેનો અનુવાદ શ્રી. મહાદેવભાઈ દેસાઈએ (ઈ. સ. ૧૮૯૨–૧૯૪૨) કરેલો છે.

૨. કોઈ કોઈ વખતે બીજાઓ ડરના કે લાલચના માર્યા પાછળ હઠી જાય, ત્યારે પણ માણસે તો સત્યને માર્ગે એકલા પણ આગળ જવું જોઈએ, એ આ કાવ્યનો ઉત્તમભાવ છે. તમને તે જોશભેર ગાવાની મજા પડશે.

પ્રશ્નો

૧. કવિ ક્યારે ક્યારે એકલા પણ આગળ જવાનું કહે છે?
૨. સૌનાં મોં સિવાય એટલે શું? ક્યારે માણસનું મોં સિવાઈ જાય છે?
૩. લોકો કોઈને જોઈ બારણાં ક્યારે વાસી દે?
૪. ચરણ લોહી નીગળતાં શાથી કહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. રણવગડે જવાથી લોકો શું કામ ડરે?
૬. લોકો દીવો કેમ ના ધરે? બારણાં શું કામ વાસે?
૭. સૌનો દીવો થવું એટલે શું?

શિક્ષકોને

૧. મહાદેવભાઈનો પરિચય આપવો. ગાંધીજીના તે મંત્રી અને અંતેવાસી હતા. ગાંધીજી પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ હનુમાનની યાદ અપાવે તેવી હતી. તેમણે બંગાળીમાંથી બીજા પણ અનુવાદ કરેલા છે; જેવા કે વિરાજવહુ, શરદબાબુની ત્રણ વાતો ઇ. ઇબ્રાહીમકાકા, કાબુલી એ પાઠો પણ આગળ છઠ્ઠી—સાતમી ચોપડીમાં આવે છે. તે પણ અહીં કહી શકાય.

૨. સત્યવાદી હરિશ્ચંદ્રના વાતમાંથી, આ કાવ્યનો બોધ, પ્રશ્નો દ્વારા, વિદ્યાર્થીઓમાં ખડો કરી શકાય.

૩. ગાંધીજીની નોઆખલીની યાત્રા વિષે પણ વાત કરી શકાય.

૪. પોતે સળગી જઈ બીજાને દીવા રૂપ થવું એટલે શું? — આ વસ્તુ વિદ્યાર્થીઓને સમજાવવી. જેમ કે, સૉક્રેટીસ પોતે મર્યા અને આજે દુનિયાને દીવા જેવો થયો છે.

અઘરા શબ્દો

હાક=કોઈને બોલાવવા — સાથ કે મદદ કરવા માટે પાડેલી બૂમ; હાકલ
મોં સિવાય=બોલતું બંધ થાય; જવાબ ન આપે
મોં ફેરવી(ને)=વિમુખ થઈ(ને)
હૈયું ખોલી=મુક્ત હૃદયે
મનનું ગાણું=મનમાં જે સંકલ્પ હોય તે
મોં મૂકી(ને)=મુક્ત કંઠે (ડર કે સંકોચ વિના)
રણુવગડે=રણુભૂમિ ઉપર કે વનમાં
નીસરવું=નીકળવું
ખૂણે સંતાવું=ડરીને લપાઈ જવું
કાંટા-રાન=કાંટાવાળું જંગલ
નીગળવું=ટપકવું
ધાવું=દોડવું
ઘનઘોરી=વાદળાં છવાયાથી કાળી બનેલી
બાર=બારણાં
આભ=આકાશ
વીજ=વીજળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar